વાર્ષિક લવાજમ રૂા. ૧૫૦/-

વર્ષ : ૪૧મું
મે - ૨૦૧૬
અંક : ૪૫૬

મંગલ મંદિર ● મે-૨૦૧૬ ● ૧
(કુલ પાના : ૧૦૮)

શ્રી કચ્છી જૈન સેવા સમાજ

# મંગલ મંદિર

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું માસિક મુખપત્ર

જય ! જય ! ગરવી ગુજરાત !
જય ! જય ! ગરવી ગુજરાત !
દીસે અરુણું પરભાત,
જય ! જય ! ગરવી ગુજરાત !
ધ્વજ પ્રકાશશે ઝળળળ કસુંબી
પ્રેમ શૌર્ય અંકિત,
તું ભણવ ભણવ નિજ સંતતિ સહુને,
પ્રેમ ભક્તિની રીત, ઊંચી તુજ સુંદર જાત,

જય ! જય ! ગરવી ગુજરાત !
ઉત્તરમાં અંબા માત, પૂરવમાં કાળી માત,
છે દક્ષિણ દિશમાં કરન્ત રક્ષા કુન્તેશ્વર મહાદેવ
ને સોમનાથ ને દ્વારકેશ એ, પશ્ચિમકેરા દેવ
છે સહાયમાં સાક્ષાત,
જય ! જય ! ગરવી ગુજરાત !
નદી તાપી નર્મદા જોય, મહી ને બીજી પણ જોય
વળી જોય સુભટના જુદ્ધરમણને, રત્નાકર સાગર,

પર્વત ઉપરથી વીર પૂર્વજો દે આશિષ જયકર,
સંપે સોહે સહુ જાત,
જય ! જય ! ગરવી ગુજરાત !
તે અણહિલવાડના રંગ
તે સિદ્ધરાજ જેસંગ :
તે રંગથકી પણ અધિક સરસ રંગ,
થશે સત્વરે માત !
શુભ શકુન દીસે મધ્યાહ્ન શોભશે,
વીતી ગઈ છે રાત
જન ઘૂમે નર્મદા સાથ,
જય ! જય ! ગરવી ગુજરાત !

## ૧લી મે, ૧૯૬૦
## ગુજરાત
## સ્થાપનાદિન


જય
જય
ગરવી
ગુજરાત



: મુખ્ય કાર્યાલય :


**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**
**માતુશ્રી સાકરબહેન રવજી મોરારજી લાલન** (કોડાય-સુપ્રીમવાલા)
**શ્રી કચ્છી જૈન ભવન**
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, પાલડી, એલિસબ્રીજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬
ફોન : (079) 2657 8892, 2658 1501, 2657 9469 ફેક્સ : (079) 2658 2060
Email : kutchijainamd@gmail.com • Website : www.kutchijainahd.org

# 'નવનીત'નાં શ્રેષ્ઠ સૌંદર્યલક્ષી પ્રકાશનો





આ પ્રકાશનો અંગ્રેજી, હિન્દી અને મરાઠી ભાષાઓમાં પણ ઉપલબ્ધ છે.





## 'નવનીત'નાં 'નામાવલી'નાં મોહક પ્રકાશનો




આ પ્રકાશનો અંગ્રેજી, હિન્દી અને મરાઠી ભાષાઓમાં પણ ઉપલબ્ધ છે.




### 'નવનીત'નાં 'વાનગી' ઉપર શ્રેષ્ઠ પ્રકાશનો

- અનેરી વાનગીઓ
- અનેરી શાકભાજીઓ
- અનેરી લો કેલરી વાનગીઓ
- અનેરી ચાઈનીઝ એન્ડ મેક્સિકન
- અનેરી પનીર વાનગીઓ
- અનેરી ઇઝી ટુ કુક ફોર ટીનએજર્સ
- અનેરી જૈન વાનગીઓ
- વન્ડરફૂલ ડેઝર્ટ
- વન્ડરફૂલ માઈક્રોવેવ વાનગીઓ

આપના શહેરના બધા બુકસેલર્સને ત્યાં મળે જ છે અથવા મંગાવી આપશે.

**(આ બધાં પ્રકાશનો અંગ્રેજી, હિન્દી તથા મરાઠી ભાષાઓમાં પણ મળે છે.)**

NAVNEET®
Knowledge is wealth

## NAVNEET EDUCATION LIMITED


**Correspondence Address :** Navneet House, Gurukul Road, Memnagar, **Ahmedabad – 380 052**. India
**Phone :** (079) 6630 5000, 6630 5001, 2745 1000 • **Fax :** (079) 6630 5011, 2748 8000
**email :** navneet.ahd@navneet.com • **Website :** www.navneet.com

# Available on HIRE

- Gas Engine Driven Generators
  Range : 50 KVA to 10 Mega Watts
- Gas Engine Driven Gas Compressors
  Range : 10 HP to 8000 HP
- Oil & Gas Processing Equipments Readily Available
- Work Over Rig 100 Ton, 50 Ton & 30 Ton Capacity
- 120 kg/cm2 Air Compressors

# We Provide

- Complete equipment Readily Available
- Spare Parts
- Operation & Maintenance
- Engineering Consultancy



**Corporate Office :**

**Deep Industries Limited**

6th Floor, N.G. Tower, Opp. Fun Republic Cinema,
S.G. Highway, Ahmedabad - 380 015.
Tel # 91-79-26862076/78
Fax # 91-79-26862077

**Registered Office :**

**Deep Industries Limited**

Opp. Suryanarayan Bunglows,
State Highway, Motera,
Dist. Gandhinagar.
Phone # 91-79-27571128
Fax # 91-79-27502464
Email info@deepindustries.com

Certified ISO 9001 2000 by BVQi UKAS QUALITY MANAGEMENT

AN ISO 9001 - 2000 COMPANY

IADC



નવું વર્ષ કચ્છ અને બૃહદ્ કચ્છની જનતાને
મંગલમયી બની રહે એ જ અભ્યર્થના....



# જીવદયાપ્રેમીઓ
# દાનવીર દાતાઓ

## આપના અમૂલ્ય દાનની સરવાણીનો મોટો પ્રવાહ પાંજરાપોળો તરફ વાળો

- આપનો કે આપના પરિવારજનોનો, બાળકોનો જન્મદિવસ.
- લગ્નદિવસ, લગ્નતિથીની ઉજવણી, લગ્નના ૨૫ કે ૫૦ વર્ષની ઉજવણી.
- આપની જીંદગીના ૫૦/૭૫ વર્ષની ઉજવણી.
- આપના સ્વજનની પૂણ્યતિથી, દેવ-દેવીના પહેડી પ્રસાદનો દિવસ વગેરે પ્રસંગોને નિરાધાર-મૂંગા જીવો માટે અભયદાનનો અવસર બનાવો.
- વર્તમાનકાળે પાંજરાપોળોને મુશ્કેલ પરિસ્થિતિ ઉદ્ભવી છે.
- વધુ વરસાદના કારણે લીલા દુકાળની પરિસ્થિતિ ઉદ્ભવી છે.
- ઘાસ-ચારા-દાણખાણના ભાવ વધતા જાય છે. ખુબ તંગી વર્તાય છે.
- હાલમાં પરિસ્થિતિ વિકટ છે તો ઉનાળામાં શું થશે ? પરિસ્થિતિ વધુ બગડશે.
- વધતા જતા વહિવટી ખર્ચ-મોંઘવારી અને ઘટતા જતા વ્યાજદરથી બે પાસા ભેગા કરવા મુશ્કેલ બન્યા છે.
- દરેક પાંજરાપોળોના બજેટખર્ચ દોઢાથી બમણા થઈ જવાની શક્યતા છે.
- વર્તમાનકાળમાં નવા નવા ક્તલખાના ખોલાતા પાંજરાપોળોની જરૂરિયાત વધી છે.
- યાંત્રિકરણ, શહેરીકરણ, વાહન વ્યવહાર વધવાથી પશુઓનો વપરાશ ઘટતો જાય છે.
- ચરિયાણ ગૌચરની જમીનો ઉદ્યોગોને અપાતા મોંઘી થતી જાય છે.
- ખેતીની પેદાશમાં રોકડીયા પાક તરફ ખેડૂતોનું વલણ વધી ગયુ છે. ચરિયાણ ગૌચર જમીનો પર દબાણ થતા જાય છે.
- ખેડૂતો તરફથી ભેટમાં મળતું ઘાસ ઓછું થવા લાગ્યું છે.
- આપણો વસવાટ શહેરોમાં થતા પશુઓ પ્રત્યે દયા-ભાવના લાગણી ઘટી છે.
- માંસાહારનો પ્રચાર વધતા, માંસની નિકાસ વધતા પશુઓની બેફામકતલ વધી છે.
- પશુ બચશે તો દેશ બચશે, ખેતી બચશે, પર્યાવરણ બચશે, ગરીબી, ભૂખમરો ઘટશે.

**કચ્છની કોઈપણ ૮૦ પાંજરાપોળમાં દાન મોકલવા માર્ગદર્શન અને પશુસંખ્યા જાણવા ફોન કરી શકશો,
લિસ્ટ મંગાવી શકશો અથવા પ્રતિનિધીને રૂબરૂ બોલાવી લેશો.**

## શ્રી કચ્છ જિલ્લા પાંજરાપોળ ગૌશાળા સંગઠન

**માતુશ્રી મેઘબાઈ અને પિતાશ્રી ધારશી માલશી ભેદા-મોખા (થાણા)**

**કાર્યાલય : શ્રી આશાપુરા રીંગરોડ, સોનીવાડ, સોનીવાડ કોમ્પલેક્ષ, પહેલા માળે, ઓફિસ નં. ૧૨૭/૧૩૦. ભુજ-કચ્છ (ગુજરાત) ૩૭૦ ૦૦૧.**

ભજ ઓફિસ : ૦૨૮૩૨-૨૨૭૩૦૪. મો. ૦૯૯૦૪૮ ૩૧૫૧૪ (શ્રી ભરતભાઈ સેંઘરવા)

## સૌજન્ય દાતા : દીપક તથા ગીરીશ ધારશી માલશી ભેદા - મોખા (થાણા)

**: મુંબઈ ઓફિસ :**

**માતુશ્રી મેઘબાઈ અને પિતાશ્રી ધારશી માલશી ભેદા-મોખા (થાણા)**

૩૦૭/૩૧૧, સરદાર વલ્લભભાઈ પટેલ રોડ, ૧૩ કાનજી મેન્શન, ગોકુલધામ હોટલની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪.
ટે. નં. ૨૩૮૧૩૭૩૩ / ૬૬૩૮૦૫૦૦. મો. ૯૯૨૦૨ ૯૮૭૨૬ / ૯૯૧૩૯ ૫૩૮૫૬

# અનુમોદના

કહેવાય છે કે એક માતા શિક્ષિત હશે તો આખો પરિવાર શિક્ષિત થશે. જેમાં વધુ લોકો શિક્ષિત હશે એ આખો સમાજ વધુ વિકસિત થશે. શિક્ષણના આ મહત્ત્વને એક દાતાશ્રીએ વિશેષ રીતે ઉજાગર કર્યું છે.



અ.સૌ. નીમલબહેન અને શ્રીયુત બિપીનચંદ્ર કાનજીભાઈ જૈન

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના હંમેશના શુભેચ્છક, ઉદાર દાતા અને કાયમી ટ્રસ્ટી **શ્રી બિપીનચંદ્ર કાનજીભાઈ જૈન** અને **શ્રીમતી નીમલબહેને** તા. ૨૫-૦૪-૨૦૧૬ના રોજ તેમના લગ્ન જીવનની સુવર્ણ જ્યંતિ મનાવી. આ વિશેષ અવસર, કોઈ જાતના આડંબર વગર તેમણે પરિવાર સાથે રહીને ઉજવ્યો. પરંતુ જીવનના આ ખાસ દિવસને યાદગાર બનાવવા તેમણે આપણી સંસ્થાની શૈક્ષણિક સહાય યોજનામાં રૂ. ૫.૦૦ લાખ (અંકે રૂપિયા પાંચ લાખ પૂરા)નું માતબર દાન આપી એક ઉદાહરણ બેસાડ્યું છે.

શિક્ષણને અને શૈક્ષણિક પ્રવૃત્તિને પ્રોત્સાહન આપવા માટે આ પરિવાર તરફથી અગાઉ પણ અનુદાન પ્રાપ્ત થયું છે. ઉપરાંત સમાજ ઉપયોગી અન્ય કાર્યો માટે પણ અવારનવાર આર્થિક સહાય મળતી રહી છે. એમના તરફથી, આ સંસ્થાને અત્યાર સુધી લગભગ રૂ. ૫૦ લાખ (અંકે રૂપિયા પચાસ લાખ)થી પણ વધુ રકમનું અનુદાન પ્રાપ્ત થયેલ છે અને એમાં ખાસ બાબત એ છે કે મોટાભાગનું આ અનુદાન, સંસ્થા તરફથી માંગણી કર્યા વગર સામેથી સ્વૈચ્છિક રીતે એઓએ મોકલી આપેલ છે. જે એમની મોટી ઉદારતા છે.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ, આ અનુદાનનો સાભાર સ્વીકાર કરે છે અને શ્રી બિપીનભાઈ તથા શ્રીમતી નીલમબહેનના તંદુરસ્ત, દીર્ઘાયુ સહજીવનની શુભેચ્છાઓ પાઠવે છે.

**કે. આર. શાહ**
માનદ્ મંત્રી

**પ્રતાપ નારાણજી દંડ**
મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## શિક્ષણ અને સર્વાંગી વિકાસ સમિતિ

### કેરીયર ગાઈડન્સની શિબિર

**માનવામાં ન આવે તેવી વાત : તા. ૪-૧૦-૧૬થી તા. ૧૪-૧૦-૧૬ – સવારે ૮ થી રાતે ૮ : ધોરણ-૧૦ના વિદ્યાર્થીઓ માટે વર્કશોપ**














છેલ્લા ૪૦ વર્ષથી દર મહિનાની ૫ તારીખે નિયમિતપણે પોસ્ટ કરવામાં આવતું "શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ"નું મુખપત્ર

**"મંગલ મંદિર"**

**મુખ્ય કાર્યાલય**

**શ્રી કચ્છી જૈન ભવન,**
૪૩-૪૪, શ્રી બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
પાલડી, એલિસબ્રિજ,
અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૮૯૨, ૨૬૫૮૧૫૦૧
ફેક્સ : (૦૭૯) ૨૬૫૮૨૦૬૦
ઈ-મેઈલ : kutchijainamd@gmail.com
વેબ-સાઈટ : www.kutchijainahd.org

**તંત્રી**
પ્રતાપ નારાણજી દંડ
(મો. ૯૪૨૬૭ ૨૫૬૧૯)

*અંકમાં પ્રસિધ્ધ થયેલ લેખો તથા અન્ય વિભાગની માહિતીઓ સાથે તંત્રીમંડળ સહમત છે તેમ માની લેવું જરૂરી નથી. રજૂ થયેલ વિચારો જે તે વ્યક્તિના હોય છે, જેની નોંધ લેવા વિનંતી.*

## લેખકોને નમ્ર વિનંતી

*'મંગલ મંદિર'માં પ્રગટ કરવા માટે વિપુલ પ્રમાણમાં લેખ સામગ્રી અમને મળતી રહે છે અને એટલે સ્વીકૃત કૃતિઓને પ્રગટ કરવાનું પણ સ્વાભાવિક રીતે વિલંબાય. મંગલ મંદિરના ધોરણને ધ્યાનમાં લઈ, પોતાની રચના મોકલતી વખતે લેખક સ્વવિવેક દાખવે તેવી વિનંતી છે.*

*એક સાથે એકથી વધુ કૃતિઓ ન મોકલવા વિનંતી.*

*ભાષાદોષ અને લાંબા લેખો અસ્વીકાર્ય બનશે તેની નોંધ લેવા વિનંતી. લેખમાં એકની એક વાતનું પુનરાવર્તન (રિપિટેશન) ટાળવું જરૂરી છે. કૃતિની હસ્તપ્રત સ્વચ્છ અને સુવાચ્ય હોવી જોઈએ. આશા છે કે, આ બાબતમાં લેખક મિત્રોનો સહકાર અમને મળી રહેશે.*

*— મુખ્યતંત્રી*

# અનુક્રમણિકા

## તંત્રી લેખ :


- વૅકેશનના સમયનો સદુપયોગ કરી દાખલો બેસાડીએ ................. **પ્રતાપ નારાણજી દંડ** ...... ૯
- 'મંગલ મંદિર' શ્રેષ્ઠ લેખ - વાર્તા / આંજો કાગર : વર્ષ ૨૦૧૫-૨૦૧૬ની જાહેરાત .......... ૧૦


## લેખ વિભાગ

### કચ્છ વિશેષ


- કચ્છના નારીરત્નો : હોથલ પદમણી ........................................ **માર્કંડરાય મહેતા** .... ૧૧


### વાર્તા


- તેજિની તું મોડી પડી ........................................ **ડૉ. ચંદ્રકાંત મહેતા** .... ૧૩
- ઝંખના ........................................ **ફાલ્ગુની પરીખ** .... ૧૫
- મેક ઑવર ........................................ **આશા વીરેન્દ્ર** .... ૧૬
- ભારતીય શ્રેષ્ઠ વાર્તા : માગુણિનું ગાડું ........... **ગોદાવરીશ મહાપાત્ર ● અનુ. : ડૉ. રેણકા શ્રીરામ સોની** ..... ૧૭
- આખરી પ્રશ્ન ........................................ **લે.હોલ એક્સ ● અનુ. : યશવંત મહેતા** .... ૧૯


### ધર્મ


- ભગવાન મહાવીર : વિશ્વને તેમનું યોગદાન ................................ **મગનલાલ સંઘવી** .... ૨૧
- પ્રાચીન જૈન તીર્થક્ષેત્ર : હસ્તિનાપુર ............................... **ભરત 'કુમાર' પ્રા. ઠાકર** .... ૨૨
- સાધુતા, એ સંતનો શણગાર છે ........................................ **પ્રા. સૂર્યકાંત ભટ્ટ** .... ૨૪
- ક્ષિપ્રા નદીને કિનારે વસેલ મહાકાલેશ્વર ........................................ ૨૫
- અધ્યાત્મ પ્રસાદ ........................................ **મહર્ષિ દયાનંદ** .... ૨૭
- સૃષ્ટિ ઉત્પત્તિ અને ધર્મ ઉત્પત્તિ — મનુસ્મૃતિ ભૂમિકા ......................... **નિસર્ગ આહીર** .... ૨૭


### સમાજ ચિંતન


- બ્રહ્મચર્ય આદરણીય છે તો મૈથુન અઘટિત નથી ........................................ **કીર્તિચંદ્ર શાહ** .... ૩૨
- મૃત્યુ બિહામણું નથી ........................................ **પ્રા. સૂર્યકાંત ભટ્ટ** .... ૩૪
- નિરાળી નાગરી નાત ........................................ **જગદીશ ચં. છાયા 'શ્રેયસ'** .... ૩૫
- વૈષ્ણવજન તો તેને કહીએ ........................................ **એલ. ડી. શાહ** .... ૩૬
- સંબંધોના સથવારે ........................................ **ઈલા કે. શાહ** .... ૩૭
- લગ્ન પહેલા સૌંદર્યને પ્રેમ હોય છે ........................................ **રોહિત શાહ** .... ૩૮
- જિંદગીને ........................................ **સુરેશ અલકા પ્રજાપતિ** .... ૩૯
- સાંધ્ય વેળાએ ........................................ **રશ્મિ શાહ** .... ૪૧
- ચકલી, ઘર ચકલી નહીં ........................................ **રતિલાલ 'અનિલ'** .... ૪૫


### ઐતિહાસિક


- ૧૪-૪-૧૯૪૪માં ગોદી ધડાકાની દર્દભરી કહાની .. **સંકલન : હીરાલાલ વી. ઊનડોઠવાલા** ..... ૪૮
- અમદાવાદના દરવાજાઓમાં ત્રણ દરવાજાનું મહત્ત્વ .................... **ડૉ. રસેશ જમીનદાર** .... ૪૯


### પ્રેરણા


- સેવાનો ખરો રંગ લાગે તો? ........................................ **કુલીનકાંત ચાંપશી લુઠિયા** .... ૫૧
- દોડવીર પિતા પુત્ર : લક્ષ્મીચંદ રામજી ગાલા અને મોહિત લક્ષ્મીચંદ ગાલા ...................... ૫૨
- પેન્શનમાંથી દર વર્ષે ૨ લાખનું દાન ........................................ ૫૩
- એક શ્રદ્ધાપ્રેરક વિરલ ઘટના ........................................ **જગદીશ ચં. છાયા 'શ્રેયસ'** .... ૫૪

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના
**"પદાધિકારીશ્રીઓ"**

**મેનેજિંગ ટ્રસ્ટી**
શ્રી પ્રતાપ નારાણજી દંડ
ઘર : ૦૭૯- ૨૬૪૦૫૦૪૭ મો. ૯૪૨૬૭ ૨૫૬૧૯

**ઉપપ્રમુખ-૧**
શ્રી મનુભાઈ ગોવિંદલાલ શાહ
ઘર : ૨૬૪૪ ૬૪૧૩, ઓ. ૨૬૪૦ ૧૧૫૦
મો. ૯૮૨૫૦ ૩૧૫૨૮

**ઉપપ્રમુખ-૨**
શ્રી શાંતિલાલ મુળજી સાવલા
ઘર : (૦૨૭૧૭) ૨૩૪૪૫૫ મો. ૯૮૨૫૦ ૪૮૬૪૫

**માનદ્ મંત્રી**
શ્રી કાંતિલાલ રામજી શાહ
ઘર : ૨૬૪૨૩૮૯૫, ઓ. : ૨૫૮૯૪૫૫૬/૨૫૮૩૩૯૮૯
મો. ૯૩૨૮૦ ૦૧૧૪૦

**સહમંત્રી**
શ્રી હસમુખ બાબુભાઈ શાહ (ખાંડવાલા)
ઘર : ૨૬૬૦૩૪૫૮, ઓ. : ૨૬૬૦૫૪૫૩
મો. ૯૮૨૫૦ ૪૦૬૬૬

**ખજાનચી**
શ્રી ચંદ્રકાંત દામજી શાહ
ઘર : ૨૬૬૦૫૨૨૫

**સહ ખજાનચી**
શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર
ઘર : ૨૬૬૫૦૨૯૯, મો. ૯૪૨૮૩ ૫૧૩૭૦

**શ્રી કચ્છી વિશ્રામ ગૃહનું સરનામું :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
શ્રી ખનિજ વિકાસ નિગમ લિ. પ્રાયોજિત
શ્રી કચ્છી વિશ્રામ ગૃહ
અરિહંતનગર દેરાસરની સામે,
ગાંધી વિદ્યાલયની ગલીમાં, રચના સ્કૂલની પાછળ,
રાજસ્થાન હોસ્પિટલ પાસે, શાહીબાગ,
અમદાવાદ-૩૮૦ ૦૦૪. ફોન : ૦૭૯-૨૨૮૮૪૫૪૭

**સેવા ભવનનું સરનામુ :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, એસ. ટી સ્ટેન્ડ પાસે,
સત્કાર ગેસ્ટ હાઉસની સામે, રૂગનાથપુરા,
અમદાવાદ-૩૮૦ ૦૨૨. ફોન : ૦૭૯-૨૫૪૬૧૨૭૦

**'મંગલ મંદિર'ના અંકો સમાજની વેબસાઈટ**
**www.kutchijainahd.org**
**ઉપર... *ઉપરાંત*....**
**www.hellokutchis.com**
**ઉપર વાંચી શકાય છે.**

## વ્યક્તિ વિશેષ


- અધ્યાત્મ માર્ગના સહજયાત્રી શ્રી ભાણદેવજી ................ **ભદ્રાયુ વછરાજાની** .... ૫૫
- રણમાં વીરડી સમા નેપથ્ય નિવાસી – ગાંધીજન ................ **કેશુભાઈ દેસાઇ** .... ૫૭


## વિચાર વિમર્શ


- આપણે 'ગાંધીજીને' લાયક છીએ? ................ **નાની પાલખીવાલા** .... ૬૦
- ગુજરાતના પ્રથમ જૈન મહિલા એ.સી.પી. પન્નાબેન મોમાયા કહે છે : ફરજ પાલનમાં દોષિતોને દંડ આપવો એ જીવહિંસા નથી ................ ૬૦


## આરોગ્ય


- ડિપ્રેશનની બીમારી : શું સારવાર જરૂરી છે? ............. **ડૉ. મણિલાલ ગડા, ડૉ. દિપ્તી શાહ (ગડા)** ..... ૬૩


## નિબંધ


- જ્ઞાન, સંસ્કૃતિ અને કારુણ્યનો સમન્વય ................ **હરેશ ધોળકિયા** .... ૬૫


## નવલકથા


- ધ સ્ટોનિંગ ઓફ સોરાયા એમ : પથ્થર મારી મારીને મારી નાખવામાં આવતી સ્ત્રીની કથા ................ **નિસર્ગ આહીર** .... ૬૮


## સિને ચર્ચા


- ફેન હૈ તો હમ હૈ ................ ૭૧


## માહિતી


- વિશ્વનું અવનવું : દુનિયાની ૧૦ ઊંચી ઇમારતો.......... **સંકલન : દિનેશચંદ્ર જગજીવન શાહ** ..... ૭૩


## યાદગાર પ્રવચન


- ગુજરાતની સ્થાપના પ્રસંગે – રવિશંકર મહારાજ ................ ૭૫


## હાસ્યની ક્ષણોમાં


- રેગિંગ... રેગિંગ... રેગિંગ... ................ **ડૉ. નલિની ગણાત્રા** .... ૭૬
- શિક્ષકોનું બહારવટું ................ **શાહબુદ્દીન રાઠોડ** .... ૭૮
- મેં તો ગોત્યું ગોત્યું ને.... ................ **સ્વાતિ મેઢ** .... ૮૦
- બાલુડેં જ્યું ગાલિયું ................ **સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા** .... ૮૩


## નિયમિત વિભાગો


- આંજો કાગર ................ ૮૪
- અન્ય સંસ્થાઓના સમાચાર ................ ૮૫
- જાણવા જેવું ................ **સંકલન : રજનીકાંત પારેખ** .... ૮૮
- *Nano Nine* શબ્દ રમત-૧૧૬ ................ **સંકલન : રજનીકાંત પારેખ** .... ૮૯
- *Nano Nine Sudoko* (ક્રમાંક : ૧૦૭૩) ................ **સંકલન : રજનીકાંત પારેખ** .... ૯૧
- વલોવતન ................ **સંકલન : દિનેશચંદ્ર જગજીવન શાહ** .... ૯૩
- સમાજ દર્પણ ................ ૯૫
- સંસ્થા સમાચાર ................ ૯૬
- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો માસિક અહેવાલ ................ ૧૦૦
- ઊડતી નજરે ................ ૧૦૨


Printed & Published by : **Mr. Pratap Dand,** For **Shri Kutchhi Jain Seva Samaj - Ahmedabad**. Printed at **Vinayak Offset,** Dudheshwar, Ahmedabad. Published at **Shri Kutchhi Jain Seva Samaj – Ahmedabad,** 43/44, Brahman Mitra Mandal Soc., Opp. Navchetan High School, Paldi, Ellisbridge, Ahmedabad-380 006. Editor : **Mr. Pratap Dand ● Yearly Subscription : Rs.150/-**

# તંત્રી લેખ

## વૅકેશનના સમયનો સદુપયોગ કરી દાખલો બેસાડીએ

*– પ્રતાપ નારાણજી દંડ*

આપણા સુપ્રસિદ્ધ કવિ પ્રિયકાંત મણિયારના એક કાવ્યનું શીર્ષક છે : 'સમયનું સોનું.' કવિને સોના જેવો મોંઘામૂલો સમય વેડફાઈ ગયાનો ભારે રંજ છે. 'હવે હે હાથ રહ્યું ના હેમ; મળ્યું સમયનું સોનું - એને વાવર્યું ફાવે તેમ!' આ સમયનું સોનું આપણી તિજોરીમાંથી ક્યારે સરકી ગયું, એનો અણસાર પણ નથી આવતો. પેલા જાણીતા ફિલ્મી ગીતની પંક્તિઓ યાદ આવે છે :

*સજન રે ઝૂઠ મત બોલો, ખુદા કે પાસ જાના હૈ...*
*ન હાથી હૈ ન ઘોડા હૈ, વહાં પૈદલ હી જાના હૈ!*

આટલી સમજણ પછીની પીડા સમય વેડફી નાખવા બાબતની છે :

*લડકપન ખેલ મેં ખોયા, જવાની નીંદભર સોયા;*
*બુઢાપા દેખકર રોયા – યહી કિસ્સા પુરાના હૈ!*

આપણા જન્મ સાથે જ આપણને પરમાત્માએ આપેલ સમયની મૂડી ખર્ચાવા લાગે છે. જો એનો સમજણપૂર્વક વિનિયોગ કરવામાં આવે તો કશુંક કરવાજોગ કરી છૂટ્યાનો ઓડકાર લઈ શકાતો હોય છે. મોટાભાગના લોકો એવો આત્મસંતોષ નથી પામી શકતા કારણ કે તેઓ એમને મળેલ સમય રૂપી સોનાનું મૂલ્ય જ નથી સમજી શક્યા હોતા.

આપણી નવી પેઢી ઘણી બુદ્ધિશાળી છે. એને બરાબર ખબર છે કે આ દુનિયામાં ડાર્વિનના નિયમ મુજબ સૌથી લાયક હશે તે જ જીવશે અને જીતશે. આ લાયકાત કેળવવાની ઉંદરદોડમાં પાછી જિંદગી ક્યાં વેડફાઈ જશે, તે કહેવું મુશ્કેલ છે. પરંતુ ડગલે ને પગલે સ્પર્ધામાં ઊતરવાનું હોય ત્યારે પોતાને મળેલ સમયનું એવું સુચારુ અને સુવ્યવસ્થિત આયોજન (પ્લાનિંગ) કરીને ચાલવું જોઈએ કે જેથી આપણું ધાર્યું નિશાન પાડવામાં મુશ્કેલી ન પડે. સમયની પરવા નહીં કરનારની સમય પણ પરવા નથી કરતો. અંગ્રેજીમાં કહેવત છે કે સમય અને દરિયાની ભરતી કોઈની રાહ નથી જોતાં.

વિશેષપણે આપણા સમયચક્રમાં વિરામ અને વિશ્રામનો ગાળો આવે છે તેનો સુભગ વિનિયોગ કરવામાં આવે તો જિંદગી વધુ સાર્થકતા પ્રાપ્ત કરે છે. આપણા દેશમાં ઉનાળાની રજાઓનો સમય મહદંશે આળસુ બનીને આરામ કરવામાં વેડફી નાખવાની પ્રથા છે. આમેય ગરમીને લીધે કાર્યક્ષમતામાં તો ઘટાડો થયો જ હોય. વળી આખા વરસ દરમિયાન વિદ્યાર્થીઓ - એમની અભ્યાસ પ્રવૃત્તિમાં પરોવાયેલા રહ્યા હોય. સેમેસ્ટર પદ્ધતિની પરીક્ષાઓને કારણે કંટાળ્યા પણ હોય. ત્યારે આખા વરસનો થાક ઉતારવા માટે વૅકેશનથી વધારે યોગ્ય સમય ક્યારે મળવાનો હતો? પરંતુ વિચારકો કહે છે એમ પ્રવૃત્તિ બદલવી એ જ આરામ છે – Change of activity is rest. વૅકેશનમાં તરુણો પહાડો ખૂંદે, ટ્રેકિંગ કરવા જાય, ભારત-ભ્રમણ કરે, નવી નવી જગ્યાઓ જુએ, નવા વાતાવરણ સાથે અનુકૂળ થવાની તાલીમ લે – એ પણ જરૂરી છે. ઘરકૂકડી થઈને પોતપોતાનાં કોચલાંમાં ભરાઈ રહેવું એ તે કોઈ જિંદગી છે? બલકે માણસે થોડું બીજા કાજે પણ જીવવાનું શીખવું જોઈએ. વૅકેશનમાં જ્ઞાનની ક્ષિતિજો વિસ્તારતા અવનવા અભ્યાસક્રમોમાં જોડાઈ શકાય, નવી કળા કારીગરી શીખી શકાય, નવી ભાષા શીખી શકાય – પ્રવાસ ખેડી શકાય. વળી પર્યાવરણની સુરક્ષાની દિશામાં પણ કશુંક પ્રદાન કરી શકાય. આસપાસની ગરીબ વસતિનાં બાળકોને ભણાવવાનો લહાવો લઈ શકાય. શિક્ષણ વ્યવસ્થામાં જેની બાદબાકી કરી દેવાઈ છે એવા ધર્મગ્રંથોનો અને ઇતર વાંચનનો લાભ લઈ શકાય. ગ્રંથાલયોમાં કેદ થયેલ ઉત્તમ પુસ્તકો હરહંમેશ શ્રેષ્ઠ વાચક માટે તલસતાં હોય છે. વૅકેશન દરમિયાન વાંચનથી આપણા ભીતરને વધુ સમૃદ્ધ કરવાની તક જતી ન જ કરીએ. પ્રવાસ દરમિયાન પણ વાંચી શકાય. ડાયરી લખી શકાય. સૌથી શ્રેષ્ઠ તો જરૂરિયાતવાળી વ્યક્તિઓ માટે કંઈ કરી છૂટીએ તે જ ગણાય. વૃદ્ધાશ્રમો, અનાથાશ્રમો અને હૉસ્પિટલોમાં કેટકેટલા દુખિયારા જીવ આપણી રાહ જોતા હોય છે! થોડા વખત પહેલાં જ જન્નતનશીન થયેલા ઉર્દૂ શાયર નીદા ફાજલી કહે છે તેમ મસ્જિદ કે દરગાહમાં જવાને બદલે કોઈ રડતા બાળકના ચહેરા પર સ્મિત પ્રગટાવી શકાય તો એ ઘણી મોટી વાત ગણાશે.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ટ્રસ્ટીઓ અને કર્મચારીગણ આ મુદ્દે શરૂથી જ જાગ્રત છે. વૅકેશન દરમિયાન કરિયર ગાઈડંસ જેવી વર્કશૉપ અને કેટલાક વોકેશનલ કોર્સ ચલાવી વિદ્યાર્થીઓને સાચી દિશા આપવાના પ્રયત્નો જૈન ભવન ખાતે થતા રહે છે. આવા કાર્યક્રમોથી લાભાન્વિત થનારો વર્ગ ઘણો મોટો છે. દર વર્ષે યોજાતી આવી વર્કશોપનો લાભ લેનારા વિદ્યાર્થીઓની અને શૈક્ષણિક સંસ્થાઓની સંખ્યા પરથી એનો અંદાજ બાંધી શકાય છે.

મે મહિનો ફક્ત વૅકેશનનો નથી. આ મહિનાની પહેલી તારીખ દુનિયાભરમાં વિશ્વ મજૂર દિવસ તરીકે ઉજવાય છે અને ગુજરાત રાજ્યનો તો તે સ્થાપના દિવસ જ છે. ૧૯૬૦ની પહેલી મે ના દિવસે ગુજરાતના મૂક સેવક પૂ. રવિશંકર મહારાજની નિશ્રામાં આપણે ગુજરાત રાજ્યનો પહેલો સ્થાપના દિવસ ઊજવ્યો તે વાતને આજે ૫૬ વર્ષનાં વહાણાં વાઈ ચૂક્યાં છે. ગુજરાત દેશનું પ્રતિષ્ઠાસંપન્ન રાજ્ય બની શક્યું છે. એટલું જ નહીં, એણે દેશને બબ્બે વડાપ્રધાનો પણ આપ્યા છે, એનું ગૌરવ લેવાનો પણ આપણને અધિકાર છે.

જય જય ગરવી ગુજરાત!

*૬, મુદ્રા એપાર્ટમેન્ટ, ૯/૨૬, ચૈતન્ય સોસાયટી, સ્ટેડિયમ રોડ,*
*નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૪. મો. ૯૪૨૬૭ ૨૫૬૧૯*

## "મંગલ મંદિર" શ્રેષ્ઠ લેખ - વાર્તા / આંજો કાગર : વર્ષ ૨૦૧૫-૨૦૧૬ની જાહેરાત

*'મંગલ મંદિર' વર્ષ ૨૦૧૫-૨૦૧૬ (એપ્રિલ ૨૦૧૫થી માર્ચ ૨૦૧૬) દરમ્યાનના અંકોમાં પ્રસિધ્ધ થયેલી લેખન સામગ્રીઓમાંથી શ્રેષ્ઠ લેખ / વાર્તા (પ્રથમ-૩) અને શ્રેષ્ઠ આંજો કાગર (પ્રથમ-૩)ની પસંદગી કરવા નીચે મુજબ એક નિર્ણાયક સમિતિની રચના કરવામાં આવી હતી.*

૧. **શ્રી ચિત્રસેન રવજી શાહ - કન્વીનર** ગાંધીનગર
૨. **શ્રી ભરત કવિ - સભ્ય** ગાંધીનગર
૩. **શ્રીમતી વર્ષાબેન મહેતા - સભ્ય** ગાંધીનગર.

'મંગલ મંદિર' માટે આ કામગીરી નિર્ણાયક સમિતિએ ખૂબ જ પરિશ્રમ કરીને તેમજ પોતાના અમૂલ્ય સમયનો ભોગ આપીને કરી આપેલ છે. તે માટે સમિતિના કન્વીનરશ્રી તથા તેમના બંને સભ્યશ્રીઓનો ખૂબ ખૂબ આભાર માનીએ છીએ.

ઉપરોક્ત સમિતિનો નિર્ણય અત્રે રજૂ કરતાં અમે આનંદ અનુભવીએ છીએ.

**— *તંત્રીમંડળ, 'મંગલ મંદિર'***

### લેખ / વાર્તા / અન્ય લેખન વિભાગ

| ક્રમ | લેખનું શિર્ષક | અંક - સંદર્ભ | લેખક |
|---|---|---|---|
| ૧. | હેવાતન | માર્ચ-૨૦૧૬ | ડૉ. કેશુભાઈ દેસાઈ - ગાંધીનગર |
| ૨. | (એ) કાના રે કાના.... | માર્ચ-૨૦૧૬ | ડૉ. નલિની ગણાત્રા - અમદાવાદ |
| | (બી) શરીર તારું સંભાળ રે... | ઓક્ટોબર-૨૦૧૫ | દિનેશ પાંચાલ |
| ૩. | (એ) 'કચ્છી ધમાલ રાસ'ને મુંબઈમાં લોકપ્રિય બનાવનાર કલાકાર લક્ષ્મીચંદ ભારમલ નાગડા | ફેબ્રુઆરી-૨૦૧૬ | ભરત 'કુમાર' પ્રા. ઠાકર |
| | (બી) શ્રી શિવજીભાઈ દૂધૈયા | માર્ચ-૨૦૧૬ | અરુણભાઈ શાહ |

### 'આંજો કાગર' વિભાગ

| | | | |
|---|---|---|---|
| ૧. | નાપાસ થનારને પ્રોત્સાહન આપવું જરૂરી | જુલાઈ-૨૦૧૫ | શ્રી શાંતિલાલ સંઘવી - અમદાવાદ |
| ૨. | કચ્છી પરિવેષથી શોભતો વાર્તા સંગ્રહ | માર્ચ-૨૦૧૬ | શ્રી રજનીકાંત સોની |
| ૩. | આપણી બહેનોએ આવી 'સેના' ઊભી કરવી જોઈએ | જાન્યુઆરી-૨૦૧૬ | શ્રી શાંતિલાલ વ. શાહ - અમદાવાદ |

***નિર્ણાયકોના મત મુજબ, જેની તુલના કરવાનું વિકટ હોય છે તેવી ઉચ્ચ કક્ષાની લેખન સામગ્રીઓમાંથી શ્રેષ્ઠની પસંદગીના ભાગરૂપે અમારા નિર્ણયો છે. ઉત્તમ કક્ષાની લેખન સામગ્રીઓથી ભરપૂર 'મંગલ મંદિર'એ વાચક વર્ગમાં શ્રેષ્ઠ સ્થાન પ્રાપ્ત કરેલ છે તે માટે અભિનંદન.***

કચ્છ વિભાગ

# હોથલ પદમણી

• માર્કંડરાય મહેતા •

હોથલ કોણ હતી? શું તે પદમણી હતી કે અપ્સરા હતી? તે તો એક આદર્શ નારી હતી - ચાલો તેની વાત જોઈએ.

જ્યારે હોથલે જાણ્યું કે તેના પતિ ઓઢાએ પોતાના સાથીઓને તેનો પરિચય આપી દીધો છે ત્યારે તેણીએ પોતાના બન્ને પુત્રોને બોલાવ્યા અને કહ્યું - "બેટાઓ, તમારી મા હવે તમને છોડીને દૂર દૂર ચાલી જશે. તમે મારી શોધ કરશો નહીં તથા તમારા પિતાશ્રીને પણ શોધ ન કરવા જણાવશો. વળી તમારા પિતાશ્રીનું દિલ મારા વિયોગથી ભાંગી પડશે તો તમે તેમને સાચવી લેજો. હું તમને છોડીને જાત જ નહીં પરંતુ મારો ડર સાચો પડ્યો. તમારા પિતાશ્રીને મરાવી તેના મિત્રો મારો કબજો લેવા માગતા હતા. પણ હું ક્યારેય તે નહીં થવા દઉં. હું ક્ષત્રિયાણી છું. મારું શીલ સાચવવા તમારાથી દૂર દૂર ચાલી જાઉં છું તે એટલા માટે જ કે નહિતર તમારા પિતાશ્રીનું જીવન ખતરામાં પડી જાય. તમે હમણાં જ ઊપડો અને તમારા પિતાશ્રીને જણાવો કે તમારી માતા ચાલી ગઈ છે. આ વાત તેમના મિત્રો ભલે જાણે - આ વાત બધે જાહેર થઈ જવી જોઈએ. આથી તમારા પિતાશ્રીના મિત્રોનો મનસૂબો નિષ્ફળ જશે. કદાચ તમારા પિતાશ્રી તેમજ તેમના મિત્રો મને શોધવા પ્રયત્નો કરશે." આટલું કહી હોથલ પોતાની પવનવેગી ઊંટડી પર સવાર થઈ કચ્છના રણ તરફ રવાના થઈ. તેણી હોથલપરા ડુંગરામાંથી નીકળી સઈ ગામ પાસેથી દૂર રણ તરફ ગુજરાત ભણી ચાલી નીકળી અને પછી એવી ગાયબ થઈ ગઈ કે કોઈ તેણીના સગડ પણ ન પકડી શક્યા. બધા ઘણા ઘણા પ્રયત્નો કરીને થાક્યા પણ તેણી ન મળી તે ન જ મળી - હોથલને પદમણી શા માટે કહેતા કારણ કે તેણી રૂપરૂપના અંબાર હતી. તેણી અપ્સરા હતી અને ઈન્દ્રે તેને શાપ આપેલ તેથી તેણી પૃથ્વીલોકમાં અવતરી હતી એવું પણ કહેવાતું અને હવે તે પાછી ઈન્દ્રલોકમાં ચાલી ગઈ એમ બધા કહેતા હતા. પણ ખરેખર તો તેણી રણ ઓળંગી ગુજરાત પોતાના ભાઈ પાસે ગઈ અને ત્યાં પોતાના બાહુબળથી એક જાગીર જીતી ત્યાં જ રહેવા લાગી હતી.

હોથલના બન્ને પુત્રો જખરો અને જેસંગ પોતાના પિતાની ખૂબ જ સંભાળ રાખતા. માતાની છેલ્લી આજ્ઞા પ્રમાણે તેઓ રાત દિન તેમની સાથે તેમની સેવામાં જ હાજર રહેતા. આમ પિતાના દુઃખને ઓછું કરવા તેઓ દરેક કામ પિતાને સંતોષ આપવા કર્યા જ કરતા. એક વાર જ્યારે ઓઢો પોતાના પુત્રો સાથે વાળુ કરી રહ્યો હતો અને ખૂબ ખુશમિજાજમાં હતો ત્યારે તેના મોટા પુત્ર જખરાએ પૂછ્યું, "બાપુજી, અમારાં માતાજી અમને મૂકીને કેમ ચાલ્યાં ગયાં?" ત્યારે ઓઢાએ જણાવ્યું - "તમારાં માતાજી મૂળે તો ગુજરાતનાં રાજકુમારી હતાં. તેમના પિતાના મૃત્યુ સમયે તેમણે શપથ લીધલાં કે હું તમારું અધૂરું કામ પૂરું કરીશ - સિંધમાંનાં ધલુરાનો બાદશાહ આપણી આથો વાળી ગયેલો હું તેની આથો વાળી આવીશ અને તે પણ બે માસમાં." આવી પ્રતિજ્ઞા કરી પિતાની પાસે પાણી મૂક્યું અને પછી તેણી એ પ્રતિજ્ઞા પૂરી કરવા નીકળી પડ્યાં. જ્યારે હું કચ્છમાંના લાખીઆર વીઅરાના રાજાનો નાનો પુત્ર. મારા પિતાશ્રીએ પોતાની મૃત્યુપથારી પાસે ભાઈઓને બોલાવી પોતાની આખરી ઈચ્છા ધલુરાના બાદશાહની આથો વાળી આવવાની જણાવી. મારા મોટા ભાઈ તો ચૂપ રહ્યા પણ મેં તરત જ શપથ લીધા. હું ફક્ત બે જ માસમાં આપની અધૂરી ઈચ્છા પૂરી કરીશ ત્યારબાદ જ કચ્છ આવીશ. આમ હું પણ ચાલી નીકળ્યો. સંયોગો એવા થયા કે તમારી માતા જે પુરુષવેશમાં હોથી બનીને નીકળી હતી તે મને રસ્તામાં જ મળી. અમે એકબીજાને મળી વાતો કરવા લાગ્યા અને ક્યાં જવાના છીએ એ પૂછપરછ કરી - જ્યારે હોથીએ જાણ્યું કે અમે બન્ને એક જ કામ માટે એક જ સ્થળે જવાના છીએ ત્યારે તે ઘણો જ ખુશ થયો અને એકબીજાને મદદરૂપ થવા વચનો આપ્યાં. પછી અમે કચ્છ છોડી સિંધમાં પ્રવેશ્યા અને સીધા ધલુરા પહોચ્યા. ત્યાં અમારા સારા નસીબે ધલુરાના બાદશાહની સાંઢણીઓ સીમમાં ચરતી અમે જોઈ. મારી સાથે ઘણા સિપાહીઓ હતા તેથી હોથીએ જણાવ્યું કે "તમે સાંઢણીઓ ભગાડી જજો અને હું ધલુરાની ફોજને રોકીશ." એમ કહી તેણે એક સાંઢણીને તલવાર મારી લોહી કાઢ્યું અને તેમાં કપડું બોળી મને આપ્યું - તે કપડું મેં સાંઢણીઓને સૂંઘાડ્યું અને મારા ઘોડાને દોડાવી મૂક્યો. લોહીની ગંધ પરથી બધી સાંઢણીઓ મારા ઘોડા પાછળ દોડવા લાગી. મારા સિપાઈઓ સાંઢણીઓ હાંકતા હાંકતા ઠેઠ કચ્છની સરહદ સુધી આથો વાળી આવ્યા. આ તરફ સાંઢણી ચારનાર રબારી તરત જ શહેરમાં ગયો અને બાદશાહને ખબર આપી. એટલે તેના સિપાઈઓ સેનાપતિ સાથે ઘોડેસવાર થઈ દોડ્યા. જેવા સિપાઈઓ ગામ બહાર આગળ વધ્યા કે હોથીએ તીરોનો વરસાદ વરસાવવો શરૂ કર્યો. તીરો જેને જેને લાગ્યાં તે ઘોડા સહિત જમીન પર પડ્યા. કેટલાક ઘોડા મર્યા, કેટલાક સિપાઈઓ મર્યા અને છેવટે સેનાપતિ પણ વીંધાયો અને મૃત્યુ પામ્યો. આથી બધું લશ્કર શહેર તરફ જીવ બચાવવા ભાગ્યું. હવે હોથી પોતાના ઘોડા પર સવાર થઈ જેવો આગળ આવ્યો કે મેં રાડ પાડી, "શાબાશ! બેલી, તેં રંગ રાખ્યો. વાહ તારી તીરંદાજી! હવે હોથી પણ મને મળવા દોડ્યો. અમે બન્ને રાજી

થતા થતા કચ્છની હદ સુધી પહોંચી આવ્યા. ત્યાં મેં સાંઢણીઓના ભાગ પાડવા સિપાઈઓને હુકમ કર્યો પણ હોથીએ જણાવ્યું, "દોસ્ત, આ બધી સાંઢણીઓ તારી. મારો ભાગ પણ તને ભેટ. દોસ્તીદાવે તું તે સ્વીકારી લે. હવે આપણે જુદા પડશું. આવા જાની મિત્રથી જુદા પડવું મને ગમ્યું તો નહિ પણ શું થાય! છૂટકો જ ન હતો. હું મારા સિપાહીઓ સાથે થોડાક માઈલ ચાલ્યો પણ મારું મન તો હોથીમાં હતું એટલે મારા સિપાઈઓને મેં સાંઢણીઓ લાખીઆર વીઅરે લઈ જવા આજ્ઞા આપી અને મેં હોથીના સગડ લઈ તેને મળવા મારો ઘોડો મારી મૂક્યો.

*"ચડી ચકાસર પાળ, હલો હોથી કે નિહારીઉં*
*પાણી મથે વાળ, વિઠાઈ વીઠી આય પદમણી"*

હું ચકાસર તળાવ પાસે પહોંચ્યો ત્યારે મેં હોથીનો ઘોડો એક ઝાડ પાસે બાંધેલો જોયો. એટલે મને થયું કે નક્કી હોથી અહીં નાહવા ગયો હશે. એટલે હું ઘોડા પરથી ઊતરી પાળ પર ચડ્યો. પણ અરે! આ શું? કોઈ રૂપરૂપના અંબાર જેવી સ્ત્રી પોતાના વાળ છૂટા મૂકી પાણી પર તરી રહી છે. હવે હું સમજી ગયો કે આ હોથી એ પુરુષ નથી પણ સ્ત્રી છે - પદમણી છે. એટલે મેં ખોંખારો ખાધો એટલે હોથલે મને જોયો. મેં તરત જ જણાવ્યું, 'હું ઝાડ પાછળ ઊભો છું - તું તારાં કપડાં પહેરી લે.' હોથલે પાણી બહાર નીકળી, કપડાં પહેરી લીધાં. અને મારા તરફ દોડી આવી મને ભેટી પડી. આમ અમારી અધૂરી રહેલી મૈત્રી પૂરી થઈ. ગાઢ પ્રેમમાં પરિણમી - હવે અમે બે પ્રેમી મીઠી મીઠી વાતો કરતાં આગળ વધ્યાં. થોડા રોજ આમ સાથે સાથે મુસાફરી કરી વાગડમાં ઉમૈયા ગામે પહોંચ્યાં. ઉમૈયા ગામથી હું પરિચિત હતો તેથી એક ઓળખીતા બ્રાહ્મણને ઘેર ગયા. તેણે અમને આવકાર્યા અને અમારી બધી વાત સાંભળી અમારા રહેવાની સગવડ કરી આપી. અને બીજે જ દિવસે અમે તે બ્રાહ્મણના ઘેર જ તેને જ હસ્તે લગ્ન કરી લીધાં. ચોરીના ચાર ફેરા ફરી અમે પતિ-પત્ની બની ગયાં પણ આ લગ્ન પહેલાં હોથલે મારી પાસેથી વચન લીધું કે મારે તેણીની ઓળખાણ કોઈને આપવી નહીં. અને જો આપશો તો હું તે જ વખતે તમને મૂકીને ચાલી જઈશ. અને બેટા, આ કરાર મુજબ તમારી માતુશ્રી મારી એક ભૂલને કારણે આપણને મૂકીને ચાલી ગઈ. ક્યાં ગઈ, તેણીએ શું કર્યું, તેના કોઈ સગડ હજુ સુધી મને મળ્યા નથી.

આ બધી વાતો જેસંગ પણ સાંભળતો હતો તે બોલી ઊઠ્યો, "બાપુ, બા કેમ ગઈ એ તો જાણ્યું પણ બા પાછી કેમ આવે. એનો કાંઈ ઉકેલ?" ઓઢાએ જવાબ આપ્યો, "હા - તેણીએ જ્યારે કરાર કરેલ ત્યારે એ પણ જણાવેલું કે હું જઈશ પણ મારા પુત્રોની વહુઓને પોંખવા ગમે ત્યાંથી આવી પહોંચીશ." એટલે જખરો અને જેસંગ તે સમયે તો શાંત થઈ ગયા પણ થોડા રોજ બાદ તેણે પિતાજીને પૂછ્યું, "બાપુ, તો તો મારી બા આવે તે તો અશક્ય લાગે છે. અમારા લગ્નને તો હજુ ઘણાં વર્ષો છે. ત્યાં સુધી શું આપણે રાહ જોવી પડશે ઓઢો ચૂપ રહ્યો. તે શું કહે?

વર્ષો વીતી ગયાં હવે જખરો અને જેસંગ પરણાવવા લાયક થઈ ગયા. એટલે ઓઢાએ ગોરમહારાજને તેમને લાયક કન્યાઓ શોધવા કહી દીધું. સારા નસીબે કચ્છના જ એક મોટા જાગીરદારની બે પુત્રીઓ ઉંમરલાયક થઈ ગઈ હતી. ગોરમહારાજ કન્યાઓ શોધવા જ્યારે તે ગામ પહોંચ્યા ત્યારે જાગીરદારે તેમને માનપાન આપી પોતાની કન્યાઓ માટે યોગ્ય મુરતિયા શોધી આપવા વિનંતી કરી. ગોરમહારાજ કહે હું પણ એ જ કામ માટે નીકળ્યો છું અને તમારી પાસે આવી ચડ્યો છું. ઓઢાના બે પુત્રો જખરો અને જેસંગની ખૂબ પ્રશંસા કરી તેમની વાત મૂકી. એટલે જાગીરદારે તરત જ એ વાત ઉપાડી લીધી અને જણાવ્યું, "ગોરમહારાજ જો આમ વાત હોય તો તો તમે મીઠું મોઢું કરીને જ જાઓ. જાગીરદારે ગોરમહારાજનું પૂજન કરી - સારી એવી દક્ષિણા આપી અને જણાવ્યું કે અમારા વતી આ સંબંધ પાકો કરી - લગ્નનું મુહુર્ત નક્કી કરી અમને સારા સમાચાર આપજો. આમ જખરા-જેસંગના સગપણ તથા લગ્ન બન્ને નિર્વિઘ્ને પૂરાં થવાનાં હતાં ત્યાં હોથલ મારતે ઘોડે હાજર થઈ ગઈ. પોતાના પુત્રોના લગ્ન ધામધૂમથી ઊજવાયાં. હવે પોંખવાની વિધિ બાકી હતી - તે માટે હોથલ તૈયાર થઈ ગઈ. બન્ને નવવધૂઓ ઘણી ચાલાક હતી. તેમણે હોથલની વાત તેમના પતિઓ પાસેથી થોડી થોડી સાંભળી હતી એટલે જ્યારે હોથલ પોંખવા આવી અને રિવાજ મુજબ વર માંગવા જણાવ્યું ત્યારે બન્ને નવવધૂઓએ જણાવ્યું કે તમે હવે તમારા પૌત્રોને રમાડીને જજો. હોથલ પોતાની નવવધૂઓની ચાલાકી સમજી ગઈ અને તથાસ્તુ કહી ત્યાં જ રહી ગઈ અને પોતાના પતિ તથા પુત્રો સાથે ખુશખુશાલ જીવન ગાળવા લાગી.

હોથલે પોતાના પતિના જીવન ખાતર સુખમય જીવન ત્યજ્યું અને એક વીર નારી તરીકે વર્ષો સુધી અલગ રહી પોતે દુઃખ ભોગવી પતિનું જીવન બચાવ લીધું. ધન્ય છે એવી વીર નારીને જેણે પિતાનું વચન તથા પતિનું જીવન બચાવી બન્ને ટાણાં બરાબર પાળ્યાં.

*સૌજન્ય : "કચ્છનાં નારીરત્નો"*

With Best Compliments From
**43 YEARS OF CIVIL ENGINEERING EXCELLENCE**
**We undertake Civil Works in Gujarat, Maharashtra & All Over India**
**M/s. NARENDRA SHAH & ASSOCIATES & M/s. D.N.D. Enterprises**
**Admn. Office :** 16, Shanti Bhuvan, 3rd Floor, Above Mcdonald's, Opp. Railway Station,
Mulund (West), Mumbai-400 080. **Tel. : 25647572 E-mail : narendra_shah2006@yahoo.co.in**

વાર્તા

# 'તેજિની તું મોડી પડી!'

• ડૉ. ચંદ્રકાંત મહેતા, પૂર્વ ઉપકુલપતિ, ગુજરાત યુનિવર્સિટી •

અનન્યની પત્ની તેજિની.

થોડાક રોષ સાથે ઓરડામાં પ્રવેશી હતી. 'અનન્ય, આમ ને આમ ઉજાગરા કરશો તો તમે માંદા પડશો. બીમારની સેવામાં એટલા બધા ન પરોવાઈ જવું જોઈએ કે આખા ઘર પર બીમારી કબજો જમાવી લે. મારી દશા તો તમે છતાં પતિએ વિધવા જેવી કરી નાખી છે.' તેજિનીએ બળાપો કાઢતાં કહ્યું હતું.

'અરે, ધીમે બોલ, પપ્પાજી જાગી જશે તેજિની, તું આરામથી સૂઈ જાને. મને તો ઊંઘ નહીં આવે. પપ્પાજીની તબિયતની મને ખૂબ જ ચિંતા રહે છે. હું સૂઈ જાઉં અને એમને પાણી પીવું હોય તો? અરે એમને ટોઈલેટ જવું હોય તો? બિચારા શું કરે? મને બૂમ પાડવા જેટલી પણ શક્તિ એમનામાં નથી રહી. તેજિની, અરે તું વિચાર તો ખરી કે કોઈક આપણું નાનકડું પણ કામ કરી આપે તો થેન્ક્સ કહેવાનું આપણે ભાગ્યે જ ચૂકીએ છીએ. જ્યારે માબાપના આપણી પર અગણિત ઉપકારો હોય છે. હું તો એમ માનું છે કે પપ્પાજીએ બીમારી દ્વારા આપણને ઋણમુક્ત થવાની તક આપી છે અને તું તો મારી અર્ધાંગિની છે. સેવાનું અડધું પુણ્ય તારું અને અડધું મારું. એમ દુઃખી થઈને નહીં, હરખાતે હૈયે મને સાથ આપ. આજે મમ્મીજી હોત તો આપણે કોઈ ચિંતા ન હોત, પણ પપ્પાજી એકલા છે એટલો તો વિચાર કર જરા.' અનન્યે શાંતિથી જવાબ આપ્યો.

'બેટા અનન્ય, વહુ સાચું કહે છે. રાતના બે વાગવા આવ્યા. તું હવે સૂઈ જા. તું માંદો પડીશ તો મારી ચાકરી કોણ કરશે, બેટા?' ગંભીર માંદગીને બિછાને પટકાયેલા પપ્પાજીએ પુત્રને લાગણીપૂર્વક કહ્યું.

'પપ્પાજી, આપને તો ખબર છે ને કે આપને ઊંઘાડ્યા પછી જ હું સૂઈ જાઉં છું. મારા ઉજાગરાની આપ ચિંતા ન કરશો. હા, મમ્મી હયાત હોત તો...' અનન્ય અટકી ગયો.

'બેટા, મારે માટે તો તેં મા અને બાપ બન્નેની ગરજ સારી છે. તેં મને તારી મમ્મીની ખોટ ક્યાં પડવા દીધી છે? ઘડપણ એ બીજું બાળપણ છે, બેટા. અને એમને જાળવવા દીકરા-દીકરીઓએ માબાપની ભૂમિકા ભજવવી પડે છે. તારી મમ્મી હયાત હોત તો કદાચ એ પણ મારી આટલી ચાકરી ન કરી શકી હોત. એ હયાત હોત તો તારે એની પણ ચાકરી કરવી પડત. એની તબિયત પણ ક્યાં સારી રહેતી હતી? પણ તારી તો વાત જ સાવ ન્યારી છે. તું કદી થાકવાનો નથી એની મને ખબર છે.' પોતાના પુત્રના હાથને ચૂમતા અનન્યના પપ્પાજી ગાઢ નિદ્રામાં સરી પડ્યા હતા. એમને ઊંઘતા જોઈ અનન્યે પણ પાસેના પલંગ પર લંબાવ્યું હતું.

સવાર પડતાં તેજિનીની ટકટક શરૂ ગઈ. 'અનન્ય, તમને કશું જ કહેવાનો અર્થ નથી. બધું પથ્થર પર પાણી. પપ્પાજીની દવાના પૈસાય હવે તો પોષાતા નથી. મારી એક વાત સાંભળો. રાત માટે એક નર્સ રાખી લો. ભલે થોડો ખર્ચ થાય. લાખ ભેગા સવા લાખ. આમ ને આમ તો તમે માંદા પડી જશો. તમને પપ્પાજી માટે લાગણી હોય તે સમજી શકાય, પણ થોડું પોતાનું વિચારતાં તો શીખો. અરે, પપ્પાજી પોતે પણ સમજે છે. એ પણ તમને થોડીક વાર તો આરામ કરવાની સલાહ આપે જ છે ને? દિવસે નોકરી અને રાતના ઉજાગરા, આ બધું કેટલા દિવસ ચાલશે?' કહી તેજિની છણકા સાથે ચાલી ગઈ હતી.

તેજિનીને ખબર હતી કે ગમે તેટલાં આકરાં વેણ કહેવા છતાં અનન્યની પિતૃભક્તિની સરિતાના નીરમાં ઘટાડો થવાનો નથી. પતિ માવડિયો હોવાની ફરિયાદો તો સાંભળી છે, પણ અનન્ય તો બાપવડિયો છે. એની જિંદગીમાં બાપ સિવાય કશું છે જ નહીં. તેજિની રસોઈ કરતાં કરતાં વિચારતી હતી.

અનન્યનાં મમ્મીનો સ્વભાવ પણ ખૂબ જ લાગણીશીલ હતો. નાની નાની વાતમાં તેમની આંખો ભરાઈ આવતી. તેઓ અનન્યના પપ્પાની ખૂબ જ કાળજી રાખતાં. ઘરની તમામ જવાબદારીઓ સાથે તેઓ ઓતપ્રોત થઈ ગયાં હતાં. પપ્પાજીને એકલા મૂકીને ક્યારેય ક્યાંય એકાદ રાત માટેય જતાં નહીં. તેમને ક્યારેય લાંબીલચ વાતો કરતાં કોઈએ જોયાં નહોતાં, પણ એમની લાગણી નીતરતી આંખોમાં સ્નેહના સાતેય સમંદર જાણે કે છુપાયા હોય એવું ઊંડાણ અને ગાંભીર્ય હતું. પ્રેમ શબ્દોમાં વ્યક્ત કરવાનું ભલે મુનાસિબ ન લાગતું હોય, પણ પ્રેમ જીવવામાં એમણે ક્યારેય પાછી પાની કરી નથી.

અનન્યમાં મમ્મી તેના પપ્પાના પડછાયાની જેમ જીવતાં હતાં. તેઓ નિવૃત્ત થયેલા અનન્યના પપ્પાજીને ક્ષણ માટેય લાચાર જોવા તૈયાર નહોતાં. દવા, કપડાં, મફલર, સ્વેટર, પુસ્તક, સામયિકો જેવી બધી જ જરૂરિયાતની વસ્તુઓ પપ્પાજીના શયનકક્ષમાં હાજર જ હોય. અનન્ય ઘણી વાર કહેતો : 'મમ્મીજી, તમે હવે આરામ કરો. પપ્પાજીની થોડી સેવા તેજિનીને પણ કરવા દો.' ત્યારે મમ્મીજી અનન્યના માથે વહાલપૂર્વક હાથ ફેરવતાં કહેતાં : 'દીકરા, મારાથી થાય ત્યાં સુધી તો મને કામ કરવા દે. પછી તો તારા પપ્પાને સાચવવાની જવાબદારી તેજિનીને શિરે આવવાની જ છે ને! તેજિની તો હજી નાની છે. તેના પર બહુ જવાબદારી ન નખાય. સંતાનો પ્રત્યેનું વાત્સલ્ય એ વાંસમાંથી વાંસળી બનવા સમાન છે, બેટા. એ આનંદ પામવા માટે

માબાપે વાંસની જેમ ચૂપચાપ વીંધાવાની વેદના સહર્ષ સ્વીકારવી પડે.' આવા લાગણીશીલ માતાનો પુત્ર હતો અનન્ય. એક ઈમાનદાર પિતાનો સ્વમાની પુત્ર.

અનન્યનાં મમ્મીજી હાઈ બ્લડપ્રેશરનાં પેશન્ટ હતાં. એક દિવસ બ્લડપ્રેશર વધી જવાને લીધે નીચે પટકાઈ ગયાં અને અનન્યના હાથમાં તેના પપ્પાજીનો હાથ સોંપી પરલોકની યાત્રાએ ઊપડી ગયાં.

મમ્મીજીના મૃત્યુ બાદ અનન્ય પપ્પાજીના વાત્સલ્યનીરથી અવિરત ભીંજાતો રહ્યો હતો, પરંતુ મમ્મીજીની ગેરહાજરીથી તેના પપ્પા ભાંગી પડ્યા હતા. તેઓ બીમાર રહેવા લાગ્યા હતા.

તેજિની અનન્યની સમક્ષ એના પપ્પાની ફરિયાદોનું બુલેટીન બહાર પાડતી રહેતી, પણ પપ્પાનો એક પણ દોષ જોવાની અનન્યની તૈયારી નહોતી.

અનન્યના પપ્પાની બીમારી લંબાઈ. નોકરીના પી.એફ. ના પૈસા પણ વપરાઈ ગયા. મિત્રો પાસેથી વારંવાર ઉછીના લીધેલા પૈસા પણ એ સેવાયજ્ઞમાં સ્વાહા થઈ ગયા. ફેમિલી ડૉક્ટર પણ હવે દવાદારૂનો ઝાઝો અર્થ નથી તેમ ટકોર કરતા રહેતા, પણ અનન્ય દવામાં કોઈ કચાશ રાખતો નહોતો. તેજિની દલીલ કરતી ત્યારે એ કહેતો : 'તેજિની, ડૉક્ટર ગમે તે કહે, આપણે દર્દીની સારવારમાં લેશમાત્ર કાપ ન મૂકવો જોઈએ. કોને ખબર કોઈ એકાદ દવા કે કોઈની દુવા મોતના ટકોરાને થંભાવી દે. આપણે તો ફરજની દોરીથી બંધાયેલાં પૂતળાં છીએ. આપણને રાહ દેખાડનાર તો કોઈ ઓર જ છે અને પપ્પાજીની કાળજી રાખવાનું મમ્મીજીને મેં વચન આપ્યું છે. હું પપ્પાજીની સારવારમાં કોઈ કચાશ રાખવા માગતો નથી.'

દિવસો વીતતા ગયા. પપ્પાજીની સારવાર માટેની લોન મેળવવાના આર્થિક સ્રોતો હવે સૂકાવા માંડ્યા હતા. હવે અનન્યને એકમાત્ર આશા હતી તેજિનીની મદદની. એ નહોતો ઇચ્છતો કે પપ્પાની સારવાર માટે પોતાની પત્ની તેજિનીના દાગીના વેચવાનો વિચાર સુદ્ધાં પણ કરે! પરંતુ પરિસ્થિતિ હવે અસહ્ય બની રહી હતી.

એ રાત્રે પપ્પાજીની રાબેતા મુજબની સેવામાંથી પરવારી ઉદાસ મને અનન્ય બેઠો હતો. એણે તેજિની પાસેથી સોનાના બે કંગન વેચવા માટે આપવાની વિનંતી કરતી એક ચિઠ્ઠી લખી રાખી હતી, પણ તેજિનીના છણકાની બીકે એ ચિઠ્ઠી આપવાની હિંમત નહોતો કરી શકતો. તેજિની થોડી જ વારમાં આવી પહોંચશે એમ માનીને એણે એ ચિઠ્ઠી પોતાના હાથમાં જ રાખી હતી.

ઉજાગરા અને થાકના કારણે ખુરશી પર બેઠાં બેઠાં જ તેની આંખ મળી ગઈ. ઊંઘમાં હાથની પકડ ઢીલી થઈ અને પેલી ચિઠ્ઠી એની હથેળીમાંથી સરી પડી. એ જ ક્ષણે તેજિની ઓરડામાં પ્રવેશી. અનન્યની રાહ જોઈને એ કંટાળી હતી. બબ્બે વાર સાદ પાડ્યા છતાં અનન્ય જમવા આવ્યો નહોતો એટલે એનો ઊધડો લેવા તેજિની ધસી આવી હતી.

શયનખંડમાં પ્રવેશતાંની સાથે જ એણે બાપદીકરાને ઘસઘસાટ ઊંઘતા જોયા. પંખાની હવાથી અનન્યના પગ પાસે પડેલી પેલી ચિઠ્ઠી હાલંડોલં કરી રહી હતી.

તેજિનીએ ચિઠ્ઠી ઉપાડી લીધી. પહેલાં તો એને લાગ્યું કે ડૉક્ટરનું પ્રિસ્ક્રિપ્શન હશે, પણ અનન્યના અક્ષર જોઈ એની ઉત્સુકતા વધી ગઈ. અનન્યે સોનાના બે કંગન વેચવા આપીને પપ્પાના સેવાયજ્ઞમાં પોતાને મદદરૂપ થવા તેજિનીને વિનંતી કરી હતી.

અત્યાર સુધી અનન્યની અંધ પિતૃભક્તિ જોઈને તેજિનીને એના પર રોષ આવતો હતો. આજે પહેલી વાર એક સંતાનની સાચુકલી પિતૃભક્તિએ એને હચમચાવી મૂકી. આ ઘોર કળિયુગમાં માબાપ સંતાનો પ્રત્યેની ફરજમાં ઊણાં ઊતરી રહ્યાં છે અને સંતાનો માબાપને ઘરડાંઘરનું પ્રાણી માનવાની હદ સુધી ફરજભ્રષ્ટ બનવા લાગ્યાં છે ત્યારે આ અફાટ રણમાં અનન્ય જેવો લાગણીભીનો પુત્ર કોઈક ભાગ્યશાળી માબાપને જ મળે. આવા ખ્યાલે તેજિનીના હૈયાને દ્રવિત કરી નાખ્યું અને ફિરસ્તા જેવા લાગતા પતિને મદદરૂપ થવાનો તેજિનીએ સંકલ્પ કર્યો. એને લાગ્યું કે સહરાના રણ જેવા આ યુગમાં લાગણી નીતરતું હૈયું એ માનવને પરમાત્માનો પુરસ્કાર છે.

કાંઈ પણ વિચાર્યા સિવાય એણે તિજોરીમાંથી દાગીનાનું બોક્સ કાઢ્યું અને એકલા કંગનને બદલે આખું બોક્સ લઈને એ પોતાના બીમાર સસરાના શયનકક્ષમાં પહોંચી જવા માટે ઉપરના માળેથી નીચેના ખંડમાં આવી રહી હતી ત્યાં એને અનન્યની કાળજું વીંધી નાખે તેવી ચીસ સંભળાઈ. તેજિની હાંફળીફાંફળી દોડી ગઈ.

પરલોકે સિધાવેલા પપ્પાજીના નિર્જીવ દેહને ભેટીને અનન્ય કરુણ કલ્પાંત કરી રહ્યો હતો. તેજિનીથી પણ ચીસ પડાઈ ગઈ. એ અનન્યને ભેટીને માથું કૂટવા લાગી અને હાથમાંથી નીચે પડી ગયેલા અધખુલ્લા દાગીનાના બોક્સમાંથી સોનાનાં બે કંગન ગબડતાં ગબડતાં અનન્યના પગ પાસે જઈને અટક્યાં.

*૧૬, હેવન પાર્ક, રામદેવનગર પાસે,*
*સેટેલાઈટ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૧૫.*
*મો. ૯૮૨૪૦ ૧૫૩૮૬*

॥ ક્ષમા વીરસ્ય ભૂષણમ્ ॥
**રાયચંદ કાનજી ધુલ્લા પરિવાર - સુથરી**
"ધુલ્લા વિલા", બંગલા નં.-૨૦, ડ્રીમલેન્ડ સોસાયટી, જયશાસ્ત્રી નગર, એન.આર. હાઈલેન્ડ પાર્ક, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૨.
ફોન : ૨૫૯૨૪૪૪૬, ૨૫૬૨૪૫૪૪, ૨૫૯૧૪૫૪૪, ૬૬૩૪૩૫૭૭

# ઝંખના

● ફાલ્ગુની પરીખ ●

જિંદગી...! જિંદગીમાં બધાં સુખ આપણને મળતાં નથી. ઘણા સપનાઓ, ઘણી ઝંખનાઓ સમયના ચક્રે અધૂરી રહી જાય છે.

સ્વરા જ્યારથી સમજતી થઈ ત્યારથી જોયું કે... એના પપ્પા હયાત નહોતા. તેની મમ્મીના મિત્ર શશાંક શાહ રોજ એમના ઘરે આવતા... સ્વરાને રમાડતા. દરરોજનું એમનું આ ઘરમાં આવવું એ અડોશી-પડોશીમાં નિંદાનું કારણ બની ગયું. એ નિંદાનું ઝેર... સ્વરાના કાનમાં... તર્જનીની જાણ બહાર રેડાવા લાગ્યું. તેના કુમળા માનસ પર એ એટલી હદે ફેલાઈ ગયું... તેની મમ્મીને તોછડાઈથી જવાબો આપતી. શશાંકનું અપમાન કરતી.

તર્જનીથી આ સહન થતું નહોતું. એ શશાંકને ઘણી વખત સચ્ચાઈ જણાવી દેવા કહેતી... શશાંક બોલી ઊઠતો...હજુ એ નાની છે, મોટી થશે તો જાતે જ સમજી જશે! તર્જની...તું ચિંતા ના કર.

સમય વહેતો ગયો... સ્વરા કૉલેજમાં આવી ગઈ...તેની નફરત ઓછી ના થઈ. એક જ ઘરમાં...એક જ છત નીચે...તેઓ અજનબીની માફક રહેતાં હતાં.

આ નફરતને કારણે...કૉલેજ પત્યા પછી... 'મયંક' સાથે... તર્જનીને જણાવ્યા વગર...સ્વરાએ ... 'સિવિલ મેરેજ' કરી લીધાં. તેના આ નિર્ણયથી તર્જનીને ખૂબ આઘાત લાગ્યો. આ દુઃખ તેની અંદર ઘૂંટાતું ગયું...!! આ દર્દ તેને કાયમ માટે મૃત્યુની ગોદમાં સુવાડી ગયું... તેનું અસ્તિત્વ... સમેટાઇ ગયું!

તર્જનીના મૃત્યુથી સ્વરાને કોઈ ફેર ના પડ્યો. બધી વિધિ મયંક અને શશાંકે કરી. વિધિ સમાપ્ત થયા બાદ... શશાંક હાથમાં...એક ડાયરી લઈને આવ્યા...ડાયરી...સ્વરાને આપતાં બોલ્યા...સ્વરા બેટા...! આ તારી મમ્મીની આખરી નિશાની છે! ક્યારેક સમય કાઢી વાંચી જજે...મારી આટલી વિનંતી છે!!

સ્વરાએ ઘરે આવી એ ડાયરીને ઘૃણાથી ખૂણામાં ફેંકી દીધી. 'મયંકે' એને ઊંચકતાં કહ્યું...સ્વરા... "કોઈને એટલી પણ નફરત ના કરીએ...કે જયારે...સચ્ચાઈની ખબર પડે તો...આપણે એમની માફી માંગવાને લાયક ના રહીએ...!!

ન જાણે કેમ એ ડાયરીના ફરફરતાં પાનાં સ્વરાને કંઈક કહી રહ્યાં હોય એમ લાગતાં... એણે એ વાંચવી શરૂ કરી. જેમ-જેમ એનાં પાનાં વંચાતાં ગયાં...સ્વરાની આંખેથી નફરતના પડદા હટતા ગયા! આંખમાંથી અશ્રુધારા વહેવા લાગી.

તર્જનીના જીવનની એ સચ્ચાઈ હતી... જેનાથી સ્વરા અજાણ હતી. સ્વરાના અસ્તિત્વની સચ્ચાઈ હતી.

તર્જનીને...સમાજે...સગાઓએ...એ ગુનાની સજા આપી હતી... જે એણે કર્યો નહોતો. વિવાહ પછી...મિત્રોએ પાર્ટી માંગતાં... પાર્ટી... એણે અને તેના ફિયાન્સે આપી. એ પાર્ટીની રાતે... મિત્રવર્તુળમાંથી...કોઈએ...બદલો લેવા...તર્જની પર 'બળાત્કાર' કર્યો. એ નરાધમના એક પળના ઉન્માદી આવેશે તર્જનીની અસ્મિતા લૂંટાઈ ગઈ. એ ઘટના પછી...વિવાહ તૂટી ગયા. આ આઘાતમાં તેના ફાધરનુ મૃત્યું થઈ ગયું. તર્જની અને મમ્મી એકલાં પડી ગયાં. આ દુઃખ ઓછું હતું કે...ખબર પડી...તેણે માતૃત્વ ધારણ કર્યું છે. શશાંકે ખૂબ સમજાવી...આ ગર્ભનો નિકાલ કરાવી દે. પણ તે મક્કમ રહી અને સ્વરાને જન્મ આપ્યો. શશાંકે એ બાળકીને પોતાનું નામ આપ્યું જેથી સમાજ તેને નાજાયઝ ના કહે!!

આ સચ્ચાઈ વાંચી...સ્વરા રડી પડી. જે દેવતા જેવા માણસે એને આ સમાજની નજરમાં એક સ્થાન આપ્યું...તેમની સાથે...એણે ખૂબ ખરાબ વર્તન કર્યું. તેનાં આંસુ રોકાતાં ન હતાં.

બીજે દિવસે... મયંકને સાથે લઈ... શશાંકને ઘરે પહોંચી. તેમના ચરણોમાં રડી પડી... પોતાની ભૂલની માફી માંગી. શશાંકે એને ગળે લગાડતાં કહ્યું, સ્વરાબેટા...! મને ખાતરી હતી... જે દિવસે તને સચ્ચાઈની ખબર પડશે, તારી નફરત ખતમ થઈ જશે. આ વાત તર્જનીને સમજાવી હતી. બેટા આ તે પહેલા કર્યું હોત તો આજે 'તર્જની' તસવીર રૂપે આપણી વચ્ચે ના રહી જાત!!

સ્વરાએ માફી માંગી...શશાંકને ફાધરનો દરજ્જો આપ્યો. આખી જિંદગી એને એક વાતનો અફસોસ રહી ગયો... તે એક સ્ત્રી થઈને પણ તેની મમ્મીની પીડા, દુઃખને સમજી શકી નહીં.

તર્જનીની એ અડગતા, ખુમારી, વિકટ પરિસ્થિતિમાં દીકરીને જન્મ આપવો... તે માટે કેટલી યાતનાઓ વેઠી. સ્વરાના જન્મ પાછળ... સમાજનો એ કાયર પુરુષ જવાબદાર હતો. છતાં...એ પોતાના નિર્ણયમાં મક્કમ રહી...અને સ્વરાને જન્મ આપ્યો.!! એક સ્ત્રી તરીકે...એ સ્ત્રીને જન્મ આપ્યો...જેનું અસ્તિત્વ જ સમાજમાં બોજ મનાય છે!

આજે સ્વરા...તેની મમ્મીની એ મહાનતા આગળ ખુદને લાચાર અનુભવે છે. એક 'ઝંખના' એને રહે કે...કાશ...! એક વખત એ તસવીર બોલે...!!!!!

તેની એ અભિલાષા મૂક શબ્દો બની દીવાલો સાથે અથડાઈ મૂંગી યાદ બની જાય છે....!!!! ■

# મેક ઓવર

• આશા વીરેન્દ્ર •

સંજના અને રંજના બંને બહેનો એટલી દેખાવડી કે, એ બંને જ્યાં ભણતી એ કૉલેજના યુવાનો આ બે બહેનોમાંથી એકની નજર એમની પર પડી જાય એ માટે એમના આવવાના સમયે રીતસર લાઈન લગાવીને ઊભા રહેતા. એમની કૉલેજની જ ક્યાં વાત! બીજી કૉલેજના ઈશ્કી ટટ્ટુઓ પણ એમનાં સૌંદર્યની એક ઝલક મેળવવા આ કૉલેજમાં આવી પહોંચતા. આટલા અપ્રતિમ સૌંદર્યની સ્વામિની હોવા છતાં તેઓ બંને જાણતી હતી કે, એમની મા રીમાના પ્રાકૃતિક લાવણ્ય આગળ એ બંને તો કંઈ હિસાબમાં જ નહોતી. આ વાતથી સભાન હોવાને કારણે બેઉએ મમ્મીને ઓર્ડર કરી દીધો હતો કે, તારે કોઈ દિવસ અમારી કૉલેજનાં પગથિયાં ન ચઢવાં. ઓચિંતી કોઈ સખી ઘરે આવી પહોંચે તો રીમાને જોઈ અભિભૂત થઈ જતી. પછી દિવસો સુધી એ રીમાની મુલાયમ ત્વચા, રેશમી વાળ અને પાણીદાર આંખોનાં વખાણ કરવામાંથી ઊંચી ન આવતી.

સગાંવહાલાં કે મિત્ર વર્તુળમાં સૌ કહેતાં, મમ્મી એમની મોટી બહેન જેવી લાગે છે એ ભલે થોડું ખૂંચતું, પણ આટલી સૌંદર્યવતી માની દીકરીઓ હોવાનું બંનેને ગૌરવ ચોક્કસ હતું. એટલે જ મમ્મી માટે છેલ્લામાં છેલ્લી ફેશનનાં વસ્ત્રો, સેન્ડલ-ચંપલ કે પર્સની ખરીદી સંજુ-રંજુ હોંશે હોંશે કરી આવતી. 'મમ્મી, આ મોરપીંછ રંગની સાડીમાં તો તું એટલી દીપી ઊઠે છે કે, એક વાર તને જુએ એ જોતું જ રહી જાય!'

'મમ્મી, આજે પાર્ટીમાં તું પેલો કુંદનનો સેટ પહેરજે, અસ્સલ અનારકલી જેવી લાગીશ.' પોતાના દેખાવ માટેની દીકરીઓની ઘેલછા જોઈને રીમાને હસવું આવતું. 'અરે ભાઈ, જેવી છું એવી સીધી-સાદી જ મને રહેવા દો. ને સજી-ધજીને તૈયાર થવાના દિવસો હવે તમારા છે, મારા નહીં, સમજી મારી ગાંડી દીકરીઓ!'

મબલખ કમાતો પતિ, તમામ સુખ સગવડ હોવા છતાં રીમાને સાદી, સરળ જીવનશૈલી પસંદ હતી. ધન હોય કે પછી રૂપ — પોતાનાં ઐશ્વર્યનો દેખાડો કરવો એને ગમતો નહીં. શો કેસમાં રાખેલી ઢીંગલીની જેમ બની ઠનીને, મોઢા પર લપેડા કરીને નીકળતા પર એને સૂગ હતી. એ કહેતી, 'મારે તો બસ, મારો ચોટલો કે પછી અંબોડો, આંખમાં કાજળ અને કપાળમાં લાલચટક ચાંદલો. આમાં મારા બધા શણગાર આવી ગયા.'

'મમ્મી, તારા દેખાવ આગળ પાણી ભરે એવી યુવતીઓ મિસ ફેમિના, મિસ ઇન્ડિયા અને મિસ વર્લ્ડ બની જતી હોય છે ને તને ભગવાને આપેલા સૌંદર્યની કોઈ કિંમત જ નથી!' સંજુ મોં ફુલાવીને કહેતી.

'કોણે કહ્યું કે મને કિંમત નથી? મને કિંમત પણ છે અને કદર પણ છે. દરેક સવારે પથારીમાંથી ઊઠતાંની સાથે મને જે કંઈ આપ્યું છે એ માટે પરમાત્માનો આભાર માનીને મારા દિવસની શરૂઆત કરું છું.'

'એમ ન ચાલે. પ્રભુએ આપેલી ભેટને અવનવા ગીફ્ટ રેપરમાં વીંટીને આકર્ષક રીતે રજૂ કરવી જોઈએ. તું આમ જૂના પીક્ચરોની હિરોઈનોની જેમ બ્લેક એન્ડ વ્હાઈટમાં ફરે એ સારું ન કહેવાય.' રંજુ પણ મા પર મીઠો ગુસ્સો કરતી.'

'બેટા, બાહ્ય સૌંદર્ય જ બધું નથી. એ તો આજે છે ને કાલે નહીં પણ હોય. આપણા અંતરમાં જ આપણે એવું તેજ પ્રગટાવવું જોઈએ જે કદી આપણો સાથ ન છોડે.'

દીકરીઓને સાચી સમજ આપવાના રીમાના બધા પ્રયત્નો વ્યર્થ જતા. યુવાન થતી જતી દીકરીઓને માની ગૂઢ વાતો જુનવાણી અને બોરિંગ લાગતી. એક રાત્રે પોતાના રૂમમાં બંને બહેનો સૂવાની તૈયારી કરતી હતી ત્યારે સંજુએ બહુ ઉદાસ અવાજમાં કહ્યું, 'રંજુ, તારું ધ્યાન ગયું? મને આજે માના કાળા ભમ્મર વાળની વચ્ચે બે સફેદ થવા માંડેલા વાળ દેખાયા.'

'ઓ માય ગોડ! તને મમ્મીના સફેદ વાળ દેખાયા અને મને આજે જ લાગ્યું કે, એના ગળા પર થોડી થોડી કરચલી પડવા મંડી છે અને આંખ નીચે કાળાં કૂંડાળાં પડતાં જાય છે. એ જોઈને મને એટલો આઘાત લાગ્યો કે વાત ન પૂછો!'

પછીના દિવસોમાં બન્ને બહેનોની સારામાં સારા બ્યુટીશિયન, બ્યુટીપાર્લર અને મોટા મોટા મોલની મુલાકાતો ચાલી. પોતાની ગહન ચિંતાના કારણના નિવારણરૂપે ઘરમાં જાતજાતનાં ક્રીમ-એન્ટી રીન્કલ ને એન્ટી એજિંગ, ફેર એન્ડ લવલી અને ગ્લોઈંગ ફેસ, ફેશિયલ્સ, મોઈશ્ચરાઈઝર, વાળ રંગવાના કલર એવી દુનિયાભરની બ્યુટી, પ્રોડક્ટના ઢગલા સંજુ અને રંજુએ કરવા માંડ્યા. રીમા તો આ બધું જોઈને હેબતાઈ જ ગઈ.

'તમે બંને તો હજુ બહુ નાના છો ને તમને એન્ટી ડાર્ક સર્કલ ને એન્ટી એજિંગ ક્રીમની જરૂર કેમ પડી? આ બધું કેમ લઈ આવ્યા?' બંને છોકરીઓ હસવા લાગી, 'મમ્મી, આ બધું અમારે માટે નહીં, તારા માટે છે. આ બધી ચીજો વાપરવાથી તું છે એના કરતાં દસ વર્ષ નાની દેખાઈશ. જોજે તો ખરી, અમે તારી કેવી કાયાપલટ કરીએ છીએ. અંગ્રેજીમાં એને મેક ઓવર કહેવાય, મેક ઓવર!'

'ના ભાઈ ના, મને આમાંથી કંઈ

(અનુસંધાન : જુઓ પાના નં.-૨૦ ઉપર)

# ભારતીય શ્રેષ્ઠ વાર્તા : માગુણિનું ગાડું

• ગોદાવરીશ મહાપાત્ર • અનુ. ડૉ. રેણુકા શ્રીરામ સોની •

ખલિકોટના બે લાખ લોકોમાં દરરોજ આવવા-જવાનું ચાલે છે. કેટલાક દુનિયા છોડી જાય છે, કેટલાક દુનિયામાં આવે છે. આની ખબર ઘર-પરિવાર કે અડોશ-પડોશના લોકોને પડે છે. પણ જે દિવસે માગુણિ આ દુનિયા છોડી ગયો તે દિવસે આ ખબર ખલિકોટમાં ગામેગામ ફેલાઈ ગઈ. જેણે સાંભળ્યું તે ક્ષણવાર માટે મૌન રહી દુઃખી સ્વરે બોલ્યું, ''માગુણિ ગયો! હાય! - બિચારો ગયો!'

માગુણિ કોણ? તે ખલિકોટનો રાજા ન હતો એ વાત ચોક્કસ છે. તે રાજ્યનો રાજા ન હતો, એ વાત બધા કહેશે. તે કાર્યકર્તા ન હતો, એ વાત પણ બધા જાણે છે. એણે કદી સત્યાગ્રહમાં ભાગ લીધો નથી કે રાજાને કર આપ્યો નથી. તેના ગળામાં કોઈએ હાર-તોરા કર્યા નથી કે તેને કદી કોઈના ગળામાં હાર પહેરાવવાની જરૂર પડી નથી. તેણે કદી જનમહેરામણમાં તાળીઓના ગડગડાટ વચ્ચે ભાષણ આપ્યું નથી. તેણે તો બસ એક જ કામ કર્યુ છે - પરસેવો પાડી જીવનસંગ્રામમાં લડાઈ કરી છે. એ લડાઈ દેશ માટે કે સમાજ માટે નહીં પણ પોતાના વેંત એકના પેટ માટે કરી છે. તો પણ માગુણિના મૃત્યુના ખબર સાંભળી બધાંએ કહ્યું : 'આહા! બિચારો મરી ગયો.'

ગઢમાં પૂછો તો બધાં કહેશે કે એ કોણ હતો. દૂર જંગલ છેડે આવેલા ગામડા ગામમાં પણ તેનો પરિચય મળી શકે. માગુણિ ખલિકોટનો કોઈ મોટો માણસ ન હતો - તે એક ગાડાવાળો હતો. બે બળદ અને એ પોતે ત્રણ જણ મળીને એક સંઘ બન્યો હતો. તે સંઘે બે લાખ લોકોનાં મનને સ્પર્શી લીધાં હતાં.

દરરોજ ખલિકોટના ગઢમાં સૂરજ ઊગે અને સૂરજ આથમે. મુશળધાર વરસાદ વરસતો હોય અને સૂરજ દેખાય નહિ ત્યારે લોકો માગુણિને જોઈને સમય કેટલો થયો તે જાણી લે. મહા મહિનાની ઠંડીમાં લોકો જ્યારે ઢબુરાઈને ઓટલા પર બેઠા હોય ત્યારે માગુણિ પોતાના આ બે જાણીતા મિત્રોને ગાડામાં જોડી પહાડની તળેટીએ ગીત ગાતો જતો હોય. લોકો કહેતા કે માગુણિ અમારી ઘડિયાળ છે. ચોમાસામાં વરસાદ વહેલો મોડો થઈ શકે, ઉનાળામાં તાપ ઓછો વધારે થઈ શકે, પણ માગુણિનું ગાડું એક પણ દિવસ બંધ રહે નહિ. તે કહેતો કે રાજાને ત્યાં બે મોટર છે, પણ રાજાની પાસે મારા જેવો ઈન્જિનિયર નથી. મારું ગાડું રાજાની મોટર કરતાં પણ ચડિયાતું છે. બાર વરસના તેના જોડીદાર કાળિયા અને કાબરા નામના બે બળદો પર તે હાથ ફેરવે કે જાણે એમને પાંખો ફૂટે! જ્યારે ગાડા પર બેસી એ ગીતની એક કડી ગાય : 'રામ અને લક્ષ્મણ ચાલ્યા હરણ મારવા,' ને તુર્ત તેની 'મોટર' ચાલે. તે વખતે શ્યામલ તરુવનમાં ગિરિકંદરામાં એના પડઘા પડે. અર્ધસુપ્ત કૂકડો તેને જવાબ આપે, ગામનાં રખડું કૂતરાં ચમકીને બેઠાં થઈ ભસવા લાગે. ધડધડ અવાજ કરતું ગાડું સ્ટેશન તરફ જતું હોય.

પચાસ વર્ષનો માગુણિ બાર વર્ષના સાથી બળદોને લઈ જ્યારે સવારી બેસાડી નીકળે ત્યારે સીત્તેર-એંસી વર્ષ વાર્તાની જેમ સરી જાય. પહેલાં તે પોતાની વાત કહે એનાં માબાપ જીવતાં ત્યારની વાત. તે સુખેથી ખાટલે પોઢતો હતો, તે ઘેર રહી બે ટંક પેટ ભરીને ખાતો હતો; કોઈ એક વ્યક્તિનાં મધુર વેણ સાંભળી બધું દુઃખ ભૂલી જતો હતો. તેનું એક સ્વપ્નરાજ્ય હતું. તે રાજ્યનો પોતે રાજા હતો. એની રાણીએ તેની જિંદગી સુખથી ભરી દીધી હતી. તેના અધરોમાં તે અમૃત પાન કરતો હતો. તેની નજરોથી તે જગતને જોતો હતો, તેના ઉચ્છ્વાસમાં તે સુવાસ માણતો હતો, અને તેના ચરણોમાં તેં ફૂલ ખીલતાં જોતો હતો. પણ તેનું એ સપનું લાંબો સમય ટક્યું નહિ. સ્વપ્નમયી હસતાં હસતાં આ સંસાર છોડી ચાલી ગઈ. એની નૈયા પેલે પાર વહી ગઈ. આ બાજુ માગુણિ બે બળદ જોડે દિવસમાં બેવાર ગામથી સ્ટેશન અને સ્ટેશનથી ગામ જતો અને જતાં જતાં તેને આવતા જન્મમાં મળવાનાં સ્વપ્ન જોતો હતો.

ગાડું ચલાવતી વખતે આ વાત તે બધાને સંભળાવીને રડાવતો, પોતે બે ટીપાં આંસુ પોતાનાં ફાટેલા ધોતિયાના છેડા વડે લૂછી બળદ પર હાથ ફેરવી બીજી વાતો શરૂ કરતો. લોકોની વાટ ખૂટી જાય, પણ તેની વાતો ખૂટી નહિ. તે કહેતો, 'મારા ગાડામાં કોણ નથી બેઠું? ખલિકોટના રાજા નહિ બેઠા હોય, પણ દીવાન કહો, મેનેજર કહો, વકીલ કહો, મહાજન કહો, અને મહાત્માના ભગત સુધ્ધાં મારા ગાડામાં બેઠા છે.' આ વાત કહેતાં તે એટલો બધો ખુશ થઈ જાય કે ક્યારેક બંને બળદ ઊભા રહી જાય તો પણ એમને એ હાંકે નહિ. જ્યારે ખ્યાલ આવે ત્યારે કહે ''જાનવર પણ વાત સાંભળવા ઊભા રહી જાય છે!''

માગુણિનું ગાડું અને બળદ એને ખલિકોટનો એક મોટો ઇતિહાસ નહિ પણ ઇતિહાસના કેટલાક પાના તો કહી શકાય. એ ઇતિહાસ કહે છે કે, આ ગાડું રાજ્યમાં બધાંને ઓળખે છે. કેટલીયે બાળવિધવાઓ આ ગાડામાં બેસી સાસરેથી પિયર પાછી ફરી છે. કેટલીયે સૌભાગ્યવતી કુળવધૂઓ પિયરથી સાસરે પણ ગઈ છે. વેરો ભરી ન શકવાથી જે દિવસે મંડળ ગામનો ગદા રાવળ જેલમાં ગયો, તે દિવસે તેના ઘરની ઘરવખરી આ ગાડામાં ભરાઈને રાજાના દરબારમાં જમા થઈ હતી. જે દિવસે બંધળિયા ગામનો મધુરથ નરહત્યાના અપરાધમાં પકડાયો તે દિવસે તે ગાડામાં

બેસીને ગયો હતો. આ ગાડામાં બેસીને વકીલ આવ્યા હતા.

અને રાજાની સમક્ષ વકીલાત કરી હતી. આ ગાડામાં રૈયતના નેતા હાથકડી પહેરી કચેરીમાં ગયા હતા. આ ગાડાએ સુખ જોયું છે - દુઃખ પણ જોયું છે. કેટલાયનાં આંસુથી આ ગાડાનું ગોદડું ભીનું થયું છે, અને કેટલાંયના ખડખડાટ હાસ્યથી આ ગાડું કંપ્યું છે.

આ બધી વાતો કરતાં કરતાં માગુણિ જ્યારે ગાડું ચલાવે ત્યારે લાગે કે માગુણિ એક જીવંત ઇતિહાસ છે. આવા પાંચ દસ ઈતિહાસ ભેગા કરો તો ઓરિસ્સાનો એક 'કોણાર્ક' બની જાય.

એક દિવસ માગુણિએ સાંભળ્યું, કે તેના ગાડામાં હવે લોકો બેસશે નહિ, કારણકે સિંહ સાહેબ એક મોટરબસ લાવવાના છે. આ વાત સાંભળતાં જ તે ખૂબ જોરથી હસ્યો. તેના હાસ્યથી જાણે આકાશ તૂટી પડ્યું! કહે, 'મોટરબસ? એ શું મારા કાળિયા-કાબરાને ટપી જશે? હું સારો ખોરાક ખવડાવી મારા એ દોસ્તો પર હાથ ફેરવીશ ત્યારે લોકો મારું ગાડું છોડી તે ગાડીમાં જશે?' આ સાંભળી બધાં હસ્યાં.

બે-ચાર દિવસ ગયા. જોતજોતામાં ગઢમાં મોટરબસ આવી પહોંચી. લોકો કહે : 'હવે માગુણિનો ધંધો ખલાસ! એકસાથે વીસ જણને લઈ કલાકના ચાલીસ માઈલની ઝડપે બસ દોડવાની. માગુણિ શું એને પહોંચી વળવાનો છે?'

વાત સાચી હતી. દૈત્યદાનવ જેવી મોટરબસને ગઢમાં આવેલી જોઈ માગુણિના મનમાં ધ્રાસકો પડ્યો. તે રડી શક્યો નહિ એ સાચું, પણ તે રડું રડું થતાં વિચારવા લાગ્યો - તે દિવસે કોદળા ગામની સભામાં ગયો હતો ત્યારે કોઈ કહેતું હતું કે મશીનની વસ્તુ કરતાં હાથની વસ્તુ વધારે સારી! તો આ મોટરના મશીન કરતાં મારું ગાડું સારું નહિ? કેટલા બધા લોકો સભામાં બેસીને આ સાંભળતા હતા, એ લોકો શું મારું દુઃખ નહિ સમજે? કાર્યકર્તાઓ નહિ સમજે તો હું ગાંધીજી પાસે જઈશ. તેઓ દુઃખીના સખા, ગરીબના બેલી છે. તેઓ શું એમ કહેશે કે માગુણિ મરી જાય, અને સિંહ જીવે?

સ્ટેશનથી ગઢ સુધી સિંહની બસ ચાલવા લાગી. માગુણિનું ગાડું પણ ચાલતું. પણ સિંહની બસ ભરેલી અને માગુણિનું ગાડું ખાલી. માગુણિએ ગાડામાં નવી ગાદી નાખી, પણ લોકો તો બસ તરફ જ દોડ્યા. ગમે તેટલા હાથ ઝાલી બોલાવ્યા, પણ લોકો તો બસ તરફ જ વળ્યા. એક દિવસ ગયો, બે દિવસ ગયા. પહેલાં તે બે ટંક ખાઈને આવતો, હવે એક ટંક ખાઈને આવવા લાગ્યો. પહેલાં તે ભાત ખાઈને આવતો, હવે ઓસામણ પીને આવવા લાગ્યો. ઝડપથી તે બે ટંક પરથી એક ટંક પર આવ્યો - હવે પહેલાંની જેમ ત્રણ ટંક ચૂલો સળગતો નહિ. કાળિયા-કાબરાના પડખાનાં હાડકાં પણ દેખાવા લાગ્યાં. એ બેઉને વળગીને તે જ્યારે રડતો ત્યારે કોઈ કહેતું, 'ગાંડો', કોઈ કહેતું 'પાગલ'.

તે પછી જે દિવસે માગુણિની ઝૂંપડી તોડી ગામ લોકોએ તેનું મડદું કાઢ્યું, ત્યારે જોયું તો ફાટેલી ગોદડીની નીચે બળદ હાંકવાની લાકડી મૂકી માગુણિએ આંખો મીંચી દીધી હતી.

સ્મશાનમાં અગ્નિ સળગ્યો, ચિતામાંથી ચડતો ધુમાડો પાર કરીને પંખીઓ આકાશમાં ઊડી ગયાં. પૃથ્વી પરના બે લાખ લોકોને જ્યારે સમાચાર મળ્યા ત્યારે બધા દુઃખી થઈને બોલ્યા - 'હાય! માગુણિ ગયો.'

***(શ્રેષ્ઠ ઉડિયા વાર્તાઓમાંથી સાભાર)***
***સૌજન્ય : "છાલક"***

## લઘુ કથા

# ખાલીપો

***– હરીશ ખત્રી***

પાણીના રેલાની જેમ લક્ઝરી બસ દોડતી હતી. સવાર આહ્લાદક હતી. સામેની બારી પાસે બેઠેલી યુવતીના ખોળામાં રમતી ચાર-પાંચ માસની બાળકીની લીલા નિહાળતી હું બેઠી હતી. પાણીદાર આંખો, ગોરો વાન, નાજુક હાથપગ ઉછાળતી ને બોખા મોંએ ખિલખિલ હસતી બાળકી મસ્તીમાં તરબોળ હતી. સ્વરૂપવાન, આધુનિક વસ્ત્રોથી સજ્જ યુવતી તેની આ લાડલીને રમાડવામાં ઓતપ્રોત હતી. તેની બાજુમાં બેઠેલી ત્રણ-ચાર વરસની છોકરી પણ વારંવાર ઊંચી થઈ થઈને તેની આ નાનકી બહેનને વહાલ કરતી હતી. પણ યુવતીની નજરમાં તેના પ્રત્યે કંઈક અણગમો વરતાતો હતો.

"મમ્મી, મને પણ તારા ખોળામાં બેસાડને." કહેતાં એ છોકરીએ ઊંચી થઈને યુવતીના ખોળામાં બેસવાનો પ્રયાસ કર્યો. પણ યુવતીએ તો ધક્કો મારીને તેને તરછોડી દીધી! છોકરીનું મોઢું વિલાઈ ગયું! એ જોઈને મારાથી ન રહેવાયું. મેં કહ્યું, "બહેન, તમારી આ દીકરીને પણ ઘડીક લોને!"

"હું એની મા નથી!" તે એકદમ તાડૂકી!

"તો કોણ છે?" મેં આશ્ચર્ય પામીને પૂછ્યું.

"મારાં વરની આગલી બૈરી!" કહેતાં તો તેનો રૂપાળો ચહેરો ધૃણાથી કદરૂપો થઈ ગયો! તેની આંખોમાંથી તિરસ્કાર વરસતો હતો. પણ માસૂમ છોકરી તો નિર્દોષ, મીઠડું સ્મિત વેરતી હતી. તેને જોઈને મને વાત્સલ્ય ઊભરાઈ આવ્યું! મારી સૂની ગોદનો ખાલીપો મારાં હૃદયમાં શૂળની જેમ ભોંકાયો!

***૩૦૩, પદ્માવતી ડુપ્લેક્સ,***
***સુંદરવન સોસાયટી, વાસણા,***
***અમદાવાદ-૩૮૦ ૦૦૭.***
***ફોન : ૯૯૦૪૧૫૭૯૩૯***

Prakash®

**PRAKASH METAL CRAFT PVT. LTD.**
E-56/57, Sarvoday Nagar, 1st Panjrapole Lane, Mumbai-4.
Tel. : 2242 7461 Telefax : 2242 6636
E-mail : prakashmetalcraft@rediffmail.com • Website : www.prakashmetalcraft.com
MFG. ST. STEEL UTENSILS

# આખરી પ્રશ્ન

• લે. હૉલ એક્સ • અનુ. યશવંત મહેતા •

***હૉલ એક્સ બહુ જાણીતા સાહિત્યકાર નથી; પરંતુ અપરાધકથાઓના વિશ્વશ્રેષ્ઠ ભાવક આલ્ફ્રેડ હિચકૉક દ્વારા સંપાદિત ઘણા સંગ્રહોમાં એમની કૃતિઓને સ્થાન મળ્યું છે. અહીં રજૂ થતી એમની નાનકડી વાર્તા એટલી બધી ચોટદાર છે કે આપણને 'નાનો પણ રાઈનો દાણો' વાળી કહેવત સાર્થક થતી લાગે.***

★

શહેરને છેવાડે આવેલા ઔદ્યોગિક વિસ્તારમાં રાતના નવ વાગ્યા પછી તો સ્મશાનવત્ શાંતિ છવાઈ જાય છે. આવનજાવન બંધ થઈ જાય છે. માત્ર કેટલાંક રાતપાળી ચાલતાં કારખાનાંઓના કામદારોની અવરજવર રહે છે.

જ્યૉર્જને આવા જ પોતાના કારખાનાની છેલ્લી પાળીમાં હિસાબી કામે જવાનું હતું. સ્ટેશન પાસેથી હોટેલમાં ચા પીને એ રાતના નીરવ પડછાયાઓને પાર કરતો ચાલી નીકળ્યો. આખરે કારખાનાના ઝાંપામાં થઈને એ મેઈન બિલ્ડિંગમાં પહોંચ્યો. એની ડ્યુટી ચોથે માળે હતી, એટલે હંમેશાં લિફ્ટમાં જતો. આજે એણે જોયું કે લિફ્ટ તૈયાર ખડી છે, પરંતુ અંદરના ઓપરેટરના સ્ટૂલ પર લાપરવાહીથી બેઠેલો જણ કાયમવાળો નહોતો. એટલે જ એણે પૂછ્યું પણ ખરું, "કયો માળ?"

લિફ્ટમેનનો ચહેરો જોતાં જ જ્યૉર્જ ચોંકી ગયો. કશીક ગરબડ હતી. છતાં એણે આછું હસીને કહ્યું, "ચોથો."

પેલાએ લિફ્ટની જાળી ધડાકાભેર બંધ કરી. ચાંપ દબાવી. લિફ્ટ ઊંચે ચડવા લાગી. ચોથે માળે લિફ્ટમેને જાળી ખોલી. એની આંખો મોટી લખોટા જેવી જણાતી હતી. એ અચાનક બોલ્યો, "ભાઈસાહેબ, એક સવાલ પૂછું?"

"પૂછો."

"તમે આઝાદીમાં માનો છો કે ગુલામીમાં?"

જ્યૉર્જને લાગ્યું કે ભાયડાએ વધારે પડતો દેશી પી રાખ્યો છે. નહિતર આવો હાસ્યાસ્પદ સવાલ...પરંતુ એણે હસવું ખાળી રાખ્યું. પીધેલા આદમીને કોણ જાણે ક્યારે શાનું માઠું લાગી જાય. અને પોતે અત્યારે એકલો હતો. પીધેલા ઝનૂની આગળ પોતાનું કાંઈ ન ચાલે...

"હું આઝાદીમાં માનું છું." જ્યૉર્જ જવાબ દઈ દીધો.

"સાચી વાત છે!" કહીને પેલાએ લિફ્ટની જાળી બંધ કરી અને એ સડસડાટ નીચે ઊતરી ગયો.

ઓફિસમાં જઈને જ્યૉર્જ વિચારવા લાગ્યો - જો મેં અત્યારે પેલાને ન ગમે એવો જવાબ દઈ વાળ્યો હોત તો? લગભગ કલાક પછી એણે પોતાની કેબિનના કાચમાંથી જોયું. લિફ્ટ ફરી વાર ઉપર આવી રહી હતી. કોણ હશે?

પણ લિફ્ટમાં એકલો લિફ્ટમેન જ હતો. જાળી ખુલ્લી જ રાખીને એ જ્યૉર્જ પાસે આવ્યો. "માફ કરજો. વળી તમને થોડીક તકલીફ આપવા આવ્યો છું."

"જુઓ, મારે આ પાળી પૂરી થાય ત્યાં સુધીમાં મારું કામ પૂરું કરવાનું છે." જ્યૉર્જ બોલ્યો. "મારાં કામ...."

"બસ, એક જ સવાલ." એણે કહ્યું.

જ્યૉર્જને ઘડીક લાગ્યું કે આ બલાને ધક્કો મારીને બહાર કાઢું, પણ પછી થયું કે દારૂડિયાને તો હસીને વિદાય કરવામાં જ મજા. એટલે શાંતિથી કહ્યું, "પૂછો, જે પૂછવું હોય તે."

"તમે સચ્ચાઈમાં માનો છો કે જૂઠમાં?"

"સચ્ચાઈમાં." જ્યૉર્જ તત્ક્ષણ જવાબ આપ્યો.

"એક મિનિટ...એક મિનિટ..."

"હાં, બોલો."

"શું ખરેખર તમને સચ્ચાઈમાં વિશ્વાસ છે?"

"જરૂર. હવે તમે પોતાને કામે જશો ને?"

જ્યૉર્જને લાગ્યું કે લિફ્ટમેનનું ધ્યાન એની વાતોમાં છે જ નહિ પણ જ્યૉર્જના જવાબથી એને સંતોષ થયો હોય એવું લાગ્યું. "તમારો જવાબ બરાબર છે," કહેતાં એ પાછો લિફ્ટમાં પેઠો અને ચાંપ દબાવીને સડસડાટ નીચે ઊતરી ગયો.

જ્યૉર્જે ઈન્ટરનલ ફોન ઉઠાવ્યો. ફેક્ટરી મૅનેજરને એ લિફ્ટમેન વિષે ફરિયાદ કરવા ચાહતો હતો. પણ તત્ક્ષણ એણે રિસીવર પાછું મૂકી દીધું. બિચારાનો વાંક એટલો જ છે ને કે વધારે પડતો પી લીધો છે? આજે કોણ નથી પીતું? અને જરાક વધારે પીવાઈ જાય તો બડબડાટી પણ કોણ નથી કરતું? નાહક બિચારા ગરીબ જણની નોકરી છૂટી જશે. ના, ના, ફરિયાદ નથી કરવી.

રાતના ત્રણ વાગ્યા. વાતાવરણમાં હજુ ખૂબ ગરમી હતી. જ્યૉર્જે લેખનકાર્ય પૂરું કર્યું. કાગળ-ફાઈલો-ચોપડા આઘાં ખસેડ્યાં. કૂલર પાસે જઈને પાણી પીધું. ચહેરા પર પાણી છાંટ્યું. એટલામાં કોઈકનો પગરવ સાંભળ્યો. કદાચ ચોકીદાર હશે. એણે દરવાજાના કાચમાંથી જોયું. આ તો લિફ્ટમૅન આવતો હતો. જ્યૉર્જ હાથમાં ગ્લાસ સહિત અટકી ગયો. લિફ્ટમૅન પણ અચકાયો. પાછો વળી ગયો.

જોકે થોડીક જ વાર પછી એ પાછો

આવ્યો. આ વેળા એના હાથમાં બંદૂક હતી. જ્યૉર્જ ભણી ઝીણી નજરે જોતો એ ખિલખિલ હસી પડ્યો.

"અરે, તું વળી પાછો આવ્યો?" જ્યૉર્જે પ્રશ્ન પૂછ્યો. તરત જ એ વિચારવા લાગ્યો : આ તે માણસ છે કે ભૂત! આંખો ગાંડા જેવી છે અને બંદૂક સાચી છે! ક્યાંક કશુંક વેતરી ન બેસે!

જ્યૉર્જને લાગ્યું કે આની બંદૂક કોઈક રીતે પડાવી લેવી જોઈએ. પણ ત્યારે જ લિફ્ટમેને એની છાતી સામે બંદૂકની નાળ ધરી દીધી. એણે કહેવા માંડ્યું, "મિસ્ટર, મારે એ જાણવું છે કે તમે પાગલ છો કે નહિ! તમારે મારા એક સવાલનો હજુ જવાબ આપવો પડશે. અને આ વખતે તો તમે જરૂર ફસાઈ જશો. હા, હા, હા...!"

જ્યૉર્જે આડીટેડી વાતો કરીને એનું ધ્યાન વાળવાની કોશિશ કરી. એ સમય પણ પસાર કરવા માગતો હતો, જેથી કદાચ ચોકીદાર આ બાજુ આવી જાય અને આ ગુંદરિયાથી પીછો છોડાવે.

"બસ, મારા એક સવાલનો જવાબ આપો. હા, બરાબર સાચો જવાબ આપવો પડશે, સમજ્યા? બસ, દસ સેકંડમાં જવાબ આપવાનો છે. બોલો, તમે પ્રેમમાં માનો છો કે વેરમાં?"

પ્રશ્ન સાદો હતો અને એનો ઉત્તર પણ સાદો હતો, પરંતુ આ ગાંડિયાને કયો જવાબ ગમશે, એની શી ખબર પડે? જ્યૉર્જ વિમાસણમાં પડ્યો. લિફ્ટમૅન ઘડિયાળમાં જોઈને સેકંડો ગણી રહ્યો હતો.

"પ્રેમમાં." જ્યૉર્જ કહ્યું.

લિફ્ટમેને એનો ચહેરો જોયો. એ હસી પડ્યો. "શાબાશ! તમે ખરેખર હોશિયાર છો. બાકી, આ વેળા તો મને લાગી જ ગયેલું કે તમે જવાબ આપવામાં ગફલત કરશો."

"ભાઈ, તમે પણ કાંઈ ઓછા હોશિયાર નથી. મારી એક વાત માનશો?"

"બોલો."

"તમારી આ બંદૂક મને આપી દો. તો તમારી આ ગેરશિસ્તની ફરિયાદ નહીં કરું."

"એમ કે? બંદૂક ન આપું તો?"

"તો પસ્તાશો. રાતની પાળીનો ચોકીદાર હમણાં જ અહીં રાઉંડમાં આવશે."

"તમે છેલ્લી પાળીના ચોકીદારની વાત કરો છો?" લિફ્ટમેન એની વિચિત્ર રીતે હસ્યો. "તમે ભીંત ભૂલો છો, બાપુ."

"શું? ભીંત ભૂલો છો એટલે?"

"એ મારી પરીક્ષામાં નપાસ થયો."

"કઈ પરીક્ષા?"

"તમે હમણાં જે પરીક્ષામાં પાસ થયા ને, એમાં એ પાસ થવા ન પામ્યો. હું એને મળીને જ આવું છું. તમારા જેવી અક્કલ નહોતી એનામાં! આ બંદૂક પણ એની જ છે."

"એટલે? તમે એ બિચારા વૃદ્ધજનને મારી નાખ્યો?" જ્યૉર્જે થથરી જતાં કહ્યું.

"બીજું શું કરું? સાવ બુદ્ધુ હતો એ તો!"

બરાબર એ જ વેળા જ્યૉર્જવાળા ટેબલ પર ફોનની ઘંટડી વાગી.

"હું આપું છું જવાબ," કહેતાં લિફ્ટમેન ટેબલ ભણી ધસ્યો. બંદૂકની નાળ એણે જ્યૉર્જ ભણી તાકી જ રાખી હતી. એણે રિસીવર ઉપાડ્યું.

"હેલો!"... અને થોડીકવાર હં... હાં... અચ્છા... ઉચ્ચારતાં એણે રિસીવર કાને ધરીને સંદેશો સાંભળ્યો. પછી રિસીવર પાછું મૂકતાં પૂછ્યું, "મિસ્ટર, તમારે નામે એક સંદેશ છે શું નામ તમારું?"

"જ્યૉર્જ...જ્યૉર્જ જેક"

"હં...મિસ્ટર જ્યૉર્જ! સંદેશો આમ હતો - તમને આગળ સૂચના ન મળે ત્યાં સુધી તમારી કૅબીનમાંથી બહાર ન જશો. એક પાગલ આદમી પાગલખાનેથી છૂટીને આ કારખાના તરફ આવ્યો છે. એ ભયંકર હત્યારો છે.

સંદેશો આપીને લિફ્ટમેને નાચતી આંખો જ્યૉર્જ તરફ માંડી. જ્યોર્જ થરથરથર કંપી રહ્યો હતો.

"મિસ્ટર જ્યૉર્જ! તમે શા વિચારમાં પડ્યા?"

"હું...હું...? વિચાર...? કાંઈ નહીં."

"તમે ગભરાઈ ગયા, યાર! આમાં ગભરાવવાનું શું છે? તમે તો હોશિયાર આદમી છો. જુઓ, હવે મારો આખરી પ્રશ્ન છે...

એકદમ છેલ્લો-"

જ્યૉર્જે બાઘા બનીને પ્રશ્ન પૂછનાર તરફ આંખો ફાડી.

પેલાએ પ્રશ્ન પૂછ્યો : "બોલો, હું ડાહ્યો છું કે ગાંડો? જવાબ માટે હું તમને દસ સેકંડનો વખત આપું છું!"

*સૌજન્ય : "છાલક"*

## મેક ઓવર

**(અનુ. પાના નં.-૧૬ ઉપરથી ચાલુ)**

ન જોઈએ, હું જેવી છું તેવી જ બરાબર છું ને તમારા બંનેની - જુવાન દીકરીઓની મા છું ને મા જેવી દેખાઉં એમાં તમને શું વાંધો છે?'

પણ બેમાંથી કોઈએ રીમાની વાત ન સાંભળી. એના લાંબા, સુવાળા વાળ પાર્લરમાં જઈને સ્ટાઈલમાં કપાવ્યા પછી વાળમાં કલર કર્યો. ક્રીમના થપેડા અને મેક-અપના થપેડા કર્યા. મમ્મી એમને માટે જાણે પ્રયોગો કરવાનું સાધન બની ગઈ. થોડા દિવસોમાં તો રીમા હતી એ કરતાં વધુ સુંદર, મારકણી અને યુવાન દેખાવા લાગી. બેઉ દીકરીઓ પોતાની મહેનતનું ઇચ્છિત ફળ જોઈને ખુશ થઈ ગઈ.

'મમ્મી, તને તો ખ્યાલ જ નથી કે તું પહેલાં કરતાં અનેકગણી સુંદર દેખાય છે!' રીમાએ ખિન્નતાથી અરીસામાં દેખાતા પોતાના પ્રતિબિંબ તરફ જોતાં કહ્યું, 'સાચે જ તમને મારામાં તમારી મમ્મી દેખાય છે? મને તો લાગે છે કે હું એક મા કે સ્ત્રી નહીં પણ ફેશનનું બજાર છું.' એટલું કહી એણે અરીસા તરફથી પોતાની નજર હટાવી લીધી.

*સૌજન્ય : "તમન્ના"*

ધર્મ

# ભગવાન મહાવીર : વિશ્વને તેમનું યોગદાન

• મગનલાલ સંઘવી •

*'મંગલ મંદિર'ના તંત્રીમંડળ તરફથી મહાવીર જયંતિ માસ (ચૈત્ર - એપ્રિલ) નિમિત્તે લખાણ આપવાનું કહેવામાં આવ્યું ત્યારે પહેલો પ્રતિભાવ એ જ હતો આ બાબત મારી લાયકાત કેટલી, જ્યારે અનેક વિદ્વાનોને અનુરોધ કરી શકાય છે? બાદમાં જાણવા મળ્યું કે સમયના અભાવે તેઓ લેખ નથી આપી શક્યા.*

*બાદમાં વિચાર્યું કે એ વિદ્વાનોના લખાણો તો મળે જ છે, એના આધારે પ્રયત્ન કરવો જોઈએ. ભલે સંપૂર્ણ સ્વતંત્ર લખાણ ન અપાય! અને મારા નાના પુસ્તક સંગ્રહમાંથી જૈન દર્શનના મહા વિદ્વાનો, પંડિત દલસુખભાઈ પાલવણિયા, પં. બેચરદાસ દોશી તથા ડૉ. ગુણવંત શાહના પુસ્તકો મળ્યાં અને આ ત્રણે મહાનુભાવો પાસેથી જરૂર કંઈક નવીન વિચારો જ મળશે એવી ખાતરી હતી.*

*આથી એ કહેવું જરૂરી છે કે હવે પછીના લખાણમાં મારો ફાળો ઓછો અને આ મહાનુભાવોનો ફાળો વિશેષ હશે. ભગવાન મહાવીરનો સંદેશ જૈનો પૂરતો નથી, પણ વૈશ્વિક છે. આપણે તેને વિશ્વના ફલક ઉપર પહોંચાડી શક્યા નથી એ આપણો દોષ છે.*

★

તેમણે (ભગવાન મહાવીરે) બાળપણથી જ માતા-પિતા - વડીલોને આઘાત લાગે એવી કોઈ પ્રવૃત્તિ ન કરવાનો નિર્ણય કરેલ.આથી માતા પિતાની હયાતીમાં દીક્ષા ન લીધી. એટલું જ નહિ, પણ વડીલ બંધુના આગ્રહથી બીજા બે વર્ષ સુધી સંસારમાં રહ્યા.

ભગવાન મહાવીરે સ્ત્રી - પુરુષ સમાનતાનો જે આદેશ આપ્યો છે એવો જગતના કોઈ ધર્મે, વૈદિક, ખ્રિસ્તી કે ઇસ્લામે આપ્યો નથી. તેમણે સાધુ, સાધ્વી, શ્રાવક - શ્રાવિકાને સમાજના ચાર પાયા ગણ્યા છે. એક પણ પાયો નાનો-મોટો નહીં. સ્પષ્ટ છે કે એક પણ પાયો નાનો હોય તો સમાજ સમતોલ રહી શકે નહીં.

તેમણે પ્રાચીનકાળથી ચાલી આવતી જન્મ આધારિત વર્ણ વ્યવસ્થાનો નિષેધ કર્યો. જન્મથી કોઈ ઊંચનીચ નહીં. તેમણે શૂદ્ર કહેવાતા નીચા વર્ણના લોકોને દીક્ષિત કર્યા અને પૂરા ધાર્મિક અધિકારો આપ્યા, જે તે વખતે નહોતા અપાતા. શુદ્ર વર્ગમાંથી આવતા મુનિઓને બ્રાહ્મણોના પણ ગુરુ થઈ શકે એટલી ઉચ્ચ કક્ષાએ પહોંચાડ્યા. સ્ત્રીઓને પણ સમાન અધિકાર આપ્યા.

તેમણે શરૂમાં તે વખતે પ્રચલિત પાર્શ્વનાથના સંપ્રદાયને સ્વીકાર્યો હતો. એ વખતે તેમાં ઉગ્ર અને માત્ર શારીરિક તપસ્યાઓ પ્રચલિત હતી. તેમણે માત્ર શરીરને કષ્ટ આપતી શક્તિ બહારની અમર્યાદ બાહ્ય તપશ્ચર્યાની જગ્યાએ આભ્યંતર તપનો મહિમા કર્યો. અહિંસા, સત્ય, અપરિગ્રહ સાથે ઉપવાસ, ધ્યાન ધારણા આદિ સાત્ત્વિક તપ દ્વારા આત્મશોધનનો ઉપદેશ આપ્યો.

તેમણે તે વખતે પ્રચલિત વૈદિક સંસ્કૃતના બદલે પોતાનો ઉપદેશ લોકો સમજી શકે એવી ભાષામાં આપ્યો તથા બધા વર્ણને જ્ઞાન મેળવવાનો અધિકાર આપ્યો.

તેમની કરણી અને ઉપદેશમાં કોઈ ભેદ નહોતો. જે જાતે કર્યું તેનો જ ઉપદેશ આપ્યો. પરિગ્રહમાં એક વસ્ત્ર સુધ્ધાં નહિ. વિહાર કોઈ સગવડકારી જગ્યાએ નહિ કરતાં અનાર્ય પ્રદેશોમાં કર્યો, અનેક કષ્ટો સહન કર્યા.

તેઓએ અહિંસાનું વ્યાપક અર્થઘટન કર્યું. "જે જીવન કોઈને આપી ન શકાય એ લેવાનો કોઈને અધિકાર ન હોય." આ રીતે મનુષ્ય કે પ્રાણીઓ જ નહિ પણ જીવમાત્રને જીવનનો અબાધિત અધિકાર મહાવીર સિવાય જગતના કોઈ ધર્મે નથી આપ્યો. ઉપરાંત હિંસાના વ્યાપક અર્થઘટનમાં માત્ર હત્યા જ નહિ પણ ઈર્ષા, દ્વેષ, વેરભાવ, વ્યવસાયમાં અનીતિ, અમર્યાદ પરિગ્રહ, સંકુચિત અને ઝનુની ધાર્મિકતા, નબળા વર્ગનું આર્થિક - શારીરિક શોષણ વગેરે પણ હિંસાની વ્યાખ્યામાં આવર્યા.

તેઓ પ્રખર પુરુષાર્થવાદી હતા. માનવી પોતાના સુખ-દુઃખ માટે કોઈ ઈશ્વર - દેવી - દેવતા - ઇંદ્ર વગેરેની કૃપા દૃષ્ટિનો મોહતાજ નથી. પોતાના કર્મ અને પુરુષાર્થ દ્વારા જ પોતાનું ભવિષ્ય ઘડે છે. માનવને દેવો કરતા પણ ઉચ્ચ સ્થાન આપ્યું.

તેમણે વૈદિક કે કોઈ અન્ય ધર્મની ટીકા - નિંદા કરી નથી. તે સમયે યજ્ઞોમાં પ્રચલિત પ્રાણી હિંસા તથા કર્મકાંડના નવા અર્થઘટનો વિદ્વાન બ્રાહ્મણોને સમજાવી, તેઓને જ ઈન્દ્રભૂતિ ગૌતમ સહિત પોતાના શિષ્યો બનાવ્યા. આમ, ભારતમાં યજ્ઞોમાં થતી પ્રાણીહિંસા સંપૂર્ણપણે બંધ થઈ.

અનેકાંત અથવા સ્યાદ્વાદ એ ભગવાન મહાવીરનું જગતને એક અપૂર્વ યોગદાન છે અને જૈનો કરતાં જૈનેતરોમાં અને વિશ્વના થોડાક ભાગમાં વધારે પ્રચલિત છે. સરળ ભાષામાં કહેવું હોય તો પૂર્ણ સત્યને પામવું બહુ મુશ્કેલ છે. એટલે 'હું કહું છું એ જ સાચું, બાકી બધા ખોટા' એમ કહેવાય નહીં. ખુલ્લું મન રાખી અન્યને પણ સાંભળવા - સમજવાનો પ્રયત્ન કરવાની ઉદારતા બતાવવી.

ભગવાન મહાવીર ઉપર પુસ્તકો અને લેખો લખાયા છે અને લખાતા રહેશે. હાલ, આટલેથી જ બસ કરીએ.

છેલ્લે એ પ્રશ્ન આવે કે આ બધા ઉપદેશનું જૈન સમાજમાં, જૈન સાધુ વર્ગમાં કેટલે અંશે પાલન થઈ રહ્યું છે? હાલ એની ચર્ચા ન કરતાં ભવિષ્ય ઉપર છોડીએ.

***ત્રિવેણી બંગલો,***
***એચ.પી. પેટ્રોલ પંપ પાસે,***
***જજીસ બંગલા ક્રોસ રોડ,***
***બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૧૫.***
***ફોન : (૦૭૯) ૨૬૮૭૧૯૨૫***

# પ્રાચીન જૈન તીર્થક્ષેત્ર : હસ્તિનાપુર

• ભરત 'કુમાર' પ્રા. ઠાકર •

કૌરવો-પાંડવોની રાજધાની અને મહાભારતની કાલજયી ઘટનાઓનું સાક્ષી એવું પ્રાચીન નગર 'હસ્તિનાપુર' આજે પણ મહાભારતકાલીન પુરાવશેષો સંગોપીને બેઠું છે. અહીંની પગદંડીઓ પ્રતિ પળ ઈતિહાસનાં ગૌરવવંતાં પાનાં ખોલવા આતુર છે. અતીતના અનુપમ વારસા સમાન હસ્તિનાપુર આજે પોતાની ઐતિહાસિક, ધાર્મિક, સાંસ્કૃતિક વિશેષતાઓના કારણે વર્તમાનની ધરોહર બન્યું છે. આ નગરનું ઐતિહાસિક મહત્ત્વ જેટલું છે તેનાથી અધિક ધાર્મિક પણ છે. ભારતીય સંસ્કૃતિની શ્રમણ શાખાના પ્રાણ જૈન ધર્મના વૈભવશાળી અને સ્વર્ણિમ ઈતિહાસને સાચવતું હસ્તિનાપુર પોતાની કીર્તિપતાકા દિગ્દિગંત ફરકાવી રહ્યું છે.

## • ત્રણ તીર્થંકરોની કલ્યાણક ભૂમિ :

પ્રાચીન જૈન ગ્રંથ 'આદિપુરાણ' માં આચાર્ય ગુણભદ્રજીએ હસ્તિનાપુરનો ઉલ્લેખ 'સ્વર્ગ સમાન સુંદર નગરી' તરીકે કરેલો છે. ઉત્તર પુરાણ અને હરિવંશ પુરાણ પણ તેની યશસ્વી ગાથા વર્ણવી રહ્યા છે. વૈદિક પરંપરા અનુસાર તેની સ્થાપના સુહાત્રના પુત્ર રાજા હસ્તિને કરી હતી, જેના નામ પરથી આ નગરનું નામ 'હસ્તિનાપુર' પડ્યું.

અન્ય એક મત મુજબ દુષ્યંત-શકુંતલાના પુત્ર ભરત ઉર્ફે સર્વદમને પોતાની નવી રાજધાની ગંગા તટે વસાવેલી, જે 'હસ્તિનાપુર' તરીકે ઓળખાઈ. ઈસવીસન પૂર્વે છઠ્ઠી શતાબ્દીના મહા-જનપદ યુગમાં તે કુરુ મહા-જનપદનું મુખ્યતમ નગર હતું અને તેની ગણના પ્રાચીન ભારતના સર્વાધિક વિકસિત તથા સમૃદ્ધ નગરોમાં કરવામાં આવતી હતી.

હસ્તિનાપુર પશ્ચિમી ઉત્તર પ્રદેશના મેરઠ જિલ્લાના મુખ્યમથક મેરઠથી ૩૫ અને દિલ્હીથી ૮૦ કિલોમીટરના અંતરે આવેલું છે. મેરઠના બસ મથકેથી દર અડધા કલાકે આ તીર્થક્ષેત્રે જવા બસ મળી રહે છે. દિગંબર શું કે શ્વેતાંબર, જૈન ધર્મના સર્વ અનુયાયીઓમાં તે એક પરમ પવિત્ર તીર્થ તરીકે ઉપાસ્ય રહ્યું છે. હસ્તિનાપુરનું કણ-કણ જૈન ધર્મની વિકાસયાત્રાનું પ્રતીક બન્યું છે. તો, તીર્થંકરોના દિવ્ય ઉપદેશોનું તે સ્મારક પણ છે.

જૈન ચોવીસીના ૧૫મા તીર્થંકર ધર્મનાથજીના નિર્વાણ પછી સંસારમાં ધર્મનો લોપ થતો ગયો ત્યારે ૧૬મા તીર્થંકર શાંતિનાથજીએ હસ્તિનાપુરમાં જન્મ લઈને સત્ય-અહિંસાનો સંદેશ ફેલાવ્યો અને ધર્મની પુનઃપ્રતિષ્ઠા કરી. ત્યારથી આજ લગી ધર્મધારા એ જ રીતે અખંડ વહી રહી છે. આ નગર ત્રણ તીર્થંકર શાંતિનાથ, કુંથુનાથ અને અરનાથનાં જન્મ, દીક્ષા અને જ્ઞાન કલ્યાણકોની પણ ભૂમિ બન્યું છે!

## • 'અક્ષય તૃતિયા'નો મેળો :

પ્રથમ તીર્થંકર ઋષભદેવને મુનિ બન્યા પછી પહેલીવાર આહાર હસ્તિનાપુરના રાજા શ્રેયાંસે આપ્યો હતો. તે શુભ દિવસ વૈશાખ સુદ ત્રીજનો હતો. ત્યારથી જૈન સંપ્રદાયમાં આ તિથિ 'અક્ષય તૃતીયા' કે 'અખાત્રીજ' તરીકે હર્ષોલ્લાસથી મનાવવામાં આવે છે. જૈન સાહિત્ય અનુસાર ત્રણ તીર્થંકરો મલ્લીનાથ, પાર્શ્વનાથ તથા મહાવીર પણ કૈવલ્ય જ્ઞાનપ્રાપ્તિ બાદ હસ્તિનાપુર આવ્યા હતા અને સમવસરણ (ધર્મસભા)માં દિવ્ય સ્વરે પ્રાણીમાત્રના કલ્યાણનો ઉપદેશ આપ્યો હતો.

ભારતભરના જૈન ધર્માવલંબીઓ માટે હસ્તિનાપુર અત્યંત મહત્ત્વપૂર્ણ તીર્થધામ ગણાય છે. આખું વર્ષ તે શ્રદ્ધાળુઓની આસ્થાનું કેન્દ્ર બની રહે છે. મેળાઓના પ્રસંગે તો અહીંની રોનક દર્શનીય હોય છે. દર વર્ષે અક્ષય તૃતીયા પર વિશાળ મેળાનું આયોજન થાય છે. તેમાં દેશવિદેશથી ભાવિકોની ભીડ જામે છે. શ્રદ્ધાળુઓ વર્ષભરનાં કઠોર વ્રતોનું સમાપન (વર્ષી તપનાં પારણાં) શેરડીનો રસ પીને કરે છે. આ અવસરે અહીં સાધુસંતોનું વિશેષ સાન્નિધ્ય પણ પ્રાપ્ત થાય છે.

મેળા પ્રસંગેની વિશાળ રથયાત્રામાં દૂર-દૂરના વિસ્તારોમાંથી લોકો ઊમટી પડે છે. મનોવાંછિત ઈચ્છાઓ પૂરી થવાની ચમક દરેક ભક્તના ચહેરા પર સાફ દેખાતી હોય છે. આવી જ સ્થિતિ મહા માસમાં આયોજિત તથા 'ઋષભદેવના નિર્વાણોત્સવ' ના મેળા વખતે પણ જોઈ શકાય છે. ભગવાને મોક્ષપ્રાપ્તિ કર્યાની સ્મૃતિમાં આસ્થાળુઓ સફેદ લાડુ ચડાવીને પોતાનું જીવન ધન્ય સમજે છે.

## • મંદિર પરિસરના દર્શન :

અહીંનું 'દિગંબર જૈન પ્રાચીન મોટું મંદિર' આ તીર્થક્ષેત્રનું ગૌરવ છે. આ મંદિરમાં પ્રાચીન ચમત્કારી મૂર્તિઓ બિરાજમાન છે. મંદિરના વિશાળ પ્રાંગણની બરાબર મધ્યમાં ૩૧ ફૂટ (૯ મીટર) ઊંચો 'માનસ્તંભ' છે. ત્રણ શિખરો ધરાવતા મુખ્ય મંદિરમાં ૫ ફૂટ ૧૧ ઇંચ ઊંચી ભગવાન શાંતિનાથની ખડગાસન પ્રતિમા સ્થાપિત છે, જે ૧૯૨૯ના ખોદકામ દરમ્યાન મળી આવી હતી. બાજુમાં જ કુંથુનાથ અને અરનાથની પણ મૂર્તિઓનાં દર્શન કરવા મળે છે, જે પણ અહીંની ભૂમિમાંથી પ્રાપ્ત થયેલી છે.

આ મંદિરમાં તીર્થંકરની ધર્મસભા (સમવસરણ) ની અદ્‌ભુત રચના સુશોભિત છે, જેમાં ધર્મસભાનું સજીવ ચિત્રણ કરવામાં આવ્યું છે. બાહુબલી મંદિર, પાંડુકશિલા,

જલમંદિર, નંદીશ્વર દ્વીપ, પાર્શ્વનાથ મંદિર વગેરે આ સંકુલનાં મુખ્ય આકર્ષણો છે. અહીં 'દિગંબર જૈન ઉત્તર પ્રાંતીય ગુરુકુળ' પણ આવેલું છે, જ્યાં આધ્યાત્મિક વાતાવરણમાં વિદ્યાર્થીઓને ધર્મશિક્ષણ અપાય છે. ઉપરાંત, 'દિગંબર જૈન ત્રિલોક શોધ સંસ્થાન' (કોસ્મોગ્રાફિક રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ) પણ કાર્યરત છે, જ્યાં ૨૧મી ડિસેમ્બર, ૨૦૦૮ ના 'વિશ્વશાંતિ અહિંસા સંમેલન' અને '૨૮૮૫ મો પાર્શ્વનાથ જન્મકલ્યાણક મહોત્સવ' યોજાયાં હતાં.

મોટા મંદિરથી પાંચ કિ.મી. દૂર ચાર પ્રાચીન જૈન વસાહતો બનેલી છે, જ્યાં ક્રમશઃ ચાર તીર્થંકરો શાંતિનાથ, કુંથુનાથ, અરનાથ અને મલ્લીનાથનાં ચરણચિહ્નો જોવાં મળે છે. નજીકમાં જ શ્વેતાંબર સંપ્રદાયનાં પણ ત્રણ અતિ સુંદર મંદિરો આવેલાં છે, જેમાં શાંતિનાથ મંદિર, આદિનાથ પારણા મંદિરની શોભા અનોખી છે. અહીં 'ભગવાન ઋષભદેવની નિર્વાણસ્થલી' દર્શનીય છે, જે કૈલાસ પર્વતની ૧૩૧ ફૂટ (૩૯ મીટર) ઊંચી મનોહારી પ્રતિકૃતિ રૂપે બનાવવામાં આવી છે. પ્રાકૃતિક સૌદર્યમંડિત કૈલાસ પર્વત પર ઋષભદેવની પ્રતિભા ઊભી મુદ્રામાં સ્થાપિત છે. પાસે જ 'અષ્ટાપદ પર્વત' ની રચના કરવામાં આવી છે.

● **અનેક ધર્મોની ધરોહર :**

કેટલાંક વર્ષો પહેલાં હસ્તિનાપુર નજીક સૈફપુરમાં ગુરુ ગોવિંદસિંહજી (૧૬૬૬-૧૭૦૮) ના 'પંજ પ્યારે' માંના એક ભાઈ ધર્મસિંહનું જન્મસ્થાન શોધી કાઢવામાં આવ્યું છે અને તે સાથે હસ્તિનાપુર શીખ સમુદાયનું પણ પવિત્ર તીર્થસ્થળ બની ગયું છે. અહીં બનેલા વિશાળ સરોવરમાં સ્નાન કરી શ્રદ્ધાળુઓ ગુરુદ્વારામાં માથું ટેકવીને કૃતાર્થ થાય છે.

આ પ્રાચીન નગરમાં 'પાંડેશ્વર મંદિર' પણ આવેલું છે. કહેવાય છે કે દ્રૌપદી ભગવાન શિવની ઉપાસના કરવા અહીં આવતી હતી. બૌદ્ધ સાહિત્યમાં પણ હસ્તિનાપુર સંબંધી વિવરણ પ્રાપ્ત થાય છે. આમ, આ ભૂમિ અનેક ધર્મો (હિંદુ, જૈન, શીખ, બૌદ્ધ) ની ધરોહર બની છે.

હસ્તિનાપુર ક્ષેત્રનું ધાર્મિક માહાત્મ્ય અને મહાભારતકાલીન અવશેષોના કારણે ઉત્તરપ્રદેશ સરકારના પ્રવાસન ખાતાએ ભારત સરકારના સહયોગથી 'મહાભારત સર્કિટ' નામે એક પર્યટન પેકેજનું નિર્માણ કર્યું છે, જેના કેન્દ્રમાં હસ્તિનાપુર છે. ભારતીય પુરાતત્ત્વ સર્વેક્ષણ (આર્કિયોલોજિકલ સર્વે ઑફ ઇન્ડિયા) વિભાગ સમયાંતરે અહીંનાં ખોદકામોમાંથી અવશેષો પ્રાપ્ત કરતો રહે છે. નિઃશંક હસ્તિનાપુર ધાર્મિક-ઐતિહાસિક-સાંસ્કૃતિક દૃષ્ટિએ અતિ મહત્વપૂર્ણ અને શ્રદ્ધાળુઓની આસ્થાનું કેન્દ્ર છે.

*'શિવમ્', ૪૦/બી, વૃંદાવન નગર,*
*વૈશાલી સિનેમા રોડ,*
*અંજાર, જિ. કચ્છ-૩૭૦ ૧૧૦.*
*ફોન : (૦૨૮૩૬) ૨૪૦૧૩૯*
*મો. ૦૯૪૨૭૨૨૨૩૧૫૦*
*Email : bharat.thaker71@yahoo.com*

SHREE JAIN MEDICAL & EDUCATIONAL TRUST SANCHALIT

# SARVAMANGAL AROGYADHAM

A COMPLETE NATURE CURE CENTER
AN INITIATIVE OF JAIN MEDICAL & EDUCATION TRUST

**આરોગ્યધામ નેચરોપેથી સેન્ટરની સુવિધાઓ**

પંચકર્મ, કેરાલા મસાજ, એક્યુપંક્ચર (સુજોક), રીફ્લેક્સોલોજી (એક્યુપ્રેશર), ક્રોમો થેરાપી, પિરામીડ ટ્રીટમેન્ટ, હાઈડ્રોથેરાપી, શિરોધારા, બસ્તી, પોટલી, મડ થેરાપી, યોગા, એરોબિક્સ, જીમ, જોગિંગ ટ્રેક, મેડિટેશન રૂમ, ઓન-કેમ્પસ ડૉક્ટર્સ, કેવિટેશન ટેકનોલોજી – વજન ઉતારવા માટેની ખાસ ટ્રીટમેન્ટ

આરોગ્યધામમાં રહેવા ઇચ્છનાર પેશન્ટ્સ માટે શાંત, કુદરતી વાતાવરણમાં દરેક જરૂરિયાતોથી સજ્જ સ્પેશિયલ રૂમ્સ અને ડૉક્ટરની સલાહ મુજબના ભોજનની વ્યવસ્થા છે. શહેરીજનો માટે ઓછા દરે યોગા, ફિટનેસ ટ્રેઇનિંગ અને જિમ્નેશિયમની સુવિધા પણ છે.

**દરેક ટ્રીટમેન્ટ સર્વમંગલ આરોગ્યધામના ચીફ મેડિકલ ઓફિસર ડો. મેરવીન લીઓના માર્ગદર્શન હેઠળ જ આપવામાં આવશે.**

**સર્વમંગલ આરોગ્યધામ**

લેઉઆ પટેલ હોસ્પિટલ પાસે, આઈ.ટી.આઈ. કૉલેજની સામે, મુંદ્રા રોડ, ભુજ, કચ્છ.

Phone : (02832) 231769, 231076 ● www.sarvamangal.co.in ● info@sarvamangal.co.in

# સાધુતા, એ સંતનો શણગાર છે

• પ્રા. સૂર્યકાંત ભટ્ટ •

સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાનના સાધર્મ્યપણાને પામેલા ધ્યાની સ્વામી શ્રી હરિસ્વરૂપદાસજીનાં શુભ નામથી આજે તો ભાગ્યે જ કોઈ જીવાત્મા અજાણ હશે. આ મહાન અને સત્ પુરુષનો જન્મ કચ્છમાં ભચાઉ તાલુકાના વિજયાસર ગામે તા. ૧૮-૧૨-૧૯૨૩, માગશર સુદ-૨ ને સોમવારે થયો. માતાનું નામ દિવાળીબહેન, પિતા મોતીલાલ નામે. આ ધાર્મિક લોહાણા પરિવારની અટક પોપટ. સ્વામિશ્રી પૂર્વાશ્રમમાં ચુનીલાલ નામે. નાનકડા આ ગામમાં રસકસનીએક નાની દુકાન પિતાશ્રી ધરાવતા. ભગવાન રામનો આ ભક્ત પરિવાર પૂર્વના મહા સત્કર્મો તથા યોગભ્રષ્ટ જીવાત્માના પ્રતાપે ૧૧મા વર્ષે ઘેરથી સદ્‌ગુરુની શોધમાં મૂળી પહોંચી અ.ગુ. બાલમુકુંદદાસજીનું ગુરુપદ સ્વીકાર્યું. મૂળી મધ્યે તત્કાલીન આચાર્ય મહારાજશ્રી પાસેથી ૨૦ વર્ષની વયે સંવત ૨૦૦૦, મહા વદ-૧૧ના રોજ સંત દીક્ષા પામ્યા.

તેઓશ્રી ગુરુવર્યને લઈને ભુજ પધાર્યા. ભુજમાં શ્રી સ્વામિનારાયણ મંદિરના મહંત સ્વામીશ્રી વલ્લભદાસજી પાસે રહીને ધ્યાનમાં પારંગત થયા. ગુરુ પરંપરામાં ધ્યાની સ્વામી, બ્રહ્માનંદજી સ્વામીની છઠ્ઠી પેઢીએ થાય. ૪૫ વર્ષ ભુજમાં તથા કચ્છની પટેલ ચોવીસી તથા વાગડ પ્રદેશ કહો કે કચ્છના શહેરો ગામડાઓમાં વિચરણ કરી સત્સંગ અભ્યુદયની તથા દીન-દુઃખીજનોની ખૂબ સેવા કરી. તા. ૨૦મે, ૧૯૦૬ના રોજ આચાર્ય મહારાજશ્રીના શુભાશિર્વાદથી અમદાવાદ સિધાવ્યા. મહારાજશ્રીના આધ્યાત્મિક આશીર્વાદથી જ ગાંધીનગર સેક્ટર-૨ માં નૂતન નવ્ય-ભવ્ય મંદિર નિર્માણ કર્યું. બાદમાં બાવળા, વાસણા, મોરબી, મોડપર, પેથાપુર તો ખરા જ — ઉપરાંત કણભા મધ્યે ગુજરાતી - અંગ્રેજી માધ્યમનું ગુરુકુળ તથા શ્રી હરિ તબીબી કેન્દ્ર સ્થાપ્યા. આ દરમિયાન સ્વામિશ્રીનું સંતમંડળ ખૂબ વિસ્તૃત થવા પામ્યું.

સૌરાષ્ટ્રમાં મોરબી, વંથલી, શહાપુર, પોરબંદરની પૂર હોનારત સમયે, કંડલામાં વાવાઝોડા સમયે, ભૂકંપ સમયે, કચ્છમાં ૧૯૭૨થી ૭૫ના સુકા દુષ્કાળ સમયે પીડિતોની સેવામાં સતત ખડેપગે રહ્યા. વિશ્વશાંતિ માટે સાળંગપુરમાં મારુતિ યજ્ઞ કર્યો.

ત્રિવિધ તાપથી તરફડતા જીવાત્માઓ સ્વામિશ્રી પાસે સ્વ વિટંબણાઓ કરગરીને, રડીને રજૂ કરે કે તરત જ સ્વામિશ્રીનાં હૃદયમાંથી ઉદ્‌ગારો સરી પડે : "હું ભગવાનને પ્રાર્થના કરીશ. ભગવાન સારું કરશે." ત્યારે ઘડીના છઠ્ઠા ભાગમાં જીવાત્માની તકલીફો દૂર થઈ જાય એ એમની જીવનસિદ્ધિ હતી.

ભાદરણના પાટીદાર ભગુભાઈએ એકવાર શ્રી હરિને પ્રશ્ન પૂછ્યો કે, 'મહારાજ જીવનું કલ્યાણ કેમ કરીને થાય? જ્યારે પૃથ્વી પર પ્રગટ ભગવાન વિચરતા હોય છે ત્યારે તો તેમના આશ્રયે કરીને જીવ પરમપદ પામે પરંતુ જ્યારે આ પૃથ્વી પર પ્રગટ ભગવાન ના હોય ત્યારે શું?' શ્રીજી મહારાજે કહ્યું કે, 'આ પૃથ્વી પર સાચા સંત તો અવશ્ય વિચરણ કરતા જ હોય છે. એવા સંતને યોગે કરીને જીવાત્માનું કલ્યાણ અવશ્ય થાય છે.'

સત્સંગી જીવન તથા વચનામૃતોમાં સાચા સંતના લક્ષણો નિર્લોભ, નિષ્કામ, નિસ્નેહ, નિઃર્માન અને નિઃસ્વાદ આ પંચ વર્તમાન લખ્યા છે. આવા સંતના દર્શન ભગવાનના દર્શન સમા છે.

નિષ્કુળાનંદ સ્વામીએ લખ્યું છે કે —

*સંત હું ને હું તે વળી સંત રે,*
*એમ શ્રીમુખે કહે ભગવંત રે.*
*સંત માનજો મારી મૂર્તિ રે,*
*એમાં ફેર નથી એક રતી રે.*

ગઢડા મધ્યના ૯મા વચનામૃતમાં સમજાવે છે કે રાજાના પહેરેદારો રાજાની કચેરીમાં કોઈ અપરિચિત કે કોઈ દુષ્કર્મીને પ્રવેશવા ન દેવા ખડેપગે ઊભા હોય છે તેમ સાચા સંત ખબરદાર થઈને વર્તે છે. પોતાના હૃદયમાં કામ, ક્રોધ, લોભ, મોહ, માન, મત્સર, દેહાભિમાન ન પેસી જાય તેથી સંપૂર્ણ સાવધાન થઈને વર્તે છે. પૂજ્ય ધ્યાની સ્વામિ જીવાત્માને જગદીશમાં જોડતા, પોતામાં નહીં. વિશેષ તો જીવાત્માઓના હૃદયમાં સુસંસ્કાર તથા સદ્‌ગુણો રોપતા.

શ્રી હરિ રચિત શિક્ષાપત્રીમાં શ્રી હરિ પ્રબોધિત સર્વ આજ્ઞાઓનું મૂર્તમાન સ્વરૂપ એટલે ધ્યાની સ્વામી. તપ, ત્યાગ, વૈરાગ્ય, ભક્તિ, ઉપાસના, ધ્યાન તેઓશ્રીના જીવનમાં સહજ વણાયેલા હતા. નિષ્કિંચતતા, નિઃસ્પૃહતા, નિષ્પરિગ્રહતા એમના જીવનની મહામૂલી મૂડી હતી.

આચાર્ય પ્રવર શ્રી વિહારીલાલ મહારાજે શ્રી હરિ લીલામૃતમાં વર્ણવ્યું છે કે —

*તે મુક્ત વળી જાણ સમર્થ કેવા,*
*બ્રહ્માંડ કોટી ઉપજાવી શકે એવા.*
*ઈચ્છા થકી અવતરે અવનિની માંય,*
*પૂજાય ત્યાંય ઈશ્વરતુલ્ય ત્યાંય.'*

જેમની સમક્ષ લક્ષાવધિ મનુષ્યો હાથ જોડીને ઊભા હોય, જેમના વચનો સત્ય ઠરતા હોય, જેના વચને લક્ષ્મીના ઢગલા થતા હોય, જેઓ વારંવાર ભગવાનનું કર્તાપણું રજૂ કરતા હોય એવા નિરાવરણ દેહયુક્ત, નિરાવરણ દૃષ્ટિએ યુક્ત સંતવર્ય દેશ વિદેશમાં ૧૫ લાખથી વધુ બુદ્ધિજીવી શિષ્યોના સદ્‌ગુરુ પૂજ્ય ધ્યાની સ્વામિશ્રીએ

(અનુસંધાન : જુઓ પાના નં.-૨૫ ઉપર)

# ક્ષિપ્રા નદીના કિનારે વસેલ મહાકાલેશ્વર

ભારતીય સંસ્કૃતિમાં તીર્થયાત્રાનું મહત્ત્વ અનેરું છે. ભારતભૂમિમાં કંકર એટલા શંકરમાં આસ્થાનું તત્ત્વ સમાયેલું છે. અયોધ્યા, મથુરા, કાશી, કાંચી અને ઉજ્જૈન નગરો તો અગરબત્તીની ધૂમ્રસેર જેવી રીતે ઊર્ધ્વગતિ ધારણ કરે છે તેવી જ રીતે આપણા જીવનનાં સત્ત્વો ઉર્ધ્વ બને તેવાં પાવન અને પ્રગતિ-ઉત્કર્ષ આપનારાં દિવ્ય નગરો છે. આવી જ એક અવંતિકા નગરીમાં ક્ષિપ્રા નદીનું પવિત્ર જળ વહે છે. તેનો રમ્ય કિનારો આનંદદાયક છે. આ જગ્યા રાજા હરિશ્ચંદ્રની મોક્ષભૂમિ, સાંદીપનિ ઋષિની તપોભૂમિ, ભગવાન શ્રીકૃષ્ણની શિક્ષાભૂમિ, ભર્તૃહરિની યોગભૂમિ અને મહાકવિ કાલિદાસની પ્રિય નગરી હતી. પવિત્ર સાત નગરીઓમાં અવંતિકાની મુખ્ય સ્થાને ગણતરી થાય છે. આ પાવન ધરામાં શિવજીનું પ્રાગટ્ય ભયંકર હુંકાર સાથે થયેલું છે તેથી તે મહાકાલ કહેવાયા છે. વેદપ્રિય નામના ભૂદેવને શંકરદાદાની કૃપાવંત દૃષ્ટિથી (૧) દેવપ્રિય, (૨) પ્રિયમેઘા, (૩) સુવ્રત, (૪) સુકૃતય સુપુત્રો પ્રાપ્ત થયા હતા. આ વેળાએ દૂષણ નામક દાનવ ધર્મના સંહાર માટે તત્પર થઈને આપત્તિઓ વરસાવતો. આ સંકટને દૂર કરવા આ ભાઈઓએ ષોડશોપચારથી શિવલિંગની પૂજા-અર્ચના કરી. બ્રહ્મા પાસેથી વરદાન પ્રાપ્ત થયું હોવાથી દૂષણને ડર ન હતો. સૈન્ય સાથે આવેલા દૂષણની સમક્ષ શિવલિંગના સ્થાને પ્રચંડ ખાડો થઈ ગયો અને આ ખાડામાંથી વિકટ રૂપધારી શંકર ભગવાન પ્રગટ થયા જે 'મહાકાલ' નામે પ્રસિદ્ધ છે. તેમણે દૂષણનો સંહાર કર્યો. આ ત્રીજું જ્યોતિર્લિંગ 'મહાકાલેશ્વર' નામથી ધરતી પર પ્રસિદ્ધ છે.

આ મંદિર ત્રણ ખંડોમાં બનેલું છે. નીચલા ખંડમાં મહાકાલેશ્વર, વચ્ચેના ખંડમાં ઓમકારેશ્વર તથા સર્વોચ્ચ ખંડમાં નાગચંદ્રેશ્વર શિવલિંગ સ્થાપિત છે. મંદિર પરિસરમાં વિશાળ કુંડ છે. કુંડના પૂર્વમાં વિશાળ ગેલેરી છે. ત્યાંથી મહાકાલેશ્વરના ગર્ભગૃહમાં પ્રવેશ કરી શકાય છે. આ ગેલેરીના ઉત્તરીય છેડે ભગવાન રામ અને અવંતિકા દેવીની આકર્ષક પ્રતિમાઓ છે.

મંદિર પરિસરમાં અનાદિ કલ્પેશ્વર, વૃદ્ધ મહાકાલેશ્વર આદિ મંદિરો અને ધર્મશાળાનું નિર્માણ કરાવ્યું હતું. મરાઠા સામ્રાજ્યમાં અનેક પ્રાચીન પરપંરાઓને જીવન મળ્યું. પૂજા અર્ચના, અભિષેક, આરતી, શ્રાવણ માસની સવારી, હરિહર મિલન વગેરેને નિયમિતતા મળી. આ પરંપરાઓ આજે પણ ઉત્સાહ અને શ્રદ્ધાપૂર્વક ચાલુ રાખી છે. મહાશિવરાત્રિ, સોમવતી અમાસ, પંચકોષી યાત્રા વગેરે અવસરોએ મંદિરની છબી દર્શનીય હોય છે. કુંભ મેળાના અવસરોએ મંદિરની ખાસ મરામત કરવામાં આવે. મહાકાલેશ્વર મંદિર પરિસરમાં અનેક શિવાલય, હનુમાનજી, ગણેશજી, રામદરબાર, સાક્ષીગોપાલ, નવગ્રહ, અગિયાર રૂદ્ર અને બૃહસ્પતિશ્વર વગેરેની પ્રતિમાઓ છે. શિખરના પ્રથમ માળે ઓમકારેશ્વર આવેલા છે. શિખરના ત્રીજા માળે ભગવાન શંકર-પાર્વતી નાગના આસન અને અનેક ફેણોની છાયામાં બેઠેલી સુંદર અને દુર્લભ્ય પ્રતિમા છે. આનાં દર્શન વર્ષમાં એકવાર શ્રાવણ સુદ પાંચમ – નાગપંચમીના દિવસે થાય છે.

ઉજ્જૈયનિ નગરીમાં સાંદીપનિ ઋષિનો આશ્રમ, ગોસાઈજીની બેઠક, જંતરમંતર વગેરે પતિતપાવન તીર્થોની સાથે નવગ્રહ મંદિર, મંગળનાથ, ભર્તૃહરિની ગુફા, હરસિદ્ધિની શક્તિપીઠ જેવા અનેક દેવી-દેવતાઓનાં દર્શનથી સૌ કોઈ પોતાની જાતને ધન્ય માનવા લાગે.

- **કઈ રીતે જવાય?**

ઉજ્જૈન ગુજરાતના પડોશી રાજ્ય મધ્યપ્રદેશમાં આવેલું છે. ઉજ્જૈન જવા માટે અમદાવાદથી સીધી રેલ સેવા મળી શકે છે. તેમજ અમદાવાદ-વડોદરા જેવાં શહેરોમાંથી મધ્યપ્રદેશ પરિવહનની સીધી બસ સેવા પણ મળી રહે છે.

*(કુંભ પર્વ નિમિત્તે)*

***સૌજન્ય : "તમન્ના"***

## સાધુતા, એ સંતનો શણગાર છે

**(અનુ. પાના નં.-૨૪ ઉપરથી ચાલુ)**

સ્વદેહલીલા તા. ૨૬-૧૨-૨૦૧૫ શનિવાર, માગશર વદ-૧ ના કણભા મધ્યે સંકેલી, અક્ષરધામ સિધાવ્યા.

આવા સમર્થ સંતને મૃત્યુ સ્પર્શી ના શકે. તેમના નાડી પ્રાણ તેમના હાથમાં હતા. આ તો અક્ષરધામના મહામુક્ત આજે પણ વિદ્યમાન છે. અનેક શિષ્યો, હરિભક્તોને સુખદ અનુભવો થતા જ રહ્યા છે. પોતાની હયાતીમાં જ સ્વ સંત શિષ્ય શાસ્ત્રી સ્વામિશ્રીને કણભા ગુરુકુળના મેનેજિંગ ટ્રસ્ટી નિમ્યા. બધી જ વ્યવસ્થા લખાવતા ગયા. પોતાની પાછળ કોઈ સ્મારક ન બનાવવા સ્પષ્ટ સૂચવ્યું. છેલ્લે સ્વ-દેહને મશીન પર રાખવાનું થશે એટલે કે વેન્ટીલેટર. તેમજ બન્યું.

કણભા મધ્યે પૂજ્ય ધ્યાની સ્વામિજીની ભાવાંજલિ સભામાં રાજકીય અગ્રણી રૂપાલા સાહેબે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી, ગુજરાતના મુખ્યપ્રધાન શ્રીમતી આનંદીબેન પટેલ, ભાજપ અગ્રણી શ્રી અમિતભાઈ શાહ તથા અનેક પ્રધાનોના શોક સંદેશા રજૂ કર્યા ત્યારે વિશાળ શ્રોતાવૃંદ ભાવવિભોર બન્યો હતો. વડતાલ દેરાના આચાર્ય મહારાજ શ્રી રાકેશ પ્રસાદજી મહારાજે દિવ્યાંજલિ અર્પણ કરી હતી.

*૬/એ, લીમડા લાઈન, સંસ્કાર નગર,*
*ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*
*મો. ૯૮૨૫૨૩૪૩૪૬*

## જમીન અને મકાન ક્ષેત્રે મંદીના સમયમાં

### ખૂબ જ આકર્ષક ઓફર

**આજે કરેલ રોકાણનું ૭ વર્ષમાં ડબલ કરતા પણ વધુ વળતર**

ભુજથી ખૂબ જ નજીકના વિસ્તારમાં

અને... ૨૪ કલાક ધમધમતા રસ્તા ઉપર

**રેડી પઝેશનથી આપવાના છે....**

**ફ્લેટ તથો બંગ્લોઝ**

**તાત્કાલિક દસ્તાવેજ**

| | | |
|---|---|---|
| ૧ બી.એચ.કે. ફ્લેટ (1 BHK) | ૬૪૫ ચો.ફૂટ | માત્ર રૂા. ૨૫,૦૦૦/-ના બુકિંગ એમાઉન્ટથી |
| ૧ બી.એચ.કે. બંગ્લોઝ (1 BHK) | ૧૦૦ ચો.વાર પ્લોટ વિસ્તાર ૬૫૦ ચો.ફૂટ બાંધકામ | માત્ર રૂા. ૫૦,૦૦૦/-ના બુકિંગ એમાઉન્ટથી |
| ૨ બી.એચ.કે. બંગ્લોઝ (2 BHK) | ૧૦૦ ચો.વાર પ્લોટ વિસ્તાર ૮૫૦ ચો.ફૂટ બાંધકામ | માત્ર રૂા. ૫૦,૦૦૦/-ના બુકિંગ એમાઉન્ટથી |

તરતમાં પઝેશન — તરતમાં દસ્તાવેજ

૭ વર્ષમાં રોકાણના ડબલ કરતા પણ વધુ વળતર સહિત

**આજે જ બુક કરાવો...**

સંપર્ક

**સર્વસ્વ રીયલ એસ્ટેટ એન્ડ મેનેજમેન્ટ**

**મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯**

# અધ્યાત્મ - પ્રસાદ
## (મહર્ષિ દયાનંદ વચનામૃત)

### યોગીઓનો મુખ્ય ઉદ્દેશ્ય

એક દિવસ ફરૂખાબાદમાં ગઢીના નવાબે મહર્ષિ દયાનંદને પૂછ્યું : 'શું કોઈ એવી વિદ્યા છે, જેના વડે દૂરનાં સ્થાનનું જ્ઞાન પણ થઈ શકે?'

સ્વામીજીએ ઉત્તરમાં કહ્યું : 'યોગીઓ એવી ગુપ્ત વાતો જાણવાનો પ્રયત્ન કરતાં નથી. તેમનો મુખ્ય ઉદ્દેશ્ય તો બધી વસ્તુઓમાં છુપાયેલ બ્રહ્મ-સત્તાને જાણવાનો છે.' (દયાનંદ-પ્રકાશ)

### કર્તવ્ય-કર્મ

લાલા જગન્નાથજીએ મહારાજશ્રીને પૂછ્યું : 'મહારાજ! મનુષ્યનું કર્તવ્ય-કર્મ શું છે?'

સ્વામીજીએ ઉત્તર આપ્યો : 'આદર્શ-પ્રાપ્તિને માટે કર્તવ્ય-કર્મ કરવામાં આવે છે. મનુષ્યની સામે આદર્શ "પરમાત્માની પ્રાપ્તિ" છે. તેથી તેનું કર્તવ્ય-કર્મ એ છે કે, જેવી રીતે દયાળુ ઈશ્વર સર્વ ઉપર દયા રાખે છે, તેવી રીતે તે પણ બધા ઉપર દયા રાખે. ઈશ્વર સત્ય સ્વરૂપ છે; મનુષ્ય પણ સત્યવાદી બને. એ રીતે ઈશ્વરના ગુણોને પોતાની અંદર ધારણ કરવાનો અભ્યાસ કરે અને અંતે પરમેશ્વરને પ્રાપ્ત કરે.' (દ.પ્ર.)

### કલ્યાણખારી કર્મ

કાશીમાં એક પીંજારો વિનયપૂર્વક રોજ સ્વામીજીની સત્સંગ-ગંગામાં સ્નાન કરી પોતાના અંતરંગને નિર્મળ બનાવ્યા કરતો હતો. સ્વામીજી મહારાજે તેના ઉપર અપાર દયા કરીને પવિત્ર 'ઓમ્'નો જાપ કરવાનું શીખવ્યું. એક દિવસ ભક્ત પીંજારાએ પ્રાર્થના કરી : 'મહારાજશ્રી! જાપ ઉપરાંત મારે બીજું શું કરવું જોઈએ, જેથી મારું કલ્યાણ થાય?'

મહારાજશ્રીએ ઉપદેશ કર્યો : 'સદાચાર-પૂર્વક જીવન વિતાવો. જેટલું રૂ તમે કોઈની પાસેથી લો, એટલું પીંજીને તેને પાછું આપો. આવો સદ્‌વ્યવહાર તમારા માટે એક ઉત્તમ કલ્યાણકારી કર્મ છે.'

### કર્મ-ફળ

**(૧)** બરેલીમાં ભક્ત સ્કૉટે પૂછ્યું : 'મહારાજ! કર્મ-ફળનો પતો કેવી રીતે લાગે?'

મહારાજશ્રીએ પૂછ્યું : 'આપ લંગડા કેમ છો?'

સ્કૉટે કહ્યું : 'ઈશ્વરેચ્છા.'

મહારાજશ્રી કહે : 'આને "ઈશ્વરેચ્છા" ન કહો; આ કર્મ-ફળ છે. સુખ-દુ:ખ ભોગવવાનું નામ કર્મ-ફળ છે. જે ભોગવવાનું અહીં કોઈ કારણ દેખાય નહિ, તેને પૂર્વજન્મનાં કર્મોનું પરિણામ કહે છે.' (દ.પ્ર.)

**(૨)** 'જીવ જેનું મનથી ધ્યાન ધરે છે, તેને વાણીથી ઉચ્ચારે છે; જેને વાણીથી ઉચ્ચારે છે, તેને કર્મ વડે કરે છે; જેને કર્મ વડે કરે છે, તેને મેળવે છે. આથી શું સિદ્ધ થયું? તે એ કે જે જીવ જેવું કર્મ કરે છે તે તેવું જ ફળ પ્રાપ્ત કરે છે. દુષ્ટ કર્મ કરનાર જીવો જ્યારે ઈશ્વરની ન્યાય-રૂપ વ્યવસ્થાને લીધે દુ:ખ-રૂપી ફળ પામે છે, ત્યારે રડે છે.' (સત્યાર્થ-પ્રકાશ)

### પ્રવૃત્તિ-નિવૃત્તિ

**(૧)** એક દિવસ એક સાધુએ કહ્યું : 'આવા ત્યાગી પરમહંસ અવધૂત થઈને આપ ખંડન-મંડન રૂપ પ્રવૃત્તિની જટીલ જાળમાં કેમ ફસાઓ છો? નિર્લેપ બનીને કેમ વિચરતા નથી?'

મહારાજ હસીને કહે : 'અમે તો બધું જ કરવા છતાં નિર્લેપ છીએ. હવે રહી પ્રવૃત્તિની વાત; તો શાસ્ત્રીય પ્રવૃત્તિ પ્રજા-પ્રેમથી પ્રેરિત થઈને બધાએ કરવી જોઈએ.'

સાધુએ કહ્યું : 'પ્રજા-પ્રેમનો નવો બખેડો ક્યાં વચ્ચે લાવો છો? જેને માટે શ્રુતિ પોકારી રહી છે તે આત્માને પ્રેમ કરો ને.' આ પ્રસંગે તેમણે મૈત્રેયી અને યાજ્ઞવલ્કયના સંવાદનાં વચનો પણ ઉચ્ચાર્યા. ત્યારે સ્વામીજીએ પૂછ્યું : 'મહાત્મન્! આપ કોને પ્રેમ કરો છો?'

સાધુ કહે : 'આત્માને.'

સ્વામીજીએ પૂછ્યું : 'એ પ્રેમમય આત્મા ક્યાં છે?'

સાધુ કહે : 'તે રાજાથી રંક પર્યંત અને હાથીથી ક્ષુદ્ર કીડા પર્યંત સર્વત્ર ઊંચ-નીચમાં પરિપૂર્ણ છે.'

સ્વામીજી બોલ્યા : 'જે આત્મા સર્વમાં રમી રહ્યો છે તેને શું ખરેખર આપ પ્રેમ કરો છો?'

પછી સ્વામીજીએ ગંભીરતાપૂર્વક કહ્યું : 'ના, આપ તે મહાન આત્માને પ્રેમ નથી કરતા; આપને પોતાની ભિક્ષાની ચિંતા છે; પોતાનાં વસ્ત્રોને ઉજ્જવળ બનાવવાનું લક્ષ્ય છે; પોતાના ભરણપોષણનો ખ્યાલ છે. આપે કદીયે પેલા બંધુઓનો વિચાર કર્યો છે, જે આપણાં દેશમાં લાખોની સંખ્યામાં ભૂખની ચિતા ઉપર પડ્યા પડ્યા રાત-દિવસ બારે માસ અંદરને અંદર બળીને રાખ થઈ રહ્યા છે? આપણા દેશમાં હજારો માણસો એવાં છે, જેમને આજીવન પેટ ભરીને ખાવા માટે અન્ન નથી મળતું, જેઓ પોતાનાં શરીર ઉપર ફાટ્યાં-તૂટ્યાં મેલાં ચીંથરાં લપેટે છે. લાખો નિર્ધન, દીન, ગ્રામજનો ઘેટાં અને ભેંસોની જેમ ગંદા કીચડ અને કચરાના ઢગલાઓથી ઘેરાઈને, તદ્દન જીર્ણ ઝૂંપડામાં પડ્યા રહીને, જીવતરના દિવસો ગુજારી રહ્યાં છે. એવાં તો કેટલાંય દીન-દુ:ખી ભારતવાસી

છે, જેમની સાર-સંભાળ કોઈ ભૂલમાંયે નથી લેતું. ઘણાં તો રાજમાર્ગ ઉપર પડ્યાં પડ્યાં પગ ઘસતાં અકાળે મરી જાય છે; પરંતુ તેમને વિષે પૃચ્છા કરનારું કોઈ નથી. મહાત્મન્! જો આત્માને અને વિરાટ આત્માને પ્રેમ કરવો હોય, તો પોતાનાં અંગોની જેમ આ બધાંને અપનાવવાં પડશે, પોતાની ક્ષુધા-નિવૃત્તિની માફક તેમની પણ ચિંતા કરવી પડશે. સાચો પરમાત્મપ્રેમી કોઈનીય ઘૃણા નથી કરતો. તે ઊંચ-નીચના ભેદભાવ ત્યજી દે છે. તે પોતાને માટે કરતો હોય એટલા જ પુરૂષાર્થથી બીજાનાં દુઃખ નિવારે છે, કષ્ટ-ક્લેશ કાપે છે. આવા જ્ઞાની માણસો જ વસ્તુતઃ આત્મપ્રેમી કહેવડાવવાના અધિકારી છે.'

**(૨)** સંવત ૧૯૨૫ના આશ્વિન માસની ૧૧-૧૫ તિથિઓ દરમિયાન કકોડામાં મેળો હતો. એક દિવસ સંસ્કૃતનો એક પંડિત ગોવિંદદાસ કાયસ્થ આઠ-દસ વિદ્યાર્થીઓ સાથે આવીને સ્વામીજીને મળ્યો. તે લોકોએ તેમના હાથ ગૌમુખીઓમાં નાંખી રાખ્યા હતા. તે બધાને 'હરિ ભજો, છોડી દો ધંધો' એવું શીખવતો હતો. મહારાજ નદીના રેતાળ કિનારા પર બેસીને ગોવિંદદાસને સમજાવવા લાગ્યા કે, 'આપ બધાં જ કર્મ છોડવાનો ઉપદેશ કેમ આપો છો? ભલા, સત્કર્મને કેવી રીતે છોડી શકાય? અને જો કોઈ આપના કહેવા પ્રમાણે ચાલે; તો શું તે આંખ, નાક, કાન, જીભ વગેરે અવયવોનો વ્યાપાર અને અન્ન-જળ પણ છોડી દેશે શું?'

**(૩)** વિક્રમ સંવત ૧૯૨૬માં મહારાજ પ્રયાગમાં હતા. એક દિવસ એક સાધુએ મહારાજ સાથે 'પ્રવૃત્તિ-નિવૃત્તિ માર્ગ' ઉપર શાસ્ત્રાર્થ કર્યો. શાસ્ત્રાર્થ પૂરો થયા પછી મહારાજે કહ્યુ : 'ક્રિયાત્મક જીવન જ શુભ-જીવન છે. સમસ્ત દૃશ્યમાન જગત્ પોતાની નિત્ય-ક્રિયામાં નિરંતર પ્રવૃત્ત છે. આપણાં દેહ પણ આ વિશાળ સૃષ્ટિનાં અંશ માત્ર છે. જ્યારે વિરાટ દેહમાં નિરંતર ગતિ છે, ક્રિયા છે અને પ્રવૃત્તિ છે; તો તેના એક અંશરૂપ એવા આપણામાં નિવૃત્તિ અને નિષ્ક્રિયતા હોવી સંભવ છે. આર્ય-ધર્મમાં વેદ-વિહિત કર્મો કરવાં તથા નિષિદ્ધ કર્મોને ત્યજવાં એ જ નિવૃત્તિનો માર્ગ છે. જે આ મર્મને મનમાં ધારણ કર્યા વિના નિવૃત્તિનાં ગાણાં ગાય છે, તેમને હજી વૈદિક ધર્મ સમજાયો જ નથી. જે લોકો સત્યોપદેશ, પ્રજા-પ્રેમ અને લોકહિતનાં કાર્યો છોડીને પોતાની જાતને પરમ નિષ્ક્રિય માને છે, તેમનાથી પણ ભરણ-પોષણનું કામ છૂટી શકતું નથી. મધુકરી માંગવા માટે તેઓ પણ બબ્બે કોસ સુધી જાય છે, અને એમ જ તીર્થોમાં ઘૂમતા ફરે છે. સાચું તો એ છે કે સત્ય અને લોકકલ્યાણને માટે પોતાનાં સુખ ત્યજવાં, પોતાનું જીવન સુદ્ધાં એમાં અર્પવું — એ જ સર્વોત્તમ ત્યાગ છે. પરોપકાર ન હોય તો મનુષ્યજીવન પશુજીવનથી વધારે ઊંચુ નથી. સેંકડો સાંપ્રદાયિક સાધુઓ આ મેળામાં આવ્યા છે. તેઓ ગૃહસ્થોના રોજ રંધાતા અન્નાદિ પદાર્થો ખાઈને જંગલમાં પડ્યા રહે છે. વિચારો તો ખરા કે એમનામાં અને પશુઓમાં ફેર શો છે? પશુઓ પણ આ રીતે ખેડૂતોનાં ખેતરો ઉજાડીને વનોમાં ઘૂસી જાય છે. આવા જીવનનો લાભ જ શો છે? એ તો પશુઓને પણ આસાનીથી મળે તેમ છે' (દ.પ્ર)

## અવિદ્યા

મહારાજે શેઠ નિર્ભયરામને કહ્યું : 'શેઠજી! ધર્મ, કર્મ અને આત્મા-પરમાત્માથી જુદી વસ્તુઓમાં આનંદ સમજવો તે અવિદ્યાનું એક લક્ષણ છે.' (દ.પ્ર)

## અવિદ્યાનું લક્ષણ

*'अनित्याशुचिदुःखानात्मसु नित्यशुचिसुखात्मख्यातिरविद्या ।'*

***— યોગદર્શન : ૨.૫***

આ યોગસૂત્રનું વચન છે. જે અનિત્ય સંસાર અને દેહાદિમાં નિત્ય બુદ્ધિ થવી, અર્થાત્ જે કાર્ય જગત દેખાય-સંભળાય છે, એ સદા રહેશે, સદાયથી છે અને યોગબળથી આ દેવોનાં શરીર સદા રહે છે, એ પ્રકારની વિપરીત-બુદ્ધિ હોવી તે અવિદ્યાનો પ્રથમ ભાગ છે; અશુચિ અર્થાત્ મળમય દેહ આદિમાં અને મિથ્યા-ભાષણ, ચોરી આદિ અપવિત્રમાં પવિત્ર-બુદ્ધિ એ બીજો ભાગ છે; અત્યંત વિષય સેવનરૂપ દુઃખમાં સુખ-બુદ્ધિ વગેરે ત્રીજો ભાગ છે; અનાત્મામાં આત્મ-બુદ્ધિ રાખવી તે અવિદ્યાનો ચોથો ભાગ છે. આ ચાર પ્રકારનું વિપરીત જ્ઞાન અવિદ્યા કહેવાય છે...જેનાથી વસ્તુનું તત્ત્વ સ્વરૂપ ન જણાય, એકમાં બીજાનો બોધ થાય, તેને અવિદ્યા કહે છે. (સ.પ્ર.)

## ધર્મ

પાદરી જેન્સની જિજ્ઞાસા હોવાથી મહારાજશ્રીએ કહ્યું : 'પરમાત્માએ રચેલા પદાર્થો સર્વને માટે એકસરખા છે. સૂર્ય અને ચંદ્રમા બધાને સમાન પ્રકાશ આપે છે. વાયુ અને જળ વગેરે વસ્તુઓ સર્વને એકસરખી આપવામાં આવી છે. જેમ આ પદાર્થો ઈશ્વરની બક્ષીસ છે, સર્વ પ્રાણીઓને માટે એકસરખા છે, તેવી જ રીતે પરમેશ્વર-પ્રદત્ત ધર્મ પણ મનુષ્ય-માત્રને માટે એક અને એકસમાન હોવો જોઈએ.

તે એક સાધારણ ધર્મને શોધવા માટે જો કોઈ જિજ્ઞાસુ બધા જ મતવાદીઓમાં ભટકતો રહે અને સંપ્રદાયોના અનુયાયીઓનાં કથનો ઉપર વિશ્વાસ રાખીને ધર્મને જાણવા ઇચ્છે, તો તેને સાચા ધર્મનું જ્ઞાન કદાપિ થઈ શકશે નહિ. હા, જો તે સર્વમાંથી સાર કાઢી લે, તો તેને પ્રતીતિ થશે કે થોડું ઘણું સત્ય સર્વ પંથોમાં પ્રાપ્ત થાય છે; જેમ કે સત્યનો સ્વીકાર સર્વ મતાનુસારીઓ કરે છે; બધા જ કહે છે કે પરોપકાર એ પુણ્ય-કર્મ છે; જીવ દયાનો ભાવ બહુ સારો છે; વિપત્તિ અને વ્યાધિથી પીડાતા મનુષ્યોને સહાય આપવી અને દાન-પુણ્ય કરવું તે શુભ કર્મ છે. સારાંશ એટલો જ કે સદાચાર અને ધર્મનાં જે અંગોમાં સર્વમતો એકમત છે, તે જ મત ઈશ્વરની બક્ષીસ છે, તે જ સાચો અને સનાતન છે; બાકીનું બધું તો પોતપોતાની ખેંચાખેંચ છે કે ઇસુ, મહંમદ અને કૃષ્ણ વિના મુક્તિ મળી શકે નહીં.' (દ.પ્ર.)

***સૌજન્ય : "અધ્યાત્મ-પ્રસાદ"***
***(મહર્ષિ દયાનંદ વચનામૃત)***

# સૃષ્ટિ ઉત્પત્તિ અને ધર્મ ઉત્પતિ

## મનુસ્મૃતિ ભૂમિકા

• નિસર્ગ આહીર •

### • મહર્ષિઓનું મનુની પાસે આગમન :

મહર્ષિઓ એકાગ્રતાપૂર્વક બેઠેલા મનુની પાસે જઈને અને તેમનો યથાયોગ્ય સત્કાર કરીને આ પ્રમાણે વચન બોલ્યા - (૧)

### • મહર્ષિઓનો મનુને વર્ણાશ્રમ ધર્મ અંગે પ્રશ્ન :

હે ભગવાન! આપ સર્વે વર્ણો = બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર અને સર્વે વર્ણોની અંદર ઉદ્‌ભવનાર આશ્રમો = બ્રહ્મચર્ય, ગૃહસ્થ, વાનપ્રસ્થ અને સંન્યાસના ધર્મ-કર્તવ્યોનું યથાયોગ્ય રૂપથી અને ક્રમાનુસાર અર્થાત્ વર્ણોને બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્રના ક્રમથી તથા આશ્રમોને બ્રહ્મચર્ય, ગૃહસ્થ, વાનપ્રસ્થ અન સંન્યાસના ક્રમથી અમોને બતાવવા સમર્થ છો. (૨)

કેમ કે આપ વેદજ્ઞ હોવાથી ધર્મોપદેશમાં સમર્થ એવા હે વિદ્વાન! આ સમસ્ત જગતનો, જેના ચિંતનથી પાર પામી શકાતો નથી અથવા જેમાં અસત્ય કંઈ પણ નથી, અને જેમાં અપરિમિત સત્ય વિદ્યાઓનું વર્ણન છે, તે સ્વયંભૂ પરમાત્મા દ્વારા રચિત વિધાનરૂપ વેદોનાં કાર્યો = કર્તવ્યરૂપ ધર્મો અથવા પ્રતિપાદ્ય વિષયોના યથાર્થરૂપ અથવા તેનાં રહસ્યોના અને વેદાર્થોના જાણકાર આપ એક જ છો. (અર્થાત્ આ સમયે ધર્મોના વિશેષજ્ઞ વિદ્વાન આપ જ દૃષ્ટિમાં આવો છો એટલે આપ તેના વિષે અમને કહો.) (૩)

### • મનુનો મહર્ષિઓને ઉત્તર :

આ પ્રમાણે મહર્ષિઓએ શ્રદ્ધા અને આદર-સત્કારપૂર્વક પૂછતાં તે અત્યધિક જ્ઞાનસંપન્ન મહર્ષિ મનુ સર્વ મહર્ષિઓનો યથાવિધિ સત્કાર કરીને 'તમારા પ્રશ્નનો ઉત્તર સાંભળો' એમ બોલ્યા. (૪)

### • વેદશબ્દોથી નામકરણ અને વિભાગ :

તે પરમાત્માએ સર્વે પદાર્થોનાં નામ જેમ કે ગાયનું નામ 'ગાય', અશ્વનું નામ 'અશ્વ' વગેરે છે અને જુદાં જુદાં કર્મ જેમ કે બ્રાહ્મણનું વેદાધ્યયન, યજ્ઞ કરવો/કરાવવો, ક્ષત્રિયનું રક્ષા કરવી, વૈશ્યનું ખેતી કરવી, ગૌરક્ષા, વેપાર વગેરે અથવા મનુષ્યો તથા અન્ય પ્રાણીઓનાં હિંસા-અહિંસા વગેરે કર્મ તથા જુદા જુદા વિભાગ જેવા કે પ્રાણીઓમાં મનુષ્ય, પશુ, પંખી વગેરે અથવા વ્યવસ્થાઓ જેમ કે ચાર વર્ણોની વ્યવસ્થા વગેરે સૃષ્ટિની શરૂઆતમાં વેદોના શબ્દોથી જ બનાવી અર્થાત્ મંત્રો દ્વારા આ જ્ઞાન આપ્યું. (૨૧)

### • વેદોનો આવિર્ભાવ :

તે પરમાત્માએ જગતમાં સર્વે ધર્મ, અર્થ, કામ, મોક્ષ વગેરે વ્યવહારોની સિદ્ધિ માટે અથવા જગતની સિદ્ધિ અર્થાત્ જગતનાં સર્વે રૂપોના જ્ઞાનને માટે અગ્નિ, વાયુ અને રવિથી અર્થાત્ તેમના માધ્યમથી ઋગ્ = જ્ઞાન, યજુઃ = કર્મ, સામ = ઉપાસના રૂપ ત્રિવિધ જ્ઞાનવાળા નિત્ય વેદોને દોહીને પ્રકટ કર્યા. (૨૩)

### • ચાર વર્ણોની વ્યવસ્થાનું નિર્માણ :

પછી તે પરમાત્માએ પ્રજા અર્થાત્ સમાજની વિશેષ વૃદ્ધિ = શાંતિ, સમૃદ્ધિ અને પ્રગતિ માટે મુખ, બાહુ (ભૂજા), જાંઘ અને પગના ગુણોની તુલના અનુસાર ક્રમવાર બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર એમ ચાર વર્ણને નિર્મિત કર્યા. એટલે કે ચાતુવર્ણ વ્યવસ્થાનું નિર્માણ કર્યું. (૩૧)

### • ચારે વર્ણોના કર્મોનું નિર્ધારણ :

આ સમસ્ત સંસારની ગુપ્તિ અર્થાત્ સુરક્ષા, વ્યવસ્થા અને સમૃદ્ધિને માટે મહાતેજસ્વી પરમાત્માએ મુખ, બાહુ, જાંઘ અને પગની તુલના અનુસાર અર્થાત્ બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર વર્ણોનાં જુદા જુદા કર્મ બનાવ્યા. (૮૭)

### • અનુશીલન :

'વર્ણ' શબ્દની વ્યુત્પત્તિ કર્મ આધારિત વર્ણ વ્યવસ્થાની સૂચક છે.

(૧) મનુએ વેદને આધારે વર્ણ વ્યવસ્થાનું વિધાન કર્યું છે. યજુર્વેદ ૩૧/૧૦-૧૧ માં જે વર્ણ વ્યવસ્થા વર્ણવી છે, તેને જ મનુએ પ્રસ્તુત કરી છે. આ વ્યવસ્થા જન્મના આધારે નહિ, કર્મના આધારે છે. સમાજના ચાર વર્ણોનું નિર્માણ મુખ, બાહુ, ઊરુ = જાંઘ અને પગની તુલના અનુસાર કરેલ છે અને તે મુજબનાં જ કર્મો નક્કી કરેલ છે. જે વ્યક્તિ આ કર્મોનું પાલન કરશે, તે તે વર્ણનો અધિકારી બનશે.

(૨) વર્ણ શબ્દની વ્યુત્પત્તિ નિરૂક્ત (૨/૧/૪) માં આપી છે - "વર્ણો વર્ણોતે" અર્થાત્ કર્માનુસાર જેનું વરણ કરવામાં આવે તે વર્ણ.

(૩) વર્ણોના નામની વ્યુત્પત્તિથી પણ વર્ણોના કર્મોનો બોધ થાય છે અને જે આ કર્મ કરે તે તે જે તે વર્ણોનો અધિકારી બને છે.

- **બ્રાહ્મણનાં કર્મ :**

બ્રાહ્મણનાં કર્મોમાં ભણવું અને ભણાવવું, યજ્ઞ કરવો અને કરાવવો, દાન લેવું અને દેવું એ છ કર્મ છે. (૮૮)

- **ક્ષત્રિયનાં કર્મ :**

ન્યાયથી પ્રજાની રક્ષા અર્થાત્ પક્ષપાત છોડીને શ્રેષ્ઠોનો સત્કાર અને દુષ્ટોનો તિરસ્કાર કરવો, સર્વ પ્રકારથી સર્વનું પાલન, વિદ્યા, ધર્મની પ્રવૃત્તિ અને સુપાત્રોની સેવામાં ધનાદિ પદાર્થોનો વ્યય કરવો, અગ્નિહોત્રાદિ કર્મ કરવા અથવા કરાવવા, વેદાદિ શાસ્ત્રો ભણવાં અન ભણાવવાં અને વિષયોમાં ન ફસાઈને જિતેન્દ્રિય રહી સદા શરીર અને આત્માથી બળવાન રહેવું. સંક્ષેપમાં આ ક્ષત્રિયના કર્મ છે. (૮૯)

- **વૈશ્યનાં કર્મ :**

ગાય આદિ પશુઓનું પાલન અને વર્ધન કરવું, વિદ્યા અને ધર્મની વૃદ્ધિ કરવા તથા કરાવવા માટે ધનાદિનો વ્યય કરવો, અગ્નિહોત્ર આદિ યજ્ઞોનું કરવું, વેદાદિ શાસ્ત્રોનું ભણવું, સર્વ પ્રકારનો વ્યાપાર કરવો, સેંકડે ચાર, છ, આઠ, બાર, સોળ કે વીસ આનાથી અધિક વ્યાજ અને મુદ્દલથી બમણાં અર્થાત્ એક રૂપિયો આપ્યો હોય તો સો વર્ષોમાં બે રૂપિયાથી વધુ ન લેવા કે ન આપવા અને ખેતી કરવી એ વૈશ્યના ગુણ અને કર્મ છે. (૯૦)

- **શૂદ્રનાં કર્મ :**

પરમેશ્વરે જે વિદ્યાહીન હોય, જેને ભણવા કે ભણાવવા છતાં વિદ્યા ન આવી શકે, શરીરથી પુષ્ટ, સેવામાં કુશળ હોય તેવા શૂદ્રોએ આ બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય ત્રણે વર્ણોની, નિંદાથી રહિત પ્રીતિપૂર્વક સેવા કરવી આ જ એક કર્મ કરવાની આજ્ઞા આપવામાં આવી છે. (૯૧)

## ધર્મોત્પત્તિ વિષયની ભૂમિકા

- **સદાચાર પરમધર્મ :**

વેદોમાં કહેવામાં આવેલ અને સ્મૃતિઓમાં પણ કહેવામાં આવેલ જે આચરણ છે, તે જ સર્વશ્રેષ્ઠ ધર્મ છે. આ માટે આત્મોન્નતિ ઈચ્છનાર દ્વિજે આ શ્રેષ્ઠાચરણમાં સદાય નિરંતર પ્રયત્નશીલ રહેવું જોઈએ. (૧૦૮)

- **આચારહીનને વૈદિક કર્મોની ફળપ્રાપ્તિ નહિ :**

જે ધર્માચરણથી રહિત છે તે વેદપ્રતિપાદિત ધર્મજન્ય સુખરૂપ ફળને પ્રાપ્ત કરી શકતો નથી અને જે વિદ્યા ભણીને ધર્માચરણ કરે છે તે જ સંપૂર્ણ સુખને પામે છે. (૧૦૯)

- **સદાચાર ધર્મનું મૂળ છે :**

આ પ્રકારે ધર્માચરણથી જ ધર્મની પ્રાપ્તિ અને અભિવૃદ્ધિ જોઈ મુનિઓએ સર્વ તપસ્યાઓના શ્રેષ્ઠ મૂળ આધાર તરીકે ધર્માચરણનો જ સ્વીકાર કરેલ છે. (૧૧૦)

## ધર્મોત્પત્તિ વિષય

- **વિદ્વાનો દ્વારા સેવિત ધર્મના વર્ણનનો પ્રારંભ :**

બીજા અધ્યાયના ૧ થી ૨૫ શ્લોક વિષયની દૃષ્ટિએ પહેલા અધ્યાય સાથે સંબંધિત હોવાથી તેનો સમાવેશ આ અધ્યાયમાં કરેલ છે.

જેનું સેવન રાગદ્વેષ રહિત વિદ્વાન લોકો નિત્ય કરે, જેને હૃદય અર્થાત્ આત્માથી સત્ય કર્તવ્ય જાણે, તે જ ધર્મ માનનીય અને કરણીય છે, તે વિશે હવે સાંભળો. (૨/૧)

- **સકામતા - અકામતા વિવેચન :**

કેમ કે આ સંસારમાં અત્યંત કામાત્મતા અને નિષ્કામનાં શ્રેષ્ઠ નથી. વેદાર્થજ્ઞાન અને વેદોક્ત કર્મ એ સર્વ કામનાથી જ સિદ્ધ થાય છે. (૨/૨)

જો કોઈ કહે છે કે હું નિરિચ્છ અને નિષ્કામ છું કે થઈ જાઉં, તો તે કદી પણ થઈ શકતો નથી કેમ કે સર્વ કામ અર્થાત્ યજ્ઞ સંકલ્પથી સંભવ થાય છે અને સત્યભાષણાદિ વ્રત, યમ, નિયમરૂપી ધર્મ આદિ સંકલ્પથી જ બને છે. નિશ્ચયથી પ્રત્યેક કામના સંકલ્પમૂલક હોય છે. અર્થાત્ સંકલ્પથી જ દરેક ઈચ્છા ઉત્પન્ન થાય છે. (૨/૩)

કેમ કે જે જે હસ્ત, પાદ, નેત્ર, મન આદિ ચલાવવામાં આવે છે. તે સર્વ કામનાથી જ ચાલે છે. જો ઈચ્છા ન હોત તો આ સંસારમાં કદી પણ આંખનું ઉઘાડવું અને મીંચવું પણ થઈ શકત નહિ. (૨/૪)

તે વેદોક્ત કર્મોમાં સારી રીતે જોડાયેલી વ્યક્તિ મોક્ષને પ્રાપ્ત કરે છે અને સંકલ્પ કરેલી સર્વ કામનાઓને સારી રીતે પ્રાપ્ત કરે છે. (૨/૫)

- **ધર્મનો મૂળ સ્ત્રોત અને આધાર :**

સંપૂર્ણ વેદ અર્થાત્ ચારે વેદ અને તે વેદોના પારંગત વિદ્વાનોએ રચેલ સ્મૃતિગ્રંથો અર્થાત્ વેદાનુકૂળ ધર્મશાસ્ત્રો અને શ્રેષ્ઠ ગુણોથી સંપન્ન સ્વભાવ અને શ્રેષ્ઠ સત્યાચરણ કરનાર પુરુષોનું 'સદાચરણ' અને એવા જ શ્રેષ્ઠ સદાચરણવાળી વ્યક્તિઓની પોતાના આત્માને સંતુષ્ટિ અને પ્રસન્નતા મળે અર્થાત્ જે કામ કરવામાં આત્મામાં ભય, શંકા, લજ્જા ઉત્પન્ન થાય પરંતુ સાત્વિક સંતુષ્ટિ અને પ્રસન્નતાનો અનુભવ થાય તેવાં કર્મો કે કાર્યો કરવા. આ ચાર ધર્મના મૂળસ્રોત = ઉત્પત્તિ સ્થાન અથવા આધાર છે. (૨/૬)

- **આત્માનુ કૂળ ધર્મનું ગ્રહણ :**

વિદ્વાન મનુષ્યો સંપૂર્ણ શાસ્ત્ર, વેદ, સત્પુરુષોનો આચાર

પોતાના આત્માની અવિરુદ્ધ સારી રીતે વિચાર કરીને જ્ઞાનરૂપી નેત્ર અને શ્રુતિ પ્રમાણથી સ્વાત્માનુકૂળ ધર્મમાં પ્રવેશ કરે. (૨/૮)

- **શ્રુતિ-સ્મૃતિ-પ્રોક્ત ધર્મના અનુષ્ઠાનનું ફળ :**

કેમ કે જે મનુષ્ય વેદોક્ત ધર્મ અને જે વેદથી અવિરૂદ્ધ સ્મૃતિએ કરેલા ધર્મોનું અનુષ્ઠાન અથવા પાલન કરે છે તે આ લોકમાં કીર્તિ અને મૃત્યુ પછી સર્વોત્તમ સુખને પ્રાપ્ત કરે છે. (૨/૯)

- **શ્રુતિ અને સ્મૃતિનો પરિચય :**

શ્રુતિને વેદ સમજવી જોઈએ અને ધર્મશાસ્ત્રને સ્મૃતિ સમજવી જોઈએ. આ શ્રુતિ અને સ્મૃતિશાસ્ત્ર સર્વ સ્થિતિઓ અને સર્વ વાતોમાં કુતર્ક ન કરવા યોગ્ય છે અર્થાત્ આમાં પ્રતિપાદિત વાતોને કુતર્કની મદદ લઈને ખંડન નહિ કરવું જોઈએ કેમ કે આ બંને પ્રકારનાં શાસ્ત્રોથી ધર્મ ઉત્પન્ન થયેલ છે. (૨/૧૦)

- **શ્રુતિ-સ્મૃતિનું અપમાન કરનાર નાસ્તિક છે :**

જે કોઈ મનુષ્ય વેદ અને વેદાનુકૂળ આપ્ત ગ્રંથોનું તર્કશાસ્ત્રનો આધાર લઈને અપમાન કરે, તેને શ્રેષ્ઠ લોકો જાતિથી બહાર કરે, કેમ કે જે વેદની નિંદા કરે તે નાસ્તિક કહેવાય છે. (૨/૧૧)

- **ધર્મના ચાર આધારરૂપ લક્ષણો :**

વેદ, સ્મૃતિ, સત્પુરુષોનું આચરણ અને પોતાના આત્માના જ્ઞાનથી અવિરૂદ્ધ પ્રિયાચરણ એ ચાર ધર્મનાં સુસ્પષ્ટ અને પ્રત્યક્ષ કરાવનાર લક્ષણો છે અર્થાત્ એનાથી જ ધર્મ લક્ષિત થાય છે. (૨/૧૨)

- **ધર્મ જિજ્ઞાસામાં શ્રુતિ પરમપ્રમાણ અને ધર્મજ્ઞાનને પાત્ર :**

જે પુરુષો અર્થ-સુવર્ણાદિ રત્નો અને સ્ત્રીસેવનાદિમાં નથી ફસાતા, તેમને જ ધર્મનું જ્ઞાન પ્રાપ્ત થાય છે. જે ધર્મના જ્ઞાનની ઈચ્છા કરે તે વેદ દ્વારા પ્રતિપાદિત ધર્મનો નિશ્ચય કરે, કેમ કે ધર્માધર્મનો નિશ્ચય વેદ વગર બરાબર થતો નથી. (૨/૧૩)

- **સદાચારનું લક્ષણ :**

તે બ્રહ્મવર્ત દેશમાં વર્ણો અને આશ્રમોનો જે પરંપરાગત અર્થાત્ વેદોના પ્રારંભથી ઉત્તરોત્તર ક્રમથી પાળવામાં આવેલ જે આચાર છે તેને સદાચાર કહે છે.

સમસ્ત સંસારના લોકો બ્રહ્માવર્તના વિદ્વાનોથી ચરિત્રની શિક્ષા ગ્રહણ કરે :

આ બ્રહ્માવર્ત દેશમાં ઉત્પન્ન થયેલ બ્રાહ્મણો = વિદ્વાનોના સાન્નિધ્યથી પૃથ્વી ઉપર રહેનાર સર્વ મનુષ્ય પોત-પોતાના આચરણ અર્થાત્ કર્તવ્યોની શિક્ષા = ઉપદેશ ગ્રહણ કરે. (૨/૨૦)

*સૌજન્ય : "મનુસ્મૃતિ – એક સરળ અધ્યયન"*

ALPA MARU 1/2 PAGE ADVT.

સમાજ ચિંતન

# બ્રહ્મચર્ય આદરણીય છે તો મૈથુન અઘટિત નથી

• કીર્તિચંદ્ર શાહ •

ભારતની પરંપરામાં બ્રહ્મચર્યને હંમેશાં મહત્તા મળી છે અને એનો મહિમા ગવાયો છે. એના માટેનાં નક્કર કારણોનું અન્વેષણ ઓછું છે. આપણો પરંપરાગ્રસ્ત સમાજ પરંપરાને અનુસરે છે.

વર્તમાનમાં જૈન સાધુ-શ્રાવકો, સ્વામિનારાયણ પંથના અનુયાયીઓ, વૈદિક પરંપરાના સંતો અને ખ્રિસ્તી સંતો મળીને લાખો મનુષ્યો બ્રહ્મચર્ય-યુક્ત મળશે. જેમાં આજીવન અને ગૃહસ્થાશ્રમ છોડીને બ્રહ્મચારી થયેલા પણ હોય.

આ દિશામાં સર્વેક્ષણ થઈ શકે. દા.ત; એમ પુછાય કે,

(૧) તમે બ્રહ્મચારી અવસ્થામાં છો એથી કંઈ વિશેષ પ્રસન્નતા અનુભવો છો? તમને વિશેષ શક્તિ મળે છે?

(૨) આ અવસ્થા સમજ અને ગણતરીપૂર્વક સ્વીકારી છે કે પરંપરાગત માન્યતાઓ મુજબ સ્વીકારી છે?

(૩) આ અવસ્થા સ્વીકારી તેથી તમો બીજા સંસારીઓથી ઊંચા છો એમ સમજો છો?

(૪) કામેચ્છા જાગે ત્યારે તમે કે તમારા સાથીઓ કેવા રસ્તા લો છો. સંસારી કામતૃપ્તિ માટે જે કંઈ આચરે એવું આચરો છો?

(૫) કામેચ્છા, કામતૃપ્તિનાં માનસિક ચિત્રોમાં રાચો છો?

(૬) બ્રહ્મચારી અવસ્થા સ્વીકારવાનો હવે પસ્તાવો થાય છે? મનમાં પિલાયા કરો છો?

વિશાળ ફલક પર આવું સંશોધન થાય અને એની તારવણી કરી તારતમ્યો મળે તો તેમાંથી મૈથુન-શિયળ વગેરેની સમજને નવો ઝોક મળે. અલબત્ત આપણી ભક્તિપરાયણ પ્રજા આવાં તારણો સ્વીકારશે કે કેમ તે શંકા છે.

પશ્ચિમના દેશમાં જાતીયતાની દિશામાં બે વ્યાપક સર્વેક્ષણ કે અભ્યાસ થયા છે. એકમાં મનુષ્યોની જાતીયતાનો અભ્યાસ થયો અને બીજામાં સ્ત્રીઓની જાતીયતાનો સ્વતંત્ર અભ્યાસ થયો હતો.

આ બંનેનાં તારતમ્યોએ ક્રાંતિ લાવી દીધી. કેટલાયે ભ્રમ તૂટ્યા. કેટલીક વાસ્તવિકતાનો સ્વીકાર થયો અને સૌથી મોટી ક્રાંતિ એ થઈ કે નારી એટલે માત્ર પુરુષના ભોગનું સાધન (ભોજ્ય) એ માન્યતા તૂટી અને નારી સમાજની નિજી સંવેદનાઓ/અપેક્ષાઓ સ્વીકારાઇ. એથી આગળ વધીને નારીને પોતાના દેહ પર પોતાનો પૂરો અધિકાર છે એમ સ્વીકારાયું એટલે ક્યારે પુરુષને પોતાનો દેહ સોંપવો અને ક્યારે ગર્ભ ધારણ કરવો એ નિર્ણય કરવાનો અધિકાર સ્વીકારાયો.

ભારતમાં સ્વયંસ્ફુરણાથી બ્રહ્મચારી રહ્યા હોય એવા દાર્શનિકો/સંતો વર્તમાનમાં પણ થયા છે. રમણ મહર્ષિ, વિવેકાનંદ, શ્રી મોટા, સ્વામી આનંદ, મધર ટેરેસા અને બીજા પણ. આમાંના કોઈએ પણ બ્રહ્મચર્યનો મહિમા ગાયો નથી એ નોંધપાત્ર છે.

બ્રહ્મચર્યની મહત્તા/મહિમા માટે આ કારણો મનાય છે :

(૧) વીર્ય એ મનુષ્યના શરીરનું અતિ મૂલ્યવાન દ્રવ્ય છે. એનો ખર્ચ નબળાઈ લાવે છે.

(૨) બ્રહ્મચર્ય આધ્યાત્મિક માર્ગમાં સહાયભૂત થાય છે. અમુક એને અનિવાર્ય ગણે છે

(૩) કામવૃત્તિનું ઊર્ધ્વીકરણ કરવું જોઈએ.

(૪) આપણો સમાજ ત્યાગને જ મહત્તા આપે છે. હવે કામેચ્છા સૌથી મોટી આસક્તિ છે. તેથી એનો ત્યાગ સર્વોચ્ચ ગણાય.

(૫) બ્રહ્મચર્ય તમને વધુ પ્રભાવક/કાર્યક્ષમ બનાવે છે.

આ સમજની સામેની દલીલો છે જ.

(૧) આધુનિક શરીર વિજ્ઞાન વીર્યને અતિ મૂલ્યવાન સમજતું નથી અને એનો ખર્ચ કરવો વાજબી - કુદરતી ગણાય છે.

(૨) બ્રહ્મચર્ય આધ્યાત્મિક માર્ગમાં સહાયભુત થાય છે વ્યવહારિક બાબત છે. ગૃહસ્થજીવન ત્યાગનારને સાંસારિક ઉપાધિઓ અને મોહ ઓછા હોય એટલે બીજા ક્ષેત્રમાં વધારે યોગદાન કરી શકે.

(૩) કામવૃત્તિનું ઊર્ધ્વીકરણ શું એ મને સમજ નથી પરંતુ એનું સર્જનશીલતામાં રૂપાંતર થાય.

(૪) બ્રહ્મચર્ય કોઈને પ્રભાવક/કાર્યક્ષમ બનાવે એ આપણો પરંપરાગત ભ્રમ છે. લાખો / કરોડો ગૃહસ્થીઓએ જીવનના અનેક ક્ષેત્રમાં પ્રભાવ પાડ્યો છે. વર્તમાન કે પ્રાચીન સમયની સંસ્કૃતિ અને સમાજ રચનાના શિખરો પર ગૃહસ્થીઓ પહોંચ્યા છે.

(૫) કામેચ્છાના ત્યાગને ઊંચો ગણવામાં આવે એ સામે અમને વાંધો નથી. પણ કામેચ્છાનો ત્યાગ કોઈ દિવ્ય ઘટના નથી અને દમનને ત્યાગ ગણવાની ભૂલ ન જ થવી જોઈએ.

કરોડો લોકો માટે વૃત્તિઓની તૃપ્તિ સુખદાયક અને આરોગ્યપ્રદ છે. સિગમન્ડ ફ્રોઈડ કહે છે કે, 'release of passion is happiness.'

તો આપણી સંસ્કૃતિમાં બ્રહ્મચર્યનો મહિમા ક્યાંથી આવ્યો?

મને લાગે છે કે કુટુંબ સંસ્થાના આરોગ્ય માટે મૈથુનનું નિયમન કરવામાં આવ્યું છે.

કુટુંબ સંસ્થા, મનુષ્ય નિર્મિત

સંસ્થાઓમાં સર્વોચ્ચ છે. કુટુંબ જીવનની ઉપયોગિતા અને ઉપયોગો બહુઆયામી છે. કુટુંબ વ્યવસ્થા દેખીતી રીતે વ્યવહારિક લાગે છે. સાથોસાથ મનુષ્યની આદિમ જરૂરિયાતનું પણ પાલન થાય છે. દા.ત., મનુષ્ય સામાજિક પ્રાણી છે. તો કુટુંબમાં મનુષ્યને મમતા, સહાનુભૂતિ, સલામતી અને સગવડ મળે છે.

પતિ-પત્ની એકબીજાને સમર્પિત થાય તેથી અહમ્ પાતળો પડે. તો બીજી બાજુ માલિકીભાવ પણ જાગે અને સંતોષાય. એમનાં સંતાનો થાય ત્યારે કુદરતી રીતે જ વાત્સલ્ય અને માલિકીભાવ બંને જન્મે. આમ વિશ્વમાં કરોડો મનુષ્યો કુટુંબપ્રથાના કારણે સલામતી-આનંદ-પ્રસન્નતા અનુભવે છે.

આવું એકમ પોતાના હિત અને કલ્યાણને સહિયારું ગણે. કાર્યક્ષેત્રના બટવારા થાય અને વૃદ્ધ, બાળક, બીમાર એમ સૌના યોગક્ષેમનો વિચાર અગ્રસ્થાને હોય. કુટુંબમાં ત્રાજવે તોલીને એકસરખું નહિ પણ સૌને ઉચિત અને યોગ્ય સેવા મળે. EQUALITY નહિ પણ EQUITY.

કુટુંબના ભરણપોષણ માટે ઉપાર્જન થાય. કાલાંતરે સંપત્તિ એકઠી થાય. સંપત્તિના સર્જન, માલિકીભાવ, ભોગવટા અને પ્રસંગોપાત્ત વિભાજન માટે અને હસ્તાંતરણમાં કુટુંબ વાહક/વાહન બને.

કુટુંબને સંસ્થા તરીકે અને એના કાર્યક્ષેત્રને સમાજ, કાયદો અને રાજ્ય નિર્વિવાદ સ્વીકારે છે.

માનવ સમાજની સામૂહિક ચેતનાએ કુટુંબને કેટલું વજૂદ આપ્યું છે એના દાખલાઓ :

૧. લગ્નવિચ્છેદ અને પુનઃલગ્ન એ સ્વીકાર્ય અને આવકાર્ય બન્યાં છે. આમ નવાં કુટુંબો અસ્તિત્વમાં આવે છે. જેને ઔપચારિકતા મળે છે. સાવકાં મા-બાપ-સંતાનો સાથે રહેતાં થાય છે.

૨. હવે એક વાલી અને એનાં સંતાનોવાળાં કુટુંબ પણ સ્વીકાર્ય બન્યાં છે. Single parent family તરીકે ઓળખાય છે.

આમ કુટુંબ સંસ્થા અત્યંત કાર્યક્ષમ અને ટકાઉ છે. એ જળવાય એના માટે મૈથુનનું નિયમન પહેલી શરત છે.

જો સમાજના બહુમતી સભ્યો અમર્યાદ મૈથુન સેવે તો આરોગ્ય જોખમાય. કુટુંબભાવના ક્ષીણ થાય. અરસપરસની વફાદારી-વિશ્વાસ હલી જાય. માનસિક અશાંતિ ફેલાય.

આમ અમર્યાદ મૈથુનથી થયેલ સંતાનોને કારણે સંપત્તિના ભોગવટા-માલિકી અને વિભાજનની વ્યવસ્થા તૂટી જાય (સિવાય કે જડબેસલાક સામ્યવાદ હોય).

પ્રાણી-પક્ષીઓને સંપત્તિ અંગેની કોઈ ચિંતા નથી એટલે મૈથુનનું નિયમન નથી. (અમુક યોનિમાં પ્રાણીઓ પણ પોતાના સાથીને વફાદાર રહે છે.)

તો મૈથુનનું નિયમન વ્યાવહારિક અને સમાજની જરૂરત છે. પરંતુ આપણા પૂર્વજ ઉપદેશકોએ મૈથુન/શિયળને પાપ-પુણ્ય કે પવિત્ર/અપવિત્રના ચોકઠામાં બેસાડ્યાં. પાપ-પુણ્યનાં મૂલ્યો આપવાથી સામાન્યજન લક્ષ્મણરેખા ઓળંગતો નથી.

કાળક્રમે પાપ-પુણ્યનાં વિશેષણોમાં ભળ્યાં ગંદાં, અસંસ્કારી વગેરે વગેરે.

આજના સમયમાં મૈથુન, સંવનન, અંગદર્શન, એની ચર્ચા — એ બધાને ગંદાં ગણવામાં આવે છે. મૈથુન અંગેના આરોગ્ય વિજ્ઞાનની વાત પણ થઈ શકતી નથી. કામક્રીડા આધારિત કલા-સ્થાપત્ય પણ સ્વીકાર્ય નથી (જે પ્રાચીનકાળમાં સ્વીકાર્ય હતાં).

હવે હું ભારતના ધર્મોનાં મૂલ્યોના ત્રાજવે વર્તમાન સમયના સમાજના પાપાચારને તોલવા માગું છું.

★ **હિંસા/અહિંસા** : વર્તમાન કાળમાં ભયાનક હદે હિંસા આચરી શકાય છે અને વ્યાપક વિનાશ વેરાય છે.

★ **સત્યાગ્રહ / મૃષાવાદ** : એ જ રીતે વર્તમાનમાં જૂઠ-દંભ-લબાડી-બેમોઢાડી વાતોની હદ નથી. એ પણ સમાજને વ્યાપક નુકસાન કરે છે.

★ **અચૌર્ય** : સરકારી નાણાં, સમાજનાં નાણાં - સંપત્તિ, ટ્રસ્ટોનાં નાણાં, મોટા વ્યાપારી સંસ્થાનાં નાણાંનો - સંપત્તિનો બેફામ દુરુપયોગ થાય છે.

★ **પરિગ્રહ** : પરિગ્રહ-સંગ્રહમાં અતિ ભયાનક રસ્તા લેવાય છે. એમાં પણ સમાજ/રાષ્ટ્ર કે કોમને ઘણી હાનિ પહોંચે છે.

આ ચારની સરખામણીએ જો કોઈ વ્યક્તિ વ્યભિચાર સેવે તો સમાજને કેટલું નુકસાન થાય? ઉપરના પાપાચારની વ્યાપકતાની સરખામણી એક વ્યક્તિ બીજાની અનુમતિથી મૈથુન સેવે તો બીજાને કેટલું નુકસાન? અથવા આ પાપાચાર કેટલો મોટો?

તો મને લાગે છે કે મૈથુનના નિયમનને વ્યાવહારિક/સામાજિક જરૂરત તરીકે સ્વીકારીએ અને એને અપવિત્ર, ગંદા, પાપાચાર જેવા ચોકઠામાંથી મુક્ત કરીએ. સામે પક્ષે બ્રહ્મચર્યને કોઈ એક તપ તરીકે સ્વીકારે/ત્યાગ ગણે તો એ ભલે સારું છે, પણ એમાં કોઈ દિવ્યતા નથી એમ સમજીએ.

અહીં હું લગ્નબાહ્ય સંબંધોની આરતી ઉતારવા નથી માગતો પરંતુ એવા પ્રસંગોએ હું એમના તરફ સડેલાં ઇંડાં - ટમેટાં નહીં ફેંકું કે પથ્થર નહિં ઉપાડું.

*૧૩, ઋષભ મહલ, હાજીબાપુ રોડ, મલાડ (ઇસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૯૭.*

GIRISH ✆ 2567 5418 • MUKESH ✆ 2568 5279
203, New Anant Bhuvan, 2nd Floor,
257/65, Narshi Natha Street, Mumbai-400 009.
Tel. : (022) 23756332, 23751250 Fax : 91-22-23750452
Ramji Devshi Shah & Co.
CUSTOM HOUSE AGENT

# મૃત્યુ બિહામણું નથી

• પ્રા. સૂર્યકાંત ભટ્ટ •

કાકા કાલેલકરે જીવન મૃત્યુ અંગેના ચિંતનમાં દર્શાવ્યું છે તે મુજબ જીવન અને મૃત્યુ મળીને જે વિશાળ જીવન બને છે તે ઊંડા મહાસાગર જેવું છે. જીવનનું ઊંડાણ આપણને પ્રભુમાં મળશે. તેઓ લખે છે કે મૃત્યુના ચિંતનને કારણે જ હું દીર્ઘાયુષી બની શક્યો છું. જે.કૃષ્ણમૂર્તિના વર્ણવ્યા મુજબ મૃત્યુના સહજ સ્વીકાર અને સમજથી મૃત્યુનો ભય નાશ પામે છે. ફાધર વાલેસ કહે છે કે, 'મોતને અમંગળ ગણવામાં આવે છે. પરંતુ તે મારે માટે મંગળ જ છે.'

સામાન્ય રીતે માનવીને મૃત્યુની ઘટનાઓ પર ખૂબ જ ઊંડા વિચારો આવતા રહે છે. સ્વજનોના મૃત્યુનો ભાર તેમને અસહ્ય થઈ પડે છે. સ્મશાનમાં મૃત્યુ પછી જીવનું શું થાય છે તેના પર બૌધ્ધિકો ચર્ચા કરતા હોય છે. અનેક પ્રકારની છણાવટો જેવી કે કોઈ કહે છે મૃત્યુ પછી જીવન છે, કોઈ કહે છે નથી. કોઈ કહે છે કે સ્વર્ગ - નરક છે, કોઈ તેનો ઇન્કાર કરે છે. મૃત્યુ બાદ વાસનિક જીવોની ગતિવિધિ ભૂત-પ્રેત વિશે પણ તરેહ તરેહની વાતો ચાલે છે. કોઈ પોતાના અનુભવ વર્ણવે છે. મૃત્યુનો ડર ટાળવા સહુ કોઈ આશ્વાસન મેળવતા હોય છે. હાલે આપણે મરવાનું નથી એમ પણ કહી રહ્યા હોય છે.

મૃત્યુની ઘટનાઓ વિશે અનેક લેખકોએ પોતાની કલમ ચલાવી છે. લેખક ગ્રાહેમ ગ્રીફીને 'ધ તિબેટન બુક ઓફ ધ ડેડ' લખી. સી.ડબલ્યુ. બેટલીટરે 'ધ અધર વર્લ્ડ ઑફ ધ ડેથ'; રેમન્ડ મૂડી, સેન્ટ ઓગસ્ટીન આદિએ પુસ્તકો લખી વાચકોની ભૂખ સંતોષી છે. મહર્ષિ અરવિંદ, સ્વામી વિવેકાનંદ આદિ તથા સ્વામિ સહજાનંદજી અને નંદ સંતવર્યો તથા ગીતાજીમાં સ્વયં કૃષ્ણ પરમાત્માએ મૃત્યુ બાદ જીવન ગતિ સમજાવી છે.

મૃત્યુ એ જીવનની રાત્રિ છે. ત્યારબાદ આત્માની ગતિવિધિનો ખ્યાલ, ઉર્ધ્વીકરણનો ખ્યાલ તત્ત્વજ્ઞાનીઓ, સંતો, સંશોધકોએ મેળવ્યો છે. વિસ્તૃત વાંચનારા, સત્સંગ કરનારા, ગુરુજનો પાસે જ્ઞાન મેળવનારાઓને મૃત્યુનો ડર લાગતો નથી. ફિલોસોફરો વર્ણવે છે કે મૃત્યુ બાદ પાંચ કર્મેન્દ્રિય, પાંચ જ્ઞાનેન્દ્રિય, પાંચ તન્માત્રા, મન, બુધ્ધિ, ચિત્ત અને અહંકાર એવા ૧૯ તત્ત્વોનો સૂક્ષ્મ દેહ રહે છે. આ સૂક્ષ્મ દેહ નિરાવરણ વાયુપ્રધાન હોય છે. જીવાત્માની આધ્યાત્મિક યોગ્યતા મુજબ સૂક્ષ્મ અને કારણદેહ સંલગ્નિત વાયુપ્રધાન દેહ સ્થુળ દેહ ધરી શકે છે જે પ્રેત સ્વરૂપે દેખા દઈ શકે છે.

મૃત્યુ પામનાર જીવાત્માની પાછળ તેમના આત્માની શાંતિ માટે પ્રાર્થના કરનારાની પ્રાર્થનાથી મૃતકને ખૂબ જ શાંતિનો અહેસાસ થાય છે. જે સંબંધીઓ રડતા હોય, ખૂબ જ શોક કરી રહ્યા હોય તે નિહાળી મૃતકને ખૂબ જ અકળામણ - અશાંતિ વરતાય છે. માટે મૃતકની શાંતિ માટે પ્રાર્થના ખૂબ આવશ્યક છે.

પૂર્વજન્મના વિશેષ પુણ્યો કે સત્ કૃત્યો ધરાવતા યોગભ્રષ્ટ આત્માઓ આ ભૂલોક પર અનેક જોવા મળે છે. આવા ઉચ્ચ આત્માઓને પોતાના જીવનની અંતિમ ઘડીનો અર્થાત્ મૃત્યુનો ખ્યાલ કે અણસાર આવી જાય છે. અગાઉથી પોતાના મૃત્યુની તારીખ, સ્થળ, સમય પણ જણાવી દે છે.

સાધક પૂજ્ય કેદારનાથજીએ ૧૫ ઓગસ્ટ, ૧૯૭૮ના રોજ ૯૫ વર્ષની વયે તા. ૯મી ઓગસ્ટના હરકિશનદાસ હોસ્પિટલમાં દાખલ થયેલા. મુલાકાતીઓને મળતા રહેતા. તેઓએ પરોઢિયે ચાર વાગ્યે કહેલું કે 'અબ મૈં જા રહા હું' અને થોડી ક્ષણોમાં તેમનો દેહ શાંત થઇ ગયેલો. તેમણે મૃત્યુ બાદ પોતાના દેહના સંસ્કારો માટે પણ લખાણ કરી રાખેલું – કોઈ સ્મારક ન બનાવવા. લોકોને દર્શને આવવા દેવા, કોઈ ધાર્મિક ક્રિયાઓ ન કરવા સૂચવેલું.

પૂજ્ય મોટાએ આયોજનપૂર્વક પોતાની દેહલીલા સંકેલી લીધેલી. એકાદ વર્ષની માંદગી ગ્રહણ કરેલી. અનુયાયીઓને મળવા આવવાને બદલે પોતાના ઘેર ભજન સ્મરણ કરવા સૂચવેલું. કોઈ શાંત સ્થળે જવાનું તેમણે વિચારેલું. મહી નદીના કાંઠે ફાજલપુર નામે નાનું ગામ છે ત્યાં શ્રીમાન રમણભાઈ અમીનનું વિશાળ નિવાસ સ્થાન, રમણભાઈને પૂજ્ય મોટા સાથે નિકટવર્તી સંબંધ. રમણભાઈને પૂછાવ્યું કે તમારા નિવાસ સ્થાને રહીને હું મારો દેહ છોડવા માગું છું, તમારી સંમતિ છે? રમણભાઈએ તો ખુશીથી સંમતિ આપી દીધી.

૨૨મી જુલાઈ, ૧૯૭૬ના પૂ. મોટાએ સૌને પત્રો લખ્યા કે બપોરના ચાર પછી હું કોઈની સાથે બોલીશ નહીં. મારા શરીરને કોઈ અડશો નહીં. માત્ર છ સેવક ભક્તોને સાથે રહેવાની છુટ આપી. શુક્રવાર, તા. ૨૩ જુલાઈ, ૧૯૭૬ના રાત્રે ૧.૩૦ વાગે તેમણે અંતિમ શ્વાસ લીધા. ૧૦ સેવકોએ તેમના અગ્નિ સંસ્કાર મહીને કાંઠે કર્યા. પૂ. મોટાએ સૂચના આપેલી કે, 'મારું કોઈ સ્મારક કરશો નહીં. એના બદલે દૂર સુદૂરના ગામડાંઓમાં પછાત વર્ગના બાળકોના અભ્યાસ અર્થે પ્રાથમિક શિક્ષણ તેમને મળી રહે તે માટે શાળાના ઓરડા બંધાવજો.'

મૃત્યુ બાદ મૃતકોને સ્થૂળ રૂપમાં જોયા હોય એવા અનેક કિસ્સાઓ લેખકોએ વર્ણવ્યા છે. સર આર્થર કોનનડોઈલ, વિખ્યાત વિજ્ઞાની સર ઓલિવર લોજ મુખ્ય છે. માનવીના મૃત્યુ બાદ સૂક્ષ્મરૂપે મૃતકના અસ્તિત્વના અનેક પુરાવાઓ, સાબિતીઓ અવારનવાર મળે જ છે. ઈ.સ. ૧૯૮૦માં મુંબઈમાં ભાયખલ્લા વિસ્તારમાં રહેતા પારસી સજ્જન રૂમી અને તેમના પત્ની ખોરશેદ ભાવનગરીના બે પુત્રો રોનુ અને વિસ્પી કાર રેસ અકસ્માતમાં મૃત્યુ પામ્યા. તે બંનેએ માતાપિતાને જણાવ્યું કે તેઓ 'સ્પિરિટ જગત'માં છે. આ પરથી "The Laws of the SPIRIT WORLD" નામનું પુસ્તક પ્રગટ કર્યું છે.

*૬/એ, લીમડા લાઇન, સંસ્કાર નગર,*
*ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*
*મો. ૯૮૨૫૨૩૪૩૪૬*

# નિરાળી નાગરી નાત

• જગદીશ ચં. છાયા 'શ્રેયસ' •

સહજ સૌંદર્યથી છલકાતી, લટકાતી, નમણી - રમણી જો સુંદર નામધારી અને મૃદુ મિષ્ટભાષી પણ હોય તો... તો... કોઈપણ વ્યક્તિ પૂરા આત્મવિશ્વાસથી બોલી ઉઠશે 'તેણી નાગરાણી જ છે!'

'નમણી નાર ને નાકે મોતી' તેની આગવી ઓળખ!...

ભારતના નાગરોની ભાષા શિષ્ટ સર્વમાન્ય સ્વીકૃત થઈ છે. નાગરો પાઠ્ય પુસ્તકની ભાષા બોલે છે. 'નાગરી કે દેવનાગરી' લિપિ રચનાર નાગરોનું પ્રદાન અમરત્વ પામ્યું છે. નાગરોમાં ૧૦૦% સાક્ષરતા વર્ષોથી છે. ૧૦૦ વર્ષના માજી પણ સહી જ કરશે, અંગૂઠો નહિ...!!

નામ પાડવામાં નાગરો પંકાય. મારા દાદીબાનું નામ હતું 'આદિત્ય ગૌરી'!!

અન્ય જ્ઞાતિના લોકો પોતાના સંતાનોના નામ પાડવા નાગરોની સલાહ લે છે. હોંશ... નાગરોનો પર્યાય છે. (મારી પૌત્રીનું નામ 'હોંશ' છે!)

પ્રસંગ ભલે નાનો હોય, એની ઉજવણીમાં 'હોંશ' ભળી જાય એટલે ઉપડી આવે... ચાતુર્ય અને મર્મભેદી બોલી માટે પ્રખ્યાત નાગરો... નિખાલસ, રમૂજી અને મળતાવડા હોય છે. 'કલમ, કડછી ને બરછી' એમના પ્રતીકો છે.

નાગરોની નિરાળી ખાસિયતોની વાત પણ નિરાળી છે!

પાંચ "પ" નાગરોની વધુ એક ઓળખાણ પૂજાપો, પાટિયું (હીંચકો), પાન, પીતાંબરી, પાનેતર. મુત્સદ્દીગીરી નાગરોને મળેલ કુદરતી બક્ષીસ છે. રાજાશાહીમાં આ ગુણને લીધે જ નાગરોને ઉચ્ચ હોદ્દા મળતા. નાગરો સુધારાવાદી, કાર્યદક્ષ, અયાચક, કરકસરિયા, ચિંતનશીલ હોય છે. નાતમાં કુરિવાજોનો અભાવ, કંકુ અને કન્યાની ઉદાત્ત ભાવના, પુત્ર-પુત્રીનો સમભાવે ઉછેર, સાસુ-વહુના સંબંધ મા-દીકરી જેવા, સ્ત્રી દાક્ષિણ્ય, નાના બાળકોને પણ માન (બેનામ)થી બોલાવે...

નાગર ચકલો કે નાગર વાડો નાગરોનું મધ્યવર્તી કેન્દ્ર... અહીં એક પણ વિષયની ચર્ચા બાકાત રહી જ ન શકે. કચ્છના નાગરોના ઘર પર હાથી અને સિંહ દોરે છે. એ ધૈર્ય અને જીગરના પ્રતીકો છે. નાગરોની કેટલીક અટકો વિચિત્ર ખરી. નાતની બેઠકના સમાચાર કૈંક આવતા હોય... "સર્વશ્રી... હાથી... ના પ્રમુખપદે અને ઘોડાના અતિથિ વિશેષપદે યોજાયેલ સ્નેહ મિલનમાં... માંકડ, મંકોડી વિ. એ પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યા હતા. બૂચે પુર્ણાહૂતિ કરી હતી..."

નાગરોની રસિકતા તો જુઓ... નાગરાણીઓ નાગરવેલના પાન જેવી હોય... એ હીંચકે બેસી બેઠી બેઠી પતિને પાન આપતા ગાતી હોય...

*કપૂરી પાન ચૂનાનું*
*સમારી સાફ તે કીધું*
*કળીના કેસરી ચુના*
*થકી તે ચોપડી દીધું*
*સુગંધીનો મૂકી કાથો,*
*લવિંગે તે દીધું ભીડી*
*પતિ પ્યારા સ્વીકારો ને*
*પ્રિયાનું પાનનું બીડું...!!*

જય હાટકેશ.

---

## લગ્ન પહેલા સૌંદર્યને પ્રેમ હોય છે

(અનુ. પાના નં.-૩૮ ઉપરથી ચાલુ)

શકતાં એ લોકો 'મૈત્રીકરાર' નામનું છીંડું પાડીને પોતાનું સુખ ખોળી લે છે.

ભૂતકાળમાં સ્ત્રીઓ સ્વાવલંબી નહોતી એથી તેમણે પતિને આધીન થઈને જીવવું પડતું હતું. આજની સ્ત્રીને પુરુષની મૈત્રી પસંદ છે, પણ પુરુષની જોહુકમી મંજૂર નથી. લગ્નજીવનમાં જોવા મળતાં આવા પરિવર્તનોથી આપણે ટેવાયેલા નથી, એટલે એ પરિવર્તનો કષ્ટદાયક અને અનિષ્ટકારક લાગે છે, પણ એ સહજ છે અને સ્વીકાર્યા વગર છૂટકો નથી. અલબત્ત, લગ્નજીવન બાબતે હજી કેટલાંક પરિવર્તનો ખૂબ મંદ ગતિએ આવતાં દેખાય છે. એમની ગતિ વધારવી આવશ્યક છે. ખાસ કરીને હજીયે કેટલાંક પેરેન્ટસ પોતાનાં સંતાનોનાં લગ્ન માટે યુવક-યુવતીની જન્મકુંડળીઓ મેળવવાનો આગ્રહ રાખે છે. એ કારણે સંતાનોની લગ્નવય વીતી જાય છે. કેટલાક લોકો શ્રેષ્ઠ મૂરતોની પાછળ ભટક્યા કરે છે. મૂરત સાચવવાની ધમાલમાં રિબાય છે, ખોટા ખર્ચ કરે છે અને બીજાઓનેય ત્રાસ આપે છે. અંધશ્રદ્ધાથી છલોછલ આવા વાહિયાત ખ્યાલોમાંથી સૌ મુક્ત થાય એ જરૂરી છે. લગ્નજીવન મૂરતોથી સુખી કે દુઃખી નથી થતું હોતું એવી સમજ જલદી વ્યાપક બને એ અપેક્ષિત છે. એ જ રીતે કેટલાક સમાજમાં વિધવા-પુનર્લગ્નને પાપ સમજવામાં આવે છે, એમાંય ઝડપી પરિવર્તનની અપેક્ષા રહે છે. કોઈ વ્યક્તિ પોતાના કશાય વાંકગુના વગર જીવનભર યાતનાઓ વેઠે અને એકલતાનો અભિશાપ વેઠે એવું શા માટે?

લગ્નજીવન એ ખરેખર તો હારીને જીતવાની બાજી છે. આપણે જેને ચાહીએ છીએ અથવા તો જે વ્યક્તિ આપણને ચાહે એવી અપેક્ષા આપણે રાખતા હોઈએ તે વ્યક્તિ પ્રત્યે ચપટી ઉદાર થવાનું શું સાવ જ ઇમ્પોસિબલ છે? તેને માફ કરવાનું સામર્થ્ય આપણામાં ન હોય તો તેને પ્રેમ કરવાનો કે તેનો પ્રેમ પામવાનો અધિકાર આપણને ક્યાંથી મળે?

***સૌજન્ય : "તમન્ના"***

# વૈષ્ણવજન તો તેને કહીએ....

• એલ. ડી. શાહ •

આજકાલ વૈષ્ણવજન એટલે સાચો માનવી (Real Human Being) શોધવો મુશ્કેલ છે. જીવનનાં દરેક ક્ષેત્રમાં ભ્રષ્ટાચાર વ્યાપી ગયો છે, જે આપણે વિજય માલ્યાના જીવન પરથી જાણી શક્યા છીએ.

કોર્પોરેટ સેક્ટરની ઘણી બધી કંપનીઓનાં વડાઓ બેંકો પર મોટી છાપ પાડી કરોડોની લોનો મેળવી શક્યા છે, જેમાંથી કરોડો અબજોની લોન પાછી મળી શકે એમ નથી.

બાળકનાં શિક્ષણથી કરીને ઉપર જતાં દરેક કામ ટેબલ ઊપરથી નથી થઈ શકતા, તે ટેબલ નીચેથી થાય છે. આનો પાયો બાળકોનાં શિક્ષણથી જ શરૂ થાય છે, જેનો અંત વિજય માલ્યા જેવા વ્યક્તિ સુધી થાય છે. આજનાં અખબારો જોઈએ તો મિનિસ્ટર રહી ચૂકેલા છગન ભુજબળથી કરીને સામાન્ય પટાવાળા સુધીમાં આ સડો ઘૂસેલો છે.

આ ભ્રષ્ટાચારને દૂર કરવાનો ઉપાય છે કે બાળકોને સાચો માનવી કેમ બની શકાય એનું શિક્ષણ બચપણથી આપવાની સખત જરૂરત છે.

આજકાલ આપણે રાજકારણમાં જોઈએ છીએ, માનનીય શ્રી નરેન્દ્રભાઈ મોદીને દરેક ક્ષેત્રે આવા ભ્રષ્ટાચારીઓ સામે ઝૂઝવું પડે છે, અને શ્રી નરેન્દ્રભાઈ મોદી દરેક ક્ષેત્રમાં કુશળતાથી સામનો કરી રહ્યા છે.

શ્રી નરેન્દ્રભાઈ મોદીમાં આ નૈતિક બળ ક્યાંથી આવ્યું, એ તપાસીએ તો એમનાં બચપણમાં વૈષ્ણવ જન તો - ભજન અને આધ્યાત્મિક સંસ્કારો સમાયેલા છે.

જો ભ્રષ્ટાચાર જડમૂળથી અટકાવવો હોય તો આ વૈષ્ણવ જન તો - ભજનને ફરીથી લોકોમાં હૃદયસ્થ કરવાની જરૂરત છે, અને એ કાર્ય બાળકોને બચપણથી જ એમાં પરોવવા પડશે.

આથી જ ગુજરાત શિક્ષણ વિભાગે આ ભજનને બધી શાળાઓમાં ફરજિયાત ગાવાનું કર્યું છે. જાણીતા વિદ્વાન શ્રી હરેશભાઈ ધોળકિયાએ આ ભજનની મહત્તા સમજાવતું પુસ્તક લખેલ છે, જે ગુજરાતભરની શાળાઓમાં એક લાખથી ઉપરાંત નકલો વહેંચાઈ ગયેલ છે. એટલું જ નહીં, આ ભજનની દસ લીટીનો અર્થ શિક્ષકો દ્વારા અર્થસભર સમજાવવામાં આવી રહેલ છે.

પૂ. મોરારિ બાપુએ આ ભજનને ગીતાનાં અઢાર અધ્યાય સમાન વર્ણન કરેલ છે. વિશ્વનાં બધા ધાર્મિક શાસ્ત્રોનો સાર આ દસ લીટીનાં ભજનમાં આવી જાય છે. સાડા પાંચસો વર્ષ પહેલા ભક્ત કવિ શ્રી નરસિંહ મહેતા તથા પૂ. ગાંધીજીએ આ ભજન દ્વારા માનવીને સંપૂર્ણ માનવી બનાવવાની શીખ આપેલ છે.

આ ભજનની દસ લીટી જો બાળકનાં મન અને હૃદયમાં રોજ વાવવામાં આવે તો એ બાળક સંપૂર્ણ માનવી તરીકે વટવૃક્ષ બની શકે છે, જેની આજે આખા વિશ્વમાં જરૂરત છે.

યુરોપમાં કેટલાક દેશો એવા છે કે જેઓ ભ્રષ્ટાચાર જેવી ચીજને સમજતા નથી, કેટલાક દેશોમાં ટેક્ષનાં પૈસા કલેક્ટ કરવા ઓફિસો નથી, લોકો સ્વચ્છાએ પોતાનાં ભાગે આવતો ટેક્ષ સ્વયં રીતે ભરી આવે છે. આવી પરિસ્થિતિ સર્વત્ર ઉજ્જવળ કરવી હશે તો દરેક વ્યક્તિને "વૈષ્ણવ જન" (REAL HUMAN BEING) બનાવવા વૈષ્ણવ જન ભજન દરેકને હૃદયમાં હૃદયસ્થ કરવો પડશે.

ભ્રષ્ટાચાર દૂર કરવાનો બીજો એક રસ્તો છે કે ચૂંટણી પ્રથા બંધ કરી સિલેક્શન પ્રથા ચાલુ કરવી. ઉમેદવારોની ચૂંટણી તરીકે સમરસ ચૂંટવા. કચ્છ જિલ્લાનાં ઘણાં ગામોમાં જ્યાં સરપંચો સમરસ (વગર ચૂંટણીએ) ચૂંટાઈ આવેલા છે, ત્યાં વિકાસનાં નાના મોટા અનેક કાર્યો ગામ લોકો તથા સરકારનાં સહયોગથી થઈ શક્યા છે. આવતા દિવસોમાં લોકોએ ઇલેક્શનને બદલે સિલેક્શન (સમરસ) પદ્ધતિ અપનાવવી પડશે, જેથી આપણે ભારત માતાની સાચી જય બોલાવી શકીશું.

*જલારામ બાગ,*
*બિદડા, તા. માંડવી, કચ્છ.*

## સંબંધોના સથવારે

(અનુ. પાના નં.-૩૭ ઉપરથી ચાલુ)

બહારની દુનિયામાં મીટ માંડી, હળવાશની પળો માણવાની. બહારની ખાણી-પીણી પસંદ હોય તો મોજ માણવાની જ. ભાભી પણ પિંજરામાં પુરાયેલું પ્રાણી નથી. એમને કંટાળો આવે કે નહિ?"

"ને બા, તું તારા જૂનવાણી વિચારોને રજા આપી દઈ તેઓને સ્વૈરવિહાર કરવા દે છે ને? જમાના પ્રમાણે પહેરવેશ પહેરે તો જૂની આંખે નવા ચશ્માં પહેર્યા છે તેમ સમજવાનું ખરું ને?"

"હા, હા, ચાલતી ગાડીમાં ન ચડુ તો બધાં મને બહાર જ ધકેલી દે. જમાના પ્રમાણે ન વરતું તો તૂટેલા ફર્નિચરની જેમ ખૂણામાં બેસાડી રાખે. દીકરા-વહુ બધાં જ મારી સંભાળ રાખે છે." બાએ વાતમાં મોણ ઉમેર્યું.

આવી હસી-મજાકની વાતોથી સૌના દિલ જીતી લે.

તેમ છતાં દરેકનો અત્યંત પ્રેમભર્યો આગ્રહ હોવા છતાં રીનાને શ્વસુરગૃહે ગયા વગર ચાલે તેમ નહોતું. તેથી "રક્ષાબંધનના પવિત્ર પર્વ વખતે પાછી આવી જઈશ" તેમ વાયદો કરી તે હર્ષાશ્રુ સાથે છૂટી પડી. ભાઈ-બહેનના પ્રગાઢ સ્નેહની ગાંઠ વધુ મજબૂત બની.

*સૌજન્ય : "સંબંધોના સથવારે"*
*ધારિયાવાડ, ખંભાત.*

# સંબંધોના સથવારે

• ઇલા કે. શાહ •

## તિરસ્કારની દીવાલ : પ્રસંગ - ૧

"નીશા, તું હમણાં ને હમણાં મારા ઘરમાંથી ચાલી જા. મારે તારા જેવી બેનની જરાપણ જરૂર નથી. સમજી?"

પિયર મોજ માણવા આવેલ બેનને તેનો ભાઈ આ રીતે ધમકી આપી હડધૂત કરી રહ્યો હતો. નાની નજીવી બાબતોમાં તીખા મસાલાવાળું વાણીયુદ્ધ ખેલાયું અને ભાઈ-બહેનના પવિત્ર પ્રેમસંબંધની ગાંઠ ઢીલી ન પડી, પરંતુ તૂટી જ ગઈ.

સાસરવાસી બેન વેકેશનમાં પિયર આવે, તેથી અન્ય ભાઈ-બહેનોને આનંદ થાય. માતાને તેની દીકરી આવ્યાની ખૂબ ખુશી હોય, છતાંય સંપ-સ્નેહ, વાણીની મીઠાશને અભાવે પ્રેમભર્યા સંબંધોમાં તિરાડ પડતાં વાર નથી લાગતી. મન, મોતી ને કાચ તૂટે તો ક્યારેય સંધાય ખરાં?

નીશા આ વખતે પિયર આવી, પણ રહેતાં ન આવડ્યું, ભાઈ-ભાભીને રાખતાં ન આવડ્યું.

નીશા તેનાં ભાભીના ગુણો તરફ ન જોતી, પણ નાનીશી ભૂલો શોધી તેને પર્વત જેવું રૂપ આપતી. કહેતી કે, "ભાભી, બપોરે ઊંઘો છો, ત્યારે ઘર સાફ કરતાં હો તો? જો ઘરમાં ખૂણે ખાંચરે કેટલાં જાળાંબાવાં બાઝ્યાં છે. નોકરને રજા આપી જાતે કામ કરતાં હો તો? પૈસાની બચત થાયને? આખો દિવસ શું કરો છો?" તો વળી કહેશે કે, "બાનું ધ્યાન રાખો છો કે નહિ? એને ભાવતું કરી ખવડાવજો. આ તો ઘરડું પાન કહેવાય."

પરંતુ તેની ભાભી સહનશીલ નહોતી કે સહન કરે. તે તો નણંદબાની ટકટકની સામે જ ટોકરી વગાડતી.

નીશાનું હડહડતું અપમાન કરતાં જ જવાબ આપ્યો, "જુઓ, નીશાબેન, આવ્યા છો તો શાંતિથી રહો. અમારાં ઘરમાં દખલગીરી કરવાની તમારે જરાય જરૂર નથી. તમારાં ભાઈનાં ઘરમાં ભાઈએ શું કરવું, ભાભીએ ઘર કેમ સાચવવું, બાની કાળજી કઈ રીતે લેવી તેની પૂરી ખબર છે જ. સલાહ આપવાની કોઈ જરૂર નથી, સમજ્યા કે નહીં?"

ત્યાં તો ભાઈનો ક્રોધ ભભૂક્યો : "હા, તારાં ભાભીની વાત સાચી જ છે. બાની બહુ લાગણી થતી હોય તો તારે ઘેર લઈ જા. વધારે દખલગીરી અમારા સંસારમાં કરીશ તો અહીં પગ મૂકવો ભારે થઈ પડશે."

બા દીકરા-વહુને આધીન હતા. પરવશ હતા, તેથી મૂંગે મોંએ સાંભળી રહ્યાં. જો તે કાંઈ બોલે તો તેને પણ કાઢી મૂકે. ત્રણ ભાઈઓની એક આ મોટી બહેન હતી, લાગણીના કારણે કહેતી હતી, પણ વાણીમાં મીઠાશ નહોતી.

સાથે રહેવું, હરવું-ફરવું, બોલવું-બેસવું માન્ય જ નહોતું. પરસ્પર નાની બાબતોમાં રાઈનો પર્વત સર્જાઈ જતો. ઘરની શાંતિમાં ખલેલ પહોંચતી. નણંદ આવી તે જાણે કે ન ગમ્યું. બંને પક્ષના વર્તાવમાં તટસ્થતા હતી.

છેવટે, પિયર આવેલી બેનને પ્રેમથી વિદાય આપવાને બદલે, તિરસ્કારનાં વાગ્બાણો દ્વારા હડધૂત કરી. નીશા રડતાં હૈયે ચાલી નીકળી. બાની આંખો આંસુથી ઊભરાઈ, કોઈએ તેને રોકી નહિ.

રક્ષાબંધનનું પવિત્ર પર્વ આવ્યું, પણ તૂટેલું પ્રેમનું બંધન ફરીથી ન સંધાયું. ભાઈ-બહેન વચ્ચેના સંબંધમાં તિરસ્કારની દીવાલ ખડી થઈ ગઈ.

## પ્રગાઢ સ્નેહ : પ્રસંગ - ૨

"બહેન, રીના, તું હમણાં રોકાઈ જા. આટલી શી ઉતાવળ છે? થોડો સમય વધુ રહી જા, તને ખબર છે ને કે રક્ષાબંધનનો પવિત્ર તહેવાર હવે નજીકમાં જ છે. તો રાખડી બાંધીને જ જજે." રીનાનો ભાઈ પિયરથી સાસરે જતી બહેનને પ્રેમથી રોકી રહ્યો હતો.

"ના ભાઈ ના, તારા જીજાજીને મારા વગર જમવાનું ન ફાવે. મારે જવું જ પડે." રીનાએ કારણ દર્શાવ્યું.

"લે ચાલ, હું તેઓને ફોનથી જાણ કરું, તેઓ સમજે તેવા પ્રેમાળ છે." ભાઈ આગ્રહ કરી કહેવા લાગ્યો. રીનાનો નાનો ભત્રીજો તેની કાલી ભાષામાં રીનાનો સાડી છેડો ખેંચીને કહેતો હતો કે, "રીનાફોઈ તમે ના જશો. હવે અમાલી સાથે કોણ રમશે? વાર્તા કોણ કહેશે? આપણે ફલવા જઈશું."

પિતા ન હોવા છતાં રીનાને પિતાની ખોટ સાલતી નહોતી. કારણ પ્રેમાળ ભાઈઓની પ્યારભરી હૂંફ અને સુંવાળી સહાનુભૂતિ હતી. તો ભાભી તરફથી પણ નણંદબાને હેત મળતું હતું. માતાની મીઠી નજર પ્રત્યેક પર અમીવર્ષા કરતી. રીના પાંચ ભાઈઓની એક લાડકવાયી બહેન હતી, પણ સ્વભાવે મિલનસાર, લાગણીશીલ અને પ્રેમાળ હતી.

ભાઈ-ભાભીના સંસારસાગરમાં ડોકિયું કરી કદી ઊથલપાથલ કરતી નહિ. કદી કોઈ જાતની રોકટોક કે આડીઅવળી વાત જ ન કરે. વાણીમાં એટલી મીઠાશ કે સૌ કહેતાં કે રીના તો માખણનો ડબો લઈને જ ફરે છે. સૌ સાથે મનમેળ હતો.

તે તો ભાઈઓને કહેતી "ભાભીને રસોડામાં રજા મળે તેવું કરો છો કે નહીં? રવિવારે કિચનનો ક્રેઝ છોડી દેવાનો,

(અનુસંધાન : જુઓ પાના નં.-૩૬ ઉપર)

# લગ્ન પહેલાં સૌંદર્યને પ્રેમ હોય છે

• રોહિત શાહ •

વિકલ્પો માણસને ચૂંથી નાખે છે, મૂંઝવી મારે છે. મારે ઓફિસે જવાનું હોય અને મારા બંગલાની બહાર પાંચ-સાત ગાડીઓ હોય ત્યારે મને મૂંઝવણ થાય કે કઈ ગાડી લઈને ઓફિસે જાઉં? જો મારી પાસે એક જ ગાડી હોય તો મને કશીયે મૂંઝવણ નહીં થાય. વિકલ્પો હોય ત્યાં એક બીજો પ્રોબ્લેમ પણ હોવાનો. એક વધુ પ્રિય હોય, બીજું ઓછું પ્રિય હોય, ત્રીજું કદાચ અપ્રિય પણ હોય! વિકલ્પો હોય ત્યાં એક ત્રીજી સમસ્યા પણ હશે : માણસે જે એક વિકલ્પ પસંદ કર્યો હોય એનાથી તેને સંતોષ નહીં થાય. તેને દિલમાં પસ્તાવો થશે કે 'આના કરતાં મેં પેલો વિકલ્પ પસંદ કર્યો હોત તો સારું થાત...'

લગ્નની શરૂઆત કદાચ આવા વિકલ્પોમાંથી મુક્તિ મેળવવા માટે જ થઈ શકે. સંસારમાં અનેક પુરુષો છે અને અનેક સ્ત્રીઓ છે. સૌ પરસ્પર માટે વિકલ્પો જ છે. કોની સાથે રહેવાથી વધુ સુખ, આનંદ અને સંતોષ મળશે એવી મૂંઝવણ ટાળવા માટે કોઈ એક સ્ત્રી અને એક પુરુષને સહજીવન માટે બાંધવાનું નક્કી થયું હશે. લગ્ન એટલે વિકલ્પમાંથી સંકલ્પમાં સ્થિર થવાની ઘટના.

પશુ-પંખીઓમાં નર અને માદા હોય છે. એમણે સમાજ નથી બનાવ્યો એટલે સમર્થને જ વધારે સુખ ભોગવવાનો અધિકાર મળે છે. નિર્બળ અને અસમર્થને ઢસરડા કરી-કરીને જીવવું પડે છે. માણસે સમાજ બનાવીને સબળ-નિર્બળ સૌને સુખ ભોગવવાના સમાન હક્ક આપવાની વ્યવસ્થા કરી. રિવાજો અને પરંપરાઓ બનાવ્યાં, કાયદાઓ બનાવ્યા, નીતિ-નિયમો બનાવ્યાં. આવી સમાજ વ્યવસ્થા સાથે જીવવું એ સંસ્કાર અને એનાથી ઊલટા ચાલવું એ કુસંસ્કાર. લગ્નને આપણે ત્યાં એક સંસ્કાર માનવામાં આવે છે.

જેવી રીતે વિકલ્પોની અનગિનત સમસ્યાઓ હતી એવી જ રીતે સંકલ્પની પણ કેટલીક સમસ્યાઓ તો છે જ! એક પાત્ર સાથે લાઈફ-ટાઈમ જીવવું, એ પાત્ર સાથે કોઈ રીતે મનમેળ ન રહ્યો હોય તોય ગૂંગળાઈ-ગૂંગળાઈનેય તેની સાથે જ રહેવું, બહારથી ઈઝીલી સુખ મળતું હોય તોય એનાથી વેગળા રહેવું કષ્ટદાયક જરૂર લાગે, છતાં વ્યાપક હિત માટે લગ્નસંસ્કાર આવકારદાયક છે.

લગ્ન પછી પુરુષ પતિનો દરજ્જો પામે છે અને સ્ત્રી પત્નીનો દરજ્જો પામે છે. બન્ને જણ જવાબદારીપૂર્વક સહજીવનનો પ્રારંભ કરે છે. માત્ર પોતાના જ સુખનો વિચાર કરવાનું છોડીને હવે બંને જણ સહિયારું સુખ પામવા આગળ વધે છે. લગ્નજીવનમાં વણલખ્યો નિયમ છે કે જે બીજાને સુખી કરે છે તે વધુ સુખી થાય છે અને જે બીજા પાસેથી વધુ સુખની અપેક્ષા રાખે છે તે આખરે વધારે દુઃખી થાય છે.

લગ્નજીવનમાં મુખ્ય બે બાબતો છે : પ્રેમ અને સેક્સ. આ બન્ને બાબતે જે પતિ-પત્નીને સંતોષ હશે, તેમને બીજી કોઈ પરેશાની કે પજવણી નહીં હોય. પ્રેમ હશે ત્યાં વિશ્વાસ, વફાદારી અને સમર્પણ હશે જ. સેક્સ બાબતે સંતોષ હશે ત્યાં (અમુક અપવાદો કરતાં) બહાર ભટકવાનું નહીં થાય.

એક વાત બહુ મહત્ત્વની છે. લગ્ન પહેલાં સૌંદર્યનો પ્રેમ હોય છે અને લગ્ન પછી પ્રેમનું સૌંદર્ય હોય છે. સૌંદર્યને ચાહવું એ કોઈ સિદ્ધિ નથી. સિદ્ધિ તો અ-સુંદરને ચાહી-ચાહીને સુંદર બનાવી દેવામાં છે! લગ્ન એ અદ્વૈતની સાધના છે. અદ્વૈત એટલે 'દો જિસ્મ મગર એક જાન હૈં હમ'ની મંગલ ભાવના. જ્યાં સુધી આવી ભાવના ખીલતી નથી ત્યાં સુધી પતિ-પત્ની પરસ્પરને ખટક્યા અને ખૂંચ્યા કરે છે. સ્ત્રી અને પુરુષ માટે લગ્ન આવશ્યક છે; છતાં તેઓ અરસિક હોય, જેમને કોઈ એક ખાસ સિદ્ધિ કે લક્ષ્ય માટે જીવનને દાવ પર મૂકવાનો થનગનાટ હોય એવી વ્યક્તિઓએ લગ્ન ન કરવાં જોઈએ. સમાજમાં ઘણાં લોકો લગ્ન પછીયે બ્રહ્મચર્યની પાછળ પડેલાં રહે છે અથવા તો પોતાની કલા કે પોતાના વ્યવસાયમાં વ્યસ્ત રહેવાને કારણે લાઈફ-પાર્ટનરને ન્યાય આપી શકતાં નથી. આવાં લોકો લગ્ન કરીને ખુદનું જીવતર તો બગાડે જ છે, સાથે-સાથે લાઈફ-પાર્ટનરના સુખનેય બાળી મુકે છે!'

આજે લગ્નજીવનની વિભાવના બદલાતી જોવા મળે છે. એક જમાનામાં સુહાગરાતે જ પતિ-પત્ની પરસ્પરને ફર્સ્ટ-ટાઈમ જોતાં હતાં કે મળતાં હતાં. હવે તો લીવ-ઈન-રિલેશન સુધી આપણે પહોંચી ચૂક્યા છીએ! લગ્ન વગર જ સ્ત્રી-પુરુષ પોતાની મરજીથી સહજીવન માણે છે. કેટલાંક તો હવે લગ્ન કરવાનું જ પસંદ નથી કરતાં! હિન્દી ફિલ્મોની એક ગુજરાતી અભિનેત્રીએ મને એક ઈન્ટરવ્યૂમાં કહેલું કે મારે લગ્ન કરવાની શી જરૂર છે? તમે લગ્ન કરીને એવું કયું સુખ ભોગવી રહ્યા છો, જે હું અત્યારે નથી ભોગવી શકતી? આ વિચાર સાથે સંમત થવાનું ન ગમે, છતાં એવા વિચારને હવે વ્યાપક સ્વીકૃતિ મળતી ગઈ છે એ સત્ય સ્વીકારવું જ રહ્યું. એક જમાનામાં લગ્ન પછી પડ્યું પાનું નિભાવી લેવાની ખાનદાની હતી, હવે ગમે ત્યારે છૂટાં પડી જવામાં કશી નાનમ નથી રહી. જે લોકો કાયદેસર છૂટાં નથી પડી

**(અનુસંધાન : જુઓ પાના નં.-૩૫ ઉપર)**

# જિંદગીને....

• સુરેશ અલકા પ્રજાપતિ •

હે જિંદગી!

મને એમ કે હું શીખી રહ્યો છું પરંતુ મારો શીખવાનો તો ભ્રમ માત્ર છે. જાણે કોઈ સંજોગો નિર્માણ કરે છે અને હું શીખતો જાઉં છું.

ક્યારેક વિચારું છું કે શીખીને છેવટે મારે કરવું છે શું?

પણ મજા તો શીખવાની પ્રક્રિયામાં જ આવે છે, અને એટલે જ અટકવાનું મન થતું નથી.

જે કંઈ શીખું છું તે છેવટે તો મારા શરીરને મારા અહંકારને ચલાવે છે, તો પછી શીખવાનો કોઈ મતલબ ખરો?

જેને મતલબ ને અર્થપૂર્ણ કહી રહ્યો છું, એ ખરેખર અર્થપૂર્ણ છે ખરું?

હે જિંદગી!

આટલો ઉલઝનમાં મને શા માટે નાખ્યો છે તેં?

હે જિંદગી!

એક ઝાડને કાપીને તેનો માવો બનાવવામાં આવ્યો.

આ માવામાંથી પીસીને એક કાગળનો ટુકડો બનાવવામાં આવ્યો. આ કાગળના ટુકડા માટે મેં મારી આખી જિંદગી બગાડી નાખી.

જો તારે ખુશ રહેવું હતું તો આવા કાગળના ટુકડાની શોધ શા માટે કરી?

વળી, તેના ઉપરના રંગબેરંગી સિક્કાઓએ તો મને બજારમાં રમતો મૂકી દીધો,

છતાં પણ,

આ ટુકડાઓનું ગમવું, તેમાંથી બહાર ના આવવું, કેટલું મોટુ તારું ષડયંત્ર છે.

શું બીજો કોઈ રસ્તો નથી જેનાથી હું સુખને સમજી શકું?

હે જિંદગી! આ કાગળના ટુકડાઓ માટે મારે આટલી મોટી કિંમત કેમ ચૂકવવી પડે છે?

હે જિંદગી!

ખરેખર મારે નક્કી કરવાનું છે ક્યાં જવાનું કે તું નક્કી કરે છે? મને એ આજ સુધી સમજાયું નથી. હું પોતે પસંદ કરીને જઈ રહ્યો છું એવો ભ્રમ મને સતત વળગાડી દીધો છે, પણ હકીકતમાં તો તું જ મને તારે જ્યાં લઈ જવો હોય ત્યાં પહોંચાડી દે છે.

રસ્તામાં હજારો લોકો મારી મદદે જુદાં જુદાં સ્વરૂપે આવે છે, એ ચાહે ડ્રાઈવર હોય, વેઈટર હોય, જરૂરી ચીજો વેચવાવાળા હોય. એમને મારી વ્યવસ્થામાં જોઈને તો એવું ચોક્કસ લાગે છે કે ખરેખર હું નક્કી કરતો નથી.

બધા શું કરી રહ્યા છે એની એમને ખબર છે પરંતુ ખરેખર તેમને ખબર હોય છે ખરી?

હે જિંદગી!

તું આટલી ચાલાકીથી અમને ભ્રમિત કેમ કરી દે છે?

હે જિંદગી!

જીવનમાં આવનારાં દરેક પાત્રો અને એ પાત્રો સાથેનો નાતો તું નક્કી કરે છે કે હું નક્કી કરું છું? મારું આ ઘરમાં જન્મવું તે મારી મરજી કે તારી?

લાખો કરોડોમાંથી કોઈ એક વ્યક્તિ અચાનક આવીને મારા આ લાંબા પંથની સહવાસી બની જાય છે. શું ખરેખર આ સહવાસીને મેં પસંદ કર્યા કે ચાલાકીથી મારી સામે તેને લાવી દીધા. હું માનતો રહ્યો કે મેં પસંદગી કરી છે અને તું હસતાં હસતાં તારી ચાલાકી ઉપર ગૌરવ અનુભવે છે.

હે જિંદગી! મારો એક સવાલ છે. સૌથી લાંબા સથવારા માટે મેં માગણી કરી પણ આ સથવારો આટલો ખરબચડો કેમ કરી નાખ્યો?

અચાનક બીજા બે નાના જીવન અમારા ઘેર આવી ગયા. અમને એમ કે અમે કંઈક આપી રહ્યા છીએ, હકીકતમાં તો તેઓ અમને આપી રહ્યા છે. કોણ કોને શું આપી રહ્યું છે તેની લેશમાત્ર ખબર પડતી નથી.

હે જિંદગી! આ આપવાની અને લેવાની રમત કરવામાં તને શું મજા આવે છે?

હે જિંદગી!

હું કોઈને પ્રેમ કરું છું અને કોઈ મને પ્રેમ કરે છે, પણ અમે જે કરીએ છીએ તે ખરેખર પ્રેમ છે ખરો?

આખી જિંદગી જેને હું પ્રેમ સમજતો ગયો અને કરતો ગયો તે આખરે સમજાયું કે તે તો પ્રેમ જ નહોતો!

જેને પ્રેમ સમજતો હતો તે પ્રેમ નહીં પણ મારી એક પ્રકારની જરૂરિયાત જ નીકળી. સામેની વ્યક્તિ મને પ્રેમ કરતી હતી એવો ભાસ થયો પણ તે પણ સામેની વ્યક્તિની

કોઈ જરૂરિયાત જ હતી.

તો પછી,

પ્રેમ જેવું કંઈ હોય છે ખરું?

અમને આખી જિંદગી પ્રેમના વહેમમાં પસાર કરવામાં તને કંઈ મજા આવે છે?

લાગણીઓની હાલકડોલક નાવને આખી સફરમાં તો તું ખબર પડવા જ દેતી નથી કે અમે જે સમંદર ઉપર તરીએ છીએ તે ખુદ સમંદર જ પ્રેમ છે.

હે જિંદગી! તો પછી પહેલેથી અમને જણાવને તો અમે કિનારે આમ પ્રેમ માટે ફાંફા ના મારીએ!

હે જિંદગી!

મારી અડધી મુસાફરી તો શીખવામાં લગાડી દીધી. જેને હું શિક્ષા માનતો ગયો તે પણ મારો ભ્રમ બનતો ગયો. આખરે તારી પોલ ખૂલી ગઈ છે. શિક્ષાના નામે જ તું મને ભ્રમિત કરી નાખે છે.

અમારી શરૂઆતની મુસાફરીમાં જ તું અમને બતાવી દેતી હોત તો?

તું તો એટલી હદે ગઈ ગુજરેલ છે કે અંતિમ સ્ટેશને ઉતરવાનું થાય અને મોટેથી એનાઉન્સ કરે છે કે જે શિક્ષા મેળવી તે માત્ર રસ્તામાં હોટલનું બિલ ચૂકવવા પૂરતી જ હતી.

પણ,

હે જિંદગી! અમને પહેલેથી તું સાચી શિક્ષા કેમ નથી આપતી? અંતિમ સ્ટેશને સમજાવીને અમને શા માટે દુ:ખી કરે છે?

હે જિંદગી!

આખી મુસાફરી દરમ્યાન ગાડી બદલતો રહ્યો, સ્ટેશન બદલતો રહ્યો, હોટલ બદલતો રહ્યો.

મારી આસપાસના લોકો મારા આ તમામ બદલાવને આશ્ચર્યના ભાવ સાથે જોતા રહ્યા. તેઓએ આવા બદલાવને સફળતાનું બિરૂદ આપી દીધું.

મારી સફળતાની વ્યાખ્યા આટલી ક્ષુલ્લક બનાવીને મારો સંપૂર્ણ સમય બરબાદ કરતાં તને શરમ ના આવે? જે સફળતા છે જ નહીં એને સફળતા ગણાવી આખી મુસાફરી દરમ્યાન મને નશામાં ચકનાચૂર બનાવી દીધો. હું સફળતાનાં લેક્ચર આપતો ગયો અને તું મારી ઉપર હસતી રહી.

હે જિંદગી!

કોઈનો આવો સમય બરબાદ કરવામાં તને કયું સુખ મળતું હશે? અમને પહેલેથી જ જણાવી દે ને કે સાચી સફળતા શું છે?

**સૌજન્ય : "જિંદગી – mystery unfold"**

**બુઢાપો....**

હાણે કેળા હેરણ ફેરણ,
હાણે કેળા હિલણ મિલણ,
હાણે રોણું પ્રભુ પાર્શ્વજે શરણ શરણ,
'રશ્મિન્' ચુમે તોજા ચરણ ચરણ.

– રશ્મિન ખોના (મુંબઈ)

**બુટીક જ્વેલર્સ**

સેમી કલ્ચર મોતી, રાઈસ મોતી, રીયલ મોતી, કલ્ચર મોતી, શુદ્ધ ચાંદીના દાગીના, કુંદનના સેટ (જડતર) અને ૧૮ કેરેટ સોના અને ચાંદીમાં અમેરિકન ડાયમંડ જ્વેલરી
૧ ગ્રામ સોનાના દાગીના મળશે.
(પેરોણીગર રોજ બેસે છે.)

૨, હરિ ભુવન, ઝવેર રોડ, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.
ફોન : (૦૨૨) ૨૫૬૧ ૯૫૪૧ ● મો. ૯૮૨૧૪ ૭૩૫૦૧

**પ્રો. : જવેર બી. ખોના**

**પંચગની હવાફેર**

પ્રકૃતિના સાન્નિધ્યમાં,
સુંદર મનોહર આલ્હાદક વાતાવરણમાં
હવાફેર કરવા પધારો.
**શુધ્ધ સાત્વિક ભોજનશાળાની સુવિધા છે.**
**૩, ૪ અને ૭ દિવસ માટે રૂમ આપવામાં આવે છે.**

**રાજલક્ષ્મી આરોગ્યધામ**

**મુંબઈમાં બુકિંગ માટે સંપર્ક : 08879677709**

**Laxmichand Dharshi**
Estd. 1955
Container Transportation & Handling
Govt. Contractors • Erection Job
Owners & Suppliers
Crane • Top Lifter • Forklift • Trailor • Truck • Labour

Calcuttawala Building, Masjid Bunder,
137/41, Samuel Street, Mumbai-400 009.

**H.O.** : 2347 5611 • 2345 4093 • Fax : 2347 5619
**L. D. Yard (Jasai, JNPT)** : 6522 3399

# સાંધ્ય વેળાએ

• રશ્મિ શાહ •

છેલ્લા કેટલાક દિવસોથી ઠંડીનું પ્રમાણ ઉત્તરોત્તર વધી રહ્યું છે. આમ પણ ગુજરાતની એ ખાસિયત રહી છે કે સામાન્ય રીતે ડિસેમ્બરના અંત ભાગથી શરૂ કરી ફેબ્રુઆરી માસની શરૂઆત સુધી ઠંડીનો ચમકારો ચાલુ રહે છે. એમાંય જ્યારે જ્યારે જમ્મુ-કાશ્મીર, હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ સહિતના હિમાલયના પર્વતીય વિસ્તારોમાં બરફ વર્ષા થાય ત્યારે કચ્છ-સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાતના વિસ્તારોમાં ઠંડીનું મોજું ફરી વળે છે અને ઉષ્ણતામાન સામાન્યથી નીચું જતું રહે છે.

આવી કાતિલ ઠંડી હોવા છતાંય મોબાઈલ ફોનમાં સેટ કરેલ એલાર્મ રણકતાં જ અમલ શાહ ઊઠી ગયો. સિત્તેર વર્ષની ઉંમરેય એનામાં હજી તાજગી અને સ્ફૂર્તિ એટલાં જ છે જે યુવાન વયે હતાં.

અમલ શાહ નિવૃત્તિ આઈ.એ.એસ. અધિકારી છે. નિવૃત્તિ પછીય પ્રવૃત્તિમય છે. જોકે એની કોઈ પ્રવૃત્તિ આર્થિક ઉપાર્જન માટે નથી. જીવનની રોજિંદી પ્રવૃત્તિની સાથે સાથે થોડીઘણી સામાજિક પ્રવૃત્તિ દ્વારા જીવનને માણી રહ્યો છે અને જીવનની એકલતાને વિસારે પાડી રહ્યા છે. અમલ હાલ સ્વતંત્ર સોસાયટીના બંગલા નંબર ૧૨ માં રહે છે. એ વિસ્તારના લોકો સ્વતંત્ર સોસાયટીને સરકારી બંગલા તરીકે ઓળખે છે. આ સોસાયટીના અસ્તિત્વનું શ્રેય પણ અમલના ફાળે જ જાય છે. આજથી લગભગ પાંત્રીસેક વર્ષ પહેલાં જ્યારે એ નગર વિકાસ ખાતામાં ડેપ્યુટી સેક્રેટરી હતો ત્યારે એને વિચાર આવેલ કે શહેરથી ત્રણેક કિલોમીટરના અંતરે એક સુંદર જગ્યા પર સરકારી અધિકારીઓના નિવાસ માટેની યોજના બનાવાય જે રાજ્ય સરકારના દ્વારા એનું આયોજન થાય. સામાન્ય રીતે સરકાર દ્વારા સરકારી વસાહતો બનાવાય છે. ઉપરાંત વારંવાર બદલી થતાં અધિકારીઓના નિવાસ માટે સરકારી આવાસો પણ બનાવાય છે. પરંતુ સરકારના અધિકારીઓ માટેની હાઉસિંગ લોનનો ઉપયોગ કરી માત્ર ઉચ્ચ અધિકારીઓ માટે બંગલા બનાવાય તો જુદા જુદા વિભાગની વ્યક્તિઓ વચ્ચે વાતચીત તથા સમન્વય રહી શકે. અને કામકાજમાં એકબીજાને ઉપયોગી થઈ શકાય. વળી એ નગર વિકાસ ખાતામાં હોઈ એ વાતથી વાકેફ પણ હતો કે આવતાં વરસોમાં એ વિસ્તાર શહેરી વિકાસ સત્તામંડળનો ભાગ થઈ શકશે. આવા વિચાર સાથે ત્યારે એણે સરકારમાં મોકલેલ દરખાસ્ત મંજૂર થયેથી સ્વતંત્ર સોસાયટી બનેલી જેમાં હાલ કેટલાય નિવૃત્ત આઈ.એ.એસ., આઈ.પી.એસ., આઈ.એફ.એસ. સહિતના અધિકારીઓ નિવાસ કરી રહ્યા છે. આ તમામ અધિકારીઓ અમલનો આદર કરે છે. કારણો અનેક છે. પહેલું કારણ સોસાયટીના બાંધકામથી શરૂ કરી આજ પર્યંત એના વહીવટમાં પ્રામાણિકતા અને પારદર્શિતા જળવાઈ રહે એ માટે અમલનું યોગદાન. બીજું કારણ સૌ સાથે હળીમળી રહેવું અને વિપરીત સમય-સંજોગોમાં યોગ્ય મદદ કરવી. ત્રીજું અને મહત્ત્વનું કારણ જે મનોમન સૌ સમજતાં કે હોદ્દાની રૂએ અન્ય લાભો સુખસગવડો તેઓ જે મેળવી શકતા અગર ભોગવી શકતા એ બાબતે અમલ નિસ્પૃહી અધિકારી હતો. સરકારમાં પણ એની આગવી છાપ હતી. સરળ હોવા છતાંય સ્પષ્ટ વક્તા હોઈ સંજોગોવશાત્ જરૂર પડ્યે સત્યનું ઉચ્ચારણ કરતાં ખચકાતો પણ નહીં.

ખેર! જીવનમાં ઘણું બધું હોવા છતાંય અમલ છેલ્લા એકાદ માસથી મનોમન ખાલી થઈ ગયો છે. એક માસ પહેલાં જ એની પ્રિય પત્નીના અવસાને હૃદયનો એક ખૂણો સાવ સૂનો થઈ ગયો છે. છતાંય મૃત્યુ એ જીવનનો જ એક પડાવ છે એમ સ્વીકારી, સ્વસ્થ રહેવા પ્રયત્નશીલ રહે છે. અને એટલે જ...

મોબાઈલમાં ઍલાર્મની રિંગ સાંભળતાં જ અમલ, આટલી તીવ્ર ઠંડી હોવા છતાંય, પથારીમાંથી ઊભો થયો. નિત્યક્રમ મુજબ યોગ સહિતની કસરતો કરી, શૌચ આદિ ક્રિયાઓ પતાવી, ગરમ કપડાં, માથે ગરમ ટોપી પહેરી મૉર્નિંગ વૉક માટે નીકળી પડ્યો. સોસાયટીના નાકે જ એના બંને સાથીદારો બંગલા નંબર ૪ માં રહેતા નિખિલ મહેતા અને બંગલા નં. ૭ માં રહેતા પ્રદ્યુમ્ન દવે એની રાહ જોતાં ઊભા જ હતા.

'ઓહ, આઈ એમ સૉરી. આજે હું મોડો પડ્યો' અમલે બંનેને જોઈ કહ્યું. નિખિલે હસીને જવાબ આપતાં કહ્યું,

'ઇટ્સ ઓ.કે. મિસ્ટર અમલ શાહ, ક્યારેક મોડું થાય એનો વાંધો નહીં. બેટર લેઈટ ધેન નેવર. તમારો જ મંત્ર છે ને!'

'એની હાવ! ગુડમૉર્નિંગ મિસ્ટર શાહ' પ્રદ્યુમ્નએ વળી મજાકમાં જોડાતાં કહ્યું.

'કેમ ભાઈ આજે બેઉ જણ સવારે સવારે કાંઈ મજાકના મૂડમાં છો! રાત્રે બહુ મજા કરી લાગે છે.'

અમલે પણ મજાકમાં જોડાતાં કહ્યું અને ત્રણે જણ હસી પડ્યા. રોજ મૉર્નિંગ વૉક દરમિયાન હસતા રહેવાનો ત્રણેનો નિયમ રહ્યો છે. આમ તો ત્રણેની દોસ્તી અને વહેલી સવારે ચાલવાનો ક્રમ છેલ્લાં ઘણાં વરસોથી રહ્યો છે. એક જ સોસાયટીમાં રહેતા હોવા ઉપરાંત ક્રિકેટ, રાજકારણ અને સાહિત્યવાંચન ત્રણેનો સામાન્ય શોખ હોઈ સવારે સવારે ક્યારેક હસી-મજાક સાથે એ વિષયોની ચર્ચાઓ

પણ જામતી.

નિખિલ મહેતા જ્ઞાતિએ નાગર હોવા સાથે નિવૃત્ત પોલીસ કમિશનર હતો. સામાન્ય રીતે નાગરો શિક્ષણ-સાહિત્ય, સંગીત કે કલાના ક્ષેત્ર સાથે સંકળાયેલા હોય છે. કેટલાક નિખિલ જેવા વિરલાઓ લશ્કર કે પોલીસખાતામાં પણ જોડાતા હોય છે. પ્રદ્યુમ્ન દવે ઈન્કમટૅક્સ સહિતના સરકારના રેવન્યુ ખાતામાં ઊંચા હોદ્દા પર રહી ચૂક્યો છે. ત્રણે મિત્રો હસી-ખુશીથી વાતો કરતાં આગળ વધ્યા.

આગળ ચાર રસ્તા પાસે અન્ય બે મિત્રો મળ્યા. કૃષ્ણસિંહ જાડેજા અને ડૉક્ટર પથિક પટેલ. બેઉ જણ સ્વતંત્ર બંગલાથી આગળ રસ્તા પરની ગોકુલ સોસાયટીમાં રહે છે. મિસ્ટર જાડેજાનો પોતાનો મશીનરીનો વ્યવસાય છે. જ્યારે ડૉક્ટર પટેલ એમ.બી.બી.એસ. હોઈ વરસો સુધી એ વિસ્તારમાં ફૅમિલી ફિઝિશિયન તરીકે દવાખાનું ચલાવતા હતા. ઉંમરને લઈ છેલ્લાં પાંચેક વર્ષથી પ્રૅક્ટિસ બંધ કરી દીધી છે. પણ સવારે બે કલાક જરૂરિયાતવાળા અને સામાન્ય માણસોને વિના મૂલ્યે સેવાઓ આપે છે. ડૉક્ટરનો એક દીકરો અને એક દીકરી પરદેશમાં છે. દીકરો અમેરિકામાં એક કમ્પ્યૂટર કંપનીમાં ઊંચા હોદ્દા પર છે. જ્યારે દીકરી ઇંગ્લેન્ડમાં વસે છે. ડૉક્ટર સંતાનોના કારણે અને ખાસ તો પત્નીનાં સંતાનો પ્રત્યેના વધુ પડતા લગાવના કારણે થોડો વખત ભારતમાં અને થોડો સમય પરદેશમાં ગાળે છે. જોકે એમનું મન તો ભારતમાં જ રહેતું હોય છે.

ડૉક્ટર પટેલના કારણે અમલ સહિતના સાથીદારોને મોર્નિંગ વોકમાં જાડેજાની પણ ઓળખાણ થયેલી અને એ રીતે પાંચે વડીલોની કંપની બરાબર જામી ગયેલી. પાંચે મિત્રોએ કેટલાક અલિખિત નિયમો પાળવાનું નક્કી કરેલ. પહેલો નિયમ સવારે ચાલતાં ચાલતાં હસવાનું અને એ પણ જાત પર. અન્ય કોઈ વ્યક્તિની ટીકા-ટિપ્પણી નહીં કરવાની. રાજકારણ કે રમતગમતની ચર્ચા થાય ત્યારે મતમતાંતર થાય તોપણ કોઈએ ઉગ્ર નહીં થવાનું. સવારની તાજગી જાળવી રાખવાની.

એ રીતે પાંચ મિત્રો સવારે મુખ્ય રસ્તા પર થઈ મ્યુનિસિપલ ગાર્ડન સુધી ચાલતા. એ અંતર આશરે ત્રણ કિલોમીટર થતું. ઉનાળાના દિવસોમાં તો ક્યારેક ગાર્ડનમાં પણ થોડું ફરતાં અને પછી ત્યાં બાંકડા પાસે બેસી થોડી વાતો કરી લેતાં. ટૂંકમાં સવારે છએક કિલોમીટર ચાલી સવારની સાથે આખો દિવસ સુધારી લેતા અને સ્વાસ્થ્ય પણ જાળવી રાખતા.

એ રીતે ચાલતાં ચાલતાં પાંચેય મિત્રો રોજના રસ્તે આગળ વધ્યા. નિયમ મુજબ ગાર્ડન સુધીનું અંતર ચૂપચાપ અને ઝડપી ચાલે પૂરું કર્યું. પાછા વળતી વખતે સામાન્ય રીતે હળવાશથી અને વાતો કરતા સૌ ચાલતા. ડૉક્ટર પટેલે વાતની શરૂઆત કરતાં કહ્યું, ‘દવે સાહેબ મને ખ્યાલ છે ત્યાં સુધી તમે તમારી કાયમી લેવાની બી.પી., કૉલેસ્ટેરૉલ તથા હૃદયરોગ અંગેની દવાઓ મ્યુનિસિપલ હૉસ્પિટલ સામેના એક મેડિકલ સ્ટોરમાંથી લો છો જે તમને વીસેક ટકા રિબેટ આપે છે. બરાબરને?’

પ્રદ્યુમ્ન દવે ડૉક્ટર પટેલના નિવેદનથી થોડા ચોંક્યા. પછી જવાબ આપતાં કહ્યું, ‘હા, હું ત્યાંથી જ દવાઓ ખરીદું છું. અને સામાન્ય રીતે ત્રણેક માસની જથ્થાબંધ દવાઓ લઉં છું એટલે મને વધારે રિબેટ આપે છે. પણ તમે કેમ આવો સવાલ ઉપસ્થિત કર્યો?’

ડૉક્ટર પટેલે ખૂબ જ શાંત અને સ્વસ્થ ચિત્તે જવાબ આપતાં કહ્યું, ‘જુઓ, દવેસાહેબ હું તમને ગભરાવવા કે મૂંઝવણમાં મૂકવા નથી માંગતો. પણ મારી જાણ મુજબ આ બધી દવાઓ ‘લાઈફ સેવિંગ ડ્રગ્ઝ’ ગણાય. એમાં મોટે ભાગે જાણીતી કંપનીઓ મેડિકલ સ્ટોરવાળાને સાતથી ચૌદ-પંદર ટકા કમિશન આપતી હોય છે. હવે એ સ્ટોરવાળા ગ્રાહકને વીસ ટકા રિબેટ કેવી રીતે આપી શકે? બીજું હમણાં મારા ધ્યાનમાં એક વાત આવી છે કે કેટલાક લોકો ‘એક્સ્પાયરી ડેટ’ - તારીખ વીતી ગયાની દવાઓ નવી તારીખ નાંખી સ્ટોરવાળાને સસ્તા ભાવે આપતા હોય છે. આ દેશમાં આવાં કૌભાંડો સામાન્ય બાબત છે. માટે સ્વાસ્થ્ય બાબતે બહુ લોભ કરવો નહીં.

વળી એક વાત સ્પષ્ટ સમજો કે આવી ‘એક્સ્પાયરી ડેટ’ ની દવા નુકસાન કરે છે એવું સાવ નથી પણ દવાની અસર જોઈએ તેવી થતી નથી. એટલે એક ડૉક્ટર તરીકે મારું અંગત મંતવ્ય છે કે વધારે રિબેટ મળે એ કરતાં દવાના સ્ટોરવાળા વિશ્વાસુ હોય એ જરૂરી છે.’

અમલ સહિત સહુએ ડૉક્ટર પટેલની વાતમાં સૂર પુરાવતાં, પ્રદ્યુમ્ન દવેએ ખાતરી આપતાં જણાવ્યું કે ભવિષ્યમાં તે એ બાબતે જરૂર ધ્યાન રાખશે.

ચર્ચા દરમિયાન સ્વભાવથી વિરુદ્ધ સાવ શાંત રહેલાં જાડેજા તરફ જોઈ, અમલે ટીખળ કરતાં કહ્યું, ‘કેમ બાપુ આજે તમે બહુ શાંત લાગો છો? કે પછી ડૉક્ટરસાહેબની વાતમાં સમજણ ના પડી?’

જાડેજાએ ગંભીર મુદ્રામાં જવાબ આપતાં કહ્યું, ‘હા ભાઈ અમલ, તમારી વાત તો સાવ સાચી હોં. મારુ વાલુ આ ડોક્ટરની વાત્યુંમાં મને બહુ સમજ નો પડે. ને તોય વિચારું કે તમે બહુ બુદ્ધિવાળા લોકોને આ બી.પી., ડાયાબિટીસ ને કૉલેસ્ટરૉલને એવું કાં થયા કરે! આ જુઓ અમને દરબારને કાંય થાય છે?’

‘એમાં તો એવું છે ને દરબાર કે આવા મોટા રોગો બહુ બુદ્ધિવાળા ને વિચાર કરવાવાળા લોકોને જ થાય. સમજ્યા?’ ડૉક્ટર પટેલે મજાક કરતાં કહ્યું.

‘એ વાત સાચી હોં ડૉક્ટર. એટલે તો તમે ને હું બેઉ એક જ કૅટેગરીના. ના તમને આવા કોઈ રોગ, ના મને આવી કોઈ ઉપાધિ.’ ડૉક્ટર સહિત સહુ હસી પડ્યા. આમ સવારની તાજગીને આનંદ સભર ભરતાં સહુ વિખૂટા પડ્યા.

અમલ દરવાજો ખોલી જેવો ઘરમાં દાખલ થયો ત્યાં ડ્રૉઈંગરૂમની દીવાલે નજર સામે જ દિવંગત પત્નીની તસવીર જોતાં

બેચેન થઈ ગયો. પત્નીના અવસાનને લઈ છેલ્લાં મહિનાથી ઉદાસી હૃદયમાં ઘર કરી ગઈ છે. મોર્નિંગ વૉકમાંથી જેવો પાછો ફરે છે, પૂર્વ દિશામાં સૂર્યનારાયણનો રથ આકાશમાં આવીને ઊભો રહે છે. અને તેના પ્રથમ સોનેરી સુંવાળાં કિરણો સ્વર્ગસ્થ પત્નીના હસતાં ચહેરાને ચમકાવે છે અને એ સાથે જ મન ઉદ્વિગ્ન થઈ જાય છે. બહાર વૃક્ષો અને પુષ્પો પર બાઝેલાં ઝાકળબિંદુ જાણે દોડતાં આવી એની પલકો ઉપર બેસી જાય છે અને જીવનની સમીસાંજની ભીનાશ આંતરમનના ઊંડાણ સુધી પ્રસરી જાય છે અને અમલ ક્યાંય સુધી તસવીરમાં છુપાયેલા એ હસતા ચહેરાને જોતો રહે છે.

એ દિવસે એણે મિતને આવી જ રીતે હસતી જોઈ હતી. આમ તો એની પત્નીનું નામ મિતા હતું પણ પ્રેમથી એ કાયમ અને મિત જ કહેતો હતો. કદાચ એણે જોયેલું એ છેલ્લું હાસ્ય હતું.

નિત્યક્રમ મુજબ, એ દિવસે, જમ્યા બાદ, બેઉ પતિ-પત્ની ટીવીમાં મનપસંદ સિરિયલ જોઈ રહ્યાં હતાં. માંડ વીસેક મિનિટ પસાર થઈ અને મિતે બાજુમાં બેઠેલ અમલનો હાથ પકડી, એના ખભે માથું ઢાળી દેતાં કહ્યું,

'અમલ, મને ચક્કર આવે છે. માથામાં સણકા મારે છે અને વૉમિટ જેવું થાય છે. ખબર નથી અચાનક શું થઈ ગયું છે!'

અમલે ક્ષણનો પણ વિલંબ કર્યા વગર મિતને સોફા પર સુવાડી દીધી અને ડૉક્ટર પટેલને ફોન કરી, મિતની તબિયત વિશે ટૂંકી માહિતી આપતાં, તાત્કાલિક ઘેર આવી જવા જણાવ્યું. ડૉક્ટર પટેલે આવી મિતને તપાસી. નાડીના ધબકારા અને બી.પી. વગેરે ચકાસ્યાં અને વધારે કાંઈ ખુલાસો કર્યા વિના મિતને તુરંત ઇસ્પિતાલ લઈ જવા સૂચન કર્યું. પોતે પણ સાથે આવે છે એમ જણાવતાં ડૉક્ટર પટેલે એ વિસ્તારમાં આવેલ ડૉક્ટર અમીન મલ્ટિસ્પેશિયાલિટી હોસ્પિટલમાં ફોન કરી જાણ કરી દીધી.

મિતાને ત્રણ દિવસ હોસ્પિટલમાં રાખવામાં આવી. એ ત્રણ દિવસ અમલ માટે ત્રણ યુગ બની ગયા. અને છતાંય આખરે તો એક અવિસ્મરણીય યુગનો અંત આવી ગયો.

મિતાને....અમલની મિતને એ રાત્રે દાખલ કરી ત્યારથી જ ડૉક્ટર પથિક પટેલ સતત પડછાયાની જેમ સારવાર દરમિયાન હાજર રહી દોડધામ કરતા રહ્યા. મિતાના એક પછી એક પરીક્ષણો થતા રહ્યાં. હાથની નસ વાટે કંઈ કેટલાંય ઇન્જેક્શનો અને દવાઓ શરીરના અવયવોને પહોંચાડાઈ રહ્યાં. વહેલી સવારે ડૉક્ટર પટેલે અમલને જણાવ્યું કે મિતાના મગજ સુધી લોહી બરાબર પહોંચતું નથી. એના મગજનું સી.ટી.સ્કેન કરાવ્યા બાદ કાંઈક ચોક્કસ નિદાન થઈ શકશે. આઠેક વાગતાં મિતાને સી.ટી.સ્કેન માટે લઈ જવામાં આવી. રિપોર્ટ મુજબ મગજમાં સાચે જ લોહી પહોંચતું નહોતું. અન્ય કેટલાંક પરીક્ષણો અને સારવાર ચાલતી રહી. પણ ખાસ કોઈ સુધારો જણાતો નહોતો. ડૉક્ટર્સનું માનવું હતું કે બોત્તેર કલાક કટોકટીભર્યા કહી શકાય. બીજા દિવસે તબિયત વધારે બગડી. ડૉક્ટર પટેલે અમલને સમજાવતાં કહ્યું કે મિતાના લીવર અને કિડની પર અસર થઈ રહી છે. મેડિકલ ભાષામાં કેસ ક્રિટિકલ થઈ રહ્યો છે. તારી એકની એક દીકરીને શક્ય હોય તો અમેરિકાથી બોલાવી લે. આપણે ઈશ્વરને પ્રાર્થના કરીએ કે સારું થઈ જાય પણ છતાંય... ડૉક્ટર પટેલ આગળ બોલી ના શક્યા.

અમલ સાવ દિગ્મૂઢ થઈ ગયો. એ સમજી કે વિચારી નહોતો શકતો કે એની મિતને અચાનક ક્યાંથી આવી ગંભીર બીમારી આવી પડી. હજી તો માંડ અડસઠ વર્ષની ઉંમર છે. બ્લડપ્રેશર સિવાય કોઈ અન્ય બીમારી નથી. દવાઓ પણ નિયમિત લેતી હતી. છતાંય એકાએક આવું કેમ?

એ રાત્રે અમલે અમેરિકા ફોન કરી એકની એક દીકરી અર્યમાને એની મમ્મીની તબિયતના સમાચાર આપતાં તાત્કાલિક આવી જવા જણાવ્યું. જરાય વિલંબ કર્યા વિના અર્યમા પહેલી મળી તે ફ્લાઈટ પકડી આવી ગઈ. ઍરપોર્ટથી સીધી જ હૉસ્પિટલ આવી. મિત પણ જાણે દીકરીને મળવા, એનો ચહેરો જોવા જ જીવિત હોય એમ અર્યમાને જોતાં જ, અર્યમાએ માનો હાથ હાથમાં લીધો ત્યાં જ બેઉ આંખના ખૂણેથી બે બુંદ મોતી ટપક્યાં અને મિત અંતિમ સફરે ચાલી નીકળી. ક્ષણાર્ધ એકબીજાના ચહેરા તરફ દૃષ્ટિ નાંખી, બાપ-દીકરી બેઉ ચોધાર આંસુએ રડી પડતાં, એકબીજાને ભેટી પડ્યાં. માત્ર ત્રણ દિવસની ટૂંકી સેવા-સારવાર અને આશરે સાડા ચાર દાયકાનો સાથ છોડી મિત ચાલી નીકળી. એ આઘાત સહન કરવાનું અમલ માટે જેટલું દુષ્કર અને દુઃખદાયી હતું તેટલું જ દીકરીને પણ અસહ્ય અને દુઃખકર હતું.

'પપ્પા, આ શું થઈ ગયું? કેમ મમ્મી આમ એકાએક...' ડૂસકાં ભરતાં ભરતાં દીકરી એટલું જ બોલી શકી. એના માથે હાથ ફેરવતાં, અશ્રુભરી આંખે અમલ બોલ્યો, 'દીકરી અર્યમા, સાડા ચાર દાયકાનો એક યુગ આમ એક ક્ષણમાં ઓગળી જશે એવું મેંય ક્યાં કલ્પ્યું હતું! દીકરી આપણે બેઉ આજે નિરાધાર થઈ ગયાં.'

બેઉમાંથી કોઈની પાસે વધારે શબ્દો જ ક્યાં હતા? આંખથી વહેતી નદીમાં વહી જતી લાગણીઓમાં શબ્દોય તણાઈ જતા હતા. ત્રણ દિવસથી સતત ખડેપગે રહેલા અમલના મિત્રો, સ્નેહીઓ, સ્વજનો બાપ-દીકરીને આશ્વાસન આપી રહ્યા.

બાપ-દીકરીએ સાથે મળીને જ મિતાને અગ્નિદાહ આપતાં આખરી વિદાય આપી. ચિતાની આગમાંથી ઊઠતી ધૂમ્રસેર, વિલીન થઈ રહેલ નશ્વરદેહ સાથેના સંબંધોને આકાશની શૂન્યતામાં જાણે ઓગાળી રહી હોય તેવા ભાવ સાથે બાપ-દીકરી ક્યાંય સુધી નિહાળતા રહ્યાં અને આખરે બચી ગયેલા અસ્થિને કુંભમાં એકત્ર કરી ઘર તરફ પ્રયાણ કર્યું.

દસ દિવસ રોકાઈ અર્યમા પરત ફરી. જતાં પહેલાં, એક દિવસ પિતા સાથે બેસી એમને સમજાવતાં કહ્યું, 'પપ્પા, હું જાણું

છું મમ્મી વગરના ઘરમાં રહેવું તમારે માટે કેટલુ કઠિન છે. હું પોતે આટલા દિવસ આ ઘરમાં સતત મમ્મીના હોવાના ભ્રમમાં જીવી છું. મને સતત જાણે નજર સામે એ ફરતી દેખાઈ છે. એનો અવાજ સતત કાનમાં ગુંજ્યા કરે છે. પપ્પા, મમ્મી નહીં હોવાના સત્ય કરતાં, એના હોવાની ભ્રમણા વિશેષ દુઃખકર છે. પપ્પા, તમે તો સતત એની સાથે જ રહ્યા છો. તમે આ ઘરમાં એકલા નહીં રહી શકો. ચાલો, મારી સાથે અમેરિકા. તમારી પાસે વિઝા પણ છે જ. બેઉ બાળકો પણ તમને જોઈને ખુશ થશે. પ્લીઝ પપ્પા!'

અમલ દીકરીની લાગણી સમજતો હતો. એણે એનો હાથ હાથમાં લઈ કહ્યું, 'બેટા તારી વાત સાવ સાચી છે. મારી મિત વિના આ ઘર હવે ઘર નથી રહેવાનું. મારા માટે એની ગેરહાજરી બહુ દુષ્કર છે. પણ જીવનમાં ક્યારેક તો મારી કે તારી મમ્મી સાથે આવું બનવાનું જ હતું. મારી સાથે બન્યું એનોય વાંધો નથી. પણ આટલું જલદી અને અચિંતવ્યું આવી પડશે એવી ક્યાં ખબર હતી. ખેર! જેવી માલિકની મરજી. તારી સાથે આવવાનું મને ગમે. ચોક્કસ ગમે. પણ હમણાં નહીં. તને ખબર છે કે મારી સામાજિક પ્રવૃત્તિ ચાલુ જ છે. અત્યાર સુધી સવારે બે-ચાર કલાક પ્રવૃત્ત રહેતો. સાંજે તારી મમ્મી સાથે સમય વિતાવતો. હવે સાંજના સમયે પણ પ્રવૃત્તિ થઈ શકશે. વળી અહીં મિત્રો પણ છે. આ ઘરમાં હજી તારી મમ્મીની યાદો જીવંત છે. એ યાદો સાથે રહેવાતાં ટેવાવું પડશે. આવીશ. થોડા મહિના પછી તારે ત્યાં પણ આવીશ. જ્યારે તારી માની ના હયાતી સાથે આ ઘરમાં રહેતો થઈ જઈશ, પછી.'

અને અર્યમા ચાલી ગઈ. એને ઍરપોર્ટ પર મૂકવા ગયો ત્યારે અમલ ખૂબ લાગણીશીલ બની ગયો હતો. અર્યમા પણ અમલને મૂકીને જતાં અસ્વસ્થ થઈ ગઈ હતી. છતાંય જવું પડે એમ હતું. ત્યાં પતિ હતો, બાળકો હતાં. એથી વિશેષ એ ડોલરિયા દેશમાં નોકરી હતી. જે જરૂરી પણ હતી.

કંઈ કેટકેટલું યાદ આવ્યા કરે છે આમ રોજ સવારે અમલને જ્યારે એ મૉર્નિંગ વૉક કરી ઘરમાં પ્રવેશે છે...

બહારના ધુમ્મસથી વિશેષ મનનું ધુમ્મસ આંખોને ધૂંધળી કરે છે. અમલે સ્વસ્થ થવાની કોશિશ કરતાં, મિતની તસવીર તરફથી રસોડા તરફ પ્રયાણ કર્યું. સવારની ચા હવે તો જાતે જ બનાવવાની છે. પહેલાંની જેમ હવે ક્યાં મિત...

***સૌજન્ય : 'સાંધ્ય વેળાએ (વડીલોની વાતો)'***

**લઘુકથા**

# દુઃખમાં સૌ સુખમાં નહીં...

***– નટવર આહલપરા***

અમિતનું સ્વપ્ન સાકાર થયું. હાઈ ફાઈ એરિયામાં અમિતે બસ્સો વારનો પ્લોટ લીધો. લકઝુરિયસ બંગલો બનાવવા માટે આર્કિટેક્ટ એન્જિનિયર સાથે ટર્મ્સ કંડિશન થઈ. કન્સલ્ટિંગ સિવિલ એન્જિનિયરના માર્ગદર્શન હેઠળ અમિતના કોન્ટ્રાક્ટરે બંગલો બનાવવાના શ્રીગણેશ કર્યા. ત્રણ માળનો બંગલો તૈયાર. વાસ્તુ પૂજન પ્રસંગમાં કુટુંબને, બા, ભાઈ-ભાભી બધાંને તેડાવવા માટેની લાગણી અમિતના મનમાં પ્રગટી. તેને બાપુજીની યાદ આવી. બાપુજી આજે હોત તો કેવા રાજી થાત!

આંખ ભીની થઈ ગયેલી જોઈ, પત્ની અમિતા તાડૂકી, 'મારે કોઈની જરૂર નથી. બાએ, ભાઈ-ભાભીએ બંગલો બાંધવામાં આપણને મદદ કરીને શું મોથ મારી છે? આપણું કામ થઈ ગયું ને?'

વાસ્તુપૂજન સંપન્ન. અમિતા ફુલાઈ ગઈ. સ્વપ્નાં જોતાં જોતાં નિદ્રાધીન.

સવાર થઈ. અમિતા જાગી. બ્રેકફાસ્ટ તૈયાર કરતી વખતે તેના હાથમાંથી સેન્ડવિચ ટોસ્ટર પડી ગયું. તીવ્ર ધ્રુજારી... અમિતા સફાળી દોડી... રાડ પાડી ધરતીકંપ... ધરતીકંપ... બધા બંગલામાંથી બહાર.

ભૂકંપથી ડરી ગયેલો અમિતનો પરિવાર ત્રણ દિવસ અને ત્રણ રાત બંગલાની સામે ટેન્ટમાં પડ્યો રહ્યો. આશિત-અર્ચના માંદાં. બંગલામાં જવા નાખુશ.

અમિત મૂંઝાણો. શું કરવું, તે તેને સમજાયું નહીં. પતિને મૂંઝાયેલો જોઈ અમિતાએ રૌદ્ર સ્વરૂપ ધારણ કરી કહ્યું, 'આમ મરદ થઈને શું મૂંઝાઈ બેઠા છો? ભૂકંપ થયો તો શું થયું? આપણા મોટા ઘેર રહેવા પહોંચી જઈશું. ભાઈ-ભાભી ભોળાં છે, તેને હું મનાવી લઈશ. તમે બાને મનાવી લેજો, મુશ્કેલીમાં બધાં ભેગાં જ સારાં ને?'

***'શ્રી પવનતનય', ૩, વિમલનગર,***
***યુનિવર્સિટી રોડ, રાજકોટ-૩૬૦ ૦૦૫.***
***મો. ૯૯૭૪૦ ૦૯૦૪૨***

*કટુવાણીને પાછી ગળી જવાથી કોઈ માણસના પાચનતંત્રને નુકસાન થતું હોય એવું આજ સુધી તો નથી સાંભળ્યું.*

DEEP JYOT
STATIONERY MART
MFG. OF : EXERCISE & ACCOUNT BOOKS & ALL TYPES OF OFFICE FILES
JAYESH S. PAREKH
M. : 98241 06623
FACTORY : Plot No. 4601, G.I.D.C., Ankleshwar-393 002.
Ph. : 253137

# ચકલી, ઘરચકલી નહીં

• રતિલાલ 'અનિલ' •

માણસ એકડો નોંધાવે તો જ એકાંત કહેવાય, તે ન હોય ત્યારે પણ એકાંત તો હોય જ છે. માણસનો અભિનિવેશ છે કે હોય તે મારાથી હોય, મારાથી ઓળખાય! ત્રણ ગાળાના મકાનના પાછલા ભાગે ખૂણે ઓરડો મારા માપનો મળી ગયો. આમ નકામી માથાઝીંક ન ગમે અને ઘરમાં એવું તો સામાન્ય ક્યારેક ચાલે એટલે એકાંત ઓરડો શોધેલો, પાછળ કઠેડો તો નહીં પણ વાર ઊભી ભીંત ખરી, બહાર વાડામાં પારિજાત ને ઊભો આસોપાલવ નજીક પણ તાપીને રેલે કે પ્લેગે પારિજાતનો ભોગ લીધો અને રહી ગયો ઊભો આસોપાલવ. આવો લીલોછમ, ઊંચો, એનાં પાન પણ કેવાં વિનમ્ર પણ ડાળ નહીં એટલે માળો નહીં, એટલે વાંઝિયો, આસોપાલવને ઓછું ન લાગે એ માટે ચકલીઓ એના પર બોલે અને મારું એકાંત નજીક એટલે હડી પણ કાઢે. ઘરચકલી હતી જ. આ એકાંત અને અવકાશ ન હોત તો હું ચકલીને સમજ્યા વિના જ મરી જવાનો હતો. ચકલીને કારણે એકાંતમાં પણ વસતિ. ઘરમાં માળો બાંધનાર ચકલીને 'ઘરોબો ખરો' એટલે લખતો હોઉં તો માથે, ઊંચે બેસે અને ચકલીને માથે રાખીને લખું છું એવો અહેસાસ કરાવે. મને ચકલીઓની ક્રીડામાં એટલી જિજ્ઞાસા જાગી કે બહાર ઊંચા બોર્ડ પર એમને માટે વિવિધ ચણ મૂક્યા કરતો. તમે જાણો છો? ચકલી કોરા કરકરા મમરા કચડ કચડ જમી જાય છે. ચકલીઓ, સામે આસોપાલવ પર અડ્ડો જમાવે અને ચણ દેખાય કે ટોળાબંધ આવે, એમાં બચ્ચાંને લઈ આવેલી મમતામયી ચકલીમાતા પ્રત્યે મને આદર ઊપજ્યો. બચ્ચું ચાંચ ખોલે અને મા એમાં ચાંચ મૂકે. પેલું બચ્ચું ચણ ન મળે ત્યાં સુધી મોઢું ખોલી આતુરપણે પાંખ ફફડાવ્યા કરે. ચકલીઓ ને પછી કાબર પણ આવતી થઈ ત્યાં સુધી તો ઠીક, પણ ફાંગી આંખે ચારે તરફ ક્યાંક ખૂણે બેસી સરતપાસ કરતો કાગડો ખાબકી પડે. એની મર્દાનગી એ કે જ્યાં જઈને બેસે કે તરત કાઆ...બોલે અને ચેલેન્જ કરે, અલ્યા એઈ, મને ઉડાડવા માટે ઊઠ.

ચકલી અને કીડી હોય ત્યાં એકાંત ખરું? આ ડોસો શું કરે છે એ જોવા દિવસમાં દસ વાર ઘરચકલી આવી જાય. આ કોણેથી જુએ, તે કોણેથી જુએ, ટીવી પર, પંખા પર બેસીને ચંચળ જિજ્ઞાસુ નજરે જુએ. મારી ફોટોફ્રેમ નહીં એ સારું હતું. નહીંતર એના માથે બેસીને ડોક લંબાવી એવો પ્રશ્ન એકથી વધારે વાર કરતી હોત. ચકલી જેવો સ્ફૂર્તિમાન બીજો જીવ ખિસકોલી છે. અરે ભાઈ, ચઢઊતર શું કામ કરાવે છે? એવો પ્રશ્ન ઘણી વાર કર્યો છે પણ એ તો સડસડાટ ઊંચા વૃક્ષની ટોચે પહોંચે અને એવી જ ત્વરાથી સડસડાટ ઊતરી જાય. સવાર પડે ને ઘરના માળામાંથી ચકલી સ્ફૂર્તિથી બહાર ઊડી જાય, એવી જ સ્ફૂર્તિથી સાંજે આવી માળામાં પ્રવેશી જાય અને મારું મગજ ચિંતને ચઢેઃ હુંયે પાછો ફરવા માટે જ રોજ ઘરેથી નીકળતો અને અચૂક પાછો ફરતો, પણ એ અચૂક લંબાય તો મારી જાણીતા અડ્ડે તપાસ થાય. પણ ક્યારેક ભયને કારણે દોડતો પાછો ફર્યો હોઈશ પણ આવી સ્ફૂર્તિથી સાંજે ઘરે ફર્યો છું? ના! ભય દોડાવે એ સ્ફૂર્તિ નથી હોતી, હાડોહાડ સભાનતા હોય છે. ચકલી પાસે પડેલી કોઈ ચીજ ચાંચમાં લેવા નજીક આવે ત્યારે પણ સભાનપણે. આ જિંદગીએ પણ આ નબળો પડ્યો છે એવા પરિચયે પણ ચકલીમાં હું વિશ્વાસ જન્માવી શક્યો નથી. ચકલી વિહંગાવલોકન નથી કરતી પણ ઊંચે બેસીને જુએ છે. જીવનનો કોઈ પ્રશ્ન એને ગંભીર લાગતો નથી; મેડમ ક્યૂરીએ શોધેલું રસાયણ રેડિયમ એના અતિઉત્સાહે ઢોળાઈ ગયું એમ ચકલીના અતિ ઉત્સાહે ઠંડાં પીણાં ઢોળાઈ ગયાં છે. એવું બન્યું ત્યારે પણ એના ઉત્સાહમાં ઓટ નહીં. ચકલી ચીડવતી નથી, માણસને ચીડાવાની ટેવ છે; જિંદગીમાં આટલાં વરસો ઢોળાઈ ગયાં, એમાં કેટલુંય તો સાચવવા જેવું હતું તે ઉદારાત્મા થઈને જવા દીધું અને એક પીણું ઢોળાયું તેનો અફસોસ? અરે! બરાબર લૂછી નાખું છું છતાં મને વિશ્વાસ છે કે અહીં કીડી આવવાની જ છે; ચકલી વેરાયેલું ખાય પણ ઢોળાયેલું પીતી નથી.

લાંબા સમયની ચકલી સાથેની ગાઢ મૈત્રી અને સહવાસ પછી તાપીની છેલ્લે આવેલી બાણાસૂર રેલે, ના એના બોધપાઠે મને ઘર બદલવાની ફરજ પાડી.

આ નવા ઘરમાં ચકલી આવતી નથી. વેન્ટીલેશન પર બેસી ઓરડામાં માળો બાંધવા જેવું છે કે નહીં, એનું નિરીક્ષણ પણ કરી ગઈ નથી. ચાર માસથી પ્રતીક્ષા કરું છું પણ ચકલી નજીકથી ચાંચ પણ બતાવતી નથી. હેં, અહીંની ચકલી આઝાદ છે? આખો દિવસ ઑપન સેક્ટરમાં ઊડી કોઈ ઘરે માળો બાંધી તેમાં રહેવાનું ઠીક નહીં લાગતું હોય? ચકલી એટલે ચકલી, વળી ઘરચકલી શેની? ઘર આગળ અને ચકલી પાછળ. અહીંની ચકલી અસ્તિત્વવાદી હશે? ચારે તરફ નજર કરું છું તો અહીં ચકલીઓ જ દેખાતી નથી; પાછળ બાવળ હતો તેના પર નજર રાખતો તો કોઈ વાર એના પર બેએક ચકલી દેખાતી. આમ અહીં ચકલીઓ છે ખરી પણ સાવ ઓછી અને મારે માટે ઘરચકલી તો નહીં જ. આસપાસ મકાન બંધાય છે, મજૂરોએ કામચલાઉ અઠે દ્વારિકા કરેલું છે. સામેના મકાનની પાછળ પડતી ભીંત પાસે ત્રણ ત્રણ ઈંટના ત્રિકોણ જોઉં છું. એક સવારે ચોંપ રાખી ઊઠી જોયું તો પરિવ્રાજક કે વણઝારા જેવા મજૂરો ત્રણ ઈંટના ચૂલે

આંધણ ખદખદાવી રાંધતા હતા. દાળ ઊકળે, રોટલો ટીપાય - બસ ત્યાં સુધી ભડકાનું સોનેરી અજવાળું ચૂલો અજવાળે. અહીં એક માત્ર વૃક્ષ બાવળ તે આ ત્રણ ઈંટોના ચૂલામાં ઇંધણાં ઉમેરવા એમણે વધેરી નાખ્યું, ઘડીચપકો બેસવા માટે તો નહીં, પણ આસપાસ ઝડપી નિરીક્ષણ કરવા ક્યારેક બાવળે ચકલી બેસતી તે પણ ઊડી ગઈ. અહીં ચકલી નથી દેખાતી તો કાબર અને કબૂતર ક્યાંથી દેખાય? મારા વગડામાં બાવળ પણ નથી; આમ છતાં અહીં સૌંદર્યનો સાવ અભાવ છે એવું નથી. ખાલી જગ્યા પર જંગલી છોડો ઊગેલા છે. તેના માથે પ્લાસ્ટિકની કોથળી વિજયપતાકા જેવી ફરફરે છે. મોટેભાગે ધોળી છે એટલે અહીં સુલેહ હોય જ; કાગળ વીણનારી એક બહેન આવી. તેણે છોકરાના માથેની એક પછી એક ટોપી ઉતારી લેવાય તેમ છોડને માથેથી કોથળી ઉતારી લીધી; ધૂળ વગરની સ્વચ્છ જમીન પર રખડતી કોથળીઓ પર એણે દયાની નજર પણ ન નાખી; ફળ ઉતારી લીધા પછી છોડ પર ફળ આવે છે તેમ છોડ પર નવી કોથળી આવવા માંડી. આપણી આંગણવાડીમાં હવે ભૂલકાં નહીં, પ્લાસ્ટિકની કોથળીઓ રમે છે. માથે કલપ કરીને કેશ કાળા રાખતો પેલો હીરો પણ પ્લાસ્ટિકની કોથળીને કહી શકે એમ નથી; મારા આંગણામાં તારું શું કામ છે?

જૂના ઘરની ચકલીઓને હું અહીં બોલાવી શકતો નથી, અને અહીંની ચકલીઓને આ માણસ વિશ્વાસ કરવા જેવો છે એવી ભલામણ કરાવી શકતો નથી. આ ઉંમરે નવી નોકરીની તો જરૂર નથી. તે માટે નહીં, પણ ચકલી 'ઘરચકલી' બને એ માટે ભલામણનો વિચાર આવે છે. ચકલીઓ તો મને મળેલા ઍવોર્ડ સામે પણ જુએ એમ નથી. આ ચકલી પર મારો 'ઓ' પડતો નથી. એ નજીક આવે તો એને હેળવું, ભેળવું પણ એ તો દેખાતી જ નથી; ચકલીઓ શું બધાં પક્ષીઓ બાહ્ય પરિચય સ્વીકારતાં જ નથી; એમનામાં અપરિચય બની રહેતો બોલકો પરિચય પ્રવેશ્યો જ નથી; પોતીકીઓની, ઊડતી અને બેઠી સરતપાસને જ એ મહત્ત્વ આપે છે; હળેલી ચકલી પણ અંતર રાખીને જ નજીક આવે છે.

ઘરે, આંગણે લગ્ન હોય છે. ચાર છેડે ઝોળી બંધાય છે. પવનમાં ઊડાઊડ થતી ઝોળી પર પણ ચકલી પગ ચાંપીને બેસે છે, ઝોલો ખાય છે, લગ્નગીત કહે છે : 'માંડવે બેઠી ચલ્લી પલકારા કરે' (સૂરતી ગાડું નહીં ગાલ્લું અને ચકલી નહીં ચલ્લી જ કહે) પલકારા મારતી તો નથી જોઈ પણ ઝૂલતી ઝોળી પર ઝોલાં ખાતી અવશ્ય જોઈ છે. હવે ફાગણ વૈશાખ નજીક છે. જોઈએ, આસપાસ ઝોળી ખૂલે છે ને ચકલી એના પર બેસી ઝોલાં ખાય છે કે કેમ.

પણ અહીં ખાસ્સી ધૂળ છે અને કેટલીક તો પ્રેમથી ઘરમાં શું, મારા ખોળામાં પણ આવે છે. પણ રસ્તા પરની ધૂળમાં ચકલીને સ્નાન કરતી જોવાનું ટાણું નથી, એવું એડવાન્સ બુકિંગ ભારે પડે. પણ આઠ-દસ ચકલી ધૂળમાં બેસી લડે એવું પણ જોવા મળ્યું નથી. અહીં વીજળીના તાર છે, પણ એકબીજાથી વિમુખ હારબંધ બેઠેલી ચકલી જણાતી નથી. ચાર માસથી 'ઘરમાં ચકલી કચરો કરે છે' એવી રોજિંદી બની ગયેલી ફરિયાદ સાંભળી નથી. છ મહિના સુધી છોકરાએ કાચનું વાસણ ભાંગી નાખ્યું એવી ફરિયાદ સાંભળવા ન મળે તો ઘરમાં બાળક છે કે કેમ તે વિશે શંકા થાય. 'ચકલી ઘરમાં કચરો કરે છે' એ સાંભળવાની ઇચ્છા રોકાતી નથી. આપણો ઉપસંહાર શો છે? કપડાંનાં ચીંથરાં અને મટકાનાં ઠીકરાં; માણસે પોતાને માટે બહુ ડાહ્યા થવાની જરૂર લાગતી નથી. લગ્નવાળા ઘરના આંગણે સવારે ગ્રહશાંતિ યજ્ઞ થઈ ગયો છે. અડાયાની રાખ રૂપે પણ પોતા પરની ભાત સહિત અખંડ રહેવા માગે તોયે રહી ન શક્યાં, તોયે થોડો આકાર જાળવી રાખ્યો છે. અડાયાં આકારવાદી અને છાણાં માત્ર ભાત વગરને આકાર પ્રત્યે વફાદાર છે. ચકલીએ ઉપર બેસી નિરીક્ષણ કરેલું કે પેલો બ્રાહ્મણગોર વારંવાર ચોખા નાખે અને નખાવે છે એટલે એ રાખમાં કંકુઆળા ચોખા શોધતી ચણતી એણે જોઈ હતી. આ પક્ષીઓને એવું કે જમે ત્યાં જ રસોડું; વળી આપણે ત્યાં તો હવે ઊભું જમણ પ્રચલિત થયું છે. યુવાનો લારી પાસે ઊભા રહીને ઊડતી ધૂળ વચ્ચે પણ ટેસથી જમે છે, પણ ચકલીને તો એ પૃથ્વી પર આવી ત્યારથી ઊભું જમણ છે; કુદરતે એને પગ વાળવાના ઘૂંટણ જ નથી આપ્યા; માણસનું ચઢિયાતાપણું એ છે કે એને ઘૂંટણ છે છતાં એ ઊભા ઊભા જમે છે.

ઉનાળો તપવા માંડ્યો છે. ઘરમાં બપોરના સૂનકારને તક છે. ઘર સાવ શાંત થઈ ગયું હોય, બધા વામકુક્ષી કરતા હોય ત્યારે ચકલી ઓરડે ઓરડે ફરીને નિરીક્ષણ કરી જતી. સબ સલામત જોઈને ચાલી જતી, કંઈ શંકા રહી ગઈ હોય તો વળી બીજા નિરીક્ષણ માટે પણ આવે. પહેલા બગાસાં પછી ઊંઘ ચેપી બને છે, પણ ચકલીને બગાસાં ખાવાનું મોટું મોઢું નથી મળ્યું એટલે ઘરમાં બપોરે સૂતેલા માણસોનો એને ચેપ લાગતો નથી. એ હોજરી ભરાય એવા બપોરાં કરતી નથી. એટલે એને ખાવાનું ઘેન પણ ક્યાંથી ચઢે? આ તો જૂના ઘરની વાત, અહીં તો કોઈ તકિયામાં રહેલા રૂએ હજી મોઢું કાઢ્યું નથી. સ્ટીલના કબાટનો અરીસો ચકલી ચાંચ મારે એની પ્રતીક્ષા કરે છે. માણસ છું એ હેસિયતે જમતી વખતે ભાતના દાણા નીચે પડે છે, એંસી વર્ષ પર જન્મેલામાં આધુનિક સભ્યતા ક્યાંથી હોય? ભાતના વાસણ પર મૂકેલા ભાત કાઢવાના તવેથા પર ભાતનો ખાસ્સો થર વળગેલો છે તેનો કશો અર્થ નથી, ઘરમાં ચકલી જ આવતી નથી; ચકલીના અભાવે મારા સહિત કેટકેટલાએ પોતાનો અર્થ ગુમાવ્યો છે; લ્યો, આજે ઘરમાં ઉનાળુ ઘઉંની ગુણ આવી. પણ ગુણમાં ચાંચ મારી ઘઉંનો દાણો કોણ કાઢશે? ઘરમાં ઉંદર હોય તો ઘીનો દીવો કર્યાનો કંઈ અર્થ હોય છે. દીવો બુઝાયા પછી ઉંદર ઘીની ગંધવાળું પૂમડું દરમાં ન લઈ જાય ત્યાં સુધી તમે દીવો કરેલો એની શી સાબિતી?

ચકલી અને ઉંદરે 'ખણખોદ' શબ્દને જીવંત રાખ્યો છે; માણસનાં આંગળાં કરતાં

પક્ષીઓની ચાંચ અને ઉંદરના મોઢા સાથે 'ખણખોદ' શબ્દને ગાઢ સંબંધ છે. એ બંને એટલા સાધુ સ્વભાવનાં છે કે પોતાની આ વિશિષ્ટતાની તેઓ નોંધ લેતા હોય એમ લાગતું નથી. ચકલી અને ઉંદર પણ સંસ્કૃતિની ખોજ છે પણ ઘણાં ખરાં સાંસ્કૃતિક લક્ષણો વિકસાવવાથી એ પર રહ્યાં છે. બાકી અંગ્રેજી એટલે રાષ્ટ્રીય અખબારના પત્રકાર જેવા સ્કૂપ ખણખોદ કરીને લાવે છે એવું ચકલી અને ઉંદર ઘણું મેળવે છે. પણ પક્ષીઓમાં અને ઉંદરોમાં માનપત્ર અને ઍવોર્ડ અપાતાં નથી, એટલે એમનાં સાહસો અ-વિખ્યાત રહી જતાં લાગે છે. પણ તપાસથી માંડી ખણખોદ કરવા માટે કોઈ ચકલી ઘરમાં આવતી નથી. આ વિસ્તારમાં ચકલી છે પણ ઘરચકલી નથી; ચકલી જીવવા માટે ખાય છે, ખાવા માટે જીવતી નથી, એ એનો ઑપન સેક્ટરમાંનો સમય મોટેભાગે વિનોદમાં ગાળે છે. અને વિનોદી સ્વભાવ એવો છે કે સમૂહભોજન કરતી હોય ત્યારે ખાતી વખતે વિનોદ કરે છે, પણ કાગડો ખાવા માટે જીવે છે, જીવવા માટે ખાતો નથી. શિકાર કર્યા પછી પણ એની શોધ શિકારની જ હોય છે. અનાજમાં ધનેરા પડે એમાં દોષ ધનેરાનો હોય છે. ચકલી માંસાહારી આમ હોતી જ નથી, પણ ધનેરાં ચણે સાવ સંત સ્વભાવે; ચકલીમાં કર્મસાપેક્ષતા અને કર્મનિરપેક્ષતા - બંને હોય છે. આપણે મૂઠિયાં ભેગી વઘારની રાઈ અને મેથી નથી જમી જતા? ચકલી જુવારના દાણાભેગી ધનેરાને પણ ચણે, ટિપોય પર ક્યારની નાસ્તાની તાસક પડી છે પણ મારી ઉદાસ નજર સિવાય કોઈએ એની ઊડતી સરવે કરી નથી, વાસ્તવમાં એ અધિકાર ચકલીનો, એને પહેલાં ચાખી જોવાનો અધિકાર ચકલીનો; કહે છે કે શહેનશાહનો માણસ પહેલાં રસોઈ ચાખે, રસોઈયા કે બીજાને દુર્બુદ્ધિ સૂઝી છે કે કેમ, તેની શોધ કરવા, પણ ચકલી કોઈની દુર્બુદ્ધિની શોધ માટે પહેલાં રસોઈ ચાખતી નથી. હવે રસોઈનું, ધારો કે ભાતનું વાસણ ખુલ્લું હોય તો કોઈની દુર્બુદ્ધિની શોધના આશય વિના જ પહેલાં ભાત ચાખી જાય છે.

અહીં કાગડો પણ કસમ ખાવા પૂરતો એક જ છે. તે સવારે ધાબા પરના પાણીના પાઈપની ટોચે બેસીને આસપાસના વિસ્તારની ઊડતી નહીં, પણ બેઠ્ઠીતપાસ, સરવે કરી જાય છે. પોતે જ સ્વીકારેલી સંકલ્પબદ્ધ ફરજનો આગ્રહ એનામાં એવા લગભગ પક્ષીશૂન્ય વિસ્તારમાં ટકી રહ્યો છે. કાગડો ટેકીલો ખરો! ચકલી મારા પર વિશ્વાસ ન મૂકે ત્યાં કબૂતર ક્યાંથી મૂકે? ચકલી કરતાં શરીરે આવડો મોટો જીવ તોયે એનામાં ચકલી જેવું સ્વતંત્ર સાહસ નહીં. આવતી વર્ષાએ કબૂતર ન હોય તો 'મેઘેર કવિતા' વાંચી શકાશે ખરી? અહીં કોણ કોના સંદર્ભે છે એ કોણ જાણે છે?

***સૌજન્ય : "ઉદ્‌બોધન"***

## મોહમયી મુંબઈનાં ભૂતકાળમાં ડોકિયું

★ મુંબઈમાં પહેલા કચ્છી ૧૮૪૧માં આવ્યા.

★ ૧૮૦૬ સુધી મુંબઈમાં વાઘ-વરુ દીપડા ફરતાં હતાં.

★ ૧૮૩૦ માં ૩ આને શેર દૂધ અને આઠ આને શેર ઘી મળતું.

★ બોરીબંદરમાં ૧૫ રૂ. મણ મીઠાઈ મળતી.

★ પહેલું રેલવે સ્ટેશન કોલાબા હતું.

★ બાંદ્રા સ્ટેશન ૧૮૮૮માં, માટુંગા ૧૮૦૨માં અને વિલેપાર્લે ૧૮૦૬માં બંધાયું.

★ મુંબઈ સેન્ટ્રલ ટર્મિનસ ૧૮૩૦માં ખૂલ્યું. બાંધકામનો ખર્ચ : રૂા. ૧૫૬ લાખ

★ ગીરગામમાં કેશવજી નાયકની ૧૬ ચાલીઓ હતી જે રૂ. ૧૮ હજારમાં વેચાઈ.

★ ૧૮૭૪-૭૫ માં હરિશ્ચંદ્ર નાટક ધોબી તળાવમાં ૧૧૦૦ વાર ભજવાયું હતું.

★ પહેલી ટ્રામ ૧૯૦૫માં શરૂ કરનાર વિઠ્ઠલદાસ હતા.

★ મુંબઈ યુનિવર્સિટીની સ્થાપના ૧૮૫૭માં થઈ.

★ પત્નીને પ્રતિક્રમણ માટે સમયની ખબર પડે તે માટે શેરબજારના ઉસ્તાદ પ્રેમચંદ રાયચંદે રાજાબાઈ ટાવર રૂપિયા બે લાખમાં બંધાવેલ.

★ ઈલે.ટ્રામની શરૂઆત ૧૯૦૭માં અને મોટરબસ ૧૯૨૬માં શરૂ થયેલ. ભાતબજાર ફુવારો શ્રી કેશવજી નાયકે રૂા. ૨૩ હજારમાં બંધાવેલ.

★ પ્રથમ મુંબઈ બંધ એસ. એ. ડાંગેએ કરાવેલ

★ મહાનગર પાલિકા બિલ્ડિંગનો પાયો ૧૮૮૪માં નખાયો હતો. ખર્ચ રૂપિયા તેર લાખ.

★ ૧૮૩૧માં એવરેજ જમીનની કિંમત રૂા. ૧ પ્રતિ ચોરસ ફૂટ હતી.

★ ૧૮૨૬માં મુંબઈમાં ૨૪૨૯ કૂવા તથા ૨૯૦ તળાવો હતાં.

★ મુંબઈમાં પહેલી કાર ચલાવનાર જે.આર.ડી. તાતાનાં માતાજી હતા.

***સંકલન : હીરાલાલ વી. ઉનડોઠવાલા***

*ગઈકાલ કેન્સલ થયેલો ચેક છે. આવતીકાલ પ્રોમિસરી નોટ છે. પણ 'આજ' તો નગદ નાણું છે. એનો દિલ દઈને સદુપયોગ કરો.*

**Corporate Office :**
D 6-2, Road No. 34,
Wagle Estate, Thane 400 604. India.
T (General) : +91 22 21582600 F: +91 22 21582602
T (Direct): +91 22 21582603 M: +91 9322663991
E: narendra@hdfire.com • www.hdfire.com

સ્વ. પૂ. માતુશ્રી રતનબાઈ નરશી દેવણાંધ ધરમશી (સુથરી)ના સ્મરણાર્થે....

**HD FIRE PROTECT PVT. LTD.**
Protecting What Matters Most to You

ઐતિહાસિક

# ૧૪-૪-૧૯૪૪માં ગોદી ધડાકાની દર્દભરી કહાની કમકમાટીભરી ખુવારી

• સંકલન : હીરાલાલ વી. ઊનડોઠવાલા •

મુંબઈની ગોદીમાં ૧૪-૪-૧૯૪૪ નાં બપોર પછી પ્રથમ ૪-૦૬ મિનિટે અને બીજો ૪-૪૧ મિનિટે બે ધડાકા થયા. તેમાં કેટલાયનાં મરણ થયાં અને કેટલુંય નુકસાન થયું. જે સ્ટીમર હતી તેનું નામ એસ.એસ.સ્ટીફીન અને જેનું વજન ૭૦૦૦ ટનથી વધુ હતું. તેના કપ્તાનનું નામ એ.જે. નાઈસ્મીથ હતું. જે ૧૨મી એપ્રિલે મુંબઈની "વિક્ટોરિયા ડોક" માં લાંગરેલ હતી. જ્યારે ધડાકા થયેલ ત્યારે બે માઈલો સુધી આગની જ્વાળાઓ જોવાતી હતી અને તેના ધડાકાના અવાજો ગીરગામ અને સાંતાક્રુઝ સુધી સંભળાયા હતા. ૩૦૦૦ ફૂટ ઊંચાઈ સુધી તણખા ઝરતા - ઊડતા હતાં. એ સ્ટીમર કરાંચીમાં ગ્લાઈડરોને સ્પીટ ફાયર લડાયક વિમાનો ખાલી કરી અને તેમાં ૧૪૦૦ ટન દારૂગોળો, ટોરપીડો, બોમ્બ, રોકેટો, સોનું ૯૦૦૦ રૂ ની ગાંસડીઓ, હજારો ક્રુડ ઓઈલનાં પીપો, લોખંડ જે કેપ્ટનની આનાકાની હોવા છતાં ભરવામાં આવેલ. તેના ઉપર લાલ વાવટા લગાવવામાં આવેલ હતા. જેથી અન્ય સ્ટીમરો લાંબે રહે કારણ કે તે વખતે લડાઈનો સમય હતો અને પોર્ટના કાયદાની અવગણના કરી હતી. કામદારો ૧૨.૩૦ વાગે જમતા હતા, ત્યારે ધુમાડા નીકળતા જોયા પણ કોઈએ દરકાર ન કરી અને લક્ષ જ ન આપેલ. રૂના તણખા, વાડીબંદર, કર્ણાકબંદર, મસ્જિદબંદર, માંડવી વગેરે ઠેકાણે ઊડવાથી બધે આગ લાગેલી અને દાણાબંદરને ઝપટમાં લઈ લીધું. બારી-દરવાજા અને કબાટોના કાચ ફૂટી ગયા, કાને બહેરાશ આવી, દોડધામ મચી જતાં હાથ-પગ તૂટ્યા. લોકો પોતાની તિજોરી, કબાટ, દુકાનો ખુલ્લાં મૂકી ભાગ્યા. રેલવે સ્ટેશનોમાં લાઈનો લાગી ગઈ. ધુમાડાથી શ્વાસ લેવાની તકલીફ થઈ. અમુકના ટુકડા થઈ ગયેલ. એક બોટ ઊડી જેનું વજન ૪૦૦ ટન હતું તે ૫૦ ફૂટ ઊંચા ગોડાઉનની છત ઉપર પડી. ગોડાઉનોમાં પડેલ ઘઉં-અનાજ ૬૦૦૦ ટન બળી કે બગડી ગયાં. ૧૦-૧૨ દિવસ આગ ચાલુ હતી, જે ધુમાડાથી છ/સાત દિવસ સૂર્યપ્રકાશ ન દેખાયો. લોખંડ-દારૂગોળો ઊડેલ. લોખંડનો એક ટુકડો ચીંચબંદર-દાણા બંદરના જોડતા પુલ પાસેની બિલ્ડિંગ જેમાં લાલજી પુનશીની પેઢી હતી તેની પાછળના ભાગ એટલે કે હાર્બર લાઈનના પાટાથી દસ-બાર ફૂટ ઊડીને પડેલ, જે ઘણા વર્ષો સુધી પડ્યો હતો. ૧૦૦ એકરમાં તારાજીનાં દશ્યો જોવાતાં હતાં. દેશમાં ભાગી જવા માટે પ્રિન્સેસ ડોક (ઘડિયાલ ગોદી) માં લાઈનો લાગી ગઈ હતી. ૨૬ કરોડનું અંદાજે નુકસાન. ૬૦૦૦ પેઢીઓ, ૫૦,૦૦૦ બેઘરનાં, ૩૦૦૦ લોકોનું સર્વસ્વ ગયું. ૬૫ બંબાવાળા સાથે કુલ ૭૦૦ જણાનાં મૃત્યુ થયા. ૧૨૦૦ ઈજાગ્રસ્ત થયા. ૨૪૦ સોનાની ઈંટો હતી જેમાંની એક ઈંટ કાલબાદેવીનાં પારસી બરજોરજી ખુરસેદજીના ઘરમાં છત તોડી આવી ગઈ જે ઈંટ પોલીસ સ્ટેશને પાછી આપેલ. તેના બદલામાં રૂા. ૯૯૯/- મળેલ તે રાહતકાર્યમાં આ ઈમાનદાર - નેક પારસીએ જમા કરી દીધા. બાકી અમુક દરિયામાં ગરકાવ થઈ ગઈ. આજુબાજુ ૨૪ સ્ટીમરો હતી. જેમાંથી ૧૧માં આગ લાગેલ. બંબાખાતાના વડા શ્રી કુમ્બ અને ડ્રાઈવર સીદીક ૫ર લોખંડ પડતાં મૃત્યુ થયેલ. કચ્છી વીસા ઓશવાળના જાદવજી ખે. રાંભિયા તે વખતે મુંબઈ પોલીસ ક્રાઈમને અનાજ પૂરું પાડતા હોવાથી કમિશનરને ઓળખતા હોવાથી ઘણાં જ્ઞાતિજનો સાથે બટલર સાહેબ પાસે જઈ આજીજી કરેલ કે અમોને અમારી ઘરવખરી લઈ જવા રજા આપો. એટલે લશ્કરની જીપ બધાંને મસ્જિદ બંદરનાં ઘરો પાસે લઈ જતાં સૌને નિરાંત થયેલી. માટુંગામાં રહેતા ક.દ.ઓ. જ્ઞાતિના અરજણ ખીમજી કાં. ભવાનજી પોતાના ઘરે એક મહિનો સુધી ઘરે જમાડવાની વ્યવસ્થા કરી હતી. એવી ૪૪ના ધડાકાની કરુણ દર્દભરી દાસ્તાન!

*લે. મૂલચંદ વર્મા*

*સૌજન્ય : 'મુંબઈ સમાચાર'*

★ *સત્સંગ એટલે શ્રધ્ધાની નિર્મળતાનું પવિત્ર ભાવઝરણું. પ્રત્યેક ઝરણાની ગતિ ભક્તિની સરિતા તરફ અને સરિતાની ગતિ કૃષ્ણના મહાસાગર ભણી હોય એટલે સત્સંગની સાર્થકતા.*

★ *જો તમારા હાથમાં હથિયાર તરીકે માત્ર હથોડો જ હોય તો તમારી સામેની પ્રત્યેક સમસ્યાને જ નહીં, વસ્તુ કે પરિસ્થિતિને પણ ખીલા જેવી જ સમજો.*

Aristo™ STAINLESS STEEL

**Mfrs. of Aristo Brand Stainless Steel Utensils**

**ARISTO PLUS**
177/A, Panjrapole Road, Opp. Sarvoday Nagar, Mumbai-400 004.
Tel. : 2242 6555 / 2242 2666 • Fax : 2242 7324
E-mail : aristo_steel@yahoo.co.in • www.aristosteel.com

# સંસ્કૃતિ ઓળખ
# અમદાવાદના દરવાજાઓમાં ત્રણ દરવાજાનું મહત્ત્વ

• ડૉ. રસેશ જમીનદાર •

અમદાવાદ એટલે અહમદાબાદ એટલે એમેડાબાદ. આ નગર સર્વગ્રાહી રીતે ઈતિહાસી છે, એને પોતાની સંસ્કૃતિ છે, એનામાં આગવી સંસ્કારિતા છે. એ હવે વિશ્વવિદ્યાલયોની નગરી છે. અહીં અભ્યાસુ વર્ગ વાસ્તે ઘણું બધું ધ્યાન યોગ્ય છે. શું અહીં નથી એમ પણ પૂછી શકાય ખરું ને? લગભગ પ્રત્યેક વિદ્યાશાખાના શોધકને સારુ આ નગરીમાંથી ઘણું ઘણું સંપ્રાપ્ત થઈ શકે તેવી આ નગરીની ક્ષમતા છે. ફક્ત જરૂરી છે એ માટેની રુચિ દષ્ટિ-વૃત્તિને સંકોરવાની. શિવજીનું ત્રીજું નેત્ર આ નગરીને સમજવામાં - ઓળખવામાં સહાયરૂપ થઈ શકે તેમ છે. હવે તો આ નગરી રાષ્ટ્રકક્ષાએ સ્માર્ટસિટી થવા થનગની રહ્યું છે, તો વિશ્વવિરાસતી શહેર તરીકે પણ સ્પર્ધામાં ઊભું રહી ગયું છે. બાકી તો ભાગ્યવિધાતાના ગર્ભમાં શું છે તે કોણ કહી શક્યું છે.

અમદાવાદ ખાસ કરીને સ્થાપત્યજ્ઞ કાજે અદ્‌ભુત નગરી છે. અહીંનું ઈસ્લામી સ્થાપત્ય વિશ્વભરમાં જાણીતું છે; જેમાં સીદી સૈયદની જાળી મનોહર અને મનોરમ્ય છે. અત્રે આપણે ખાસ કરીને દરવાજાનાં સ્થાપત્ય અને સંરક્ષણ સારુ થોડીક વાત કરવી છે.

અમદાવાદ એક સમયે કિલ્લેબંધ નગર હતું. આજે કિલ્લાના કેવળ થોડાક અવશેષ અભ્યાસી માટે રાહ જોઈ રહ્યા છે. પરંતુ એના દરવાજાઓમાંના ઘણાખરા અડીખમ ઊભા છે. આ નગર એક સમયે બાર દરવાજાથી સોહામણું દીસતું હતું. અહીંના વિદ્યમાન દરવાજાઓમાંથી મુખ્ય માર્ગ વચ્ચે આવેલા દરવાજા વધુ સારી રીતે સચવાયેલા નજરે પડે છે. બધા દરવાજા હવે સ્થપિતને કે ઇતિહાસીને ખાસ આકર્ષી શકે તેવી ક્ષમતા ધરાવતા નથી. અલબત્ત આ દરવાજા અને તેની જોડતી દીવાલના સમારકામ સારું ૧૮૩૧માં એક સમિતિની રચના થયેલી. જે 'ટાઉન વૉલફન્ડ' તરીકે ઓળખાયેલી. બારમાંથી આઠ દરવાજા મૂળે પ્રવેશદ્વાર તરીકે ઉપયોગાતા હતા. તાત્પર્ય એટલું જ કે ઘણાબધા દરવાજા અભ્યાસીઓ વાસ્તે આકર્ષણક્ષમ નથી. વિકાસ વાસ્તે દરવાજામાંના કેટલાક જમીનદોસ્ત થયા હતા. દા.ત. શાહપુરનો દરવાજો ક્યાં હશે તેની કોઈને-જોનારને કલ્પના કરવી મુશ્કેલ છે. રહેઠાણોના દબાણને કારણે કેટલાક દરવાજા શોધવા જડે તેમ નથી. દરવાજાઓમાંના ઘણા ઉપર પ્રદૂષણની અને દબાણની અસર વર્તાય છે.

આસ્ટોડિયા દરવાજો પ્રમાણમાં સારી સ્થિતિમાં છે. કાલુપુરનો દરવાજો સારી સ્થિતિમાં સચવાયો નથી. ઈંટો દેખાય છે. ઈમારત જોકે હજી પણ મજબૂત છે. ત્રણ દરવાજા રહેઠાણ વગેરેના દબાણ વચ્ચે પણ અભ્યાસુ વાસ્તે મહત્ત્વનો છે. તે વિશે વિગતે વાત આ લેખમાં પછીથી કરી છે. ખાનપુર દરવાજો ખાસ જાણીતો નથી, નદીના પ્રાંગણમાં હોવા છતાંય દબાણથી વિકૃત થયેલો છે. જમાલપુર દરવાજો સારી સ્થિતિમાં છે. વાહનો વાસ્તે એનો ઉપયોગ બધા કરે છે. પોસ્ટરો ચીપકાવવાથી એના સૌંદર્યને હાનિ પહોંચી છે. દરિયાપુર દરવાજો ઉકરડાથી ઢંકાઈ ગયો છે. વાહનો અહીં મુકાય છે. દિલ્હી દરવાજો સંભવતઃ સહુથી વધુ સુરક્ષિત રહેલો જણાય છે. અલબત્ત વાહનોના પાર્કિંગથી અને પોસ્ટરોથી બદસૂરત થતો રહે છે. પાંચકૂવા દરવાજો સારી સ્થિતિમાં છે. જો કે દુકાનોના દબાણથી નુકસાન થયું છે. નજીકમાં રહેઠાણ હોવાથી અન્યથા એ બદસૂરત રહ્યો છે. ભદ્રનો દરવાજો શહેર મધ્યે હોવા છતાંય સારી સ્થિતિમાં છે. ફેરિયાઓએ દબાણ કર્યું છે તેથી તેનું સૌંદર્ય બગડ્યું છે. ભરચક વસ્તી વચ્ચે પણ આ દરવાજો ઓછો નુકસાન પામ્યો છે. પ્રેમદરવાજા માર્ગની મધ્યમાં છે, તેથી સારી સ્થિતિમાં છે. રાયપુર દરવાજો દબાણથી મુક્ત નથી. ચાની કીટલી અને ભજિયાંની દુકાનથી મહત્ત્વ ગુમાવે છે. જોકે આસપાસની સ્વચ્છતા ધ્યાનાર્હ છે. સારંગપુર દરવાજો ખરાબ સ્થિતિમાં છે ફૂલબજારે દરવાજો ઢાંકી દીધો છે. ઉકરડો-કચરો પણ અહીં ધ્યાનાર્હ છે.

હવે આપણે ત્રણ દરવાજા વિશે વિશેષ માહિતી અંકે કરીશું. આ દરવાજો કિલ્લેબંધ અમદાવાદ શહેરની મધ્યમાં આવેલો છે. ચારે તરફ તે દરવાજો વિવિધ પ્રકારના દબાણથી ઘેરાયેલો છે. છતાંય એના સૌંદર્ય પરત્વે શહેરીજનો કે મુલાકાતીઓ ધ્યાનયોગ્ય નજરે એનું રસપાન કરે છે, જો તેઓમાં ઇતિકૃતિ પરત્વેની રૂચિદષ્ટિવૃત્તિ સદાબહાર હોય તો! અન્યથા મોટા ભાગના અવરજવર કરનારા તે તરફ કોઈ પ્રકારે નજર કરતા હોય તેવું જણાતું નથી. દબાણકારોને આ દરવાજા પ્રત્યે લગીરે મમતા હોય એવું કહી શકાય નહીં. ફક્ત અભ્યાસુ વ્યક્તિ કે શોધછાત્ર કે ઇતિકૃતિના પરિઘને સમજનાર એ તરફ સૂક્ષ્મ નજરે અવલોકન કરે છે.

આ દરવાજાની પૂર્વ-પશ્ચિમ લંબાઈ ૧૧ મીટરની છે. ત્રણેય દરવાજાની કમાનની ઊંચાઈ ૭ મીટરથી થોડી વધારે છે. ત્રણેય દરવાજાને સાંકળી લેતી અગાશી ઉત્તર-દક્ષિણ આશરે ૧૨ મીટર લાંબી છે. અગાસીની બંને ભીંતમાં કાંગરાની ભાત શોભે છે. પ્રત્યેક બાજુ ૪૭-૪૭ કાંગરા છે. પ્રત્યેક બાજુ ઉપર એક એક કાંગરો પુનર્નિમિત છે. ત્રણેય દરવાજાની કમાનોની મધ્યની ઉપર અગાસીની પ્રત્યેક ભીંતમાં ઝરૂખાયુક્ત ત્રણ ત્રણ વાતાયન છે. આમ કુલ છ વાતાયન છે. પ્રત્યેક વાતાયન ચાર કક્ષાઓથી આધારિત છે. તેથી જોકે

ઝરૂખાયુક્ત વાતાયનોમાં સૌંદર્ય ખીલી ઊઠ્યાં છે. પ્રત્યેક બાજુએ ઝરૂખાયુક્ત વાતાયનો વચ્ચે એક એક સાદું વાતાયન છે, જેની કુલ સંખ્યા ૪ છે.

ત્રણેયમાંનો વચ્ચેનો દરવાજો પ્રમાણમાં પહોળો છે. વચલા દરવાજાના પૂર્વ-પશ્ચિમ બંને તરફના પ્રવેશદ્વાર આગળ દ્વારશાખામાં ડાબે-જમણે સુંદર કોતરણીથી ભરપૂર એક એક અર્ધસ્તંભ ઊપસાવેલો છે. આખોય અર્ધસ્તંભ ઊર્ધ્વદર્શને ૭ ભાગમાં વિભાજિત છે. સૌથી નીચલો ભાગ કુંભીનો છે. સૌથી ઉપરનો ટોચનો ભાગ સોપાન શ્રેણીબદ્ધ શંકુ આકારનો છે. વચ્ચેનો શેષ પાંચ ભાગ ગવાક્ષથી શોભે છે.

સમગ્રતયા સાતેય ભાગનું સામૂહિક સૌંદર્ય ત્રણ દરવાજાની પ્રમુખ શોભા છે. અર્ધસ્તંભોની કોતરણી આખાય સ્થાપત્યનું આગવું આકર્ષણ છે. અર્ધસ્તંભના પ્રત્યેક ગોખમાં ભૌમિતિક આકૃતિ છે. પરંતુ પાનકોર નાકા તરફના વચલા દરવાજાના ઉત્તર બાજુના અર્ધસ્તંભના સૌથી ઉપરના બે ગોખ સાદા છે, જ્યારે દક્ષિણ તરફના અર્ધસ્તંભનો છેક ઉપરનો ગોખ અલંકરણ વિનાનો છે. છેલ્લા નીચલા ગોખમાં પછીના સમયે જોડાયેલો એક શિલાલેખ છે. આ લેખ ૩૬ પંક્તિનો છે અને સંવત ૧૮૬૯માં સને ૧૭૩૪ માં ઉત્કીર્ણ થયાનો નિર્દેશ છે. લેખની ભાષા જૂની ગુજરાતી છે. લેખ સાંસ્કૃતિક દૃષ્ટિએ મહત્ત્વનો છે.

આ દરવાજાની બંને દિશાની, બંને છેડાની ભીંતમાં અર્ધસ્તંભ વિનાના પાંચ પાંચ ગવાક્ષ છે. ભદ્રકાલી મંદિર તરફના દરવાજાની દક્ષિણમાંની ભીંતમાં પાંચેક ગોખ ખુલ્લા છે. પાંચમાંનો છેક ઉપરનો ગોખ સાદો છે. શેષ ૪ ગોખ કોતરણીયુક્ત છે. ઉત્તર તરફની ભીંતમાંનો સૌથી નીચેનો ગોખ પુરાઈ ગયેલો છે. કોઈ માતાના સ્થાનક તરીકેનું એનું મહત્ત્વ દર્શાવતાં કેટલાંક ધાર્મિક ચિહ્ન અગાઉ હતાં. છેક ઉપરનો ગોખ સાદો છે. પાનકોર નાકા તરફના બંને છેડાની ભીંતમાંના ગોખમાંથી દક્ષિણ તરફની ભીંતમાંનો છેક ઉપરનો અને ઉત્તર તરફની ભીંતમાંના છેક ઉપરના બે ગોખ સાદા છે. શેષ ગોખ અલંકરણયુક્ત છે.

ત્રણેય દરવાજા પૂર્વ-પશ્ચિમ પહોળાઈમાં ત્રણ ભાગમાં વિભાજિત છે. બંને છેડાની દરવાજાની અંદરની ભીંતોમાં પૂરા કદના ત્રણ ત્રણ ઓરડા છે. વચલા દરવાજામાં બન્ને તરફના દરવાજાને સાંકળતા ત્રણ ત્રણ ખુલ્લા ઓરડા છે. ત્રણેય દરવાજાની અંદરની ભીંતો, કમાનો બધું કોતરણી વિનાનું છે. છતાં એમની વિશાળતા અને ભવ્યતાને કોઈ અસર થતી નથી. ઓરડાઓ પણ અલંકરણ વિનાની કમાનોથી સજ્જ છે.

ત્રણ દરવાજાની કમાનો સપ્રમાણ અને આકર્ષક છે. એમાંની કોતરણી અને આકૃતિઓ અજોડ અને બેનમૂન છે. નજદીકમાં આવેલી જામા મસ્જિદની ભવ્યતા અને સૌંદર્ય સાથે ત્રણ દરવાજાનું સર્વગ્રાહી સૌંદર્ય એક જાજમ ઉપર બેસવાનો અધિકાર ધરાવે છે. (ત્રણ દરવાજાનું પ્રસ્તુત વર્ણન અમારી - ડૉ. રત્ના મહેતા અને ડૉ. રસેશ જમીનદારની - વખતો વખતની ૧૯૮૫થી ૧૯૯૦ દરમિયાનની મુલાકાતને આધારે થયેલું છે.)

***સૌજન્ય : "ઓળખ"***

---

## સેવાનો ખરો રંગ લાગે તો?

**(અનુ. પાના નં.-૫૧ ઉપરથી ચાલુ)**

રાતે ઊંઘતાં પહેલાં ગરમ દૂધના પ્યાલા સુધીની બધીય ટ્રીટમેન્ટ તે સૌ કોઈને ફ્રીમાં મળી અને તેમના સૌના મોઢા પર જિંદગીમાં પહેલીવારની એ સરભરા અને સુવિધાથી આનંદની લહેર ફરી વળી હતી.

એ ભંગાર શાળાના રૂમોમાં પ્રવેશતાં ગળતરવાળી ભીંતો, તૂટેલાં ફૂટેલાં બારી બારણાં, નળિયાવાળી સિલિંગમાંથી ડોકિયાં કરતાં પ્રકાશને નિહાળી તેઓ દ્વિધામાં પડ્યા હતા. આ શાળાનું રિપેરિંગ કરાવવું કે નવું જ મકાન ઊભું કરાવી આપવું.

સરકારી અને ગ્રામ પંચાયતની વહીવટી સંસ્થાઓની ઢીલભરી કાર્યવાહીને ધ્યાનમાં લેતાં, તેમણે ફક્ત રિનોવેશનનું કામ માથે લીધું અને એ પછાત વિસ્તારના બાળકોને ભણવાલાયક સ્થળ જેવું થોડું નયનરમ્ય વાતાવરણ પણ મેળવી આપ્યું!

આજે એ ડાયમંડ કિંગ, પહેલીવાર લુઠિયાની ભાષામાં સેવાકિંગ કહેવાને લાયક થયા છે.

આજે ઇન્ટરનેશનલ ફ્લાઈટમાં ઊડાઊડ કરવાને બદલે હવે નવજીવન જીવતા એ વિજયભાઈ પોતાની લક્ઝુરિયસ કારમાં ગામડે ગામડે જઈ સંસ્થાઓની મુલાકાત લે છે. ફૂલ નહીં, પાંખડી તો ખરી જ. દાનગંગા અહીં તહીં સર્વત્ર જ્યાં પૈસાની ખપ છે, ખપને કારણે કામો અટક્યાં છે ત્યાં તેને લગાડે છે અને સમાજ ઉત્કર્ષનાં સુંદર પરિણામો નિહાળી, એ યુગલ સ્વર્ગીય આનંદ અનુભવે છે. જ્યાં જાય ત્યાં એ બન્ને સાથે ને સાથે ગામડાની ભાંગેલી તૂટેલી સડકો પરથી પસાર થઈને સંસ્થામાં એ ગાડી પહોંચે એટલે સૌને કુતૂહલ થાય કે આટલા મોટા શેઠિયા આ નાનકડી સંસ્થામાં! અને જ્યાં ત્યાં જરૂરત અનુસાર ખોબલે ખોબલે ભરી નાણાં વેરવાં. આજે આ યુગલ દાનવીર કરોડના અનુદાનને આંબી હજુ મોટી છલાંગ મારવા ઉત્સુક રહે છે, તત્પર રહે છે અને લાખોની લક્ષ્મીને મહાલક્ષ્મી બનાવી જાતે પ્રસન્નતા, ધન્યતા અને દિવ્યતા અનુભવે છે. આ બધુંય બીજાની આંખ (ગરીબજનો કે જેમને આંખો ખરાબ થઈ હતી તેમની), ઉઘાડવા આવેલા એ દાતાની સ્વયંની આંખ આજે ઊઘડી જતાં, તેના સુંદર પરિણામોરૂપે સમાજકલ્યાણના એક નહીં અનેક કામોની શુભ શરૂઆત થઈ ચૂકી છે. આ સેવાભાવી શેઠને માનવસેવાનો પાકો રંગ લાગ્યો છે. આજે તેઓ સેવાની લગ્નમાં મગન થઈ અનેક સેવાકાર્યોમાં નિમિત્ત બનવાનો શ્રેષ્ઠ પ્રયાસ કરે છે.

***કુલીનકાંત ચાંપશી લુઠિયા***
***(સામાજિક કાર્યકર)***
***મો. : ૯૮૨૦૦ ૩૯૪૬૯***

પ્રેરણા

# સેવાનો ખરો રંગ લાગે તો?

• કુલીનકાંત ચાંપશી લુઠિયા •

એક દિવસ થાઈલેન્ડ તો બીજા દિવસે એન્ટવર્પ અને પછી સિંગાપુર ઊડાઊડ કરી ત્યાં જઈ કરોડોનો વેપલો કરતા વિજયભાઈ ડાયમંડ કિંગને તેમને પોતાની બર્થ-ડે અને મેરેજની ગોલ્ડન જ્યુબિલી તેમજ પૌત્રના બર્થ-ડે ના ત્રિવેણીસંગમ પ્રસંગને, તેની ઉજવણીનો એક નવો જ કન્સેપ્ટ એક સામાજિક કાર્યકર દ્વારા સૂચવવામાં આવેલો.

સમાજસેવકે તેમને બર્થડે કેકની કલ્ચરવાળા ફાઈવસ્ટારની હોટલની મિજબાનીથી જરા હટકે થોડી નવી પ્રસ્તાવના રજૂ કરેલી. એ સુઝાવમાં એમ કહેવાયું કે શાહપુરના પછાત વિસ્તારોના ગ્રામ્યજનો માટે એક ભવ્ય નેત્રયજ્ઞનું આયોજન કરવું, જેમાં જેમની આંખો નબળી હોય તેમને પરીક્ષણ કરી સારી ક્વૉલિટીનાં ચશ્માં આપવા અને જેમની આંખે મોતિયો કે ઝામર જેવી બીમારી હોય તેમની આંખોનાં ઑપરેશન શહેરની સારી આંખની હોસ્પિટલમાં કરાવી આપવાં.

નેત્રયજ્ઞના નિયત દિને ઑડીકારમાં શેઠશ્રી વિજયભાઈ અને વીણાબેનનું યુગલ અને વિખ્યાત આઈસર્જન, તેમની આઈ ટીમના રસાલા સાથે એ ગ્રામ્ય વિસ્તારની એક ખખડધજ શાળાના પ્રાંગણમાં પ્રવેશ્યા.

ડૉક્ટરો, આસિસ્ટન્ટો, નર્સો સ્ટાફ વગેરે કામે લાગ્યાં અને શેઠ-શેઠાણી અહીં તહીં લાઈનમાં ઊભેલા લોકોને નિહાળતાં રહ્યાં. શાળાના ખખડધજ મકાનના ક્લાસરૂમોની પણ મુલાકાત લીધી.

એ.સી.વાળા વાતાવરણથી રહેવા ટેવાયેલું એ યુગલ – ગરમીના એ દિવસોમાં મંડપ કે શાળાના રૂમોમાં પંખા ઓછા હોવાને કારણે થોડાક જ સમયમાં બેઉ પરસેવે રેબઝેબ થવા લાગ્યાં. ગુંગળામણ લાગતાં, પતિ-પત્ની બન્ને જલદીથી ખુલ્લામાં આવી ઝાડ નીચે ઊભાં રહ્યાં. પતિને ચેન પડે નહીં. પત્નીએ સુઝાવ આપ્યો ચાલો ક્યાંક બહાર આંટો મારી આવીએ. થોડાક જ સમયમાં પાછાં આવીએ છીએ તેમ કહી તેઓ બહાર થોડે દૂર ગયાં કે એક નાનકડી સૂકી નદીનું કાંઠું દેખાયું, ત્યાં ખુલ્લામાં હવા ખાવા બેઠાં.

થોડી પ્રેમગોષ્ઠી કરી તો થોડી દુન્યવી વાતો કરી. અંતે એ ભંગાર શાળામાં જોયેલી લાઈન, લોકોના મેલાઘેલાં કપડાં અને દયનીય પરિસ્થિતિના વિષે એકબીજાના વિચાર રજૂ થયા.

કલાકેક પછી ત્યાં સમારંભમાં પાછાં ફર્યાં અને તેમણે ડૉક્ટરને પેશન્ટ તરફ આંગળી ચીંધી કહેતાં સાંભળ્યા કે અગાઉ આંખો કેમ ચેક-અપ ના કરાવી? કોઈ સરકારી હોસ્પિટલમાં કે પ્રાઈમરી હેલ્થ સેન્ટરમાં જઈ આંખો સમયસર બતાવી હોત તો? આવા પ્રશ્નો એકને નહીં અનેકને કહેતાં સાંભળ્યા. પોતાને ત્યાંના આનંદમય અવસરને વીસરી એ દર્દીઓના દુઃખભર્યા વિચારોમાં ખોવાઈ ગયાં. એક ઊંચા અને નક્કર કાર્ય માટે તેમને પ્રેરણાનો દોર સૂચવતું પ્લેટફોર્મ પરમકૃપાળુ પરમાત્માએ ઊભું કરી આપ્યું. દૃષ્ટિ વધારે બગાડી ચૂકેલા લોકોને જોઈ શેઠના હૃદયમાં કરુણાનું ઝરણું ફૂટ્યું. શ્રીમતી સમક્ષ એ વિચાર રજૂ કરતાં, એ બન્નેની કરુણામય ત્રીજી આંખ ખુલ્લી થઈ! સાક્ષાત્ ભગવાન તેમના મનઃપ્રદેશ પર છવાઈ ગયા અને એક ઊંચા અને નક્કર કાર્ય માટે દિશાસૂચક અનુભવ થયો.

થોડા સમય પછી એ વિચારોને વાચામાં ફેરવતાં પત્નીએ જણાવ્યું કે આપણે તેમને મુંબઈ લઈ જઈ બેસ્ટ હોસ્પિટલમાં ઑપરેશન તો કરાવીએ જ! પતિએ હુંકાર આપ્યો.

અને નિયત દિને શહેરની મોટી પ્રતિષ્ઠિત હોસ્પિટલમાં લઈ જવા બસની ગોઠવણ થઈ. એક દર્દી સાથે એક સંબંધી – એમ એ બધા માટે બે બસોનું આયોજન થયું.

ગામડેથી શહેરમાં અને શહેરમાંથી સફળતાપૂર્વકના ઑપરેશન બાદ ગામડે લઈ જવાની અને શહેરમાં ખાવા પીવાની, રહેવાની સુંદર વ્યવસ્થા થઈ. જેમની સર્જરી થઈ તેમને પુનઃદૃષ્ટિ મળતાં તેઓ ખરેખર ખૂબજ આનંદ અનુભવતાં થયાં. તેમનાં સંબંધીઓ પણ તેમની થયેલી સર્જરી, પૂછપરછ અને પૂરી પાડેલી સુવિધાથી ખૂબ ખુશ હતાં. બસમાં પતિ-પત્ની બન્નેએ જુદી બસમાં એ રસાલા સાથે આવજા કરી. રસ્તે એ લોકો સાથે વાતચીત કરતાં, હળ્યાં, ભળ્યાં ત્યારે તેમની કેટલીક વધુ સમસ્યાઓ જાણી.

તેમાંના બેના હાર્ટનું, એકનું પાઈલ્સનું અને ચાર મહિલાઓની કોથળીનું ઑપરેશન એમ દસેક નાનાં મોટાં ઑપરેશન અને ટ્રીટમેન્ટ દવા વગેરે ખર્ચ પણ એ યુગલે પ્રેમથી ભોગવવાની અનુમતિ આપી. કેટલાંકના બાળકોની શૈક્ષણિક ફી, પુસ્તકોની વાત નીકળતાં તે ખર્ચને પણ તેમણે હકારમાં પૈસા ફાળવ્યા.

રૂપિયા ૧ લાખના બજેટથી બર્થ-ડે, મેરેજ એનિવર્સરી ઊજવવા નીકળેલા એ યુગલને એ બીજાની આંખો સુધારવાના એ યજ્ઞમાં, સ્વયં પોતાની જ આંખ ઊઘડી ગયાની પ્રતીતિ થઈ. બીજાનું દુઃખ જાણવવાની અને ઝીલવાની આજે તેમને પ્રભુશક્તિ મળી હતી.

અને હા, શહેરમાં પહેલવહેલાં પ્રવેશતાં એ વરિષ્ઠોને મુંબઈની મહાનગરી જોવડાવવા જાણીતા સ્થળે લઈ જવાની જવાબદારી પણ તેમણે સહર્ષ સ્વીકારી.

વહેલી સવારની બેડ ટી થી કરીને

**(અનુસંધાન : જુઓ પાના નં.-૫૦ ઉપર)**

# દોડવીર પિતા પુત્ર
## લક્ષ્મીચંદ રામજી ગાલા અને મોહિત લક્ષ્મીચંદ ગાલા

આજે જ્યારે ભારત અને વિદેશોમાં ઘણે સ્થળે મેરેથોન દોડનું આયોજન થાય છે ત્યારે આપણા સમાજના ગામ સાડાઉના હાલ લગભગ ૮૦ વર્ષની ઉંમરે પહોંચેલા શ્રી લક્ષ્મીચંદ રામજી ગાલા કે જેમના નામે સંખ્યાબંધ મેરેથોન દોડોમાં નિયમિતપણે ભાગ લઈ, કેટલાક પદક (મેડલ) મેળવવાની યશોગાથા નોંધાયેલી છે એવા દોડવીરને યાદ કરીએ.

મુંબઈના પરા વિલેપાર્લામાં રહેતા શ્રી લક્ષ્મીચંદભાઈ મિકેનિકલ એન્જિનિયર છે. મૂળ જલગાંવમાં રહેતા શ્રી લક્ષ્મીચંદભાઈનું શિક્ષણ મરાઠીમાં થયું છે. મિકેનિકલ એન્જિનિયર (બી.ઇ.) થયા બાદ એમણે કોલકાતાની 'હિંદુસ્તાન મોટર્સ' કંપનીમાં શરૂઆતના વર્ષોમાં નોકરી કરી. હાલ નિવૃત્ત શ્રી લક્ષ્મીચંદભાઈ કેટલાય સેવાકાર્યોમાં કાર્યરત છે. શિસ્તબદ્ધ અને સાત્ત્વિક જીવન વ્યતીત કરતાં લક્ષ્મીચંદભાઈ આજે ૮૦ વર્ષની વયે પણ પૂર્ણપણે સ્વસ્થ અને નિરોગી છે. ૨૦૦૬ના વર્ષથી વિવિધ મેરેથોનમાં ભાગ લઈ રહેલા લક્ષ્મીચંદભાઈ 'પાર્લે મહોત્સવ', સ્ટાન્ડર્ડ ચાર્ટર્ડ મેરેથોન, હીરાનંદાની પવઈ રન રોટરી વગેરે અલગ અલગ મેરેથોનના દોડવીર છે. અત્યાર સુધીમાં એમણે લગભગ ૧૨ પદકો મેળવ્યા છે. આવા શ્રી લક્ષ્મીચંદભાઈનું જીવન અને કાર્યો ખાસ તો યુવાનો માટે એક પ્રેરણાસ્રોત છે.

આવા દોડવીર શ્રી લક્ષ્મીચંદભાઈના પુત્ર શ્રી મોહિત લક્ષ્મીચંદ ગાલા પણ એન્જિનિયર છે અને સોફ્ટવેર એન્જિનિયર તરીકે વર્જિનિયા - યુ.એસ.એ.માં પ્રવૃત્ત છે. મોહિત ગાલા આજે વર્ષોથી મેરેથોનમાં ભાગ લઈ રહ્યા છે. કદાચ મોહિત ગાલા પ્રથમ ભારતીય હશે જેમણે અમેરિકામાં સત્તાવાર મેરેથોનમાં ભાગ લઈ સંખ્યાબંધ પદકો પ્રાપ્ત કર્યા છે.

મોહિત ગાલાને નાનપણથી સાઇકલિંગનો શોખ હતો. પાર્લાથી ચર્ચગેટ સાઇકલથી જતા મોહિતને દોડવાનો પણ શોખ હતો. મેરેથોનમાં ભાગ લેતા મોહિત ગાલા સ્વાસ્થ્ય જાળવવા અને મેરેથોનમાં ભાગ લેતી વખતે વૈજ્ઞાનિક પદ્ધતિએ કાળજી રાખે છે.

અમેરિકામાં મેરેથોનને ખૂબ મહત્ત્વ મળે છે. લોકો મેરેથોનમાં ઉલટભેર ભાગ લેતા હોય છે. અમેરિકામાં વર્ષ દરમ્યાન દસથી પંદર મેરેથોનનું આયોજન થાય છે. લોસ એન્જેલસ અને વોશિંગ્ટન ડી.સી.માં તો મેરેથોનના દિવસે સવારથી સાંજ સુધી ટ્રાફિકને વિરામ આપવામાં આવતો હોય છે.

આપણા મોહિત ગાલાએ અત્યાર સુધી ૪ અર્ધ મેરેથોન (૨૧.૦૮ કિ.મી.)માં, ૧૨ પૂર્ણ મેરેથોન (૪૨.૧૬ કિ.મી.)માં તેમજ ૨ અલ્ટ્રા મેરેથોન (૫૦ કિ.મી.)માં ભાગ લીધેલ છે.

આપણા યુવાનોના પ્રેરણાસ્રોત શ્રી લક્ષ્મીચંદ રામજી ગાલા અને મોહિત ગાલા વધુને વધુ મેરેથોનમાં ભાગ લઈ નવી સિદ્ધિઓ હાંસલ કરે એ જ અભ્યર્થના.

***"પગદંડી"માંથી સાભાર***

*પ્રેમ જ્યારે કૃષ્ણની દિશામાં વળે ત્યારે ભક્તિયોગ બની રહે છે. માણસ જ્યારે પ્રેમ દીક્ષા પામે ત્યારે પુષ્પ જેવો બની રહે છે. અને જ્યારે એ ભક્તિનો વૈભવ પામે ત્યારે તે મધુર ફળ જેવો બની જાય છે. જીવનમાં આવું રૂપાંતર ભક્તિ દ્વારા શક્ય બને છે.*

## NanoNine™ Sudoku

***શરતો** : (૧) ૧થી ૯ના આંકડા ઊભી-આડી લાઈનમાં ફક્ત એક જ વખત હોવા જોઈએ. (૨) ૧થી ૯ના આંકડા 3 X 3ના ચોકઠામાં પણ એક જ વખત હોવા જોઈએ.*

*માર્ચ-૨૦૧૬ના અંકમાં છપાયેલ સુડોકુ-૧૦૭૧ના બધા સાચા ઉકેલ મોકલનારના નામ*

| | | |
|---|---|---|
| ૧. | સ્મિતા શાહ | - અમદાવાદ |
| ૨. | ઉષ્મા શાહ | - અમદાવાદ |
| ૩. | ચંદ્રાબેન શાહ | - અમદાવાદ |
| ૪. | પ્રફુલ્લ કોરડિયા | - અમદાવાદ |
| ૫. | અરવિંદ ભટ્ટ | - અમદાવાદ |
| ૬. | ધર્મિષ્ઠા શાહ | - અમદાવાદ |
| ૭. | જયેશ મહેતા | - અમદાવાદ |
| ૮. | આરતી મૈશેરી | - અમદાવાદ |
| ૯. | સરોજ શાહ | - અમદાવાદ |
| ૧૦. | ખુશી વોરા | - અમદાવાદ |
| ૧૧. | શાંતિલાલ શાહ | - અમદાવાદ |
| ૧૨. | અવંતી દંડ | - અમદાવાદ |
| ૧૩. | કુણાલ ત્રેવાડિયા | - અમદાવાદ |
| ૧૪. | મિતેશ દેઢિયા | - અમદાવાદ |
| ૧૫. | અનુબેન મહેતા | - અમદાવાદ |
| ૧૬. | રૂષિકા મહેતા | - અમદાવાદ |
| ૧૭. | પ્રજ્ઞેશ ગોસર | - અમદાવાદ |
| ૧૮. | નીના ગોરજી | - અમદાવાદ |
| ૧૯. | ચૈતાલી વોરા | - અમદાવાદ |
| ૨૦. | કશિશ શાહ | - અમદાવાદ |
| ૨૧. | હર્ષ પરીખ | - અમદાવાદ |
| ૨૨. | સંજય શાહ | - અમદાવાદ |
| ૨૩. | વિનોદ મહેતા | - અમદાવાદ |
| ૨૪. | ભાવના શાહ | - અમદાવાદ |
| ૨૫. | કલ્પના પાલાણી | - અમદાવાદ |
| ૨૬. | જયસુખ સંઘવી | - અમદાવાદ |
| ૨૭. | પ્રતિમા શાહ | - અમદાવાદ |
| ૨૮. | રેખા મહેતા | - અમદાવાદ |
| ૨૯. | મુકુંદ શાહ | - અમદાવાદ |
| ૩૦. | ઝરણા પારેખ | - અમદાવાદ |
| ૩૧. | સોનલ શાહ | - નાગપુર |
| ૩૨. | નગીન શાહ | - નાગપુર |
| ૩૩. | હેમલતા દેઢિયા | - અડાલજ |
| ૩૪. | હેમલતા ગંગર | - અડાલજ |
| ૩૫. | ઉષા સંઘવી | - રૂરકેલા |
| ૩૬. | સંકેત મહેતા | - ભુજ |
| ૩૭. | પ્રભા શેઠિયા | - વલસાડ |
| ૩૮. | લહેરચંદ લોડાયા | - હૈદ્રાબાદ |
| ૩૯. | મૂલકુમારી લાલકા | - ગદગ |
| ૪૦. | મહેન્દ્ર શાહ | - સિકંદ્રાબાદ |
| ૪૧. | જૈનમ પારેખ | - સિકંદ્રાબાદ |
| ૪૨. | હર્ષદ ગાંધી | - બેંગ્લોર |
| ૪૩. | સરોજ ચંદુરા | - સુરત |
| ૪૪. | લતા મોમાયા | - પૂના |

*ઉપર્યુક્ત જવાબ મોકલાવનારાઓમાંથી લક્કી ડ્રૉ અનુસાર ત્રણ વિજેતાઓ નીચે પ્રમાણે છે. તેઓએ પોતાના ઈનામો પાલડી ભવન ખાતેના કાર્યાલયમાંથી મોબાઈલ નંબર : ૯૮૯૮૦ ૫૩૫૨૧ ફોન પર જાણ કરી મેળવી લેવા વિનંતી.*

**વિજેતાઓ :**

૧. આરતી મૈશેરી - અમદાવાદ
૨. હેમલતા ગંગર - અડાલજ
૩. કશિશ શાહ - અમદાવાદ

# પેન્શનમાંથી દર વર્ષે રૂપિયા ૨ લાખનું દાન

### *હું ગાંધીજી તો નથી બની શકતો, તેમના વિચારોને અનુસરું છું : – પ્રો. પૃથ્વી શાહ*

પાટનગરના કર્મચારીઓ પાસેથી નાણાં કઢાવવા તેને લોકો 'લોઢાના ચણા' ખાવા બરાબર સમજે છે. શાકભાજીની ખરીદી પણ દસ દુકાન ફરીને કરે છે તેવી લોકોમાં ચર્ચા સાંભળવા મળે છે. ગાંધીનગરમાં જ વર્ષોથી રહેતા અને શહેરની માટી સાથે મિત્રતા કરનારા નિવૃત્ત પ્રો. પૃથ્વી શાહ આ લોકોની આ માન્યતાને ખોટી પાડી રહ્યા છે. પ્રો. પૃથ્વી શાહ ફક્ત ને ફક્ત પોતાના પેન્શનમાંથી જરૂરિયાતો પાછળ વર્ષે ૨ લાખ રૂપિયા ખર્ચ કરે છે. તેઓ કહે છે કે હું ગાંધીજી નથી બની શકતો પરંતુ તેમના વિચારોને ચોક્કસ અનુસરી શકું છું.

સરકારી કર્મચારીઓ નિવૃત્ત થાય ત્યારબાદ તે પુનઃ નોકરી કરે છે અથવા તો ક્યાંક ધંધો ચાલુ કરે છે. બહુ જ ઓછા લોકો હોય છે જે નિવૃત્તિ બાદ સેવાકીય કાર્ય કરે છે. જે લોકો સેવાકીય કાર્ય કરે છે તેમાં મોટાભાગના પોતાનો રોટલો શેકવા માટે સેવા કરતા હોય છે. પરંતુ ગાંધીનગરમાં રહેતા અને મૂળ કચ્છી માડુ પૃથ્વી શાહ અમદાવાદની સરદાર પટેલ કૉલેજમાં પ્રોફેસર તરીકે ફરજ બજાવતા હતાં.

શહેરમાં કોઈ પણ જાતના સ્વાર્થ વિના વર્ષે ૨ લાખની માતબર રકમ ગરીબો અને જરૂરિયાતમંદો પાછળ વાપરે છે. નગરમાં ૧૯૭૦થી રહેતા પ્રો. શાહનો શહેરની માટી સાથે સંબંધ બંધાઈ ગયો છે.

પ્રો. શાહ કહે છે કે મને મારા સ્વર્ગીય માતા ઈન્દીરાબાએ સેવાકીય પ્રવૃત્તિઓ કરવા કહ્યું હતું. માતાજી મને કહેતા કે તું ગાંધીજી નથી બની શકતો પરંતુ ગાંધીજીના વિચારો સાથે તો ચાલી જ શકે છે. આજે પણ લોકોને એક સમયનું ભોજન નથી મળતું, જમવાનું અને શરીર ઢાંકવા માટે કપડા નથી મળતા.

આપણને કુદરતે ઘણું આપ્યું છે તો આપણે તેનો સારી જગ્યાએ ઉપયોગ કરવો જોઈએ. પ્રોફેસરના મિત્રો આજે પણ તેમને સેવાની જીવતી જાગતી જ્યોત કહે છે. શહેરની શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે યુનિફોર્મ, પાઠ્યપુસ્તકો, ઉનાળામાં બુટ ચંપલ, શિયાળામાં ગરમ વસ્ત્રો, અને બારેમાસ રોડ પરના ગરીબોને રૂબરૂ જઈને જરૂરી વસ્તુઓ પૂરી પાડવામાં આવે છે.

પ્રોફેસર પૃથ્વી શાહે વધુમાં જણાવ્યું હતું કે સામાન્ય રીતે લોકો નામના મેળવવા કાર્યક્રમોનું આયોજન કરે છે. પરંતુ મારે કોઈ નામના મેળવવી નથી અને કોઈ ઈચ્છા પણ નથી. પરંતુ ગરીબોની સેવા કરવાવાળી વ્યક્તિઓ ખૂબ ઓછી હોય છે ત્યારે મારે મારા અંતિમ શ્વાસ સુધી ફક્ત ને ફક્ત આવા લોકોની સેવા જ કરવી છે.

## લઘુ કથા

## ત્રીજી દીકરી

*– પલ્લવી જિતેન્દ્ર મિસ્ત્રી*

હે પ્રભુ, મારી બાળકીને બચાવી લે.

આંખ બંધ કરી, હાથ જોડીને સરિતા પ્રભુને વિનવી રહી

'સરિતા, જલદી કર. દવાખાને જવાનુ મોડું થાય છે.' પતિ નવીનની બૂમ સાંભળતા જ બોબાકળી સરિતા દોડી. ગઈકાલે રાતના નવીન સાથેના ઝગડા બાદ સરિતા આજે ચુપચાપ એની સાથે રિક્ષામાં બેસી ગઈ. ત્રણ બહેનોમા સરિતા સૌથી નાની. માની માંદગી અને બે બહેનોના લગ્નમાં એના પિતા આર્થિક રીતે ઘસાઈ ગયેલા. એટલે બીજવર નવીનનું વિના દહેજનું માંગુ આવ્યું ત્યારે પિતાએ ભારે હૃદયે એને પરણાવી દીધી.

પ્રથમ પત્નીથી બે દીકરીના પિતા બનેલા નવીનને હવે વારસદાર જોઈતો હતો. એટલે સરિતા જ્યારે 'મા બનવાની છે,' એમ જાણ્યું, ત્યારે નવીને એની ઈચ્છા વિરુદ્ધ ગર્ભપરીક્ષણ કરાવ્યું. 'દીકરી છે.' એમ જાણ્યું ત્યારે નવીને ગર્ભપાત કરાવવાનો નિર્ણય લીધો. સરિતા ઘણું કરગરી, પણ એનું કંઈ ના ચાલ્યું. અને આજે નવીન એને ગર્ભપાત કરાવવા દવાખાને લઈ આવ્યો.

શૂન્યમનસ્ક એવી સરિતાએ દવાખાનાનું પગથિયું ચઢતા કહ્યું, 'મારા પિતાએ પણ જો મારી માતાને ગર્ભપાત કરાવ્યો હોત, તો તમારી બે દીકરીઓની સંભાળ લેવા માટે હું તમને મળત ખરી?' નવીન આ સાંભળીને સ્તબ્ધ થઈ ગયો. બે ક્ષણ વિચાર્યું અને બોલ્યો, ચાલ સરિતા ઘરે. આપણે બન્ને મળીને આપણી ત્રીજી દીકરીને ઊછેરીશું.' અને આ સાંભળતાં જ સરિતાનો ચહેરો મલકી ઊઠ્યો. ■

# એક શ્રદ્ધાપ્રેરક વિરલ ઘટના

• જગદીશ ચં. છાયા 'શ્રેયસ' •

મંજલ ગામના સર્વપ્રિય આત્મીયજન સ્વ. નાનુભા જાડેજા. નાના સાથે નાના, મોટા સાથે મોટા...!

નવરાત્રી ઉત્સવમાં એમના છંદ - ગરબાથી રંગ જામે. મેરાઉના ભક્ત કવિ ચંદુભાએ રચેલાં પદોથી જમાવટ થતી. નાનુભા રવિવારે બાળ સંસ્કાર કેન્દ્ર ચલાવે (હું બાળપણમાં એ કેન્દ્રમાં જતો.)

નાનુભાબાપુ એટલે એવું માયાળુ વ્યક્તિત્વ કે જો એકવાર મળે તો કદી' ના ભૂલાય! ગામના તિલાટ ગણાય. તાજેતરમાં ગિરિબાપુની કથા નિમિત્તે પુંઅરેશ્વર ગયો હતો ત્યારે ત્યાં લાખાડીના બળવંતસિંહ પી. જાડેજા મળ્યા હતા. મેં નાનુભાને આ રીતે યાદ કર્યા કે વરસાદ ખેંચાઈ જતો ત્યારે વરુણદેવને રીઝવવા, પુંઅરેશ્વર મંદિરે રાત-દિવસ અખંડ 'ૐ નમઃ શિવાય'ની ધૂન થતી એનું સફળ સંચાલન નાનુભા કરતા. અમે મંજલથી ચાલતા ત્યાં જતા. મેં આ વાત કરતા જ બળવંતસિંહ ખુશ થઈ ગયા અને એમણે મને ખુશખબર આપ્યા કે... નાનુભાની યાદમાં એક શ્રદ્ધાળુએ પાલીવાડ ગામે એક મંદિર બંધાવ્યું છે... એનું નામ આપ્યું છે... નાનકેશ્વર...!

હું મનોમન નાનુભા અને એ મંદિર બાંધનાર શ્રદ્ધાળુને વંદી રહ્યો...!

મારા બાળપણમાં એટલે કે ૫૫ વર્ષ પહેલાં, જેમની પાસે પ્રસાદ ગ્રહણ કરતો એ પુંઅરેશ્વરના પૂજારી શંકરાનંદજી એ વખતે પણ ૫૦ વર્ષથી વધુ વયના હતા. તેઓ આજે હયાત હોય એવી તો કલ્પના જ ના કરી શકાય. પણ મારા આશ્ચર્ય વચ્ચે તેઓ આજે ૧૦૯ વર્ષની વયે અડીખમ છે!

પુંઅરેશ્વર મંદિરના પગથિયા પાસે જ એક શેલોર વાવ હતી. અમે મંજલથી પગે ચાલતા આ મંદિરે દર્શન કરવા જતા પહેલાં આ શેલોર વાવનાં પગથિયાં ઊતરીને, ધરતી માતાનાં ધાવણ સમું મીઠું - મધુરું જલ ભરપેટ પી ને પરમ તૃપ્તિનો અનુભવ કરતા.

---

## રણમાં વીરડી સમાન નેપથ્ય નિવાસી ગાંધીજન

(અનુ. પાના નં.-૫૯ ઉપરથી ચાલુ)

સળંગ એક મહિનાની પદયાત્રા યોજાયેલી તેમાં ૫૦૦ લોકો જોડાયા હતા. દરરોજ બદલાતા મુકામે દુનિયાના વિવિધ દેશોમાંથી આવેલ પદયાત્રીઓ માટે સંડાસ, બાથરૂમ તથા સ્નાન માટે ગરમ પાણીની વ્યવસ્થા આ અદના 'સફાઈ સેવક'ના જ શિરે હતી! એમની વ્યવસ્થા શક્તિથી પ્રસન્ન થઈ ગાંધીજીના પ્રપૌત્ર તુષાર ગાંધીએ એમનું બહુમાન કર્યું હતું અને પ્રશસ્તિપત્ર અર્પણ કર્યું હતું.

ક્યારેક એમ પણ લાગે કે આ કંચનકાકાના કપાળમાં ભમરો હોવો જોઈએ અને પગમાં ભમરી. આટલી લાયકાત, આટલી રઝળપાટ છતાં સાવ જ અંધારામાં રહીને છાનુંમાનું જીવી લીધું. એમના સાથીઓ ક્યાંથી ક્યાં પહોંચી ગયા! બલકે સાથીઓએ પણ કંચનકાકાનો જાણે ઉપયોગ જ કર્યો — કદર કરવાનું તો ચૂકી જ ગયા. ત્યારે તરત બીજો સવાલ જાગે : કંચનલાલને વળી એવી કદર કે માન-મરતબા જોઈતાં જ ક્યાં હતાં? એ જાતે જ હાંસિયે રહીને જીવવા માગતા હોય ત્યાં બીજાઓનો દોષ કાઢવાનો અર્થ ખરો? અહીં તો બોલે એનાં બોર વેચાય છે. કંચનલાલે મૂંગામંતર રહી કામ જ કર્યા કર્યું છે. એ કામ કર્યાનો થાક એમને આ ઉંમરે પણ નથી વરતાયો. હજી ઓછામાં ઓછાં દસેક વરસ તો એ આવા ને આવા રહેવાના છે. નખમાંય રોગ નથી. પંચ્યાશીમા વર્ષે મારા ઍપાર્ટમેન્ટનાં છપ્પન પગથિયાં સડસડાટ ચડી શકે છે. હજી એમને હાંફ ચડતો નથી. એનો અર્થ એ જ કે એમનું હાડ જેટલું મજબૂત છે એટલું જ એમનું 'હાર્ટ' પણ સાબૂત છે. એમને કોઈ એષણા જ નહોતી, પછી એ પદ કે માન-મરતબા પાછળ શું કામ દોડે? એમના માટે એમના હૃદયસ્થ ગાંધીએ જે કામ આગોતરું ગોઠવી રાખ્યું હતું તે એમણે રંગેચંગે પાર પાડ્યું છે, એટલે આખી જિંદગી રઝળપાટમાં વિતાવ્યાનો લેશ પણ અફસોસ નથી. ઘાયલની ભાષામાં કહીએ તો એ કોઈનીય પરવા કર્યા વગર 'ધોધમાર' જીવ્યા છે. ગાંધીના નામનો નશો ચડ્યો છે તે આજપર્યંત ઊતર્યો નથી!

એટલે ગાંધીના નામનો વેપલો માંડી વૈભવમાં આળોટતા સાથી-સંગીની સરખામણીમાં એ વધારે સુખી છે. એમના ચહેરાનું તેજ ઉત્તરોત્તર વધતું ગયું છે અને હૈયે કાળઝાળ ઉનાળામાં પણ હેમાળની ટાઢક રહી છે. એમનામાં ગીતા પ્રબોધિત 'સ્થિતપ્રજ્ઞ'નાં ઘણાં બધાં લક્ષણો સહજ રીતે ઊતરી આવ્યાં છે. એ સાચા કર્મયોગી છે.

એમને હવે મૃત્યુ પણ ક્યાં મારી શકે એમ છે? એ તો જીવતેજીવ મરી ગયા છે. આવા પુણ્ય પુરુષનો પડછાયો અડકી જાય તોય પાવન થઈ જવાય.

અલબત્ત એમની ચોથી પેઢીને એ જદરૂર 'હેરિટેજ આઈટમ' લાગશે. મારે મન તો એ હરતીફરતી વિદ્યાપીઠ જ છે.

*૧૩, ઐશ્વર્ય-૧, પ્લોટ-૧૩૨,*
*સેક્ટર-૧૯, ગાંધીનગર-૩૮૨ ૦૨૧.*
*મો. ૯૮૭૯૫૪૩૧૩૨*

વ્યક્તિ વિશેષ

# 'અનુભૂતિની અનભિવ્યક્તિ અધ્યાત્મપથની શિસ્ત છે'

# અધ્યાત્મમાર્ગના સહજયાત્રી શ્રી ભાણદેવજી...

• ભદ્રાયુ વછરાજાની •

દસ વર્ષની ઉંમરે એક છોકરો ઝાડ નીચે ખાટલામાં બેસી પુસ્તક વાંચતો હતો. ધ્રુવનો પાઠ હતો. તેમાં લખેલું કે ધ્રુવજી તો પાંચ વર્ષે ઘર છોડી નીકળી પડ્યા સંન્યાસ માર્ગે! છોકરાને થયું કે : 'મને તો દસ વર્ષ થઈ ગયાં અને હજી હું બેઠો છું?' જે પાઠ વાંચતો હતો તે જ રાખી છોકરાએ ચોપડી મૂકી ઊંધી ને ચાલવા મંડ્યો ઉત્તરમાં. ખબર એટલી હતી કે ઉત્તરમાં હિમાલય છે! થાકી થાકીને જે જગ્યાએ ઊંઘ આવી ત્યાં લંબાવ્યું. પાસેના ગામનું શિવમંદિર હતું. છોકરાના પિતાજી ચતુર શિરોમણિ. એમણે જોયું કે કયો પાઠ વાંચતાં વાંચતાં આ પગલું ભર્યું છે!? શોધખોળ ચલાવી, દીકરો મળી ગયો, સમજાવીને ઘરે પાછો લાવ્યા. પિતાજીએ કહ્યું : 'બેટા, સંન્યાસી થવું હોય તો થજે. મારે પણ થવું'તું પણ ન થઈ શક્યો. તું સંન્યાસી થઈશ તો મને આનંદ થશે. પણ બેટા, અભણ સાધુ ન થવાય.' પિતાજીના આ શબ્દોને માન આપીને એમણે એમ.એ. વીથ ફિલૉસૉફી સુધી અભ્યાસ કર્યો! દસ વર્ષે ધ્રુવજીના માર્ગે ભાગનાર 'ભાણજી' તે આજના અધ્યાત્મમાર્ગના અવિરત યાત્રી સંન્યાસી 'શ્રી ભાણદેવજી.'

મોરબીથી ઉત્તરદિશામાં આવેલું નાનું ખોબા જેવડું ગામ ખાખરાળા એમનું વતન. ૧૯૪૩ના જાન્યુઆરીમાં જન્મ. પિતા ભૂરાભાઈ અને માતા હરખીબહેન ખેડૂત, ઓછું પણ મૃદુ બોલનારાં, પ્રેમાળ, ભક્તિથી ભરપૂર. પિતાજી તો એકતારાની સંગાથે લાંબી હલકથી ગંગાસતીનાં ભજનો ગાતા એટલે 'ભગત' કહેવાતા. ભાણજીને રોજ સવારમાં ભજન ગાઈને ઉઠાડતા. બાપુ ગામ બહાર હોય તો ભજન સંભળાવી ભાણજીને ઉઠાડવાનો વારો માનો. ગામમાં મોટું તળાવ. ઘર 'પાણીવાળી શેરી'માં એટલે કે તળાવની બાજુમાં. શ્રી ભાણદેવજી કહે છે : 'જ્યારથી યાદ છે ત્યારથી અમે તર્યા છીએ, તળાવમાં ધુબાકા માર્યા છે. ચાર ધોરણ તો ગામમાં જ. ઉચ્ચકોટિના શિક્ષક સવજીભાઈ પ્રેરક અને માર્ગદર્શક. એ મારા પૂજ્ય અને હું એમનો લાડકો. ચોથા ધોરણમાં હતો ત્યારે મને શીતળાનું દર્દ થયું. પરીક્ષાના દિવસો. હું ગભરાઉં કે હવે શું થશે? સવજીભાઈ પટેલ મારી પથારી પાસે બેઠા રહે. માથા પર હાથ મૂકીને કહે : 'બેટા, ચિંતા નહીં કર. તારું વરસ નહીં બગડે. તું સાજો થઈશ પછી તારી પરીક્ષા લેશું.' સવજીભાઈ ચાર ધોરણની શાળાના એક માત્ર શિક્ષક. એ બહાર જાય ત્યારે શાળા ભાણજીને સોંપીને જાય. ભાણજી ડિક્ટેશન આપે, દાખલા ગણાવે, શાળા વ્યવસ્થિત ચલાવે! ભાણજીના ઘરે ગાયો ઘણી. સવજીભાઈનાં પત્નીને ટીબી થયેલો. દૂધ પીવાની જરૂરત બહુ. ભાણજી રોજ સવારે તાજું દોયેલું દૂધ લઈને સવજીભાઈના ઘરે નિયમિત પહોંચાડે. સવજીભાઈના પ્રેમભર્યા વ્યવહારથી ભાણજીમાં મનુષ્યત્વ અને શિક્ષકત્વનું બીજ રોપાયું. ભણતરમાં ભાણજીને રસ બહુ. વાચનનો ય શોખ. એ સમયે નાનાભાઈ ભટ્ટનાં નાનાં નાનાં પુસ્તકો બહાર પડેલાં, રામાયણ અને મહાભારતનાં પાત્રો વિષે. ભાણજીએ જીવનનું સૌથી પહેલું પુસ્તક વાંચ્યું તે આમાંનું 'હનુમાનજી!'

ચોથા ધોરણ પછી ખાખરાળામાં ભણવાની સગવડ નહીં એટલે મોરબીમાં ધોરણ પાંચથી અગિયાર ભણ્યા. ત્રણ વર્ષ દીપચંદ મોદી સ્કૂલ અને પછી વી.સી. હાઈસ્કૂલ. ખાખરાળાથી મોરબી બાર કિ.મી. ટ્રેનમાં આવવું ને જવું. શનિવારે તો પગે ચાલીને! પ્રિય વિષય ગણિત. અત્યારે અજન્તા ઘડિયાળના માલિક અને મોટા ઉદ્યોગપતિ છે તે ઓ. આર. પટેલ ગણિત ભણાવતા. બનારસથી ભણીને પાઘડી બાંધેલા આવેલા શાસ્ત્રીસાહેબ સંસ્કૃત શીખવે. એમને તો પૂછીએ કે : 'સાહેબ, પુસ્તકમાં તો આ રૂપ 'આમ' લખ્યું છે ને આપ તો 'આમ' કહો છો?'' તો તરત જ વિશ્વાસથી કહે : 'જો એમ હોય તો પુસ્તક ખોટું!' કૉલેજવાળાને ભણાવી શકે એવા વિદ્વાન શિક્ષકો. ભાણજીને ગણિત ગમતું. ઈજનેર થઈ શકાયું હોત. ડૉક્ટર પણ થઈ શકાત. પણ એને તો તત્ત્વજ્ઞાન ભણવું હતું, મનોવિજ્ઞાન શીખવું હતું, સંસ્કૃતમાં પારંગત થવું હતું, એટલે આર્ટ્સ તરફ વળવાનું થયું. જો કે, રજામાં ઘરે આવીને ભાણજી સાતી ચલાવે, ખેતીકામ કરે, વાંસળી વગાડતાં વગાડતાં ગાયો ચરાવે, બળદ પાવા લઈ જાય. વચ્ચે છઠ્ઠા ધોરણ પછી એક વર્ષ ભણવાનું છૂટી ગયેલું. ઘરનાં સૌને થયું કે હવે બસ, ઘણું ભણ્યા, ખેતી ને ગાયો સાચવો! ભાણજી ભાઈબંધો પાસે ચોપડીઓ મંગાવે ને, શેઢે બેસી વાંચ્યા કરે. ખેતરની બાજુમાં સ્કૂલ. તેમાં ઘંટ પડે, પ્રાર્થના થાય તો ભાણજીનું મન ત્યાં દોડે. પ્રેમાળ શિક્ષક સવજીભાઈ મદદે આવ્યા ને ભાણજીનો અભ્યાસ આગળ ચાલ્યો.

પિતાજીના ગુરુ બટુક મહારાજ. એમનો ઉતારો વારંવાર ઘરે રહેતો. તેમની સેવાચાકરી ભાણજી હસ્તક. અગિયાર વર્ષે બટુક મહારાજે મંત્રદીક્ષા આપેલ. બટુક મહારાજ સરસ રસોઈ બનાવી ભાણજીને જમાડતા. ઘરમાં ત્રણ ગ્રંથો : 'રામચરિતમાનસ,' 'શ્રીમદ્ ભાગવત' અને 'પારસમણિ ભજનસંગ્રહ.' આ ત્રણને તો પચાવેલાં જ પણ બાજુનાં ગામ બગથળાની શાળા લાઈબ્રેરી પણ ભાણજીએ વાંચી

કાઢેલ! દસમા ધોરણમાં સમાજશાસ્ત્રનું પેપર એવું લખાયેલું કે ભાણજીના શિક્ષક ઉત્તરવહી લઈને આચાર્ય અજિતરામ પ્રિ. ઓઝા પાસે ગયેલા અને કહેલું કે, હું પણ આવું લખી ન શકું તેવું આ પેપર છે. બોલો હું કેટલા માર્ક આપું? શ્રી ભાણદેવજી ભાવનંદન કરતાં કહે, 'શ્રી અ. પ્રિ. ઓઝાબહેન સંત જેવા આચાર્ય! આર્ટસ ભણવા ગંગાજળા વિદ્યાપીઠ અલીઆબાડા જવાનું થયું. કારણ શું? જાણવા જેવું છે. છાપામાં તેની જાહેરાત આવેલી. તેમાં લખેલું : 'આ સંસ્થામાં વિદ્યાર્થી પર પૂર્ણ વિશ્વાસ મૂકીને કોઈપણ પ્રકારની ડિપૉઝિટ લેવામાં આવતી નથી.' બસ આ વાક્ય દિલમાં વસી ગયું ને બે વર્ષ અલીઆબાડા ખાતે વિતાવ્યાં. 'કુમારસંભવમ્' ડોલરરાય માંકડ પાસે ને 'સ્વપ્નવાસવદત્તા' યાજ્ઞિકસાહેબ પાસે ભણ્યા. ડોકાકા ભાણદેવજીના હૃદયમાં સ્થાન જમાવી ગયા. તેમની પ્રાર્થના-છાત્રાલય-પુસ્તકાલય ઉત્તમોત્તમ. અહીં મનોવિજ્ઞાન નહોતું ભણાવાતું એટલે પછીનાં બે વર્ષ અમદાવાદ એલ. ડી. આર્ટસમાં પ્રિન્સિપાલ માવલંકરજીની નિશ્રામાં. ત્યારે જાણે પૈસા ખર્ચાતા જ નહીં ફી + ગાડીભાડું + ચોપડા + ભોજન બધું મળીને પહેલા વર્ષનો ખર્ચ ૪૯૫ રૂપિયા અને દસ પૈસા થયેલો! રાજકોટની ધર્મેન્દ્રસિંહજી આર્ટ્સ કૉલેજમાંથી એમ.એ. ફિલૉસોફી કર્યું યુ. ડી. ભટ્ટસાહેબ પાસે. એ બન્ને વર્ષ નજીકના ગામ સરપદડમાં ભાણદેવજી શિક્ષક થયા. પોતે રાતોડિયા અને વાતોડિયા છે એવું કબૂલનાર શ્રી ભાણદેવજી રાત્રે એકથી છ વાંચે, પછી સ્નાન કરી સ્કૂલે જાય અને ત્યાંથી કૉલેજે!

એમ.એ. થયા પછી ભાણદેવજીએ કાકાસાહેબ કાલેલકરને પત્ર લખી પૂછ્યું : 'ગાંધી ચીંધ્યા રાહે અને ગીતાએ કહ્યા માર્ગે જીવન જીવવું છે તો ક્યાં જઉં?' જવાબ આપ્યો : 'લોકભારતી જાવ.' મનુભાઈ પંચોળીને પત્ર લખ્યો. તરત જવાબ આવ્યો : 'ભગવાનની ઈચ્છા લાગે છે કે તમે અહીં આવો.' મનુદાદાના ઘરમાં જ અનૌપચારિક ઈન્ટરવ્યૂ થયો. દાદાએ પ્રશ્ન એકમાત્ર પૂછ્યો : 'શિક્ષકનું કર્મ શું?' ભાણદેવજીએ ટૂંકો જવાબ આપ્યો : 'ચકલીમાંથી બાજ બનાવવું.' દાદા તો રાજી થઈ ગયા. તેમનાં ધર્મપત્નીને રસોડામાંથી બૂમ પાડી બોલાવ્યા અને કહ્યું સાંભળો, આમનો સરસ જવાબ. ભાણદેવજી પાસે ફરી બોલાવ્યું ને નિયામક કુમુદભાઈને આંગળી પકડાવી દીધી. શિક્ષણશાસ્ત્ર અને માનસશાસ્ત્ર, જગતનાં ધર્મો અને સંસ્કૃત ભણાવ્યા. ગૃહપતિ થયા. કુલ સાડા છ વર્ષ લોકભારતીમાં અધ્યાપક રહ્યા. વચ્ચે બે વર્ષ કૈવલ્યધામ યોગાશ્રમ, લોનાવાલા ખાતે યોગાભ્યાસ માટે ગયા. લોનાવાલાની આ શાસ્ત્રીય યોગ સંસ્થાના આચાર્ય શ્રી દિગંબરજીનો ભાણદેવજીના જીવન પર ગહેરો પ્રભાવ છે. યોગવિદ્યા, યજ્ઞવિદ્યા અને મૌન ગાંઠે બાંધી, ભાણદેવજી લોકભારતી પરત આવ્યા. શ્રી ભાણદેવજી ઋણભાવે કહે છે : 'લોકભારતીને આપ્યું તેના કરતાં પામ્યો ઘણું. ગ્રામસહવાસ, ગૌશાળા, ખેતી, તારાદર્શન, તરવાનું, પ્રવાસ, જીવનશિક્ષણ કેટલું ગણાવું? ગૃહપતિ હો છો ત્યારે તમે પણ વિકસો છો. Your work is your mirror. અહીં મેં એક પુસ્તક વાંચ્યું. સાંઈ મકરંદ લિખિત 'યોગી હરનાથના સાંનિધ્યમાં' એકીબેઠકે પૂરું થયું પુસ્તક અને એ જ બેઠકે અધ્યાત્મમાર્ગની યાત્રા શરૂ થઈ. લોકભારતી છૂટ્યું, સંસાર છૂટ્યો ને જીવ હાલ્યો ગોંડલ, યોગીશ્રી નાથાભાઈ જોશીના શરણમાં. પહેલી વખત મળ્યા ત્યારે ગુરુમહારાજે ઈજન આપ્યું હતું : 'આવતા રહેજો.' એક વખત ગાઢ સ્વપ્નમાં આદેશ આપ્યો : 'આવી જા.' ૧૯૮૨ થી વીસ વર્ષ શ્રી ભાણદેવજી ભગવત્ સાધન સંઘ, ગોંડલના ગુરુમહારાજના અંતેવાસી તરીકે રહ્યા. આ સમયની અનુભૂતિ વિષે તેઓશ્રી મૌન સેવવાનું પસંદ કરે છે. કહે છે : 'અનુભૂતિની અનભિવ્યક્તિ અધ્યાત્મપથની શિસ્ત છે.'

પચાસ વર્ષ સુધી કંઈ લખ્યું નહીં, પોસ્ટકાર્ડ પણ નહીં. ગુરુમહારાજે કહ્યું : 'મા વચને લખ.' "છેલ્લાં વીસ વર્ષોમાં એંસી પુસ્તકો લખાયાં! ગુરુદેવ ભગવાનને 'મા' કહેતા, તે 'મા વચને' લખાયું બધું! અઢી વર્ષનું મૌન હતું તે દરમ્યાન માતુશ્રીએ દેહ છોડ્યો. માતાની ઈચ્છા હતી કે મારી પાછળ ભાણજી તું ભાગવત કથા કરજે. પહેલી કથા કરી. પિતાશ્રીની પાછળ બીજી. 'હું કથા કરું છું ત્યારે તેમાં રહેલું અધ્યાત્મ ખોલું છું. ભાગવત્ એ કથા નથી, સાંગોપાંગ અને સાદ્યંત વિદ્યાનો અધ્યાત્મ ગ્રંથ છે. આચાર્ય દિગંબરજીએ શીખવ્યું કે હિમાલય તો અધ્યાત્મભૂમિ છે. હિમાલયને હર પળ વાંચ્યો છે. એકાંતમાં એકલા હિમાલયને મળવા માટે મને ઊંઘ નથી આવતી. હિમાલયમાં રાત્રે તમે સૂઈ જાઓ તો હિમાલયને તમે ગુમાવો છો. આ ભવમાં હિમાલય ગુમાવવો મને પાલવે નહીં.' મોરબી પાસેની જોધપર નદીના કાંઠે સરસ્વતી નિકેતન આશ્રમમાં સફેદ વસ્ત્રધારી યોગી અને યાજ્ઞિક શ્રી ભાણદેવજી પીપળાના ઝાડને બે નવાં પાન ફૂટે તો સૌને ભેગા કરે છે, કારણ કે એમને મન આખું અસ્તિત્વ આપણું ગુરું છે.'

***સૌજન્ય : "મુઠ્ઠી ઊંચેરા ૧૦૦ માનવરત્નો"***


સ્થાપના : ૧૯૮૪
કે.કે.
સ્ટીલ ઈન્ડસ્ટ્રીઝ

**હરખચંદ ગડા (મો. ૯૩૨૮૪ ૪૦૦૪૦) ★ નીલેશ ગડા ★ રીતેશ ગડા**

**લગ્નપદ, ઘરવપરાશ, લ્હાણી તથા હોટલ કેન્ટીન વાડી ફરાસખાના માટેના મોટા વાસણોના હોલસેલ વેપારી**

**એલ/૧૦૪૦/૭, વિજય ટ્રાન્સપોર્ટ પાસે, જી.આઈ.ડી.સી., અંકલેશ્વર. ફોન : ૦૨૬૪૬-૩૨૯૩૦૩, ૨૨૦૯૪૨**

E-mail : kaykay_industries@yahoo.com

# રણમાં વીરડી સમાન નેપથ્ય નિવાસી ગાંધીજન

• કેશુભાઈ દેસાઈ •

નારાયણ દેસાઈ અને ચુનીભાઈ વૈદ્ય જેવા સમર્પિત ગાંધી પુરુષોની ગેરહાજરીમાં એ યુગાત્માને તંતોતંત અનુસરનારા બલકે પૂર્ણરૂપેણ આત્મસાત્ કરી જીવનારા રડ્યાખડ્યા 'નમૂનાઓ' દીવો લઈને શોધવા નીકળીએ તોય જડે કે કેમ તે પ્રશ્ન છે. છેલ્લા દાયકા દરમિયાન આ લખનારને એવા બે નમૂના નજરે પડ્યા છે : સૂર્યકાંત પરીખ અને કંચનલાલ શિવરામ પટેલ. આ બે પૈકી સૂર્યકાંત પરીખ ઘણા જાણીતા છે. નેવું વર્ષે પણ કાર્યરત છે અને શૌચાલય પ્રવૃત્તિ પ્રત્યે સમર્પિત પ્રતિષ્ઠિત સંસ્થા ચલાવે છે. કંચનલાલ પટેલ એમના હનુમાનની જેમ નેપથ્યમાં રહી કામ કરતા રહ્યા એટલે એમને ફક્ત ગાંધી વિચારને વરેલા જૂજ લોકો ઓળખે છે. જો કે, કંચનલાલની પ્રકૃતિ જ પડદા પાછળ રહી કામ કરવાની રહી છે એટલે ઉંમરના સાડા આઠ દાયકા પૂરા થવા આવ્યા છે ત્યારે પણ એમને પડદો ખસેડી મંચ પર પ્રવેશવાનું ગમતું નથી. પોતે જેમની પ્રેરણાથી ગાંધીને ગમતી 'સેનિટેશન' પ્રવૃત્તિ સાથે જોડાયા હતા એવા સર્વોદય અગ્રણીઓનો પડછાયો બનીને જીવવામાં જ એમને જીવનની સાર્થકતા વરતાઈ છે. પ્રકાશમાં નહીં આવ્યાનો લેશમાત્ર અફસોસ નથીઃ બલકે ચૂપચાપ કામ કરી છૂટ્યાનો પરમ સંતોષ છે. તુલસીદાસે 'રામચરિત માનસ' રચીને છેલ્લે પાયો પરમ વિશ્રામ જેવો ઓડકાર ખાધો હતો. કંચનલાલને પણ આખું જીવન સફાઈ પ્રવૃત્તિ પાછળ વાપરી નાખ્યા પછી એવો જ ઓડકાર આવે છે. પરિવારજનો પણ એમના ચહેરા પર આ આત્મસંતોષની આભા વાંચી શક્યાં છે, એટલે જૈફ વયે એકલા રહેતા વડીલને કુટુંબ સાથે પોતાના ગામમાં રહેવાનો આગ્રહ જરૂર કરતાં રહ્યાં છે પરંતુ હઠાગ્રહ નથી કરતાં.

નહીંતર મહુડી પાસે સાબરમતીની સોડમાં વસેલું ગોકુળિયું ગામ, ભર્યુંભાદર્યું પાટીદાર ખોરડું, જમીનજાગીર, કિલ્લોલ કરતી ત્રીજી કે ચોથી પેઢીવાળો સમૃદ્ધ પરિવાર : આ કંચનલાલ શિવરામ પાસે શું નહોતું કે એમને આ ઉંમરે સુઘડ જઈને રહેવું પડે?

છેલ્લાં પાંચેક વરસથી પદ્મશ્રી 'સફાઈભૂષણ' ઈશ્વરભાઈ પટેલની માનસકન્યા જેવી કોબા સર્કલ નજીક નર્મદા કૅનાલના સાંનિધ્યે ફણગેલી પર્યાવરણ સંસ્થાના કર્તાહર્તા-સમાહર્તા ભલે જયેશભાઈ હોય પણ ખરા સુકાની તો જેમને તેઓ 'મામા' તરીકે ધરાર અધિકારપૂર્વક લઈ ગયા છે તે કંચનલાલ જ છે. એમના જેવા અનુભવી અને કાર્યદક્ષ સંરક્ષકની હાજરી હોય પછી જયેશભાઈને એમની સહોદરા સમી સંસ્થાની કશી ફિકર રહે ખરી? સામે પક્ષે 'મામા'ને પણ આ નવું ઘર ફળ્યું છે. એવું સુરમ્ય વાતાવરણ, સ્વિટ્ઝર્લૅન્ડની અદ્યતન ઈમારત જેવી મનોહારી સ્થાપત્યકળા ધરાવતું સ્વચ્છ - સ્વચ્છ સંકુલ. કંચનમામાને તો સદેહે સ્વર્ગ સાંપડ્યું છે.

હું એમને સૂર્યકાંત પરીખના ઓછાયામાં મળ્યો ત્યારે એકીસાથે બે પ્રકારના મનોભાવ જાગેલા. આવા સમર્પિત વડીલને હવે વિસામો મળવો જોઈએ. એમને બીજા કર્મચારીઓની જેમ આદેશ ન કરાય. ઉંમરની આમન્યા પણ જાળવાવી જોઈએ. એ તો પડ્યો બોલ ઝીલવા ટેવાયેલા છે એટલે ઉપરીનો આદેશ માથે ચડાવીને તાબડતોબ જ્યાં ફેંકશો ત્યાં હસતા મોઢે પહોંચી જશે. જઈને પાછા બેસી નહીં રહે. સોંપાયેલું કામ તરત જ યુદ્ધના ધોરણે શરૂ કરાવી દેશે અને એ પૂરું નહીં થાય ત્યાં સુધી એમને જંપ નહીં વળે. પરંતુ શું એમને આવા ફીલ્ડ વર્ક પાછળ દોડાવ્યે રાખવા વાજબી છે? — મને આવો પ્રશ્ન વારંવાર પીડ્યા કરતો. હું સૂર્યકાંત પરીખની સંસ્થાનો ટ્રસ્ટી હતો એટલે તો વિશેષ. પણ એ બેઉ સમવયસ્ક વડીલો જે કંઈ કરતા હશે તે સમજણપૂર્વક જ કરતા હશે, એમ સમજી કશી ટકોર ન કરતો. ખરું પૂછો તો સૂર્યકાંત પરીખને એમના આ અઠંગ કામઢા સાથી પર એટલો ભરોસો હતો કે સેંકડો માઈલ દૂર ચાલતાં સૅનિટેશનનાં કામો એમની નજર તળે ચાલે એટલે એનું જાત નિરીક્ષણ કરવાની જરૂર જ ન રહેતી. 'કંચનકાકા'ના હુલામણા નામે ઓળખાતા આ નેપથ્ય નિવાસી સાથી જે કામ હાથમાં લેશે એમાં પણ કચાશ નહીં રાખે, એવી ખાતરી. એટલે સૂર્યકાંત પરીખ નિરાંતે મનગમતાં માણસો સાથે ગોઠડી માંડી આરામથી એમની સહયોગ બિલ્ડિંગવાળી વાતાનુકૂલિત ચેમ્બરમાં બેસી શકતા. કંચનકાકા ઉંમરે પહોંચ્યા હોવા છતાં એમને થાક કોને કહેવાય એની તો ખબર જ ક્યાં હતી? જ્યારે સૂર્યકાંત પરીખનું મનોબળ ઊંચું, પરંતુ 'ડીઍનએ' વાણિયાના, એટલે એમને ઘડપણ ઘેરી વળ્યું હતું. એમનો ઉત્સાહ કાબિલેદાદ. સાહસિક પણ એટલા જ. પણ કંચનકાકો તો ભાણપુરનો પટેલ. એના વાદ વણિક શ્રેષ્ઠીથી થોડા લેવાય!

હું બેઉ વડીલોની વૃત્તિ-પ્રવૃત્તિનું સૂક્ષ્મ અવલોકન કર્યા કરતો. એક દિવસ અનાયાસ કહેવાઈ ગયું : મારે શૌચાલય પ્રવૃત્તિ પાછળ ખપી જનારા ગાંધીઘેલા લોકસેવકને નાયક કે સહનાયક કલ્પીને એક નવલકથા લખવી છે. એનો પ્રત્યક્ષ નાયક તો સંડાસના ખાળકૂવામાં જીવના જોખમે ઊતરતો સફાઈ કામદાર જ હશે,

પરંતુ નેપથ્ય પાછળના નાયક કંચનકાકા જેવા સવર્ણ ગાંધીજન હોઈ શકે છે!

સૂર્યકાંત પરીખ નહીં – કંચનકાકા જ વધુ અનુકૂળ રહેશે કારણકે એ 'ફીલ્ડ'ના માણસ છે... હું સંડાસ માટે 'શૌચમંદિર' જેવો રળિયામણો શબ્દ વાપરું છું. સૂર્યકાંત પરીખના 'નાસા ફાઉન્ડેશન'ના મુખપત્રનું 'શૌચમંગલ' જેવું નામકરણ પણ મારા જ ફળદ્રુપ ભેજાની પેદાશ. આ શૌચ મંગલના ભેખધારીઓને હું સંતકોટિના મહાપુરુષો માનું છું. 'મહાપુરુષ' જેવું કૉમ્પ્લિમેન્ટ કંચનકાકાને હરગિજ અકારું લાગશે, પણ મારે મન એ ગાંધી વિચારના વૈતાલિક છે અને 'શૌચ મંદિર'ના અઠંગ પૂજારી છે – એટલે મહાપુરુષની મારી વ્યાખ્યામાં બીજા કોઈ પણ માણસ કરતાં એ વધારે 'ફિટ' બેસે છે.

મેં એમનો કર્મયોગ સગી આંખે નિહાળ્યો છે. એમને અંબાજી, પાલિતાણા, રાધનપુર કે માતાના મઢમાં 'નાસા'ના સંકુલો સંભાળતા અને કાર્યક્રમોનું આયોજન કરી ચૂપચાપ પાછલી હરોળમાં ખોવાઈ જતા જોયા છે. સૂર્યકાંત પરીખ તો મંચના માનવી. એમનામાં ઠીંગરાઈ ગયેલો સ્વાતંત્ર્ય સેનાની મંચ જોતાંવેંત કોળી ઊઠે. એ સીધા જ માઈક પકડીને ગીતો લલકારવા લાગે. એથી તદ્દન ઊલટું, એમના આ મૂક સહયાત્રી કાં તો આમંત્રિતો માટે ખુરશીઓ ગોઠવતા હોય, પાથરણાં પથરાવતા હોય કે પછી સ્થળ પર સફાઈ કરાવતા હોય. મહિનાઓ સુધી નવાં સંકુલો ઊભાં કરવા અગવડો વેઠીને અઠે દ્વારકા કરનારા આ ગાંધીઘેલા ધરતીપુત્રને આમ વગડામાં પડી રહેવાનું જાણે કોઠે પડી ગયું છે. એમને મન ખુલ્લા આકાશ નીચે શેતરંજી પર રાત ગુજારવી કે ભાણપુરમાં દીકરાના બંગલામાં સ્વજનો સાથે આરામદાયક રાતવાસો કરવો – એ બેઉ વાનાં સરખાં છે. મીરાંબાઈની જેમ એમણે આખી જિંદગી જ ગાંધીરૂપી રામના ભરોસે સમર્પિત કરી દીધી હોય ત્યાં કશું મળ્યું - ના મળ્યું એનો હરખ-શોક શાનો હોય! જો કે એમના રામે પણ આ અઠંગ તપસ્વીનું ઘડપણ સાચવી લેવામાં કસર નથી રાખી. અગાઉ ગાંધીનગરના છેવાડા સેક્ટરની ઓરડીમાં ભાડે રહેનારા કંચનકાકા આજકાલ ફાઈવસ્ટાર હોટલ જેવી પર્યાવરણ સંસ્થાના નિયામક છે. આવી મહોલાતમાં પણ એ રહે છે તો એક ઓલિયાની જેમ. એમને વળી વૈભવનાં વળગણ થોડાં સ્પર્શી શકે!

અહીં ગાંધીનગરના સેક્ટર-૧૩ની ઓરડીમાં એ પોતાનાં કપડાં જાતે જ ધોતા હતા. મકાન માલિકની દીકરી રસોઈમાં મદદ કરતી. પણ એમનું જમવાનુંય કેવું સાદું! આમ તો ભાણપુરના બંગલે દીકરાની વહુ કે જીવનસંગિની જોઈતીબાના હાથના રોટલા ક્યાં નહોતા મળવાના? પણ આ 'જુવાન ડોસલો' ઘરની કેદમાં પુરાઈ જવા નથી માગતો, એટલે જ્યાં સુધી હાથપગ ચાલે છે ત્યાં સુધી એ મનગમતી રચનાત્મક પ્રવૃત્તિ કરતો રહેશે. છેલ્લે જરૂર પડશે તો દીકરા ક્યાં ના પાડવાના છે? એ કંઇ રિસાઈને થોડા નાઠા છે કે એમને પાછા વળતાં સંકોચ થાય! બલકે ઘર તો એમને ઉમળકાભેર આવકારવા આઠે પહોર તૈયાર જ બેઠું છે. ગામ પણ એના પનોતા પુત્રની અહોભાવપૂર્વક પ્રતીક્ષા કરતું રહ્યું છે. એ ભાણપુરના 'ભાણ' તો છે! ભાણ એટલે ભાનુ, સૂર્ય. તરસ્યા ભાણપુરને એમણે સાબરમતીનાં પવિત્ર જળનો અભિષેક કરીને તૃપ્ત કર્યું છે, તે વાત ગામ થોડું જ ભૂલી શકે! એક અર્થમાં તેઓ સાબરમતીના અનિભવ દધીચિ છે તો બીજા અર્થમાં રવિશંકર મહારાજ.

માણસ માત્ર એની આગવી નિયતિ લઈને જન્મે છે. સામાન્ય રીતે સુખી પાટીદાર પરિવારમાં જન્મેલા જીવને આવાં ગાંધીપ્રેરિત રચનાત્મક કામોમાં ખૂંપી જવાનું, શૌચાલય પ્રવૃત્તિ પાછળ જિંદગી હોમી દેવાનું ન જ ગમે. પરંતુ આ કંચનલાલને એમના નામ જેવા જ ઊજળા સંસ્કારો સાંપડ્યા. સેવાદળની તાલીમે એમનો રસ્તો જ બદલી નાખ્યો. ૧૯૩૨ના વર્ષમાં જન્મેલા મારા મોટા ભાઈ બીજા ખેડૂતો જેવા ખેડૂત જ રહ્યાં; ઝાઝું ભણ્યા પણ નહીં. કંચનલાલ કામ કરતાં કરતાં ઍમ.એ., એમ.ફિલ. જેવી ઊંચી ઉપાધિઓ અંકે કરી શક્યા, તે એમની નિષ્ઠા અને પરિશ્રમના પ્રતાપે! એમને મોતીભાઈ ચૌધરી અને કૃષ્ણદાસ શાહ જેવા ગાંધી વિચારને વરેલા જીવન - ઘડવૈયા સાંપડ્યા. એથી એક પાટીદાર યુવાનમાં ફનાગીરીનો આતશ પ્રજળ્યો. આજે પંચ્યાસીમા વર્ષે એ આતશ બુઝાયો નથી! કદાચ એ આતશ એમના છેલ્લા શ્વાસ પર્યંત જલતો રહેશે અને એમના નામને વધુ ને વધુ ઊજળું, વધુને વધુ સાર્થક કરતો રહેશે. લોકભારતી અને ગુજરાત વિદ્યાપીઠના આ ઉચ્ચ ઉપાધિધારી ધાર્યું હોત તો શિક્ષણ ક્ષેત્રમાં જોડાઈ આરામની જિંદગી ગાળી શક્યા હોત. પણ ગાંધીએ એમને સતત અંદરથી ટપાર્યા : તારે તો આ જ કામ કરવાનું છે! માસ્તર બનીને વર્ગખંડની દીવાલો વચ્ચે પુરાઈ રહેવા માટે તું નથી અવતર્યો. તારે એવા કામ સાથે જોતરાઈને જીવવાનું છે જે બાકીના નવ્વાણું ટકા લોકો કરી શકે એમ જ નથી! અંદરથી ટપારતા ગાંધીને એ થોડા અવગણી શકે!

એટલે એ ગાંધી પાછળ એમણે ઘર છોડ્યું. રઝળપાટ કરતા કરતા જ્યારે પણ પાછા ગામમાં આવ્યા ત્યારે ગામના પ્રશ્નો તો ઉકેલતા જ રહ્યા. સ્થાયી આવકવાળી સરકારી નોકરી છોડતાં પણ પળવારનો વિલંબ ન કર્યો. જુગતરામ દવે અને ઝીણાભાઈ દરજીના કાર્યક્ષેત્ર વ્યારામાં રાષ્ટ્રીય કક્ષાના પ્રથમ સફાઈ વિદ્યાલયમાં જોડાયા. શૌચાલય વિજ્ઞાનના તજ્જ્ઞ તો બન્યા જ; સાથે જ ગાંધીમેળાનું આયોજન કર્યું અને 'સફાઈ દર્શન' માસિકનું સંપાદન સંભાળ્યું. વ્યારાનું સફાઈ વિદ્યાલય સંજોગોવસાત બંધ થયું એટલે ગાંધી સ્મારક નિધિ સાથે જોડાયા. ગાંધી શતાબ્દી વર્ષ દરમિયાન ગુજરાતમાં બે લાખ ડબા જાજરૂને ફ્લશ ટાઈપ સંડાસમાં બદલવાનું સીમાચિહ્નરૂપ કાર્ય પાર પાડ્યું. ગ્રામ સફાઈના એમના કામની કદર સ્વરૂપે સ્વ. ઈશ્વરભાઈ પટેલની સાથે એમને પણ સુવર્ણચંદ્રક અને પ્રશસ્તિપત્ર વડે નવાજવામાં આવ્યા. બેઉ મિત્રોને નાગાલૅન્ડની સરકારે ત્યાંની કૉલેજો તથા તાલીમ કેન્દ્રોમાં બે માસ

માટે તજજ્ઞો તરીકે નોતર્યા. બેઉએ નાગાલૅન્ડ, મણિપુર અને ત્રિપુરા જેવા ઉત્તર પૂર્વનાં રાજ્યોમાં નોંધપાત્ર કામગીરી બજાવી. હરિજન સેવક સંઘ તરફથી દેશના પશ્ચિમ વિભાગમાં ભંગી કષ્ટ મુક્તિની કામગીરી કરી. (પશ્ચિમ વિભાગમાં ત્યારે ગુજરાત, મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રનો સમાવેશ થતો હતો.) ૧૯૭૫થી ૧૯૭૮ દરમિયાન ગુજરાત રાજ્ય પ્રેરિત સર્વોદય યોજના સાથે સંકળાયા અને 'સંગમ ટ્રસ્ટ'ના માધ્યમથી વિકાસ અને જનજાગૃતિનાં કામો કર્યાં. ગ્રામજનોને એમના ધંધા માટેના અદ્યતન ઓજારો, નવું બિયારણ, ખેતી માટેનાં સુધરેલાં ઓજારો ઉપલબ્ધ કરાવ્યાં. ખેતીની વૈજ્ઞાનિક પદ્ધતિ શીખવી. ગામમાં ધોરણ-૮થી ૧૧ સુદીનું ઉત્તર બુનિયાદી વિદ્યાલય શરૂ કર્યું. વળી એ પછીનાં વર્ષોમાં ગામની સેવા સહકારી મંડળી સ્થાપી જેમાં ભાણપુર ઉપરાંત ભાથીપુર, ખડાત, વજાપુર અને સાંકાપુર જેવાં ગામોમાં ખેતીને લગતાં બિયારણ, ખાતર તથા 'રેશનિંગ મંડળી' દ્વારા જીવનજરૂરી ચીજવસ્તુઓનું વિતરણ શરૂ કર્યું. સંકર ગાય અને સંકર કપાસ ખેડૂતો અને પશુપાલકો માટે આશીર્વાદરૂપ સાબિત થયાં. ૧૯૮૨થી ૧૯૮૫ દરમિયાન ભાણપુર - ભાથીપુર દૂધ ઉત્પાદક સહકારી મંડળી બનાવીને એ પંથકનું દૂધ મહેસાણાની વિશ્વપ્રસિદ્ધ દૂધસાગર ડેરીમાં ભરાવવાનું શરૂ કર્યું. આસપાસનાં વજાપુર, સાંકાપુરા, સંઘપુર, ધનપુરા, રામપુરા, રણછોડપુરા અને દેવપુરા ગામોમાં પેટા કેન્દ્રો શરૂ કરાવ્યાં. આ તમામ ગામોની દૂધ મંડળીઓ રજિસ્ટર્ડ કરાવી આપી. પૂરું એક તપ — બાર વર્ષ — ડેરીના ચૅરમૅનપદે સેવા આપતા રહ્યા અને જ્યારે એ પગભર થઈ ત્યારે ગામલોકોને એનો હવાલો સોંપી દઈ પોતાની ગાંધીપ્રિય પ્રવૃત્તિમાં જોતરાઈ ગયા.

ગામ નાનું છે પણ એનાં લોક મોટાં છે. કંચનલાલના મોટાભાઈ આજે એકસો પાંચ વર્ષે અડીખમ છે! શું આ મૈયા સાબરનાં પાણીનો પ્રતાપ હશે? પચ્ચીસ વર્ષ લગી ભાણપુર જૂથ પંચાયતના અને પછી સ્વતંત્ર પંચાયત મળતાં બીજાં દસ વર્ષ ભાણપુર પંચાયતના સરપંચપદે એકધારા, લગભગ સર્વાનુમતે ચૂંટાયા જયેષ્ઠબંધુ અને સહકારી ક્ષેત્રે લઘુબંધુનો 'મણિકાંચન યોગ' કેવો સુભગ! બીજું કોઈ કુટુંબ હોત તો આ પરિસ્થિતિનો રાજકીય લાભ ઉઠાવી જિલ્લા પંચાયત કે ધારાસભા સુધી પહોંચ્યું હોત. એમાંય કંચનલાલ પાસે તો ગાંધીવિચારનું અખૂટ ભાથું હતું. વળી એ વિદ્યાપીઠ જેવી રાષ્ટ્રીય સંસ્થાના ઉચ્ચ ઉપાધિધારી હતા. એ જમાનામાં અંગૂઠાછાપ પાટીદારો ધારાસભ્ય બની જતા હતા. અરે, આજે પણ આપણા ઘણા બધા ધારાસભ્યો નૉન મેટ્રિક છે. રાજકીય પક્ષો દીવો લઈને સારા, ભણેલા ગણેલા ઉમેદવારો શોધતા રહેતા. કંચનલાલ શિવરામ તો પાટીદારોની બહુમતી ધરાવતા મહેસાણા સંસદીય વિસ્તારના એમ.પી. બન્યા હોત તોય શોભી ઊઠત. ઓછું બોલે છે એ સાચું, પણ જે કંઈ બોલે છે તે ટકોરાબંધ બોલે છે. હું આટલો જાણીતો લેખક છું, છતાં મારા ગુજરાતી ઉચ્ચારોમાં મહેસાણાની લોકબોલીની છાંટ વરતાય છે. કંચનલાલ શિવરામ અણિશુદ્ધ નાગરી ઉચ્ચારોવાળી ગુજરાતી બોલે છે. એમને આ બધી વિશેષતાઓ વટાવી ખાતાં ન આવડ્યું! નહીંતર સફેદ ખાદી વસ્ત્રોમાં દૂરથી ચાલ્યા આવતા કંચનલાલને જોઈને અજાણ્યા માણસને તો એમ જ લાગે કે ગુજરાતની મુલાકાતે આવેલો દિલ્હીનો કોઈ નેતા વૉકિંગ કરવા નીકળ્યો લાગે છે!

જો કે કંચનકાકાને એવા કોઈ 'મોટા માણસ' બની જવાની અબળખા ક્યારેક જાગી નથી. એમણે તો સંત કોટિના લોકસેવકોનાં પડખાં સેવ્યાં છે. પોતે રજકણ બનીને રહેવામાં જ શ્રેય માન્યું છે. અપ્પાસાહેબ પટવર્ધન, કૃષ્ણદાસ શાહ અને જુગતરામ દવે કે મોતીભાઈ ચૌધરી જ એમના આદર્શ રહ્યા છે. ઈશ્વરભાઈ અને સૂર્યકાંત પરીખ જેવા સાથીઓ સાથે પણ એ તો સેવકની ભૂમિકામાં રહ્યા છે.

એમનામાં જીવતો આ 'સેવક' આજે તો દીવો લઈને શોધવા જતાં પણ જડવો મુશ્કેલ છે. એક હનુમાન હતા અને બીજા આ કંચનલાલ શિવરામ છે. નાસા ફાઉન્ડેશનમાં સેક્રેટરી તરીકે જોડાયેલા સહકર્મી વિશે નાસાધિપતિ સૂર્યકાંત પરીખનો અહોભાવ જુઓ. તેઓ લખે છે :

"૧૯૮૮-૮૯માં નાસા ફાઉન્ડેશન શરૂ થયું ત્યારે શ્રી કંચનભાઈ અમારા કામમાં સૌથી પહેલાં જોડાયા અને તેઓ સંસ્થાના સેક્રેટરી બન્યા. અમે ગુજરાતના જાહેર જીવનમાં સ્વચ્છતા અંગેનો એક નવો વિચાર દાખલ કર્યો. અમે સૌપ્રથમ ગુજરાતનાં યાત્રાધામ દ્વારકા, સોમનાથ, અંબાજી, ડાકોર, પાલિતાણા વગેરે સ્થળોએ જાહેર સેનિટેશન સુવિધા ઊભી કરી - તેમાં શ્રી કંચનભાઈનો ફાળો ઘણો મોટો. તેઓએ એ વખતનાં કામોની ગોઠવણીમાં જે નેતૃત્વ પૂરું પાડ્યું તે ઘણું મહત્ત્વનું અને મારા કામને બહુ મજબૂત કરનાર હતું. આ બધાં કામોની વચ્ચે ઉજ્જૈનનો કુંભમેળો આવ્યો અને તે વખતના મધ્ય પ્રદેશના મુખ્યમંત્રી ઉમા ભારતીએ એમને જે કામ સોંપ્યું તેમાં ૨૨૦૦ સંડાસ - બાથરૂમો સતત ચોખ્ખાં રાખવાનું કામ અમારી એક હજાર કાર્યકર્તાઓની ટીમે કર્યું. તેના લીડર શ્રી કંચનભાઈ હતા."

એ જ પ્રમાણે ગાંધીજીની ઐતિહાસિક દાંડીયાત્રાને પંચોતેર વર્ષ પૂરાં થતાં સાબરમતીથી દાંડીના દરિયા કિનારા સુધી

**(અનુસંધાન : જુઓ પાના નં.-૫૪ ઉપર)**

Office No.-7, Lokhandwala Building,
3/5, Garibdas Street, Vadgadi,
Masjid Bunder (W), Mumbai-400 003.
Tel. : (022) 23468106, (RIM) 32422541,
9324308802 Fax : 23468109
Customer Care : 9324945601
E-mail : nishant.vltc@gmail.com ■ www.vltc.in

NAVIN ORIENT

*VIJAY LAXMI TRANSPORT CARRIERS*
**NAVIN ORIENT CARRIER**
THE TRANSPORT FOR RAJASTHAN ■ THE TRANSPORT FOR MADHYA PRADESH
FLEET OWNERS ■ TRANSPORT CONTRACTORS ■ CARGO MOVERS

વિચાર વિમર્શ

# આપણે 'ગાંધીજીને' લાયક છીએ?

• નાની પાલખીવાલા •

*થોડાં ફૂલ ચઢાવવાં, માથું નમાવવું, પ્રદક્ષિણા કરવી, પાછળ વળવું, નવા આવનાર માટે જગ્યા કરવી. બે મિનિટ મૌન પાળવું, સલામી આપવી અને કેટલીક મિનિટો રામધૂન, ...રાજઘાટ પર વધુ એક યંત્રવત્ પ્રક્રિયાની પૂર્ણાહૂતિ... પૂરા ૬૮ ગાંધીનિર્વાણ દિન આમ ગયા ને કેટકેટલાય જશે. ભારત દેશ પણ દર વર્ષે ગાંધીના સપનાના સ્વરાજથી આમ જ દૂર જતો જાય છે. 'મારું જીવન જ મારો સંદેશ' છે કહીને ચાલ્યા ગયેલા આ માણસની વાતો પુષ્કળ કરી શકાય પણ એમના વિચારો વર્તનમાં આણવા અઘરા છે! એટલે જ વાડીલાલ ડગલીએ જેમને 'ભારતના મહાન નાગરિક' અને 'ગાંધીજીની આંતરડી ઠરે' એવા 'આધુનિક વ્યક્તિ' ગણાવ્યા છે, એવા સન્માનનીય ધારાશાસ્ત્રી નાની પાલખીવાલાની માફક આપણે પણ જાતને પ્રશ્ન પૂછવા જેવો છે 'આપણે ગાંધીજીને લાયક છીએ?'*

*(ઓલ ઈન્ડિયા રેડિયો, મુંબઈ, જાન્યુઆરી ૩૦, ૧૯૭૫)*

સત્તાવીસ વર્ષ પહેલાં ત્રીસમી જાન્યુઆરીના શુક્રવારે અહિંસાનો સૌથી મોટો ફિરસ્તો ખૂનીની ગોળીનો શિકાર બન્યો. આટલા તેજસ્વી અને પ્રકાશમય બીજા કોઈ આત્માએ ભાગ્યે જ સંસ્કૃતિને પવિત્ર કરી હશે. મહાત્માના કામ તેમ જ વિશ્વના ઈતિહાસમાં એમના સ્થાનને આલ્બર્ટ આઈન્સ્ટાઈને ટૂંકમાં આ રીતે મૂક્યાં હતાં :

*વિશ્વભરમાં ગાંધી વિશે જે અહોભાવ છે એનું મુખ્ય કારણ એ લોકો, ઘણુંખરું સભાન રહ્યા વગર, એમ માનતા કે નૈતિક સડાના આ યુગમાં એ એકમાત્ર એવો દૂરંદેશી રાજકારણી હતો જેણે રાજકીય બાબતોમાં માનવીય સંબંધોનો ઊંચો ખ્યાલ આપ્યો, જેને આપણે બધી જ શક્તિથી અનુસરવું જોઈએ. આપણે એ મુશ્કેલ પાઠ શીખવાનો છે કે વિશ્વવ્યવહારમાં આપણો રસ્તો નગ્ન સત્તાની ધાકધમકી પર નહીં પણ ન્યાય અને કાયદા પર ઊભો હશે તો જ માનવજાતનું ભાવિ સહન કરી શકાય એવું હશે. આવનારી પેઢીઓ ભાગ્યે જ માની શકશે કે આવો માનવી ખરેખર હાડમાંસ સાથે પૃથ્વીપટે વિચરતો હતો.*

ગાંધીજીનાં અગણિત બલિદાનો અને એમની અથાગ મહેનતનાં ફળ ભોગવતી નવી પેઢી એમના વ્યક્તિત્વનો જાદુ નહીં જાણે. લોકોનો આ એક એવો નેતા હતો જેને કોઈ બાહ્ય સત્તાનો ટેકો નહોતો; એક એવો રાજકારણી હતો જેની સફળતા કોઈ છળ કે કપટ પર નહીં પણ માત્ર એના આત્માની નૈતિક મહાનતા પર નભેલી. એક વિજેતા યોદ્ધો હતો જેણે પૃથ્વી પરના સૌથી જોરાવર રાષ્ટ્રને બળ વાપર્યા વગર પાછું હઠાવ્યું. એ મહાન શાણપણ અને અદ્‌ભુત નમ્રતાવાળો આત્મા હતો જેનાં શસ્ત્રો હતાં માત્ર દૃઢ મનોબળ અને અચળ નિશ્ચય. એ એક નબળા શરીરનો એવો માનવી હતો જેણે લશ્કરી તાકાતની ક્રૂરતાનો માત્ર માનવીના ગૌરવથી સામનો કર્યો. વિલ દુરાંએ કહેલું એ પ્રમાણે સદીઓ પછી પણ લોકો મહાત્માને યાદ કરશે, જ્યારે એમના વખતના અન્ય નેતાઓનું નામોનિશાન પણ નહીં રહ્યું હોય. ઈતિહાસમાં નોંધાયેલાં નામોમાંથી આટલી સૌમ્યતા, નિઃસ્પૃહતા, સાદગી અને દુશ્મન પ્રત્યે ક્ષમાની ભાવના ભાગ્યે જ કોઈમાં હશે.

મહાત્મા માટે સત્ય જ ઈશ્વર હતું અને અહિંસા એ જ ધર્મ. ૧૯૨૨માં એમની સામે ચાલેલા મુકદ્દમામાં એમણે કહેલું : "મારા ધર્મનું પહેલું પગથિયું અહિંસા છે. છેલ્લું પગથિયું પણ એ જ છે." અહિંસામાં વીરતા મરવામાં છે, મારવામાં નહીં. એમની અનુકંપા અને માનવતા બ્રહ્માંડ જેટલી અસીમ હતી. એમણે કહેલું, "ભારતના બધા જ ધર્મ અને જાતિઓના માણસોને એકત્ર કરો અને કોમવાદી તથા સ્થાનિક ભાવનાઓ એમના મગજમાંથી કાઢી એમનામાં એકતાની ભાવના પૂરો." એમણે એમ પણ કહેલું, "મારું હિંદુત્વ સાંપ્રદાયિક નથી. ઈસ્લામ, ખ્રિસ્તી, બૌદ્ધ અને પારસી ધર્મોમાં મને જે સર્વોત્તમ તત્ત્વો દેખાય છે એ બધાં એમાં આવી જાય છે. સત્ય મારો ધર્મ છે અને એને સાધવાનો એકમાત્ર માર્ગ અહિંસાનો છે."

JAYANT STEELS
179-A, Kandori Building, Opp. Sarvoday Nagar,
Panjarapole Road, Bhuleshwar, Mumbai-400 004.
Ph. : (022) 2242 2463 • 2242 7263

જયંત સ્ટીલ્સ
૧૭૯/એ, પાંજરાપોળ રોડ, સર્વોદય નગરની સામે,
મુંબઈ-૪૦૦ ૦૦૪. ★ ફોન : ૨૨૪૨૨૪૬૩ / ૭૨૬૩ / ૭૩૯૦
સુંદર - સુઘડ રસોડાના રાચરચીલાનું પ્રાપ્તિનું પ્રેરણા સ્થાન

સામાજિક અન્યાયનાં દૂષણો સામે ઈતિહાસમાં આ પહેલાં લોકોને આટલી વ્યાપક રીતે કોઈએ ઊભા કર્યા નહોતા. સમગ્ર માનવજાતિના આત્માને ઢંઢોળવાનું કામ એમણે પોતાને માથે લીધું. એક સંત જેના નેતા હતા એવી ક્રાંતિની અદ્ભુત ઘટના વિશ્વે જોઈ. "પોતાની ચમકતી પાંખો શૂન્યાવકાશમાં વ્યર્થ ફફડાવતો" આ કોઈ દેવદૂત નહોતો. એમણે પોતાની જાતને એક વાસ્તવિક આદર્શવાદી સાબિત કરી અને ભલાઈ પણ અસરકારક હોઈ શકે એ દેખાડ્યું. દક્ષિણ આફ્રિકામાં ગિરમિટિયા (ગુલામ મજૂરો) ની પ્રથા નાબૂદ કરવા એમણે સફળ પ્રયત્નો કર્યા. આપણા સમાજના કલંક જેવાં અસ્પૃશ્યતા અને બીજાં સામાજિક દૂષણો સામે બીજા કોઈ કરતાં તેઓ વધુ શૂરતાથી લડ્યા. ૧૯૨૫માં એમણે કહ્યું, "અસ્પૃશ્યતા આપણી સૌથી મોટી શરમ છે. આ અપમાન વધારે ઊંડું જઈ રહ્યું છે." એમને મન બ્રાહ્મણ અને હરિજનને સમાન ગણવા એ જ ગીતાનો આદેશ હતો.

સામ્રાજ્યવાદ અને સંસ્થાનવાદી શાસન સામે એમની ઐતિહાસિક લડતને પરિણામે ભારતને આઝાદી મળી એટલું જ નહીં પણ બીજા ઘણા દેશોની મુક્તિ માટેની જરૂરી આબોહવાનું સર્જન થયું.

ગાંધીજીની માન્યતાઓ સમજવાની મહેનત જેમણે કરી નહીં તેઓ એમને અર્થશાસ્ત્રના વિષયમાં આદર્શવાદી ગણાવતા. ગાંધીજીને મન ચરખો એક પ્રતીક હતો અને ભૂખ્યા લોકો સાથે એકતા સાધવાનું સાધન હતો. આ એમની પહેલી અને અંતિમ ચિંતા હતી. "કરોડો મૂંગા લોકોનાં હૃદયમાં જે ઈશ્વર દેખાય" એ સિવાય કોઈ અન્ય ઈશ્વરને ઓળખવાની એમણે ના પાડેલી. યંત્રો કે વિજ્ઞાનના વપરાશ સામે એમને વાંધો નહોતો, જો એ લોકોની આર્થિક અને સામાજિક જરૂરિયાતો પૂરી કરી શકતાં હોય. "મારા દેશને જે વસ્તુઓ જોઈએ છે એ ત્રણ કરોડ લોકોને બદલે માત્ર ત્રીસ હજાર લોકોથી ઉત્પન્ન થતી હોય તો તે સામે મને વાંધો નથી. પણ પેલા ત્રણ કરોડ લોકો બેરોજગાર ન થવા જોઈએ. મુખ્ય વાત એ છે કે લોકોનો વ્યર્થ સમય વપરાવો જોઈએ અને આમ કુદરતી પ્રક્રિયાઓથી દેશની ગરીબી દૂર કરવી જોઈએ. ચરખાનો પાયો જ એ વાત પર છે કે ભારતમાં કરોડો અર્ધ-રોજગારીવાળા લોકો છે અને હું એ વાત સ્વીકારું છું. જો આમ ન હોત તો ચરખા માટે કોઈ સ્થાન ન રહેત. ભારતની ગરીબી અને બેરોજગારી દૂર થતી હોય તો હું અત્યંત જટિલ યંત્રોના વપરાશની પણ હિમાયત કરું."

રાજ્યના બિનજરૂરી અંકુશો નાબૂદ કરવા કે ઘટાડવા માટે તેમણે અથાગ પ્રયત્નો કર્યા. એમણે કહ્યું : રાજ્યની સત્તામાં કોઈ પણ વધારાથી હું ડરું છું કારણ કે શોષણને ઓછું કરીને એ લોકોનું ભલું કરે છે એમ ઉપર ઉપરથી દેખાય છે પણ તમામ પ્રગતિના મૂળમાં રહેલા વ્યક્તિત્વનો નાશ કરીને એ માનવજાતને ખૂબ નુકસાન કરે છે.

ગાંધીજીને મન ખાનગી મિલકત જાહેર વિશ્વાસના પાયા પર રાખવાની હતી. મિલકત ધરાવનારાઓએ એનો ઉપયોગ અન્ય લોકોના ભલા માટે કરવાનો હતો.

મિલના એજન્ટ અને મિલના મજૂરો વચ્ચેનો સંબંધ પિતા અને સંતાન જેવો અથવા તો ભાઈઓ વચ્ચે હોય એવો હોવો જોઈએ. તમારી તમામ મિલકત એક પવિત્ર ટ્રસ્ટ તરીકે તમારે રાખવી જોઈએ અને જેઓ તમારા માટે કામ કરે છે અને જેમની મહેનત અને મજૂરી પર તમારું સ્થાન અને તમારી સમૃદ્ધિ ઊભી છે એમને માટે આ મિલકત તમારે વાપરવી જોઈએ. હું ઈચ્છું છું કે તમારા મજૂરોને તમે મિલકતમાં ભાગીદાર બનાવો.

બીજા લાખો લોકો પ્રામાણિક આજીવિકાનો જે અધિકાર ધરાવે છે એટલો અધિકાર જ માત્ર તમારો છે. તમારી બાકીની મિલકત સમાજની છે અને સમાજના કલ્યાણ માટે વપરાવી જોઈએ. એમની ખાસિયત મુજબની માનસિક સજાગતા દેખાડીને એમણે પોતાની જાતને સમાજવાદી નહીં પણ સામાજિક ન્યાયમાં માનનાર તરીકે ઓળખાવી.

એક સારા નાગરિકનું જીવન કર્મનું અથવા તો દેશની સેવામાં સક્રિય એવું જીવન હોય એમ ગાંધીજીએ કહ્યું. "મારાં લખાણો મારા શરીર સાથે બાળજો. મેં જે કર્યું છે એ જ રહેવાનું છે, મેં જે કહ્યું કે લખ્યું છે એ નહીં." ધ્યેયને વરેલા કામનું મહાત્મા કરતાં વધુ સારું ઉદાહરણ આ સદીમાં નથી. એમનું જીવન અસીમ ધીરજ, અપાર પ્રેમ, સંપૂર્ણ પ્રામાણિકતા અને અદમ્ય હિંમતનું જીવન હતું.

આપણી પદ્ધતિઓ અને વિચારધારાઓ ક્યારેક કામનાં અને ક્યારેક નકામા હોય છે. પરંતુ શાણપણ અને માનવીયતાના આ મહાન અને પ્રેમાળ દીપકના શબ્દો શાશ્વત છે. એમણે આપણને એક રાષ્ટ્ર તરીકે સ્વમાન અને ગૌરવની અમૂલ્ય ભેટ આપી.

ગાંધીજીના શરીરને ભરખી જનાર ધિક્કાર અને ઝનૂન એમના મહાન આત્માને સ્પર્શ્યા નહીં. આપણે હવે એમણે આપેલા શાશ્વત પાઠ તરફ વળીએ જેથી આપણે ગાંધીજીને એમની જિંદગીમાં લાયક નહોતા તોયે એમના મૃત્યુ પછી થોડા અંશે એમને લાયક થઈએ.

*('અમે ભારતના લોકો'માંથી)*

***સૌજન્ય : "નવજીવન"***

**Dhiren Shah - Director**
M. : 98795 00916 ● E-mail : dhirenshah@favouriteshoes.com

HITSTEEL WAVES ULTIMA voltex Winner

**FAVOURITE**

**Manufacturers & Exporters of Safety Shoes & Casual Shoes**

**FAVOURITE SAFETY PRODUCTS**
J-1915-18/A, GIDC Industrial Estate,
Ankleshwar-393 002. Dist. Bharuch, Gujarat (INDIA)
Ph. : +91 2646 220690 / 251646 Fax : +91 2646 251030
E-mail : info@favouriteshoes.com Web : www.favouriteshoes.com

**FAVOURITE SHOE COMPANY**
C-1/B-2007-2006/3, GIDC Indl. Estate,
Ankleshwar-393 002. Dist. Bharuch, Gujarat (INDIA)

# ગુજરાતના પ્રથમ જૈન એ.સી.પી. પન્નાબહેન મોમાયા કહે છે ફરજ પાલનમાં દોષિતોને દંડ આપવો એ જીવહિંસા નથી

*૨૦૧૧માં મહિલા અનામતનો લાભ લીધા વગર Dy. S.P. બન્યાં હતાં*

પન્નાબહેન કહે છે કે વર્ષ ૨૦૦૨માં મહિલા PSI તરીકે સેટેલાઈટ અને નારણપુરા પોલીસ સ્ટેશનમાં મારું પહેલું પોસ્ટીંગ હતું. અહીં મે ૨૦૦૫ સુધી એક મહિલા પોલીસ અધિકારી તરીકે ખૂબજ સાહજિક રીતે ફરજ બજાવી. આ સમય દરમિયાન કશુંક વિશિષ્ટ કરવાની પ્રબળ ઈચ્છા અને ધગશના લીધે ગુજરાત જાહેર સેવા આયોગની સ્પર્ધાત્મક પરીક્ષામાં ઉત્તીર્ણ થતા આણંદ જિલ્લાના ખંભાત-તારાપુરના મામલતદાર તરીકે નિયુક્તિ મેળવી. ૨૦૧૧માં ફરીથી જાહેર સેવા આયોગની સ્પર્ધાત્મક પરીક્ષામાં ઉતીર્ણ થઈને સુરેન્દ્રનગરમાં Dy. S.P. તરીકે પોલીસ ખાતામાં નિયુક્તિ મેળવી. એ ગાંધીનગરમાં કરાઈ ઍકેડેમિ ખાતે Dy.S.P.ની એક વર્ષની તાલીમ લીધી જેમાં મહિલા અને પુરુષ મળીને કુલ ૬૨ તાલીમાર્થીઓમાંથી ૧૦મો રેન્ક મેળવ્યો હતો. પન્નાબહેને સુરેન્દ્રનગરમાં Dy. S.P. તરીકે ત્રણ વર્ષ સુધી ડ્યૂટી કરીને હાલમાં ઓગસ્ટ ૨૦૧૫ થી મહિલા ક્રાઈમ બ્રાંચના A.C.P. તરીકે ફરજ બજાવે છે.

### જિનપિંગને ગાર્ડ ઓફ ઓનર આપનારાં ભારતના પ્રથમ મહિલા પોલીસ અધિકારી

ચીનના પ્રેસિડન્ટ ૧૭ ઓક્ટોબર, ૨૦૧૪માં ભારત મુલાકાત દરમિયાન અમદાવાદ આવ્યા ત્યારે ઍરપોર્ટ પર આ વિદેશી મહેમાનને ગાર્ડ ઓફ ઑનર આપનારા ભારતના પ્રથમ મહિલા પોલીસ બન્યા હતા. એસીપી પન્નાબહેન કહે છે સદીઓથી પુરુષોના ગણાતા સંરક્ષણ ક્ષેત્રમાં મહિલાઓ સરસ કામ કરી રહી છે. જો કે કોઈ માણસ ખાખી વર્દી પહેરીને પોલીસ બને ત્યારે મહિલા કે પુરુષ નહીં પરંતુ માત્ર પોલીસ જ હોય છે. આથી મહિલાઓએ પોતાની જાતનો વિચાર કર્યા વગર માત્ર ટેલેન્ટ અને ધગશથી ડ્યુટી કરવી જોઈએ. ઘણી વાર પરીણિત મહિલાઓની અંગત જીવનના કારણે નોકરીમાં ડિસ્ટર્બ થતી હોય છે પરંતુ ઍડજસ્ટ કરતા આવડતું જરૂરી છે.

સામાન્ય રીતે વેપાર અને વાણિજ્યના ક્ષેત્રે આગળ પડતા ગણાતા જૈનો પોલીસની નોકરી કરવાનું પસંદ કરતા નથી. જો કે અમદાવાદ ખાતે આસિસ્ટન્ટ કમિશનર ઑફ પોલીસ પન્નાબહેન મોમાયા અપવાદ છે. આ શ્વેતાંબર મુર્તિપૂજક જૈન મહિલા ૩૩ ટકા મહિલા અનામતનો લાભ લઈને નહીં પરંતુ ઑપન કેટેગરીમાં પુરુષોની સ્પર્ધા કરીને પોલીસ અધિકારી બન્યા છે.

### *માતા-પિતાએ કહ્યું : જૈનોથી કાંઈ પોલીસની નોકરી થાય?*

પન્નાબહેન કહે છે અહિંસા, ક્ષમા અને દયાના ધાર્મિક સંસ્કારો ધરાવતા મારા માતા પિતા હું પોલીસ અધિકારી બનું તેમ ઈચ્છતાં ન હતાં. પરીવારના લોકોનું પણ માનવું હતું કે પોલીસમાં આરોપીને ગુનો કબૂલ કરાવવા માટે બળપ્રયોગ કરવો પડે છે જેનાથી જીવહિંસા થાય છે. આથી જો મને પોલીસ ખાતામાં નોકરી મળશે અને તેમાં હું ધર્મપાલન નહીં કરી શકું તો રાજીનામું આપી દઈશ એવી હૈયાધારણ સૌને આપી હતી. બી.કોમ.,એમ.કોમ. અને એલ.એલ.બી. નો સ્ટડી પૂરો કર્યા પછી ૨૦૦૧માં પ્રથમ વાર મહિલા પીએસઆઈની ભરતીની લેખિત, મૌખિક અને શારીરિક ફિટનેસની પરીક્ષા આપી હતી. આ ભરતીમાં ૨૩૨ પુરુષો સાથે માત્ર ૫ મહિલાઓ પાસ થઈ એમાં હું એકમાત્ર જૈન છોકરી હતી.

### *ઘરે શ્રાવિકા ધર્મ અને ઓફિસમાં પોલીસ ધર્મનું પાલન કરે છે.*

તેઓ ચુસ્ત જૈન ધર્મ પાળતા હોવાથી દહેરાસરમાં સેવાપૂજાના નિત્યક્રમ ઉપરાંત સમયાંતરે વ્રત ઉપવાસ પણ કરતા રહે છે. બીજી બાજુ પોતાની ફરજના ભાગરૂપે આરોપીઓને દંડવાનું પણ ચૂકતા નથી. તેઓ કહે છે હું ઘરે જીવદયામાં માનતી જૈન શ્રાવિકા છુ પરંતુ ઓફિસમાં આવું ત્યારે દોષિતોને દંડવા આક્રમક પોલીસ રહેવું પડે છે. કારણ કે હું મારી ફરજ જીવહિંસા માટે નહી જીવોના રક્ષણ માટે કરતી હોવાથી કોઈ પણ પરિસ્થિતિમાં ફરજ તો બજાવવી જ પડે. જૈન ધર્મના પ્રાચીન ઈતિહાસ મુજબ કુમારપાળ રાજા યુદ્ધ માટે જતા ત્યારે ઘોડા પર પૂંજણી કરીને બેસતા જેથી કરીને નિર્દોષ જીવો મરે નહી. સાથે સાથે તેઓ યુદ્ધમાં દોષિતોને દંડ પણ આપતા હતા. તારાપુર, ખંભાત અને સુરેન્દ્રનગરમાં નોકરી દરમિયાન જયારે સાત્વિક જૈન ફૂડ ના મળે તેવા સંજોગોમાં તેઓ ભૂખ્યા રહેવાનું પસંદ કરતા પરંતુ બટાટા, લસણ અને ડુંગળી જેવો ધર્મ વિરુદ્ધનો કંદમૂળ આહાર લેતા ન હતા.

## બોમ્બવર્ષા વચ્ચે માનવતા

સિરિયા હોય કે હિંસાગ્રસ્ત આફ્રિકાનો દેશ, સરહદોના બંધનથી મુક્ત થઈને 'ડોક્ટર્સ વિદ્યાઉટ બોર્ડસ' નામની સંસ્થામાં ચોંત્રીસ હજાર ડોક્ટરો છે. તેઓ તેમના જાનની પરવા કર્યા વગર અવિરતપણે ઘવાયેલા માંદા લોકોની સેવા કરવા તત્પર હોય છે. ૧૯૯૯માં આ સંસ્થાને શાંતિ માટેનું નોબલ પારિતોષિક અપાયું હતું.

આરોગ્ય

# ડિપ્રેશનની બીમારી : શું સારવાર જરૂરી છે?

• ડો. મણિલાલ ગડા (મનોચિકિત્સક) – ડો. દિપ્તી શાહ (ગડા) મનોચિકિત્સક તથા બાળ મનોચિકિત્સક •

એક સાંસ્કૃતિક કાર્યક્રમમાં અમારા પરિચિત એમના મિત્ર જોડે મળ્યા. વાતચીત દરમ્યાન પરિચિતના મિત્રે જણાવ્યું કે એની નાની બહેનને ડિપ્રેશનની તકલીફ છે. એ બહેનને ખૂબ વિચારો આવે છે, મોટે ભાગે નકારાત્મક વિચારો હોય છે, રાત્રે ઊંઘ આવતી નથી, એને ટેન્શન રહે છે. અમે બધાએ તથા બનેવીએ ખૂબ સમજાવ્યું છે કે વિચાર કરવાનું છોડી દે, પોઝિટિવ (હકારાત્મક) વિચાર કર, બધું સારું થઈ જશે. ચિંતા કરવાની કે ટેન્શન લેવાની જરૂર નથી. મનથી મજબૂત બનવાની સલાહ આપી છે. મનોચિકિત્સકને કન્સલ્ટ કરવાની જરૂર નથી. થોડા સમયમાં બધું બરોબર થઈ જશે. કાર્યક્રમ પૂરો થયા બાદ અમે છૂટા પડ્યા. બધું જ ભુલાઈ ગયું.

ઉપરોક્ત પ્રસંગના પાંચેક મહિના બાદ અમારા મોબાઈલ પર એ પરિચિત સંબંધીનો ફોન આવ્યો કે ડોક્ટર સાહેબ આપને અરજન્ટલી કન્સલ્ટ કરવા છે. આપના ક્લિનિકમાં પેશન્ટને લઈને અમે આવીએ છીએ.

પરિચિત સંબંધી, એમના મિત્ર, મિત્રની બહેન સુષ્મા (જે પેશન્ટ હતી) તથા બહેનના પતિ ક્લિનિકમાં આવ્યા. હું તો ઉપરોક્ત પ્રસંગ તથા સંવાદ ભૂલી ગયો હતો પરંતુ પરિચિત સંબંધીએ યાદ કરાવી આપ્યો.

## • કેસ સ્ટડી :

અરજન્ટ કન્સલ્ટ કરવાનું કારણ હતું કે સુષ્માએ (નામ બદલ્યું છે) વધારે પડતી ઊંઘની ગોળીઓ લઈ આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો. સદ્ભાગ્યે સુષ્માની મમ્મી તેની ખબર પૂછવા ઓચિંતી આવી પડતા જાણ થઈ ગઈ. તાત્કાલિક ઈમરજન્સીમાં આઈ.સી.યુ (I.C.U.) માં દાખલ કરી સારવાર થઈ. ફિઝિશિયને મનોચિકિત્સકનો અરજન્ટ અભિપ્રાય લઈ સારવાર માટે દબાણપૂર્વક સલાહ આપી હતી.

લક્ષણો : છેલ્લા બારેક મહિનાથી સુષ્માને ઊંઘ મોડેથી આવતી હતી. પરોઢિયે ઊંઘ ઊડી જતી હતી ત્યારબાદ ઊંઘ બિલકુલ ન આવતી. સવારમાં કામ કરવાની સ્ફૂર્તિ ન રહેતી હતી. પરાણે કામ કરવું પડતું હતું એટલે સુષ્મા કામ કરતી હતી. મનમાં ખૂબ જ વિચારો આવતા હતા. નકારાત્મક વિચારો આવતાં હતાં. "આ બીમારીમાંથી હું સાજી નહીં થાઉં", "ભવિષ્યમાં કાંઈ સારું નહીં થાય", "દીકરો ભણી નહી શકે, ડિગ્રી નહીં મળે," "ધંધામાં નુકસાન થશે" વગેરે. ઉમંગ ઉત્સાહ ઓછા થઈ ગયા હતા. જીવનમાં રસ રહ્યો ન હતો. કામમાં એકાગ્રતા ઓછી થઈ ગઈ હતી. સ્વભાવ ભુલકણો થઈ ગયો હતો. "મારે લીધે બધા દુઃખી થાય છે", "હું કુટુંબ પર બોજારૂપ છું" "આના કરતાં મરી જવું વધારે સારું" "હું મરી જઈશ તો બધા સુખી થશે." થોડાક સમયથી કેવી રીતે મરવું એ વિષે સુષ્મા વિચારતી હતી. આત્મહત્યાના કિસ્સાઓ વિષે ઊંડાણમાં વાંચતી હતી. એ દિવસે ઘરે કોઈ ન હતું ત્યારે ઊંઘની ગોળીઓ ખાઈ લીધી.

આ સાથે શારીરિક લક્ષણો જેવાં કે માથાનો દુખાવો રહેતો હતો, નબળાઈ, થાક લાગતો હતો, ભૂખ ઓછી થઈ ગઈ હતી, વજન ચારેક કિલો ઓછું થઈ ગયું હતું. ચક્કર આવતા હતા. કબજિયાત રહેતી હતી.

વૈદ્યકીય શારીરિક તપાસ, લૅબોરેટરી તપાસ, એક્સ-રે વગેરે બધું જ નોર્મલ હતું. ફેમિલી ડૉક્ટરે અભિપ્રાય આપ્યો હતો કે બધું જ નોર્મલ છે. વધારે પડતા વિચારો કરે છે એટલે તકલીફ છે.

## • બીમારી તરફ લઈ જનારાં પરિબળો :

(૧) પતિની તબિયત નરમ-ગરમ રહેતી હતી. ડાયાબિટીસનું પ્રમાણ વધઘટ થતું હતું.

(૨) દીકરાને આગળ એન્જિનિયરિંગનું ભણવા બહારગામ મોકલ્યો હતો. એની ખૂબ જ ચિંતા રહેતી હતી. જો કે દીકરાને કોઈ તકલીફ ન હતી.

(૩) બે-એક વર્ષથી ધંધો બરોબર ચાલતો ન હતો. આથી ભવિષ્યનું ટેનશન સુષ્માને રહેતું હતું.

(૪) સુષ્માની મમ્મીની તબિયત બરોબર રહેતી ન હતી. વારંવાર મમ્મીને મળવા જવું પડતું હતું.

(૫) પોતાનો સ્વભાવ લાગણીશીલ, ઉર્મિશીલ, હતો. કોઈને પણ પોતાના થકી દુઃખ ન પહોંચાડવું એવો સ્વભાવ હતો. બધાના માટે બધું કરી છૂટવું.

## • નિદાન :

સુષ્માનો કેસ ડિપ્રેશનની બીમારીનો હતો. બીમારીનું પ્રમાણ વધારે હતું. (આત્મહત્યાનો પ્રયાસ પણ થયો હતો)

## • સારવાર :

(૧) હતાશા પ્રતિરોધક દવાઓ (Antidepressant medication) શરૂ કરી. આ ઊંઘની દવાઓ નથી. શરૂઆતમાં કુટુંબીજનોને પોતાની દેખરેખ હેઠળ દવાઓ આપવા જણાવ્યું. ધીમે ધીમે સુષ્માની તબિયતમાં સુધારો

થયો. મન અંદરથી શાંત થવા લાગ્યું, વિચારો ઓછા થયા, ભૂખ લાગવા માંડી, ઊંઘ નોર્મલ થઈ (વધારે નહીં). ઘરનું કામ કરવા મન થવા લાગ્યું. બે અઠવાડિયાની સારવારમાં નોંધપાત્ર (Significant) ફરક પડ્યો.

(૨) બીમારીનાં લક્ષણો પર દવાઓ દ્વારા કાબૂ મેળવ્યા બાદ દવાઓ સાથે કાઉન્સેલિંગની સારવારની પદ્ધતિ શરૂ કરી. સ્વભાવ તથા વલણ (Attitude) માં પરિવર્તન માટે સદ્ભાવપૂર્વક (empathy) ચર્ચા કરી. સમજણપૂર્વકના સહકાર દ્વારા પરિવર્તન શક્ય છે જેમાં દર્દીને લાગવું જોઈએ કે તેના વલણમાં પરિવર્તન કરવું અગત્યનું છે.

પતિ તથા અન્ય કુટુંબીજનોને કાઉન્સેલિંગના સેશન્સમાં બોલાવી સમજણપૂર્વક સાથ સહકાર માટે ચર્ચા કરી.

દવાઓ તથા કાઉન્સેલિંગથી સુષ્મા પૂર્વવત નોર્મલ થઈ.

- **પતિ તથા કુટુંબીજનોનો એકરાર :**

સુષ્માના પતિ તથા સાસુ સસરાએ કાઉન્સેલિંગના એક સેશન્સમાં એકરાર કર્યો કે ડૉક્ટર સાહેબ, સુષ્મા ડિપ્રેશનની બીમારીથી પીડાય છે એ અમે સમજી શક્યા નહીં. અમે ફક્ત સલાહ જ આપતા હતા તથા અમને થતું કે સુષ્મા કેમ ફેરફાર કરતી નથી, કેમ સમજતી નથી. હવે અમને અમારી ભૂલ સમજાય છે.

આ એકરાર બાદના બીજા સેશન્સમાં સુષ્માનો પતિ પોતાની નાની બહેનને પણ સારવાર માટે લઈ આવ્યો.

- **મનોવૈજ્ઞાનિક સમજણ :**

*સુષ્માના પરિવારજનોએ સુષ્માના લક્ષણોને –*

(૧) ડિપ્રેશનની બીમારી તરીકે સ્વીકાર્યા નહીં.

(૨) સ્વભાવ સમજી લક્ષણોને મહત્વ આપ્યું નહીં.

(૩) બીમારીની યોગ્ય સારવાર કરી નહીં.

(૪) સલાહ તથા સમજાવવાનો પ્રયત્ન કર્યો (ટાઈફોઈડ કે કમળાથી પીડાતા દર્દીને સલાહ આપવી કે દોડવા માંડો એટલે બધું સારું જઈ જશે – એ કેટલી યોગ્ય છે?)

(૫) સલાહ પ્રમાણે એ વખતે સુષ્મા પરિવર્તન કરવા સમર્થ નથી એ સમજી ન શક્યા.

(૬) બીમારી વધતી ગઈ. (સુષ્માએ આત્મહત્યાનો પ્રયાસ કર્યો) સદભાગ્યે સુષ્મા બચી ગઈ, નહીં તો પરિણામ શું આવત?

શું આવું જ વલણ આપણે શારીરિક બીમારીઓ ડાયાબિટીસ, બ્લડ પ્રેશર, થાઈરોઈડ, હાર્ટની બીમારીઓ પ્રત્યે રાખીએ છીએ?

- **મનોવૈજ્ઞાનિક જાણકારી તથા સમજણ :**

ડિપ્રેશનની બીમારી વિષેની સમજણ નીચે પ્રમાણે છે.

(૧) ડિપ્રેશનની બીમારી એક બીમારી છે.

(૨) બીમારીમાં મગજમાં (Brain) આવેલા મનના અવયવોમાં (mind) કદ, રચના, બંધારણમાં નકારાત્મક ફેરફારો થાય છે. આથી ન્યુરોટ્રાન્સમિટર્સની-સીરોટોનિન, એપ્રીનેફ્રીન વગેરે રસાયણોની માત્રામાં ફેરફારો થાય છે.

(૩) ઉપરોક્ત ફેરફારોને લીધે દર્દીમાં શારીરિક તથા મનના લક્ષણો જોવા મળે છે.

(૪) દર્દી "નાટક નથી કરતો" કે "જાણી જોઈને બીમાર રહેવું છે એવું નથી હોતું."

(૫) હતાશા પ્રતિરોધક દવાઓ દ્વારા ન્યુરોટ્રાન્સમિટર્સની માત્રા નોર્મલ થાય છે જેને લીધે બીમારીના લક્ષણો દૂર થાય છે.

(૬) હતાશા પ્રતિરોધક દવાઓ ઊંઘની દવાઓ નથી. દર્દીમાં ઊંઘ નોર્મલ થાય છે. વધારે ઊંઘ આવતી નથી.

(૭) દવાઓની અસર થયા બાદ કાઉન્સેલિંગ દ્વારા વલણમાં યોગ્ય, સમજણપૂર્વકના પરિવર્તન લાવવા માટે વૈજ્ઞાનિક પ્રયત્નો કરાય છે.

(૮) યોગ્ય સારવાર ન થાય તો બીમારી વધે છે (સુષ્માનો કેસ) બીમીરીની નકારાત્મક અસર દર્દી, કુટુંબ પર થાય છે.

(૯) સારવારના પરિણામો, અન્ય શારીરિક બીમારી જેવા જ સંતોષકારક મળે છે.

(૧૦)દર્દી પૂર્વવત ગુણવત્તાભર્યું જીવન જીવી શકે છે (સુષ્માનો કેસ). દર્દી પોતાની જવાબદારી પૂર્વવત નિભાવી શકે છે.

*૨૦૧, "કુમુદિની", આંધ્ર બૅંકની ઉપર,*
*૭મો રોડ, રાજાવાડી, ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૭૭.*

## જ્ઞાન, સંસ્કૃતિ અને કારુણ્યનો સમન્વય

**(અનુ. પાના નં.-૬૭ ઉપરથી ચાલુ)**

તે ગતિ પકડી શકે. ખાડા જ ખાડા! પાંચ છ કિલોમીટર કાપતાં તો લગભગ અર્ધો કલાક નીકળી ગયો. રસ્તા બાંધનાર વહીવટદારોને નમસ્કાર કર્યા. લાગે છે કે તેમણે વિચાર્યું હશે કે પાંડવોના જમાનાના રસ્તાને "હેરીટેજ માર્ગ" જ રાખીએ. તેથી સુધાર્યા નહીં હોય. અલબત્ત, ખર્ચ બતાવ્યો હશે! છેવટે સામે ગેડી દેખાયું તો સોએક ભેંસનું ટોળું આડું આવ્યું. હવે અમારી તાકાત ન હતી કે ગેડી પહોંચીએ. લાચારીથી ઊભા રહ્યા. થોડી મથામણ કરી, પણ છેવટે ગાડી પાછી વાળી અને પાછા એ જ "હેરિટેજ માર્ગ" પર ઝુલતા, લબડતા, ગબડતા વળવા લાગ્યા. સૂરજને એમ કે અમે રાપર પહોંચીએ પછી આથમે, પણ તેને પણ આ રસ્તા પર એ શક્ય નહીં બને એની ખાતરી થતાં વહીવટ પ્રત્યે શરમાઈ પશ્ચિમમાં ડૂબી ગયો.

અને અમે પણ વહીવટની જય બોલાવતાં ભુજ તરફ ગાડી મારી મૂકી!

*પેરિસ બેકરી પાસે, ન્યુ મિન્ટ રોડ,*
*ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*

નિબંધ

# જ્ઞાન, સંસ્કૃતિ અને કારુણ્યનો સમન્વય!

• હરેશ ધોળકિયા •

અને અમારી ગાડી રાપર બહાર નીકળી ઉત્તર તરફ ધોળાવીરાના રસ્તે પૂરપાટ દોડવા લાગી.

હા, અમે રાપર આવ્યા હતા. રાપરમાં વર્ષો પછી, કચ્છ યુનિવર્સિટીના પ્રભાવથી, એક સરસ કૉલેજ થઈ હતી. સરકારે જ આ કૉલેજ શરૂ કરી હતી. રાપર માટે એક સુવર્ણ અવસર શરૂ થયો હતો. તેના યુવાનો માટે પ્રગતિ કરવાની એક તક ઊભી થઈ હતી. સદ્‌ભાગ્યે, પ્રથમ જ જે સ્ટાફ આવ્યો છે, તે તદ્દન યુવાન છે. આચાર્યથી લઈ બધા જ જબરા ઉત્સાહી છે. તેમને આ રાપરના યુવાનો માટે કશુંક કરવાની તમન્ના છે. તેમને જ્ઞાન તરફ દોરી જવાની મિશનરી વૃત્તિ છે. તેથી તેઓ અભ્યાસ સાથે એવી પણ પ્રવૃત્તિઓ કરે છે જેનાથી તેમાં અભ્યાસ કરતા યુવાનો જ્ઞાન મેળવવા સાથે આસપાસના સમાજ માટે કશુંક કરવાનો પ્રયાસ કરે છે. રાપર પાસે આવેલ નીલપરની ગ્રામ સ્વરાજ સંસ્થા સાથે મળીને આ વિદ્યાર્થીઓ, વિકલાંગ બાળકો અને યુવાનો સાથે કામ કરે છે. તેમને રોજગાર મળી રહે અને તેઓ સ્વાવલંબી બને તેવા પ્રયાસો તેઓ કરે છે. રાપરમાં પહેલી વાર આ કૉલેજરૂપી એક સુંદર ફૂલ પમરાટ કરી રહ્યું છે.

આ કૉલેજે સ્વામી વિવેકાનંદને સમજવાના એક પ્રયાસરૂપે એક સરસ કાર્યક્રમ યોજ્યો હતો. સમગ્ર ગામને સાથે રાખી તેનું આયોજન તૈયાર કર્યું હતું. આ કાર્યક્રમમાં હાજર રહેવાનું આમંત્રણ મળ્યું હતું તેથી અમે ત્યાં ગયાં હતાં. ત્યાંના ટાઉન હૉલમાં પ્રવેશ્યા ત્યારે હાજર રહેલ શ્રોતાઓનો જે ઉમળકો જોયો ત્યારે થયું કે રાપરમાં હવે શાંત ક્રાંતિ શરૂ થઈ ગઈ છે. તેના વિદ્યાર્થીઓ આવનાર મહેમાનોનું જે ભાવભર્યું સ્વાગત કરતા હતા તે દૃશ્ય આંખ ઠારતું હતું. પ્રાધ્યાપકો પણ આદરપૂર્વક બધાને આવકાર આપતા હતા. ટાઉનહૉલના દરવાજા સામેની ભીંત પર વિવેકાનંદના જીવન પ્રસંગોને દર્શાવતું એક સરસ ચિત્ર પ્રદર્શન પણ ઝુલતું હતું. તેની પાસે જે વિકલાંગો સાથે તેઓ કામ કરે છે તેમણે નાળિયેરમાંથી બનાવેલ ગણપતિની અદ્‌ભુત મૂર્તિઓ વેચાણ માટે રાખી હતી. આવનારા શ્રોતાઓ આ મૂર્તિઓ જોઈ તેમની કલાત્મકતાથી નવાઈ પામતા હતા અને તેમને ટેકો આપવા તે ખરીદતા પણ હતા. હોલમાં ખીચોખીચ શ્રોતાઓ આતુરતાપૂર્વક ગોઠવાઈ ગયા હતા. મુખ્ય વકતા તરીકે રામકૃષ્ણ આશ્રમ, રાજકોટના અધ્યક્ષ સ્વામી સર્વસ્થાનંદજી હતા. તેમને સાંભળવા બધા જ ઉત્સુક હતા. અદ્‌ભુત ઘટના તો એ હતી કે એંસી ટકાથી પણ વધારે શ્રોતાઓ વિદ્યાર્થીઓ હતા. અને તેમાં પણ વિદ્યાર્થિનીઓ વધારે હતી. આ દૃશ્ય તો આંખને મહત્તમ આનંદ આપતું હતું. સમગ્ર કાર્યક્રમ પણ ખૂબ સરસ ગયો. વકતાઓ વિષયને અનુરૂપ બોલ્યા. શ્રોતાઓએ પણ શાંતિથી સાંભળ્યા અને બધાને વધાવ્યા. હાજર રહેલ રાપરના અગ્રણીઓ પણ આ કાર્યક્રમથી અભિભૂત થતા દેખાતા હતા અને આયોજકોને અભિનંદતા હતા. સમગ્ર ટાઉનહોલ, ત્યાંના એક શિક્ષક અને કથાકાર સૂર્યશંકરભાઈ ગોરના શબ્દોમાં, ધન્યતા અનુભવતો હતો. આપણા જાહેર માધ્યમોની કમનસીબી છે કે તેઓ ટી.આર.પી. ના સમયમાં જીવે છે. તેમને સનસનાટીવાળા સમાચારોમાં જ રસ છે. રાપરમાં કોઈ નકારાત્મક ઘટના બને તો બીજા જ દિવસે તેને પહેલે પાને ફોટા સહિત છાપતાં આ માધ્યમો આવા સુંદર અને સંસ્કારી સમાચારને ભાગ્યે જ માન આપવાનાં. આપશે તો પણ નિરાંતે આપશે અને તે પણ સાતમા આઠમા પાને છેક નીચે! એક સરસ ઘટના વિશે લોકો જાણ્યા વગર રહી જવાના! અમે પણ આ બન્ને ભાવ અનુભવતા બહાર નીકળ્યા.

હવે?

રાપર તો ઘણીવાર આવવાનું થતું હતું. પણ આસપાસનાં સ્થળો જોવાની તક મળતી ન હતી. ખાસ કરીને ઉત્તર પૂર્વનો વિસ્તાર જોવાની ઈચ્છા હતી. એટલે સાથે રહેલ મિત્ર રસનિધિને કહ્યું કે ચાલો, એ વિસ્તારની મુલાકાત લઈએ. તેમને પણ તે જોવાની ઈચ્છા હતી. તેથી તરત તૈયાર થઈ ગયા. અને અમારી ગાડી ઉત્તરના માર્ગે દોડવા લાગી. આમ તો ઉત્તરમાં ધોળાવીરા હતું, પણ ત્યાં સુધી જવાનો તો સમય ન હતો. એટલે તેને ટાળવું પડે તેમ હતું. અને અમારે તો નજીકનો જ વિસ્તાર જોવો હતો. જાટાવાડ, બેલા, ગેડી અને વ્રજવાણી જ જોવાં હતાં. એટલે અમારી ગાડી જાટાવાડા તરફ દોડવા માંડી.

અઢારેક કિલોમીટર ગયા પછી જમણી બાજુના રસ્તે બોર્ડ માર્યું હતું, તે તરફ જવા માટે અમારી ગાડી વળી. ચારે બાજુ અફાટ વિસ્તાર હતો. ક્યાંક તો બન્ને બાજુ તદ્દન વેરાન જમીન હતી. રણની યાદ અપાવતી હતી. ઓછામાં ઓછાં ઝાડપાન હતાં. અહીં આ વર્ષે વરસાદ વધારે પડ્યો હોવાથી, સ્વાભાવિક રીતે, ભારતીય વહીવટની ઉત્તમ સંસ્કૃતિ મુજબ, રસ્તા નબળા પડી ગયા હતા. તેથી ક્યારેક ગાડી ધીમી પાડવી પડતી હતી. છતાં સામાન્ય રીતે તે સ્પીડમાં જતી હતી.

થોડી પળો સુધી ગાડી દોડતી રહી. એક નાનકડું ગામ આવ્યું. અચાનક રસનિધિ કહે કે હમણાં જ હનુમાનજીનું

મંદિર આવશે. ત્યાં ગાડી ઊભી રાખવી. અમને નવાઈ લાગી કે તેમને કેમ ખબર પડી કે કયું ગામ છે અને અહીં જ મંદિર છે! ત્યાં તો એક નાનકડું મંદિર આવ્યું પણ અને તેમણે ગાડી ઊભી રખાવી. ગાડી ઊભી અને સામે જ ઊભેલ એક બહેન પાસે આવ્યાં અને તેમની જ પૃચ્છા કરી. અમે તો ચકિત થઈ ગયા. આવા ખૂણામાં વળી તેમને એ કેમ ઓળખે? ત્યાં તેણે તેમને જોયા અને દોડીને તેમના પાસે ગઈ અને આદરપૂર્વક ઊભી રહી. બન્ને વાતોએ એવાં તો વળગ્યાં જાણે વર્ષોથી ઓળખતાં હોય. પછી કહે કે તે પણ જાટાવાડા આવે છે. ત્યાં મળશે. રસનિધિ ફરી ગાડીમાં બેસી ગયા અને ફરી ગાડી ઉપડી. તેમણે અમારા ચહેરાની જિજ્ઞાસા જોઈ ખુલાસો કર્યો કે તે ગઈ સદીના છઠ્ઠા દાયકામાં આ તાલુકામાં નોકરી કરતા હતા. ત્યારે આ બહેન દસેક વર્ષની હતી. તેના વડીલો સાથે તેમને સંબંધ હતો... પણ તેને તો પચાસ વર્ષ થઈ ગયાં! આજે પણ પરીચિત છે? તેમણે સ્મિત કરી હા પાડી. અમે તો સ્તબ્ધ થઈ સાંભળતા હતા.

ત્યાં જાટાવાડા આવી ગયું. અમારી ગાડી ફરી જમણી બાજુ વળી અને ગામને ચીરતી આગળ વધવા લાગી. રસનિધિ જ દિશાસૂચન કરતા હતા. તે પ્રમાણે ગામના ચોકમાં એક ઘર પાસે જઈ ઊભી રહી. અને લ્યો, ઘરનો દરવાજો ઉઘડ્યો અને બધાં જ દોડી આવ્યાં અને તેમને ઘેરી વળ્યાં. તેમના સાથે અમને બધાને ઘરમાં તેડી ગયાં. અમને વીંટળાઈને બેસી ગયાં. ઉમળકાભેર વાતો કરવા લાગ્યાં. અમે ચૂપચાપ આ જોતા હતા. વાતોમાં ખ્યાલ આવ્યો કે આ બધા ત્યારે નાના હતા. આજે તો બધાં દાદા દાદી બની ગયાં હતાં. પણ તેમના સાથે તો તે જાણે તેમના દાદા હોય તેમ વર્તતાં હતાં. તેમના સગાઓને પણ બોલાવી લેવામાં આવ્યા. મેળો જામ્યો. જોવાની ભારે મજા આવતી હતી. કોઈ પણ શિક્ષણ વિના કે આવેશભર્યા પ્રચાર વિના ભારતીય સંસ્કૃતિ અહીં અદ્ભુત રીતે વ્યક્ત થતી હતી. ગ્રામ્ય સંસ્કૃતિની સુગંધ અહીં ચોતરફ પ્રસરતી હતી. વાતાવરણમાં નિર્ભેળ અને નિર્મળ સ્નેહ વ્યક્ત થતો દેખાતો હતો. ખૂબ ઉતાવળ હોવા છતાં ઊભા થવાનું મન થતું ન હતું. આવેલાંઓમાં એક તો અઠ્ઠાણું વર્ષનાં માજી હતાં. પણ તેમની જે સ્ફૂર્તિ હતી તે જોઈ અમારી ઉંમરની નબળાઈઓ શરમાતી હતી. વાતાવરણમાં આનંદ છલકાતો હતો.

ખૂબ મજા આવતી હોવા છતાં સમય ગોદા મારતો હતો. તેથી ઊભા થયા. બધાએ રાત્રે જમીને જવાનો આગ્રહ કર્યો. પણ અમે રોકાઈ શકીએ તેમ ન હતા. તેથી બધાની રજા લઈ બહાર આવ્યા અને ફરી ગાડીમાં બેસી ગયા. તે બધાના સ્નેહમાં સ્નાન કરતા ફરી પાછા ઊપડ્યા અને હવે વ્રજવાણી તરફ જવા ઊપડ્યા.

ગાડી જાટાવાડા છોડી ફરી ઉત્તર પૂર્વ તરફ દોડવા લાગી. રસ્તો તદ્દન સૂનો હતો. અર્થશાસ્ત્રની ભાષામાં અહીં દર કિલોમીટરે ભાગ્યે જ એક માણસ દેખાતો હતો. આસપાસ કોઈ ગામ પણ આવતાં ન હતાં. હા, ક્યારેક કોઈ ગામનું પાટિયું આવતું હતું અને ક્ષિતિજમાં તે ગામ દેખાતું હતું. સામે કદાચ મૌવાણિયો ડુંગર પથરાઈને બેઠો હતો અને મૌવાણા આવવાનું આમંત્રણ આપતો હતો. ભુજિયા પ્રેમીઓને આ ડુંગરને પણ આલિંગવાની તો ખૂબ ઈચ્છા હતી, પણ આજનો કાર્યક્રમ મર્યાદિત સ્થળો જોવાનો જ હતો. તેથી આંખથી તે ડુંગરની માફી માગતા હતા.

અચાનક વ્રજવાણી તરફ તીર દર્શાવતું બોર્ડ દેખાયું અને અમે આંચકો મારી જમણી બાજુ વળી ગયા. રસ્તો સીધો જ હતો. થોડી વારે એક વળાંક આવ્યો અને અમે ગામની ડાબી બાજુ જવા લાગ્યા. ડાબી બાજુએ સુંદર તળાવ હતું. પાણી હિલોળા લેતું હતું. તેના એક છેડે પુષ્કળ ગાયો અને ભેંસો વળતી હતી. ગૌધૂલીનું આ અદ્ભુત અને મનોરમ્ય દૃશ્ય હતું. એકબાજુ સૂરજ આથમવાની મથામણમાં પશ્ચિમ તરફ ઢળતો હતો. પશુઓના કારણે ધૂળ ઊડતી હતી. તેથી સૂરજ થોડો ઝાંખો દેખાતો હતો. તેનું ઝાંખું પ્રતિબિંબ તળાવના પાણીમાં ધ્રુજતું હતું. વાતાવરણમાં પરમ શાંતિ હતી. જાણે કોઈ આશ્રમમાં જતા હોઈએ એવી ફીલિંગ થતી હતી. તળાવ પસાર કરી ફરી થોડા જમણી બાજુ વળ્યા અને વ્રજવાણીનું મંદિર દેખાયું. ગાડી તેના દરવાજા પાસે જઈ ઊભી રહી.

ઓહ! વ્રજવાણીની વાતો તો ખૂબ સાંભળી હતી. તેથી વર્ષોથી તે જોવાની તમન્ના હતી. તેની કથા અનેક વાર વાંચી હતી. ઢોલી અને ગામની સ્ત્રીઓની કથા આકર્ષતી હતી. અનેક વાર તે દૃશ્યની કલ્પનાઓ પણ કરી હતી. અનેક વાર રાપર આવ્યા હોવા છતાં અહીં આવવાની તક મળી ન હતી. છેક આજે આવી શક્યા હતા, રાપર કૉલેજના કાર્યક્રમની કૃપાથી. તેમનો મનોમન આભાર માન્યો. ઝડપથી ઊતર્યા. અંદર પ્રવેશ્યા. અહો, અહીં તો વિશાળ મેદાન હતું. તેની વચ્ચોવચ્ચ મંદિર હતું. પ્રાંગણની વિશાળતા જોઈને જ સ્તબ્ધ થઈ ગયા. ચારેબાજુ પરમ શાંતિ. એક ખૂણામાં બે ત્રણ ગાયો શાંતિથી ઘાસ આરોગતી હતી. કોઈ જ ન હતું ત્યાં. કેવળ ઢળતી સાંજનો પ્રકાશ હતો.

ધીમે ધીમે મંદિર તરફ વધ્યા. મંદિર સામે અને પાછળ ઊંચા ઊંચા પાળિયા જેવા પથ્થરો મૂક્યા હતા. તે જોઈ વિચાર આવ્યો કે કદાચ તે સ્ત્રીઓના આ પાળિયા હશે. તે દિવસે તો પુરુષોએ ગુસ્સો વ્યક્ત કર્યો હશે, પણ પછી પસ્તાયા હશે અને તેમની મા-બહેનો-પત્નીઓની યાદમાં આ પાળિયાઓ મૂક્યા હશે. પથ્થરના પાળિયાઓ એક સૂક્ષ્મ ઊર્મિ વાતાવરણમાં વ્યક્ત કરતા હતા. આપોઆપ મસ્તક નમી ગયું.

મંદિર પાસે આવ્યા. મંદિર પણ સુંદર રંગોથી શોભતું હતું. ગોળાકાર હતું. તેનાં પગથિયાં અંદર જવાનું આમંત્રણ આપતાં હતાં. ધીમે ધીમે હળવેથી અંદર પ્રવેશ કર્યો. સામે નાનકડું ગર્ભદ્વાર હતું. તેમાં રાધા કૃષ્ણની મનોહર મૂર્તિઓ હતી. હાથમાંની

બંસરી હોઠ પર મૂકી સ્મિત સાથે તેના સૂર રેલાવતા કૃષ્ણની બ્રહ્માંડ સમાવતી આંખો ગીતાના ઉપદેશને વ્યક્ત કરતી હતી. અમને જાણે આમંત્રણ આપતી હતી કે આવો, મારું સાંનિધ્ય માણો. ગીતાનો શ્લોક વાતાવરણમાં રેલાતો હતો કે "સર્વાન્ ધર્માન્ પરિત્યજય મામેકં શરણં ભવ." બધા ધર્મો છોડી મારે શરણે આવો. તો જ તેમની વાંસળીનો સૂર સમજી શકાશે. ગીતાનો સાર જ આ વાંસળી હતી જે કહેતી હતી કે જીવન એક મધુર સંગીત છે. વ્યક્તિત્વમાં આ વાંસળીના સૂર જો પ્રસરી જાય તો ગીતા સમજાઈ જાય. અને વાંસળી એક જ વાત કહેતી હતી "અખિલં મધુરં!" આ સમગ્ર જગત કેવળ માધુર્ય છે, કેવળ આનંદ છે. કેવળ રાસ છે, લીલા છે. આ રાસ ત્યારના પુરુષો ન સમજી શક્યા તે જ કરુણતાનું પ્રતીક આ મંદિર હતું. મૂર્તિને મસ્તીપૂર્વક વંદન કર્યા. કૃષ્ણ સામે તો મસ્તી સિવાય બીજો કયો ભાવ હોઈ શકે? તેના સામે તો ગંભીરતા ચાલે જ નહીં. જરા કરી તો સુદર્શન ચક્રનો ભય!

પાછા ખસ્યા અને આસપાસ નજર કરી. ઓહ! સ્તબ્ધ થઈ થંભી જ ગયા. મંદિરની ચારે બાજુ સ્ત્રીઓનાં પુતળાં! દરેકના ચહેરા પર જાણે દિવ્યતા પથરાઈ હતી. આંખોમાંથી પરમ આનંદનો ભાવ ટપકતો હતો. જાણે દિવ્યતામાં સ્નાન કરતી મસ્તીમા ઝૂમતી હતી. બધી જાણે રાસડા લેતી હોય અને રાસ રમતી હોય તેવી અંગભંગિમા દર્શાવતી હતી. રાધા-કૃષ્ણની આસપાસ આ ગ્રામ્ય કચ્છી ગોપીઓ રાસ લેતી હતી. તેને જોતાં જ વર્ષો પહેલાંના રાસના પડઘા વાતાવરણમાં પથરાવા લાગ્યા. વાતાવરણમાં ઉત્કટ ભાવની છાલકની અનુભૂતિ અનુભવાતી હતી. બપોર હોવા છતાં જાણે રાત હોવાનો અને આકાશમાં ચાંદનીના શીતળ પ્રકાશમાં સ્નાન કરવાનો અનુભવ થતો હતો. ઢોલના ઢબુકવાનો ઘેરો અવાજ સંભળાતો હતો. ઢોલ રાસડાની તાળીઓનો સ્વર એકબીજામાં ભળી જતો હતો અને જાણે ગોકુળમાં હોવાનો થરકાટ થતો હતો. સ્થિર, ચૂપ, મૌનમાં આ દશ્ય જોઈ રહ્યા. દરેક સ્ત્રીનાં રંગીન વસ્ત્રો તેના આનંદને વ્યક્ત કરતાં હતાં. તેમની આંખો મસ્તી વ્યક્ત કરતી હતી. તેમના શરીરનો વળાંક એક વ્યક્ત ન કરી શકાય તેવા આનંદને પ્રગટ કરતો હતો. સમગ્ર મંદિરમાં કેવળ શાંતિ હોવા છતાં તે જાણે રાસલીલાના ધ્વનિથી ધબકતું હોય તેવું અનુભવાતું હતું. અમે સ્થિર થઈ જોયા જ કરતા હતા. મોમાંથી એક શબ્દ બહાર નીકળી શકતો ન હતો. બોલવાની જરા પણ ઈચ્છા થતી ન હતી. બસ! આ માની ન શકાય તેવું, કલ્પનાતીત દશ્યમાં એકાકાર થવાની અનુભૂતિ કરતા હતા. અમારાં શરીરનો કણેકણ પણ આ માધુર્યમાં ઝબોળાતો હતો અને થરકતો હતો. આ દશ્ય વચ્ચે અમે સમાધિમાં હતા! થોડી ક્ષણો તેમાં વીંટળાયેલા રહ્યા. પછી અચાનક જાગ્યા અને ઘડિયાળ સામે જોતાં ભડક્યા. બે ચાર વાર ફરી આ ગોળાકારમાં રમતી બહેનોને જોઈ રહ્યા અને તેમના રાસડાના ધ્વનિને માણતા રહ્યા. પછી બહાર નીકળ્યા.

અંદર તો ભાવજગતમાં હતા, પણ બહાર નીકળતાં જ ફરી બુદ્ધિએ કબજો લીધો અને મન વિચારે ચડ્યું. આ ઘટના બની ત્યારે તે પળે કેવી મનોસ્થિતિ હશે બધાની? ઢોલીના મનમાં એવું તો શું હશે કે તેનો ઢોલ નશાનું કારણ બની ગયો? સ્ત્રીઓ ભક્તિમાં જ મસ્ત હતી કે ઢોલનો અવાજ સાંભળી મસ્તીમાં આવી ગઈ? ઢોલી પણ સ્ત્રીઓની ભક્તિની છાયામાં આવી ગયો અને ઢોલના અવાજની ગુણવત્તા બદલી કે મૂળે તે પણ મસ્તીમાં હતો? તે પહેલાં આગળ કોઈ એવી બાબત બની હશે કે આ બધાં સાથે જ મસ્તીમાં હતાં? અને તે રૂઢિચુસ્ત જમાનામાં કંઈ સ્ત્રીઓ એકલી તો આવી નહીં હોય. સાથે તેમના પુરુષો પણ હશે જ. તે પણ તે જોતા જ હશે. રાત વધતી ગઈ હશે છતાં તેઓ નહીં બોલ્યા હોય? તો તેઓ પણ શરૂઆતમાં મસ્તીમાં આવી ગયા હશે? પછી તેમને ઢોલીની ઈર્ષા આવી હશે? માટે ગુસ્સે થયા હશે? અને ઢોલીને મારી નાખ્યા પછી પસ્તાયા હશે? અને આ સ્ત્રીઓનાં મોત પછી? ત્યારે પસ્તાવામાં રૂદન ભળ્યું હશે ત્યારે વાતાવરણમાં કેવી કરુણતા પથરાઈ હશે? અને બધીને એકસરખો અગ્નિદાહ અપાયો હશે ત્યારે તો વાતાવરણ કેવું તીવ્ર કરુણ બની ગયું હશે? એ પસ્તાવામાં કોઈ પુરુષે પણ આવેશમાં મોતને વહાલું નહીં કર્યું હોય? અને જયારે ઢોલીને મારી નાખ્યો હશે ત્યારે તેની પત્નીની હાલત શું થઈ જશે? તેનો મારનારે વિચાર કર્યો હશે? આ બનાવ પછી પુરુષોને ગામ છોડી દેવાનો વિચાર નહીં આવ્યો હોય? આવા ભયાનક વાતાવરણમાં તેઓ કેમ રહી શક્યા હશે? ગામ કેમ ટકી શક્યું હશે? મંદિર બહાર રહેલ પાળિયાઓ જોતાં જોતાં મનમાં અનેક સવાલો કૂદકા મારતા હતા. એટલો જૂનો બનાવ હતો કે તેના જવાબો પણ મળે તેમ ન હતા. તેની તો કોઈ નોંધ પણ ન હોય. એટલે સંશોધન પણ અશક્ય! માથું હલાવી મન ખંખેરી નાખ્યું અને કેવળ બનેલ બનાવ પર જ વિચાર કરી ભાવ જ અનુભવવાનો પ્રયાસ કર્યો. મસ્તી અને વિષાદ વચ્ચે ઝુલતા બહાર નીકળ્યા. પણ એક સુંદર સ્થળ જોવાનો ભરપૂર આનંદ માણ્યો.

ફરી ગાડીમાં બેઠા. ગાડી ચાલુ થઈ, વળાંક લઈ રસ્તા પર આવી અને દોડવા લાગી. એકાદ મિનિટ દોડી હશે ત્યાં ડ્રાઈવરે અચાનક બ્રેક મારી. અમને નવાઈ લાગી. ડ્રાઈવરે આંગળી ચીંધી. જોયું તો રસ્તા પર થોડી લંબાઈવાળો પણ જાડો એક સાપ સરકતો રસ્તો ક્રોસ કરી રહ્યો હતો. ડ્રાઈવર કહે તે બે મોં વાળો સાપ છે. અમે તો ધ્યાનથી જોઈ જ રહ્યા. નિરાંતે સરકતો હતો. આ સાપ ખૂબ જોખમી હોય છે એમ ડ્રાઈવરે વધારે માહિતી આપી. અંદર બેઠે ધ્રુજી ગયા.

ફરી આગળ વધ્યા. ફરી એ જ રસ્તે પાછા વળ્યા. થોડી વારે ગેડી જવાનો વળાંક આવ્યો. આગળ વધ્યા. અહીં ભ્રષ્ટાચારનો શ્રેષ્ઠ નમૂનો જોયો. ગેડીનો રસ્તો ભયાનક ખરાબ હતો. કારની તાકાત ન હતી કે

**(અનુસંધાન : જુઓ પાના નં.-૬૪ ઉપર)**

નવલકથા

# ધ સ્ટોનિંગ ઑફ સોરાયા એમ. : પથ્થર મારીમારીને મારી નાખવામાં આવતી સ્ત્રીની કથા

• નિસર્ગ આહીર •

બાળપણમાં એક બોધકથા વાંચેલી : પાપ કરેલ કોઈ સ્ત્રીને લોકો પથ્થર મારતા હતા. ભગવાન ઈસુ ત્યાંથી પસાર થયા અને પથ્થર મારનારા લોકોને રોકીને કહ્યું કે આ સ્ત્રી પર એને જ પથ્થર મારવાનો અધિકાર છે, જેણે એક પણ પાપ ન કર્યું હોય. લોકો આ સાંભળીને અટકી ગયેલા. કેમકે, દરેકે કોઈને કોઈ પ્રકારનું પાપ તો કર્યું જ હોય. આ કથા ગમી જાય તેવી છે. પછીથી તો કોઈ કવિતા પણ વાંચેલી. એના કવિ કોણ છે તે યાદ નથી. આખી કાવ્યપંક્તિ પણ અક્ષરશઃ યાદ નથી. પણ આ પ્રકારની પંક્તિ સ્મરણમાં છે : 'એ જ પહેલો પથ્થર ફેંકે, જેણે પાપ ન કર્યું એકે.'

સમય જતાં જાણ્યું કે એ માત્ર એક બોધકથા જ નથી; છે એક વૈશ્વિક સત્યનો, કડવા સત્યનો અંશ. સ્ત્રીઓને એક કે બીજા પ્રકારે દોષિત ઠેરવીને ક્રૂર રીતે મારી નાખવી એ સમગ્ર વિશ્વમાં અનેકરૂપે જોવા મળતું સત્ય છે. બે હજાર વર્ષ પૂર્વની ઈસુની કથામાંની એ સ્ત્રીની વેદના સાંપ્રત સુધી લંબાઈને પડી છે. આપણને કમકમાં આવી જાય છે. હજી પણ ભગવાન ઈસુનો બોધ, આપણામાં ઉતર્યો નથી?

માત્ર એક કલ્પના કરીએ. આપણને કોઈએ પથ્થર માર્યો. કેવી વેદના થાય? પછી બીજો, ધારદાર અને મોટો પથ્થર કોઈ મારે. એમ અનેક પથ્થરો મારવામાં આવે તો શું થાય? આપણને મારી નાખવાના ઈરાદાથી જ પથ્થરો મારવામાં આવતા હોય તો? અને આ પથ્થરો મારાનારા આપણા સ્વજન, ઓળખીતા, ગામના જ લોકો હોય તો? એમ માનીએ કે આપણું અડધું શરીર જમીનમાં દાટી દેવામાં આવ્યું છે. આપણે ક્યાંય જઈ ન શકીએ. પગને હલાવી ન શકીએ. માત્ર હાથથી પથ્થરને રોકીએ. રાડો પાડીએ, રડીએ, આજીજી કરીએ પણ લોકો તો જુસ્સાથી પથ્થરો મારતા જ જાય. આંખ ફૂટે, માથાની ખોપરી તૂટે, નાકમાંથી લોહી વહે, હોઠ ચિરાય, કાનનો ડૂચો વળી જાય, બધું લોહીથી લાલ લાલ થઈ જાય તોય લોકો તો પથ્થર મારતા જાય. એ ત્યાં સુધી કે પારાવાર તરફડાટ પછી જીવ જતો રહે...આંખમાં છેલ્લે નજરે પડેલ આપણા પરિચિતો હોય ને થોડા કલાકો વલવલતો, તરફડતો દેહ શાંત થઈ જાય. માટીમાંથી બનેલો દેહ અડધો માટીની અંદર હોય અને અડધો લાલ રંગનો ઢગલો બનીને ઢળી પડે!

આપણે કલ્પના માત્રથી ખિન્ન થઈ જઈએ છીએ. પણ, આ કલ્પના નથી, કેટલાક આરબ દેશોમાં આ રીતે મરણની સજા કરવી એ એક હકીકત છે. પાપિણી કે વ્યભિચારિણી ગણીને સ્ત્રીઓને જાહેરમાં મોતને ઘાટ ઉતારવામાં આવતી, સદીઓ સુધી. અત્યારે પ્રતિબંધ હોવા છતાં એ પાશવી પ્રથા સદંતર બંધ થઈ નથી. કોઈ દૂરના ખૂણે, ગ્રામપ્રદેશમાં એ હજી કદીક કદીક દેખા દે છે. મેં યૂ-ટ્યુબ પર એક વિડિયો ક્લિપ જોઈ હતી, જેની અસર દિવસો સુધી રહી. અહીં જે નવલકથા વિશે વાત કરવાની છે તેમાં આવી જ રીતે મોતને ઘાટ ઉતારવામાં આવેલી એક સ્ત્રીની કથા છે. 'ધ સ્ટોનિંગ ઑફ સોરાયા એમ.' નવલકથા મૂળ ફ્રેંચ ભાષામાં પ્રગટ થઈ હતી. એના ૧૯૯૪માં પ્રકાશિત થયેલા અંગ્રેજી અનુવાદના પુસ્તકના મુખપૃષ્ઠ પર લખેલું છે કે છેલ્લાં પચીસ વર્ષમાં ઈરાનમાં ૧૫૦૦ કરતાં વધારે સ્ત્રીઓને પથ્થર મારીને મોતને ઘાટ ઉતારવામાં આવી છે. આ વિગત, આ આંકડો જાણીને આપણને પારાવાર વેદના થાય છે. એમ થાય કે માણસ કરતાં વિશેષ ક્રૂર પ્રાણી આ જગતમાં કોઈ જ નથી. પશુપક્ષી શિકાર કરે કે અન્ય જીવને મારે તેમાં કુદરતદત્ત સાહજિકતા છે અને ઉદરપૂર્તિ સિવાય બીજો કોઈ ક્રૂર ખેલ હોતો નથી. પરંતુ, ખાડામાં સ્ત્રીને અડધી દાટીને, પથ્થર મારીમારીને ધીરેધીરે મોત આપવાનું તો માણસને જ સૂઝે! કોઈએ પાપ કર્યું પણ હોય તોયે આટલી ક્રૂરતાથી મોત આપવાનું? આઘાતજનક બાબત એ છે કે આવી કહેવાતી પાપિણી સ્ત્રીઓએ વસ્તુતઃ પાપ ન પણ કર્યું હોય. એને તો અન્ય કોઈ પ્રપંચ કે કાવાદાવાનો ભોગ બનાવવામાં આવી હોય; જે રીતે સોરાયાના કિસ્સામાં બન્યું તે રીતે.

પથ્થર મારીને વ્યભિચારિણી સ્ત્રીને મારી નાખવી એ ન્યાયનો અને સજાનો એક અત્યંત ધૃણ્ય પ્રકાર છે. અત્યારે એના પર પ્રતિબંધ છે એ સૌ માટે આશ્વાસન છે, પરંતુ, હજી આવી ઘટનાઓનું અસ્તિત્વ નથી રહ્યું એમ કહી શકાય તેમ નથી.

'ધ સ્ટોનિંગ ઑફ સોરાયા એમ.' ના લેખક ફ્રેદોઉન સાહેબજામ મૂળ ઈરાનના, પરંતુ પૅરિસમાં મોટા થયેલા એક અગ્રગણ્ય પત્રકાર છે. લેખકે એક સત્યઘટનાના આધારે આ નવલકથા લખી છે. ખૌમેનીના ખોફનો ભોગ બનેલા આ લેખકે અજ્ઞાતવાસમાં રહીને ઈરાનની સ્થિતિ અને અવદશા વિશે, તત્કાલીન સ્થિતિ વિશે નિર્ભિકતાથી ઘણું બધું લખ્યું છે. પોતાની છૂપી ઈરાનયાત્રા વખતે લેખક કૂપાયેહ ગામમાં આવી ચડે છે, જ્યાં તેને અભાગણી સોરાયાનાં કાકી ઝાહરા મળે છે. તેમની પાસેથી વિગતો લઈ, ૧૯૮૭માં સાંભળેલી સત્ય ઘટનાના આધારે મૂળ ફ્રેંચ ભાષામાં તેઓ ભાવવાહી શૈલીમાં સોરાયાની કરુણાંતિકાનું હૃદયદ્રાવક નિરૂપણ

કરે છે. આ નવલકથાનો અંગ્રેજીમાં અનુવાદ રિચાર્ડ સિવરે કરેલો છે.

સોરાયાના બાળપણના પ્રસંગથી નવલકથાનો પ્રારંભ થાય છે. સુંદર દેખાતી એવી સોરાયા બાળપણથી જ પૌરુષી વિકૃતિનો ભોગ બનતી આવી છે. જમીનદારને ત્યાં રહેતી સોરાયાનું એ જમીનદાર અને એના પુત્રો શારીરિક શોષણ કરતાં. તેર વર્ષની વયે તો સોરાયાનાં લગ્ન થઈ જાય છે. સોરાયાને જેનાથી ખૂબ ડર લાગતો તે, પોતાના ગામના જ ઘોરબન અલી સાથે એનાં લગ્ન થાય છે. આ વિધિની વક્રતા છે. લગ્નના દસ મહિના પછી પ્રથમ પુત્ર હુસેનનો જન્મ થાય છે. ચૌદ વર્ષના લગ્નગાળામાં સોરાયાએ નવ સંતાનોને જન્મ આપે છે, જેમાંથી બે બાળકો મૃત અવસ્થામાં જન્મ્યાં છે.

સોરાયાનો પતિ ઘોરબન અલી વ્યભિચારી, આળસુ અને ચોર છે. તે બાજુના કેરમન શહેરમાં કુટણખાનાની મુલાકાત લે છે. એ જ શહેરની એક વિધવા સ્ત્રી સાથે એના અનૈતિક સંબંધો છે. સમયાંતરે ઘોરબન અલી વધારે વિકૃત, ક્રૂર, વ્યભિચારી અને ગુનાઈત કર્મ આચરનારો બનતો જાય છે. સોરાયા અને એનાં બાળકો સાથે ખરાબ વ્યવહાર કરે છે, મારપીટ કરે છે.

પતિના આવા ત્રાસથી સોરાયા પોતાના પિતાના ઘરે આવી જાય છે અને પોતાની માતાને કહે છે કે તે જીવવા માગતી નથી. પરંતુ, જ્યાં સમગ્ર જનસમાજની માનસિકતા જ પુરુષકેન્દ્રી અને લાગણીહીન હોય ત્યાં કોઈ શું કરી શકે? સોરાયાએ પોતાના પતિને ત્યાં જવું જ પડે છે અને બધું જ સહન કરવું પડે છે. પોતાના જ ઘરમાં પારકી સ્ત્રીઓ સાથે રંગરેલિયા કરતા પતિને પણ સહન કરવો પડે છે. લોકો તો ઉલટા સોરાયાનો વાંક જુએ છે કે તે ખૂબ નબળી છે. સોરાયા જ પોતાના પતિને કાબૂમાં રાખી શકતી નથી કે એને ખુશ રાખી શકતી નથી એમ મહેણાં મારે છે.

સોરાયા પોતાના પતિનો બદલાવ, ધૃષ્ટતા મૂંગા મોંએ સહન કરતી રહે છે. તેની માતા મૃત્યુ પામી છે. પિતા અને કાકી ઝાહરા સાથે જ આત્મીય કહી શકાય એવા સંબંધો છે. પુત્રો પિતાના રસ્તે જ ચાલનારા દુષ્ટ સ્વભાવના છે. સોરાયાને ખબર છે કે ઘોરબન અલીને એના જેવા જ ગુનાઈત માનસ ધરાવતા ગામના પ્રભાવશાળી મુલ્લા શેખ હસન સાથે સંબંધો છે અને તેઓ ગેરકાયદેસર કાર્યોમાં ડૂબેલા છે. મુલ્લા મહત્વાકાંક્ષી ઘોરબન અલીનો ઉપયોગ પણ કરે છે.

એક દિવસ મુલ્લા શેખ હસન સોરાયા પાસે આવે છે અને ઘોરબન અલી બીજાં લગ્ન કરવા ઇચ્છે છે એમ જણાવે છે. એ કહે છે કે સોરાયાએ આ કારણોસર તલાક આપી દેવા જોઈએ. ઘોરબન અલી બે પત્નીઓનો ખર્ચ ઉઠાવી ન શકતો હોવાથી તલાક આપવા જરૂરી છે. બુરખામાં ઢંકાયેલી અને ખૂણામાં ઊભી ઊભી થરથરતી સોરાયા આવી વિચિત્ર સ્થિતિનો માંડ સામનો કરી શકે છે. તે કોઈ ઉત્તર આપી શકતી નથી. મુલ્લા બદઈરાદો પણ વ્યક્ત કરી દે છે કે તલાક પછી પોતે જ સોરાયાને મળશે અને એની કાળજી લેશે. એનો અર્થ એ થયો કે મુલ્લા સોરાયા સાથે અનૈતિક શારીરિક સંબંધ રાખવા માગે છે. આ વાતચીતને બાજુના ખંડમાં રહેલી ઝાહરા સાંભળતી હોય છે. તેનો ગુસ્સો ભભૂકી ઊઠે છે. મુલ્લાને તે ખરાબ રીતે ધુત્કારી કાઢે છે. ક્ષોભીલો પડી ગયેલો મુલ્લા મનમાં જ આનો બદલો લેવાનું નક્કી કરીને જાય છે.

ઘોરબન અલી ધીરે ધીરે શહેરના આંટાફેરા કરતો થઈ જાય છે. તે મહત્ત્વાકાંક્ષી છે. એને શહેરની ભભકભરી જિંદગીનું આકર્ષણ છે. તે ગેરકાનૂની હેરાફેરીના ધંધામાં જોડાય છે. સોરાયાને અણસાર છે આ બધાનો પણ તેણે કદી એ વિશે પોતાના પતિને પૂછ્યું નહિ. એક દિવસ તો પોલીસ પણ તપાસ માટે ગામમાં આવે છે. આ બનાવ પછી ઘોરબન અલી વધારે ઉગ્ર, ગુનાઈત અને રુક્ષ બની જાય છે. તે કામ અર્થે જેલમાં જોડાય અને અનૈતિક કામો દ્વારા ખૂબ કમાય છે. ત્યાં કેદી તરીકે રહેલા પોતાના પિતાને મળવા આવતી એક ચૌદ વર્ષની છોકરી સાથે તેને પ્રેમસંબંધ બંધાય છે. ઘોરબન અલી આ છોકરી સાથે લગ્ન કરવા માગે છે. એ માટે સોરાયાને તલાક આપવા જરૂરી છે, પણ સોરાયા તલાક આપવા રાજી નથી.

એવામાં એક ઘટના ઘટે છે, જે ઘોરબન અલી માટે ફળદાયી સાબિત થાય છે. સોરાયાની બાળપણની સખી ફિરોઝા, જે ગામમાં જ પરણાવવામાં આવેલી, તેનું અવસાન થાય છે. એનાં નાનાંનાનાં બાળકો છે. સૌએ કહ્યું કે સોરાયા જ એના તૂટેલા ઘરને સહારો આપે, બાળકોની કાળજી લે. સોરાયા પોતાની ફરજ સમજીને દિવસમાં બે વાર ફિરોઝાના ઘરની મુલાકાત લે છે અને જરૂરી કામ કરી આપે છે. વિકૃત માનસ ધરાવતા ઘોરબન અલીના મનમાં એક દુષ્ટ યોજના આકાર લે છે. તે ફિરોઝાના પતિ હાશિમ સાથે ગાઢ મૈત્રી બાંધી છે અને હાશિમને પોતાના પ્રભાવમાં લાવી દે છે. ઘોરબન અલી, શેખ હસન, ઈબ્રાહિમ મુખી એ બધા દુષ્ટ લોકો, સોરાયાની વિરુદ્ધની એક ક્રૂર યોજના ઘડી કાઢે છે.

એક દિવસ ઘોરબન અલી બજારમાં જોરથી બૂમો પાડીને સોરાયાને વેશ્યા, કુલટા કહીને ખરાબ રીતે ભાંડે છે. બૂમબરાડા પાડીને લોકોને એકઠા કરે છે અને સૌને ભરમાવે છે. ઝાહરા શોરબકોર કરતા ઘોરબન અલીને કારણ પૂછે છે. ઘોરબન અલી કહે છે કે મેં હાશિમ અને સોરાયાને અનૈતિક વ્યવહાર કરતાં પકડી પાડ્યાં છે. સોરાયા વ્યભિચારિણી છે, બેવફા છે, કુલટા છે એમ લોકો સમક્ષ જાહેર કરે છે. તમાશાથી લોકો એકઠા થઈ જાય છે. મુખી ઈબ્રાહીમ સમગ્ર ઘટનાનો દોર પોતાના હાથમાં લઈ લે છે. સોરાયા નિર્દોષ છે, પણ ઘોરબન અલી અને પ્રભાવશાળી દુષ્ટ એવી મંડળીએ સોરાયાની વિરુદ્ધમાં એક મોટા કાવતરાએ આકાર લઈ લીધો હતો. શીખવેલું બોલતો હાશિમ પણ ખોટું કહે છે કે તેને સોરાયા સાથે શારીરિક

સંબંધ છે. બસ, સોરાયાની વાત કોણ સાંભળે? એણે પોતાની નિર્દોષતા કઈ રીતે સાબિત કરવી? કાયદા અને ન્યાય પ્રમાણે તો વ્યભિચારિણી સ્ત્રીએ જ પોતાની નિર્દોષતા સાબિત કરવાની હોય. પોતાના ભાઈ જેવો, ખાસ સખીનો પતિ એવો હાશિમ હડહડતું જુઠાણું ફેલાવે ત્યાં તે કોને કહે? ઝાહરાને ખબર છે કે સોરાયા નિર્દોષ છે, પણ ઝનૂની અને જડ એવા બર્બર પુરુષપ્રધાન સમાજમાં એનું સાંભળીને માને કોણ?

બસ, બધાએ સ્વીકારી લીધું કે દિવસમાં બે વાર હાશિમના ઘરે જતી સોરાયાને હાશિમ સાથે અનૈતિક સંબંધ છે. આગેવાન ગણાતા ગામના મુખ્ય પુરુષોએ નક્કી કરી જ લીધું કે વ્યભિચારિણી સોરાયાને પ્રચલિત માન્યતા અનુસાર દેહાંતદંડની સજા આપવામાં આવે. ઘોરબન અલી ખુશ છે. એની જેમ જ જડ પુરુષો પણ ખુશ છે કે એક બેવફા સ્ત્રીનો કાયદા પ્રમાણેનો અંત આવનાર છે. તેઓ તો ઘોરબન અલીને અભિનંદન આપે છે. ગામનું પંચ નક્કી કરી દે છે કે એ જ દિવસે, સાંજના સમયે સોરાયાને પથ્થર મારીમારીને જાહેરમાં મારી નાખવામાં આવે.

પહેલેથી જ કોઈ પણ પ્રકારનો પ્રતિકાર ન કરનાર, વિકટ સ્થિતિને પણ મૂગે મોંએ સહન કરનાર સોરાયા પાસે કોઈને કશું કહેવા માટેના શબ્દો નથી. માત્ર ઝાહરા જ એની લાગણીને, પીડાને સમજી શકે છે. મરણ પહેલાંની ઘડીઓમાં સોરાયા સાથે છે અફસોસ, થોડીક સ્ત્રીઓ અને કાકી ઝાહરા. એની આંખો શૂન્ય બની ગઈ છે. મરણનો ડર ક્યાંય દેખાતો નથી. એ કહે છે કે મારી માતાના મૃત્યુ સાથે જ હું મરી ગઈ છું. ઘોરબન અલીના ત્રાસથી પોતે જ પોતાના જીવનથી બહાર ચાલી ગઈ છે. આ તો માત્ર શારીરિક મરણ છે. એને માત્ર પોતાનાં નાનાં બાળકોની ચિંતા છે.

ગામના ચોરામાં સોરાયાને મારી નાખવા અથવા આ મરણને જોવા બધા લોકો એકઠા થયા છે. મોતનો સમય આવી ગયો છે એટલે કહેણ આવે છે. સોરાયા કોઈ પણ પ્રકારની આનાકાની વગર, કોઈ વેદના વગર ગામની મધ્યમાં આવે છે. મુખી લાંબું ભાષણ કરે છે અને પોતાનું આ કૃત્ય યોગ્ય છે એમ ઠસાવવા માગે છે. ટોળાંને ન તો લાગણી હોય છે, ન તો તર્ક. એ તો બસ, એક વ્યભિચારિણી સ્ત્રીને મોતને ઘાટ ઉતારવા તત્પર છે, ઉત્સુક છે, ઉત્સાહી છે.

મુખીએ કહ્યા પ્રમાણે એક ઊંડો ખાડો ખોદવામાં આવે છે. સોરાયાનો બુરખો હટાવી દેવામાં આવ્યો. શૂન્ય આંખે સોરાયા ગામલોકોને જોઈ રહે છે. તે નિર્ભિક છે. તેને ખાડામાં ઉતારવામાં આવી અને ખભા સુધી માટીથી દાટી દેવામાં આવી. એની ફરતે એક વર્તુળ દોરવામાં આવ્યું અને લોકો હાથમાં પથ્થર લઈને મારવા આતુર છે. પ્રથમ પથ્થર સોરાયાના પિતાને ફેંકવા કહેવામાં આવ્યું. પુત્રીને 'વેશ્યા' કહીને એના પિતા સોરાયા પર પથ્થર ફેંકે છે, પણ એના ઘા ખાલી જાય છે. લોકો નિરાશ થાય છે. આવું કેમ ચાલે? બીજો અધિકાર પતિ ઘોરબન અલીનો છે. એનો પણ પ્રથમ ઘા ખાલી જાય છે, પણ બીજો પથ્થર ખભાને વાગે છે. પછીનો અધિકાર સોરાયાના મોટા પુત્રોને આપવામાં આવે છે. ત્યાર પછી બીજા ગામલોકોને તક મળે છે. રાડો પાડતા, ઈશ્વરને સંબોધતા, સોરાયાને વ્યભિચારિણી તરીકે ધુત્કારી કાઢતા પુરુષોએ પથ્થરોનો વરસાદ વરસાવ્યો. સોરાયાનાં અંગો છૂંદાઈ ગયાં, આસપાસની જમીન લોહીથી ભીની થઈ ગઈ. એ સ્થિર થઈ ગઈ. મુખીએ આદેશ કર્યો કે કોઈ જઈને જુએ કે એ જીવે છે કે મરી ગઈ. તપાસ કરનારે કહ્યું કે હજી જીવે છે. ઝનૂની માણસોએ એક મોટો પથ્થર લઈને ખોપરીના ફૂરચા બોલાવી દીધા... લોકોએ પડકાર ચાલુ રાખ્યા : અલ્લા હો અકબર!

જેમની યોજના પાર પડી તે બધા ભેગા થઈને ચાની ઉજાણી કરે છે. તેઓ તો ગામના કબ્રસ્તાનમાં પણ સોરાયા જેવી બેવફા સ્ત્રીને દફનાવવા તૈયાર નથી. પેલી બાજુ, એકલી ઝાહરા લોહીભૂખ્યા કૂતરાંને સોરાયાના પીંખાયેલા શબથી દૂર રાખવાનો પ્રયાસ કરે છે. તે એના પર કામળો ઓઢાડે છે, પણ સવાર સુધીમાં તો કૂતરાંઓએ માત્ર હાડકાં જ બાકી રાખ્યાં છે. ઝાહરા એને પાણીથી ધોઈ માટીના ઘડામાં મૂકી દે છે.

કથાનો અંતિમ ભાગ ખૂબ જ હૃદયદ્રાવક છે. આપણી ચેતનાને લકવો થઈ જાય એવી ક્રૂર ક્રિયાઓ-પ્રતિક્રિયાઓ વર્ણવાઈ છે. લોકમાનસ, પુરુષનો અહં, પુરુષકેન્દ્રી સમાજ, લાગણીહીન વ્યવહારો, બર્બર ન્યાયપ્રથા એ બધાં આપણા ચિત્તને પારાવાર આઘાત પહોંચાડે છે. પ્રમાણમાં નાની આ નવલકથામાં ઝાહરાનું વ્યક્તિત્વ સારી છાપ પાડનારું બની રહે છે. લેખકની વર્ણનશક્તિ આકર્ષક છે. પુરુષોના દુષ્ટ પ્રપંચનો ભોગ બનેલી સોરાયાની વેદના આપણી પણ વેદના બની રહે છે. જગતે શોધી કાઢેલ ક્રૂર ન્યાયપ્રથા અને એની સજા આપણને માનવજાતિમાં રહેલી સવાઈ પશુતા પ્રત્યે ધૃણા જન્માવે છે.

આ નવલકથા પરથી, આ જ શીર્ષકથી એક ફિલ્મ પણ બની અને ખૂબ જ વખણાઈ. ૨૦૦૮માં અમેરિકામાં તેનું નિર્માણ થયું. એના દિગ્દર્શક છે સાયરસ નોવ્રાસ્તેહ.

આ નવલકથા સાંપ્રતમાં પણ સ્ત્રીની જે સ્થિતિ છે તેના વિશે, લોકમાનસની ક્રૂર રીતિઓ પરત્વે અંગૂલીનિર્દેશ કરે છે. ઈસુ, બુદ્ધ જેવા મહાપુરુષો ભલેને વર્ષો પહેલાં શાંતિ અને પ્રેમનો સંદેશ આપી ગયા હોય, માણસની પાશવી વિકૃતિ એક કે બીજી રીતે સવાઈ થઈને પ્રગટતી જ રહે છે. સવાઈ એટલા માટે કે માણસ બીજાને વધારેમાં વધારે કઈ રીતે પીડા આપી શકાય તેની યુક્તિઓ માણસ જાણે છે અને અપનાવે છે! માણસે શોધી કાઢેલી આવી ક્રૂર તરકીબોની એક સુદીર્ઘ યાદી બની શકે એમ છે. એમાંની એક તરકીબ તે સોરાયા જેવી કેટલીક બદનસીબ સ્ત્રીઓ સાથે અપનાવાઈ તે... સ્ટોનિંગની!

*સૌજન્ય : "શબ્દસર"*

સિને ચર્ચા

# ફેન હૈ તો હમ હૈ...

"અમે લોકો આજે જે ઊંચાઈ પર છીએ તે અમારા ફેનના કારણે છીએ. પરંતુ મારી ચાહકોને વિનંતી છે કે જે રીતે અમે તેમની લાગણી પ્રેમનું સન્માન કરીએ છીએ, બરાબર એ જ રીતે તેઓ પણ અમારી ખાનગી જિંદગીનું સન્માન કરે."

રિલીઝ થઈ રહેલી ફિલ્મ 'ફેન' માં શાહરૂખ ખાન બેવડી ભૂમિકામાં છે. એક છે સુપરસ્ટાર અને બીજો છે એ સ્ટારનો ચાહક એટલે કે ફેન.' ફિલ્મની સેન્ટ્રલથીમ જ્યારે ફેનની આસપાસ આકાર લઈ રહી છે ત્યારે જોઈએ સ્ટાર અને ફેન વચ્ચેનાં સમીકરણો અને તેનું ગણિત.

વ્યક્તિપૂજાની પરંપરા ધરાવતા આપણા દેશમાં જૂના વખતથી હીરોને એટલે કે નાયકોને બેહદ પ્રેમ અને આદર મળતા રહ્યા છે. સમયના દરેક કાળખંડમાં હીરો બદલાતા રહે છે. અગાઉના જમાનામાં જ્યારે શાસકો, સ્વતંત્રતા સેનાની અને સમાજસુધારક નાયક એટલે કે હીરો હતા. પછી લોકોનું આકર્ષણ કળા જગતના લોકો તરફ ગયું. એકવીસમી સદીના નવમા દાયકા પહેલા મનોરંજનનું એકમાત્ર સાધન ફિલ્મો હતી. એટલે તેના સાધક એટલે કે ફિલ્મસિતારાઓના લાખો-કરોડો ફેન હતા. આ ફેન તેમના માનીતા સ્ટાર માટે કંઈ પણ કરવા તૈયાર રહેતા. હિંદી સિને જગતમાં અગાઉના વખતમાં દિલીપકુમાર, દેવ આનંદ, રાજ કપૂર, રાજેશ ખન્નાના ફેન હતા. આજે સાઉથની વાત કરીએ તો રજનીકાંત, પવન કલ્યાણ, ચિરંજીવી અને કમલ હાસન એ કમાલ કરી રહ્યા છે.

વાત જ્યારે સાઉથના ફેનની થતી હોય ત્યારે આપણે જાણીએ છીએ કે, રજનીકાંતની લોકપ્રિયતાની તોલે કોઈ નથી આવતા. રજનીકાંતની ફિલ્મ રીલીઝ થઈ રહી હોય કે રજનીઅન્નાનો જન્મદિવસ હોય ત્યારે તેમના વિશાળ કટઆઉટ પર તેમના ચાહકો દૂધથી અભિષેક કરે છે. વળી ધોતી અને મીઠાઈને જરૂરિયાતમંદ લોકોમાં વહેંચણી કરે છે.

જ્યારે શાહરૂખ ખાનના ફેનની સંખ્યા વિદેશમાં રહેતા ભારતીયોમાં વધુ હોવાનું કહેવાય છે. સલમાન ખાનના ફેન તેના જેવી બ્રેસલેટ હાથમાં પહેરતા જોઈ શકાય છે. સલમાનનો ચાહકવર્ગ ખાસ્સો મોટો છે.

સાઉથની ફેનક્લબ તો તેમના માનીતા સ્ટારનો જન્મદિવસ ધામધૂમથી ઊજવે છે. ઉપરાંત, પરોપકાર અને સમાજ કલ્યાણના કાર્યો પણ તેઓ કરે છે. રીલીઝ થઈ રહેલી ફિલ્મ 'ફેન' સાથે શાહરૂખ ખાનની 'એસઆરકે ફેન ક્લબ' અનોખો પ્રયોગ કરવા જઈ રહી છે. આ ક્લબ ૨૩ શહેરોમાં પહેલા દિવસે, પહેલા શોની ટિકિટ વહેંચશે.

કેમ કોઈ સ્ટાર પર જાન ન્યોછાવર કરવા તૈયાર રહે છે. અને તે પણ કંઈ ઓછું ભણેલા લોકો નહીં પરંતુ શિક્ષિત લોકો પણ એટલા જ છે. જો કે, તેમાં શિક્ષિત કે અભણ જેવો કોઈ ભેદ જ નથી. કેમ કે સ્ટાર અને ફેન વચ્ચે ભગવાન અને ભક્ત જેવો સંબંધ હોય છે!

- **દિવાના મુજ સા નહીં :**

રાજેશ ખન્નાએ તેમની કારકિર્દીના સુવર્ણકાળમાં માણેલી લોકપ્રિયતા ભાગ્યે જ હિંદી ફિલ્મોમાં કોઈ અન્ય સ્ટારે માણી હશે. કાકાજીના હુલામણા નામે જાણીતા રાજેશ ખન્નાને યુવતીઓ લોહીથી પ્રેમપત્રો લખતી. કાકાની કાર ક્યાંક પડેલી જુએ તો એટલા ચુંબનો કરતી કે સફેદ કાર પર લિપસ્ટીકનાં ચિહ્નો સ્પષ્ટ દેખાઈ આવતાં. એક પછી એક હિટ જતી ફિલ્મો અને બેહદ લોકપ્રિયતાને પરિણામે કહેવાતું કે, ઉપર આકા ઔર નીચે કાકા.

(અહીં કાકા એટલે આપણો ગુજરાતી શબ્દ નહીં પરંતુ પંજાબીમાં 'કાકા' શબ્દ છે, જેનો અર્થ થાય છે 'નાનકડું બાળક'. રાજેશ ખન્ના મૂળે પંજાબી અને ઈન્ડસ્ટ્રીમાં આવ્યા ત્યારે યુવાન અને શરીર પણ કદાવર નહીં અને બાળક જેવા મજાના એટલે કાકા કહેતા, અને પછી માનવાચક શબ્દ તરીકે પાછળ જી જોડાઈ ગયું અને થઈ ગયું 'કાકાજી') પ્રોડ્યુસરો કાકાજીને સાઈન કરવા મોં માગ્યા દામ આપવા તૈયાર રહેતા. તેમને મળવા માટે અને સાઈન કરવા માટે રીતસરની પડાપડી થતી.

કાકા પહેલા દિલીપ, રાજ અને દેવના સિતારા બુલંદીએ હતા. દેવ આનંદના પંદર વર્ષ સુધી મેનેજર રહેલા મોહન ચૂડીવાલા તો આમ સટોડિયા હતા. પણ દેવ સાબની દીવાનગીને કારણે તેમના મેનેજર બની ગયેલા. વળી મેનેજર તરીકેના પગારમાં પણ મોહન ચૂડીવાલાને રસ નહીં. બસ પોતાના ગમતા સ્ટારની આસપાસ રહેવા મળે તે વળતર. દેવ બાબુના બીજા એક જબરા ફેન હતા વિજય કલંતરી. દેવ આનંદને દાદા સાહેબ ફાળકે પુરસ્કાર મળ્યો તેની ખુશીમાં દિવસો સુધી વિજય કલંતરીએ તેમના દોસ્તોને પાર્ટી આપે રાખી હતી.

ફિલ્મ 'કુલી' ના શૂટિંગ દરમિયાન જ્યારે અમિતાભ બચ્ચન ગંભીર ઈજાગ્રસ્ત થયા હતા ત્યારે તેમના હજારો ચાહકોએ તેમની તંદુરસ્તી માટે પ્રાર્થનાઓ કરી હતી. અમિતાભ બચ્ચનને ફેન માટે માન છે. તેઓ પોતાના ફેનને પોતાના વિસ્તૃત પરિવારનો હિસ્સો ગણાવે છે. 'પિકુ' માટે બેસ્ટ એકટરનો નેશનલ ઍવોર્ડ જીતનાર બચ્ચન બાબુ કહે છે કે, અમારી તરફ

લાગણી વ્યક્ત કરવાનો તેમનો પૂરો હક છે. અમારા સ્ટારડમમાં તેમની પણ અગત્યની ભૂમિકા રહી છે. તેઓ પોતાનો કિંમતી સમય, મહેનતની કમાણી અને શક્તિ અમારી ફિલ્મો જોવા માટે રોકે છે. આ આખી બાબતનું હું સન્માન કરું છું.

- **ઇમેજ :**

અમુક મનોવૈજ્ઞાનિક આ ચાહકોની માનસિકતા વિશે વાત કરતાં કહે છે કે, ફેન સ્ટારની દિનચર્યાની ચિંતામાં ડૂબેલા રહે છે. સ્ટારની ફી માં થતી ચડતી-પડતીને પોતાની અંગત સમસ્યા ગણી લે છે. આમ સામાન્ય રીતે ઓછી વયના લોકો અને સ્ટારના એક્સપોઝરથી અજાણ ફેન હોય છે. તેમને બેવકૂફ કહેવા યોગ્ય નહીં ગણાય. કારણ કે લગભગ દરેક વ્યક્તિ કોઈક ને કોઈકના તો ફેન હોય જ છે. ભારતમાં જેમ લોકો ફિલ્મસ્ટાર અને ક્રિકેટરોના ચાહક છે, તેમ અમેરિકામાં એ દરજ્જો રૉકસ્ટાર ભોગવે છે.

એક અમેરિકી લેખકે સ્ટાર અને ફેન અંગે કરેલાં સંશોધન મુજબ, ફિલ્મસ્ટારોને માણસોની સર્વશ્રેષ્ઠ બ્રાન્ડ બનાવી દેવામાં આવે છે. જેનામાં કોઈ ખામી ન હોય તેવા લોકો. આ કામમાં સ્ટારની પી.આર.એજન્સીઓ તનતોડ મહેનત કરતી હોય છે. ફિલ્મ સ્ટારની અમુક ખાસ પ્રકારની ઈમેજને બહાર જાહેર જનતા સમક્ષ પ્રોજેક્ટ કરવામાં આવતી હોય છે. દાખલા તરીકે આમિર ખાનની મિ. પરફેક્શનિસ્ટની ઈમેજ.

એકની એક બાબત વારંવાર ચલાવવાથી લોકોના દિમાગમાં એ જ વાત છપાઈ જતી હોય. છે. હીરોને હંમેશાં આદર્શવાદી અને સર્વગુણસંપન્ન દેખાડવામાં આવે છે. સફળ થયા અગાઉ તેમણે કરેલા સંઘર્ષની વાતો પછી ફેલાવવામાં આવે છે. જેથી તે રીઅલ લાઈફમાં પણ હીરોની ઈમેજ ધરાવતો કે ધરાવતી થઈ જાય.

- **સિતારે ક્યા કહતે હૈં?**

'ફેન' નામની ફિલ્મથી પોતાના ચાહકોમાં આતુરતા જગાવનાર શાહરૂખ ખાન પોતે હજારો લાખો પ્રશંસક ધરાવે છે. તે કહે છે કે, "તેમને (ચાહકોને) હું ઍડમાયરર તરીકે જોઉં છું. એક રીતે એ ઇશ્ક, પ્યાર અને મહોબ્બત છે. જેમાં તેમને મનાઈ ન કરી શકીએ. પણ પોતાને કે પોતાના ગમતા સિતારાને કોઈ નુકસાન કે ઈજા પહોંચાડીને પોતાની લાગણી પ્રદર્શિત કરવી યોગ્ય નથી."

પોતાના ગમતા સિતારાઓનું મંદિર બનાવતા કે તેમની પૂજા કરતા ફેન અંગે આમિર ખાન કહે છે કે, "અમે માણસ છીએ. અમને ભગવાનનો દરજ્જો ન આપવો જોઈએ. હા, અમે ચાહકોના પ્રેમના ભૂખ્યા છીએ. ચાહકો અમારા પર લાગણી અને પ્રશંસા વરસાવતા રહે તે અમે ઇચ્છીએ છીએ."

જો કે, આજની પેઢીનો સિતારો ગણાતો નવલોહિયો સ્ટાર અર્જુન કપૂર માને છે કે, હવે ફિલ્મસ્ટારને ભગવાન માનતા ફૅનનો જમાનો લગભગ ખતમ થવામાં છે. તે કહે છે કે, "આજની તારીખે હવે ફિલ્મસ્ટારને જોઈને આશ્ચર્યચકિત થઈ જવાના કિસ્સાઓ ઓછા જોવા મળે છે. ટેકનોલોજીના વિકાસ સાથે ફિલ્મસ્ટાર સાથે દર્શકોનો સંબંધ ગાઢ બન્યો છે. જે સ્માર્ટફોન કે વસ્ત્રો અમે વાપરીએ છીએ, અમારા ફેન પણ એ જ વાપરે છે. આજે હવે ચાહકો અમને તેમની વચ્ચેના ગણે છે. એટલે આજે હવે અમને ભગવાન સરીખા બનાવનારા ફેન નથી રહ્યા. અને ખરું જુઓ તો એવું હોવું પણ ન જોઈએ."

આ અંગે અભિનેત્રી કેટરિના કૈફ કહે છે કે, "અમે લોકો આજે જે ઊંચાઈ પર છીએ તે અમારા ફેનના કારણે છીએ. પરંતુ મારી ચાહકોને વિનંતી છે કે જે રીતે અમે તેમની લાગણી - પ્રેમનું સન્માન કરીએ છીએ, બરાબર એ જ રીતે તેઓ પણ અમારી ખાનગી જિંદગીનું સન્માન કરે."

*(સંકલિત)*

## મેં તો ગોત્યું ગોત્યું ને....

**(અનુ. પાના નં.-૮૨ ઉપરથી ચાલુ)**

ઉર્વશીબેન કંઈ બોલ્યા નહીં. સુનયનાબેને કંઈ કહ્યું નહીં. ઉર્વશીબેનની આંખે જે જોવાનું હતું તે જોઈ લીધેલું.

ઘર ખોલીને ઉર્વશીબેન અંદર ગયાં. થોડી જ વારમાં વાતે વિશ્વવિહાર કરવા શરૂ કર્યો, 'સુનયનાબેનનું મંગળસૂત્ર જડી ગયું. ક્યાંથી? કઈ રીતે? રાહ જુઓ, સમાચારના આગલા હપ્તાની.'

થોડી વારમાં મોબાઈલ પર હરખના ફોનો આવવાનું શરૂ થઈ ગયું, મેસેજીઝ આવવા માંડ્યા. એ દિવસ હતો શુક્રવાર, માતાજીનો વાર, શુકનિયાળ દહાડો. અમેરિકાથી શ્વેતા દર શનિવારે સવારે એટલે કે ત્યાંની સવાર અહીંની સાંજે ફોન અચૂક કરે. આમે ય તે સુનયનાબેન શનિવારની સાંજે કદી બહાર ન જાય. 'શ્વેતા બિચારી ફોન કરે ને હું ન મળું તો એને કેવું થાય?' શનિવાર આવ્યો, સાંજે ફોન આવ્યો. 'મમ્મી, મંગળસૂત્ર જડી ગયું ને? અભિનંદન.' સુનયનાબેન હરખાયા, જો કે ખરો હરખ તો પેલી ડેટ્રોઈટમાં બેઠેલીને થયો'તો. સુનયનાબેને થેંક્યું કહ્યું.

'કઈ રીતે જડ્યું મમ્મી?' પેલી મધહરીએ પૂછ્યું. સુનયનાબેને લંબાણથી ત્રણ-ચાર-પાંચ મહિનાની પોતાની વિતકકથા કહી. સામેવાળી સાંભળતી રહી (કે પછી સ્પીકર પર ફોન મૂકીને કમ્પ્યુટર ચલાવતી હશે કોને ખબર?) સુનયનાબેને બોલવાનું પૂરું કર્યું એટલે શ્વેતાએ કહ્યું, 'તો મમ્મી હવે પેલા રૂમાલની ગાંઠ છોડી નાખજો.'

'હાઆઆઆ, પણ...'

'પણ શું મમ્મી?' શ્વેતાએ પૂછ્યું.

સુનયનાબેન મૂંઝાયેલા અવાજે બોલ્યાં, 'પણ પેલો રૂમાલ જ નથી જડતો, ગાંઠ મારેલો!'

*૧૦/૧૧૫, પરીશ્રમ એપાર્ટમેન્ટસ,*
*વીમા નગર પાસે, સેટેલાઈટ રોડ,*
*અમદાવાદ-૩૮૦ ૦૧૫.*
*ફોન : (૦૭૯) ૨૬૭૪૫૮૩૬*
*મોબાઈલ : ૯૭૨૪૪ ૪૨૫૮૬.*

માહિતી

# વિશ્વનું અવનવું
# દુનિયાની ૧૦ ઊંચી ઇમારતો

• સંકલન : દિનેશચંદ્ર જગજીવન શાહ •

૧. **બુર્જ ખલીફા** : યુ.એ.ઈ.ના દુબઈ શહેરમાં આવેલી ઈમારત બુર્જ ખલીફા દુનિયાની સૌથી ઊંચી બિલ્ડિંગનો દરજ્જો ધરાવે છે. આ બિલ્ડિંગનું બાંધકામ ૨૦૦૪માં શરૂ કરવામાં આવ્યું હતું અને ૨૦૧૦માં પૂર્ણ થયું. બિલ્ડિંગની કુલ ઊંચાઈ ૮૨૯.૮ મીટર છે તથા તેમાં કુલ ૧૬૩ માળા ગ્રાઉન્ડ લેવલ પર તથા ૨ અંડરગ્રાઉન્ડ ફ્લોર આવેલા છે. આ બિલ્ડિંગમાં ૧૦ મીટર પ્રતિ સેકન્ડ ઝડપ ધરાવતી ૫૭ લિફ્ટો છે. આ બિલ્ડિંગનો ઉપયોગ રહેઠામ, હોટેલ અને ઑફિસ માટે થઈ રહ્યો છે.

૨. **શાંઘાઈ ટાવર** : વર્ષ ૨૦૦૮થી ૨૦૧૫ દરમિયાન નિર્માણ પામેલા ચીનના શાંઘાઈ શહેરની આ ઈમારત ૬૩૨ મીટરની ઊંચાઈ ધરાવે છે. તેમાં કુલ ૫ માળા જમીનની અંદર તથા જમીનની ઉપર ૧૨૮ માળા છે. તેનો ઉપયોગ હોટેલ તથા ઑફિસ માટે કરવામાં આવે છે. આ બિલ્ડિંગ ૧૮ મીટર પ્રતિ સેકન્ડની ઝડપ ધરાવતી ૧૦૬ લિફ્ટથી સુસજ્જ છે.

૩. **અબ્રજ અલ-બૈટ ટાવર** : સાઉદી અરેબિયાના મક્કા શહેરમાં આવેલા અબ્રજ અલ-બેટ ટાવરને મક્કા રોયલ ક્લોક ટાવર તરીકે પણ ઓળખવામાં આવે છે. વર્ષ ૨૦૦૪થી ૨૦૧૨ દરમિયાન તૈયાર થયેલી આ ઈમારતની ઊંચાઈ ૬૦૧ મીટર છે. તેમાં ૩ અન્ડરગ્રાઉન્ડ તથા ગ્રાઉન્ડ લેવલ પર ૧૨૦ માળા છે. તેમાં ૬ મીટર પ્રતિ સેકન્ડની ઝડપ ધરાવતી ૯૬ લિફ્ટો છે. આ બિલ્ડિંગનો ઉપયોગ હોટેલ તથા અન્ય વ્યવસાયો માટે કરવામાં આવી રહ્યો છે.

૪. **વન વર્લ્ડ ટ્રેડ સેન્ટર** : ૧૧ સપ્ટેમ્બર, ૨૦૦૦ના આતંકવાદી હુમલામાં નષ્ટ પામેલ અમેરિકાના ન્યુયોર્ક શહેરના વર્લ્ડ ટ્રેડ સેન્ટરની જગ્યાએ બનાવાયેલા 'વન વર્લ્ડ ટ્રેડ સેન્ટર'નો પ્રસ્તાવ ૨૦૦૫માં મૂકવામાં આવેલ હતો. ત્યારબાદ ૨૦૦૬થી ૨૦૧૩ના અંત સુધી ચાલેલા બાંધકામ બાદ આ ઈમારતને ૨૦૧૪માં વ્યાપાર વાણિજ્યના સેન્ટર તરીકે ખૂલ્લું મૂકવામાં આવેલું. આ ઈમારતની ઊંચાઈ ૫૪૬.૨ મીટર છે. તેમાં ૧૦૪ ફ્લોર ઉપરાંત ૫ અંડરગ્રાઉન્ડ ફ્લોર આવેલા છે. જેમાં ૧૦.૧૬ મીટર પ્રતિ સેકન્ડ ઝડપ ધરાવતી ૭૩ લિફ્ટો છે.

૫. **વિલિસ ટાવર** : અમેરિકાના શિકાગો શહેરમાં આવેલા વિલિસ ટાવર ૫૨૭ મીટરની ઊંચાઈ ધરાવે છે. મૂળ નામ શિયર્સ ટાવર સાથે ૧૯૭૦થી ૧૯૭૩ દરમિયાન નિર્માણ પામેલી આ બિલ્ડિંગમાં ૨૫ વર્ષો સુધી દુનિયાની સૌથી ઊંચી બિલ્ડિંગ હોવાનો દરજ્જો ધરાવતી હતી. હાલમાં અમેરિકામાં વર્લ્ડ ટ્રેડ સેન્ટર બાદ બીજી સૌથી ઊંચી ઇમારત છે. શિકાગો નદી પાસે આવેલી આ બિલ્ડિંગને ૨૦૦૯માં વિલિસ ટાવર નામ આપવામાં આવ્યું હતું. આ બિલ્ડિંગમાં ૩ બેઝમેન્ટ તથા તેના ઉપર ૧૦૮ ફ્લોર છે તથા ૧૦૪ લિફ્ટો છે.

૬. **તાઇપેઈ ૧૦૧** : તાઈવાનના તાઈપેઈ શહેરમાં આવેલી તાઇપેઇ - ૧૦૧ નામની આ બિલ્ડિંગનું બાંધકામ ૧૯૯૯માં શરૂ થયું હતું. ૨૦૦૪માં તે પૂર્ણ થયેલ. ૫૦૯ મીટર ઊંચાઈ ધરાવતી આ બિલ્ડિંગમાં ૫ અન્ડર ગ્રાઉન્ડ તથા તેના પર ૧૦૧ માળા છે. ૧૬.૮૩ મીટર પ્રતિ સેકન્ડ ઝડપ ધરાવતી ૬૧ લિફ્ટો આવેલી છે.

૭. **શાંઘાઈ વર્લ્ડ ફાઇનાન્સિયલ સેન્ટર** : ૧૯૯૭થી ૨૦૦૮ દરમિયાન બનેલી શાંઘાઈ વર્લ્ડ ફાઈનાન્સિયલ સેન્ટર કુલ ૪૯૪ મીટર ઊંચાઈ ધરાવે છે. ચીનના શાંઘાઈ શહેરમાં આવેલ આ બિલ્ડિંગના ૩ અન્ડર ગ્રાઉન્ડ ફ્લોર તથા અપર લેવલ પર ૧૦૧ ફ્લોર છે. ૧૦ મીટર પ્રતિ સેકન્ડ ઝડપ ધરાવતી ૯૧ લિફ્ટો આવેલી છે.

૮. **ઇન્ટરનેશનલ કોમર્સ સેન્ટર** : ૪૮૪ મીટર ઊંચાઈ સાથે હોંગકોંગ શહેરની ઈન્ટરનેશનલ કોમર્સ સેન્ટર બિલ્ડિંગ વિશ્વમાં આઠમા ક્રમાંકે આવે છે. આ ઈમારતનું નિર્માણ કાર્ય ૨૦૦૨થી ૨૦૧૦ દરમિયાન થયું હતું. આનું મૂળ નામ યુનિયન સ્ક્વેર હતું. ૪ અન્ડર ગ્રાઉન્ડ તથા અપર લેવલમાં ૧૦૮ માળા આ બિલ્ડિંગ ધરાવે છે. ૯ મીટર પ્રતિ સેકન્ડની ઝડપ ધરાવતી ૮૩ લિફ્ટો છે.

૯. **જોહન હોનકોક સેન્ટર** : અમેરિકાના શિકાગો શહેરમાં આવેલી જોહન હોનકોક સેન્ટર બિલ્ડિંગ ૧૯૬૫થી ૧૯૬૯ દરમિયાન નિર્માણ પામી હતી. તેની કુલ ઊંચાઈ ૪૫૯ મીટર છે તથા તેમાં કુલ ૧૦૦ માળા આવેલા છે. ૯.૨ મીટર પ્રતિ સેકન્ડની ઝડપ ધરાવતી ૫૦ લિફ્ટો છે.

૧૦. **પેટ્રોનસ ટાવર-૧ અને ૨** : ટોપ ટેનના દસમા ક્રમ

પર એક નહીં પણ બે ટ્વીન ટાવર ધરાવતા પેટ્રોનસ ટાવરની બંને એક સરખી ઈમારતો આવે છે. બંનેની ઊંચાઈ એકસરખી ૪૫૨ મીટર છે. બંને ઈમારતો એક બ્રિજથી જોડાયેલી છે. બંનેની જમીનથી ઊંચાઈ ૧૭૦ મીટર છે જે સ્કાય બ્રિજ તરીકે પણ પ્રખ્યાત છે.

મલેશિયાના કુઆલાલમ્પુર શહેરમાં આવેલી આ બિલ્ડિંગનું કાર્ય ૧૯૯૨થી ૧૯૯૮ દરમિયાન થયું હતું. ૫ અન્ડર ગ્રાઉન્ડ અને ૮૮ અપર લેવલ ફ્લોર ધરાવતી આ બંને બિલ્ડિંગમાં ૭ મીટર પ્રતિ સેકન્ડ ઝડપ ધરાવતી ૩૯ લિફ્ટો આવેલ છે.

ટોપ ટોલેસ્ટ બિલ્ડિંગ્સ ઑફ ધ વર્લ્ડના લિસ્ટમાં ચાલુ વર્ષે ફેરફાર આવે તેમ છે. હાલમાં ચીનમાં 'પીંગ એન ફાઈનાન્સ સેન્ટર', 'ગોલ્ડન ફાઈનાન્સ સેન્ટર ૧૧૭' અને 'સી.ટી.એફ. ફાઈનાન્સ સેન્ટર' નામની ત્રણ સ્કાય સ્ક્રેપર બની રહી છે. જેમની અનુક્રમે ઊંચાઈ ૫૯૯ મીટર, ૫૯૬.૫ મીટર અને ૫૩૦ મીટર છે. તેમનું નિર્માણ કાર્ય ૨૦૧૬માં પૂરું થાય તેમ છે. આ ઉપરાંત વર્તમાન સમયમાં ભારતમાં પણ ગગનચુંબી ઈમારતો આકાર લઈ રહી છે. મુંબઈમાં કુલ ૧૦ ઈમારતો બનવા જઈ રહી છે, જેમની ઊંચાઈ ૩૦૦ મીટરથી લઈને ૪૪૨ મીટર સુધીની હશે.

*મો. ૯૪૨૬૫ ૭૭૬૭૮*

## સમયના સ્વામી બનજો

સમયની શોધ આદિ માનવની શોધ છે. તેણે સૂર્યના ઊગવાથી આથમવા સુધીના ગાળાને દિવસ અને આથમવાથી ફરી સૂર્યના ઊગવાના ગાળાને રાત્રી નામ આપ્યું હતું. તેણે આ ગાળાને ૨૪ કલાકમાં વહેંચી એક દિવસની રચના કરી હતી. આવા ૩૬૫ દિવસના ૨૪ કલાકને તેણે ૬૦ મિનિટ અને એક મિનિટને ૬૦ સેકન્ડમાં વહેંચી સમયની મોટી અને નાની એમ બે આવૃત્તિની રચના કરી હતી. તેણે મનુષ્ય જન્મે છે અને મૃત્યુ પામે છે તે સમયગાળાને "ઉંમર" શબ્દથી ઓળખાવ્યો હતો અને તેણે જોયું કે આ સમયગાળો એટલે કે ઉંમર વ્યક્તિએ વ્યક્તિએ અલગ અલગ હોય છે. કોઈનો સમયગાળો વધુ છે તો કોઈનો સાવ ઓછો અને આદિ માનવોમાં જે માનવ વધુ સમજુ હતો, જ્ઞાની હતો તેણે 'સમય'ની કિંમત સમજવાની સૌ માનવોને સલાહ આપી હતી.

આ થઈ સમયના ઈતિહાસની નાનકડી ઝાંખી. માટે 'સમય અત્યંત કિંમતી છે' તે વાક્ય ભલે તમે અસંખ્ય વાર સાંભળ્યું હોય પણ તે વાક્યને 'ઠીક છે' કહીને સાવ સરળતાથી ન લેતા. સમય ખરેખર અત્યંત કિંમતી છે.

અમિતાભ બચ્ચનના ખ્યાતનામ શૉ 'કૌન બનેગા કરોડપતિ'માં પ્રશ્ન પૂછ્યા પછી અમિતાભ બચ્ચન જવાબ આપનાર વ્યક્તિને અમુક ચોક્કસ સમયમાં જવાબ આપવા માટે કહેતા હોય છે અને પછી ઘડિયાળ ચાલુ કરી બોલે છે : 'યૉર ટાઈમ બિગિન્સ નાઉ...' — "તમારો સમય હવે શરૂ થાય છે." તમને જગતમાં મોકલનાર એ અદૃશ્ય શક્તિ પણ તમારા જન્મની સાથે જાણે કહેતી હોય છે : "ભાઈ, તારો સમય શરૂ થઈ ગયો છે." આ અદૃશ્ય શક્તિ સિવાય કોઈ જાણતું નથી કે આપણો સમય ક્યારે પૂરો થશે અને ક્યારે આપણે આ જગતમાંથી વિદાય લઈશું. આપણા જન્મ સાથે આપણને એક ચોક્કસ સમયગાળો મળી જાય છે અને તે મુજબનો સમયગાળો આપણે આ પૃથ્વી નામના ગ્રહ પર ગાળીએ છીએ.

માટે સમયના એક એક અંશને સારી રીતે — અસરકારક રીતે વાપરજો. સમયના સ્વામી બનજો - તેના ગુલામ નહીં. તમારે તમારો સમય કેવી રીતે ક્યાં વાપરવો છે તે તમે તમારી જાતે નક્કી કરજો. દિવસના ૨૪ કલાકને તમારી કોઈ મોટી મૂડી હોય તેમ કંજૂસના ધનની જેમ વાપરજો. ન કામની વાતો કે ન કામનાં કાર્યો પાછળ એક મિનિટ પણ ન બગાડતા. તમને મળેલું જીવન અણમોલ છે અને જીવન જેના વડે બન્યું છે તે પણ અત્યંત અણમોલ છે.

સમયનું મેનેજમેન્ટ કેવી રીતે કરવું તે શીખી જજો. દરેક કાર્યને અગ્રતાક્રમ પ્રમાણે લેજો અને તે મુજબ કાર્ય કરજો. આલતુ-ફાલતુ માણસોને તમારો સમય બગાડવાનો ઈજારો ન આપતા. આવશે.... એવાય લોકો તમારી નજીક આવશે, જેઓને તેમના સમયની કિંમત નથી હોતી અને તેથી તેઓ બીજાઓનો સમય બગાડવા આવી પહોંચતા હોય છે.

એમ કહ્યું છે કે જે સમયને સાચવી લે છે તેને સમય સાચવી લે છે. તમે દરેક કાર્ય જો સમયસર કરતાં શીખી જશો તો તમારી પાસે થોડો વધારાનો સમય બચશે, જે તમારી મનગમતી પ્રવૃત્તિમાં તમે વાપરી શકશો.

અને વીતેલો સમય ફરી આવતો નથી. આ વાતનું દર્દ ઘણીવાર આપણા હૃદય અને મનમાં રહી જાય છે. પણ વીતેલી પળ ફરી આવતી નથી. તમે તો ફક્ત ને ફક્ત આજની હમણાંની પળના સ્વામી છો અને તે પળ ઉપર તમારું સ્વામીપણું વાપરી બતાવજો. વીતેલી વાતો યાદ કરવાની ક્યારેક મજા આવતી હોય છે, પણ વીતેલી વાતોમાં ઉલઝાયેલા ન રહેતાં ભાવિ તરફ આંખ રાખી, હાથ ઉપરના સમયને કેટલી સારી રીતે વાપરવો તેનો જ વિચાર કરજો.

જીવનમાં સમયનું જેટલું મહત્ત્વ છે તેટલું જ મહત્ત્વ તેના સ્વામી બની રહેવામાં છે, તે વાત ક્યારેય ભૂલતા નહીં.

***— આદિત્ય વાસુ***

***સૌજન્ય : "આપ મુઆ પીછે ડૂબ ગઈ દુનિયા"***

॥ યાદગાર પ્રવચન ॥

# ગુજરાતની સ્થાપના પ્રસંગે.....

## — રવિશંકર મહારાજ

આજે ગુજરાતનું રાજ્ય સ્થપાઈ રહ્યું છે તે વખતે પૂ. ગાંધીજીની ભવ્ય મૂર્તિ અને એમણે આપેલો ભવ્ય વારસો તેમજ આ સ્થળે રહીને આપણને આપેલા અનેક પાઠો પણ નજર સમક્ષ તરવરે છે. વળી ગુજરાતના ઘડવૈયા અને આપણને સૌને પ્રિય એવા પૂ. સરદારશ્રીનું આ પ્રસંગે સ્મરણ થાય છે. તેમને નમ્રભાવે પ્રણામ કરી મારી ભાવભીની અંજલિ અર્પમ કર્યા સિવાય રહી શકતો નથી. દેશને માટે જેમણે નાની મોટી કુરબાનીઓ અને પ્રાણ અર્પ્યાં છે તે સૌ નામી-અનામી રાષ્ટ્રવીરોને આદરભાવે વંદન કરું છું.

રાષ્ટ્રપિતા ગાંધીજીની નજર સમક્ષ દરેક ક્ષણે ભારતનું ગામડું અને ગામડાંની પ્રજા રહેતી. એમના વિકાસમાં એ ભારતનો વિકાસ જોતા. આપણા ગુજરાતનાં ગામડાંઓમાં કુશળ, ખંતીલા અને ખૂબ મહેનતુ ખેડૂતો છે. ભણેલા ન હોવા છતાં ધંધોરોજગાર ચલાવવામાં અતિશય કુશળ એવા આપણે ત્યાં સુંદર કારીગરો છે. વહાણવટું કરવામાં કુશળ એવા દરિયાકાંઠે વસતા દરિયાખેડુઓ પણ છે અને ગુજરાતની પ્રજા પાસે અર્થવ્યવહારમાં કુસળ અને કરકસરિયા એવા વ્યવહારકુશળ મહાજનો પણ છે.

આ બધાની શક્તિને ગુજરાતના હિતમાં ચાલના મળે તો ગુજરાત ભલે નાનું રાજ્ય હોય, ભલે અત્યારે ખાધવાળો પ્રદેશ ગણાતો હોય, તો પણ થોડા વખતમાં સમૃદ્ધ બની શકે એ વિશે મારા મનમાં બિલકુલ શંકા નથી. સ્વરાજ્ય મળ્યા પછી દેશભરમાં ઘણાં વિકાસકાર્યો થયાં છે. રાષ્ટ્રની સંપત્તિ તેમજ પેદાશ પણ વધી હશે. પણ એની યોગ્ય વહેંચણી થાય તો જ આપણે સમતા અને શાંતિની દિશામાં પ્રયાણ કર્યું કહેવાય. યોગ્ય વહેંચણી કરવાનો રસ્તો ધનદોલતની લહાણી કરવી એ નથી, પણ આપણે ત્યાંની એકએક સશક્ત વ્યક્તિને એને લાયકનું કામ મળી રહે અને હોંશે હોંશે એ કામ કરવાનો તેના દિલમાં ઉત્સાહ પ્રગટે એ કરવાની ખૂબ જરૂર છે.

આપણે ત્યાંની માનવશક્તિઓ અને કુદરતી બક્ષિસોનો ઉપયોગ થાય તો આપોઆપ સંપત્તિ અને સમૃદ્ધિ પણ વધવાની અને યોગ્ય વહેંચણી પણ થવાની. આવું કરવું હશે તો આપણે ખેતી અને ગોપાલન તરફ આજે આપીએ છીએ તેથી પણ વિશેષ ધ્યાન આપવું પડશે. ભૂમિ, એ કદી શોષણનું સાધન ન બનવી જોઈએ, એ તો પોષણનું સાધન બનવી જોઈએ. આપણું ગોધન અને પશુધન ખાંડુંમાંડું હવે નહીં ચાલે, પણ જોઈને આંખ ઠરે એવું ગોધન હોવું જોઈએ. જે દેશમાં દૂધ-ઘી ની નદીઓ વહેતી, એ દેશમાં ચોખ્ખાં ઘી-દૂધ મળવાં દુર્લભ થાય એ આપણી કેવી દુર્દશા કહેવાય? એ સ્થિતિ આપણે ટાળવી જ જોઈએ.

ગોસંવર્ધન અને ગોસેવા એ જ એનો સાચો ઈલાજ છે. ગોવધબંધી જેમ અમદાવાદ શહેર અને સૌરાષ્ટ્રે કરી છે, એમ આખા ગુજરાતમાં થવી જોઈએ. એમ થશે તો મને બહુ ગમશે પણ ઉત્તમ ગોપાલન એ જ ખરેખર ગોસેવાનો સાચો માર્ગ છે એ કદી ભૂલવા જેવું નથી. આજે અનાજ આપણે પરદેશથી મંગાવવું પડે છે. આ સ્થિતિ આપણે માટે ખતરનાક અને શરમજનક છે. અનાજની બાબતમાં ગુજરાતે સ્વાવલંબી બનવાનો નિર્ધાર કરવો જ જોઈએ. અને એ સાથે એની સુવ્યવસ્થિત યોજના ઘડીને દેશને માર્ગદર્શન આપવું જોઈએ.

સ્વરાજ્ય મળ્યા પછી અતિ પવિત્ર ઉત્પાદક શ્રમશક્તિ દિવસે દિવસે આપણામાં ઘટતી જાય છે અને પ્રજાનું મોં વધારે ભોગ તરફ જઈ રહ્યું છે. એ ભોગપ્રાપ્તિ માટે એને અન્ન અને ઘી-દૂધ કરતાં સિક્કાની અગત્ય વધુ સમજાવા લાગી છે. તેથી ખેતી જેવો પવિત્ર ધંધો કરનારા ખેડૂતો પણ સિક્કા પાછળ પડ્યા છે. પણ આ બધાનું ખરું કારણ છે સુધરેલા ગણાતા ભદ્રસમાજનો આચાર. આપણા આ વર્ગે સ્વરાજ્ય મળ્યા પછી ત્યાગને બદલે ભોગ તરફની રૂખ બતાવી છે. એટલે એ દિશાએ સામાન્ય જન પણ વળ્યા છે. આ કારણે જીવનનાં બધાં ક્ષેત્રોમાં તાણ અને અસંતોષનું ભાન થવા લાગ્યું છે.

પ્રજા વધારે પૈસા પાછળ દોટ કેમ કાઢે છે? એને જેટલું મળે છે એટલું ઓછું જ કેમ પડે છે? એનું મોં સંગ્રહ તરફ અને વધુ સુખોપભોગ તરફ કેમ વધે છે? આ વૃત્તિ રોકવા માટે ચીનની જેમ આટલાં કપડાં પહેરો, આમ જ કરો, આમ જ વર્તો એવા વટહુકમો ભલે બહાર ન પાડીએ, પરંતુ આપણા પ્રધાનો, આપણા આગેવાનો અને આપણા અમલદારો તથા આપણા મુખ્ય કાર્યકરો પોતાના જીવનમાં સાદાઈ ને કરકસરનું તત્ત્વ અપનાવીને પ્રજાને ઉત્તમ પ્રકારનું માર્ગદર્શન આપી શકશે....

***(ગુજરાતની સ્થાપના પ્રસંગે***
***પૂ. રવિશંકર મહારાજે આપેલું વ્યાખ્યાન ટૂંકાવીને...***
***'વિશ્વના યાદગાર પ્રવચનો'માંથી સાભાર)***

## સફળતાનો પરિવાર

*મહેનત સફળતાનો જનક છે.*
*મહત્ત્વાકાંક્ષા એ સફળતાની માતા છે.*
*સૂઝ એ સૌથી મોટો પુત્ર છે.*
*સ્થિરતા અને ખંત એ અન્ય પુત્રો છે.*
*ઉલ્લાસ, વફાદારી, સંભાળ, વિવેક, કરકસર, પ્રામાણિકતા અને સંવાદિતા એ અન્ય પુત્રો છે.*
*તક એ સૌથી નાનું બાળક છે.*
*પિતાને બરાબર ઓળખો એટલે આપોઆપ પરિવારના સભ્યોનો પરિચય થઈ જશે.*

હાસ્યની ક્ષણોમાં

# રેગિંગ... રેગિંગ... રેગિંગ....

• ડૉ. નલિની ગણાત્રા •

કોઈ પણ શબ્દનો સનસની સ્ટાઈલમાં સળંગ ત્રણવાર પ્રયોગ કરવામાં આવે તો એની થ્રી-ડી ઈફેક્ટ આવે છે. થ્રી-ડીમાં બધું જાણે આપણી પર તરાપ મારતું હોય એવી ફીલિંગ આવતી હોય છે. મશીનમાંથી છૂટતી ગોળી જેવું રેગિંગ... રેગિંગ... રેગિંગ વાંચીને તમને પણ ઘેર બેઠાં તમારા પર રેગિંગ થઈ રહ્યું હોય એવી મારફાડ લાગણી થઈ આવીને? 'ત્રણ ઍટેક' ધારી અસર આપે જ!

હવે પછી ચૂંટણીમાં ક્યારેય મતદાન નથી કરવું એવી ટણી લઈને બારીમાં બેસી ગયા હોઈએ અને મતદાન શબ્દ પણ ઇંગિત કરે છે કે (મતનું) દાન મત કર! છતાં, ચૂંટણી વખતે લાઉડ સ્પીકરમાં મોટેથી ભાજપ.... ભાજપ... ભાજપ... કે કોંગ્રેસ... કોંગ્રેસ... કોંગ્રેસ... સાંભળીને આપણી મતિ મારી જાય છે અને આપણે 'ખાલી માથે' અને ઉદાર હાથે મતનું દાન કરવા દોડી જઈએ છીએ. ક્યા રહસ્ય હૈ ઇસકે પીછે? વો હૈ સનસની થ્રી-ડી ઈફેક્ટકી કમાલ! મતલબ ત્રણ વાર બોલાતા શબ્દો! અરે, થ્રી-ડી ઈફેક્ટને ઘેરી બનાવવા જ એ લોકો ચૂંટણી પ્રચાર માટે ત્રણ પૈડાંવાળી રિક્ષાનો જ ઉપયોગ વધુ કરે છે. મીઠાઈની દુકાનમાં "જલેબી" શબ્દ એક જ વાર લખ્યો હોય તો એ જલેબીઓને ગૂંચળું વળીને બેસી રહેવાનો વારો આવે. પણ જલેબી... જલેબી... જલેબી... એવી જાહેરાત વાંચે તો-ડાયાબિટીસવાળાનેય એકવાર દોડીને જલેબી ખઈ આવવાની કે લઈ આવવાની ઈચ્છા થઈ આવે. એટલે જ મેં રેગિંગ... રેગિંગ... રેગિંગ...એવું મથાળું માર્યું જેથી રેગિંગ લેવાવાળા, રેગિંગ દેવાવાળા અને લેવા-દેવા વગરનાં પણ આ લેખ વાંચવા મંડી પડે.

તો હવે હું રેગિંગ ચાલુ કરું. મતલબ રેગિંગ વિશે લખવાનું ચાલુ કરું. જો કે અમે લેખકો પણ થોડા ઘણા અંશે 'રેગર્સ' ને મળતા આવીએ છીએ. બિચારો વાચક, કંઈક સારું વાંચવા મળશે... આગળ કંઈક તો સારું લખ્યું હશે... છેવટે અંત તો આહ્‌લાદક હશે એમ ધીરજ ધરીને ઠે...ઠ અંત પર્યંત વાંચી જાય છે અને અંતે રેગિંગનો ભોગ બને છે. હું વાચક અને લેખક એમ ડબલ રોલમાં હોવાથી ક્યારેક વાચકની તો ક્યારેક લેખકની તરફેણ કરવાની મારી ફરજ છે. એટલે આગળ વાચકને બિચારો કીધો, તો અહીં લેખકની ફેવર કરતાં કહીશ કે લેખક પણ બિચારો ક્યાં ઘેર ઘેર જઈને વાંચવા માટે કોઈને ધમકી ભર્યો આગ્રહ કરે છે? પણ સ્વપીડનવૃત્તિ જ વાચકભઈને જેવું તેવું વાંચવા પ્રેરે છે. અરે કોઈ તહેવાર નિમિત્તે 'અંકબંધ' હોય, મતલબ અખબાર ન આવે એ દિવસે વાચક બોલે છે કે હાશ, આજે કેવી 'બંધ' જેવી શાંતિ લાગે છે? પણ બીજા દિવસે જેવું છાપું આવે કે લપલપ કરતો વાંચવા બેસી જશે. આપણે એને કહીએ કે ગઈકાલે તને છાપું વાંચ્યા વગર મજા આવતી'તી તો આજે શું લેવા વાંચવા બેસી ગયો? કોઈ ભૂવા ભઈએ આગ્રહ કર્યો તો? તો કહેશે કે એ તો ગઈકાલે હું મજાક કરતો'તો!

યસ, રેગિંગનો અર્થ પણ એજ છે.... નિર્દોષ, નિર્મલ મજાક મસ્તી! અને રેગિંગનો મૂળભૂત હેતુ પણ કોલેજમાં દાખલ થયેલા નવોદિત વિદ્યાર્થીઓ સાથે હળવી મજાક મસ્તીથી દોસ્તી કેળવવાનો હતો. પરંતુ મૂળે ભૂત સ્વભાવનાં કેટલાક 'મહાભૂતો' ને હળવું રેગિંગ બોરિંગ લાગ્યું. તીખી મીરચીના ઘરાકને મોહનથાળ થૂ થૂ જ લાગે. તેથી એવા મિરચી મોગામ્બોએ રેગિંગનું રિમાન્ડમાં જાતીય પરિવર્તન કરી નાખ્યું. (રેગિંગ 'લીધું' કહેવાય રિમાન્ડ પર લીધો કહેવાય, એટલે જાતીય પરિવર્તન જ થયું ને?!) ધાક એ જ આવા મોગામ્બોનો ખોરાક હોય છે. અને બીજાને બીવડાવવામાં જ એમને સંપૂર્ણ વિટામીન બી કોમ્પ્લેક્ષ મળતું હોય છે. પરંતુ એમના રેપિંગ સદૃશ રેગિંગથી કુમળા કિશોર-કિશોરીઓ કાયમ માટે 'બીક કોમ્પ્લેક્ષ' (ભય ગ્રંથિ) નો ભોગ બની જાય છે.

જોકે કોલેજના દાદાઓનો ધંધો જ ધાક બેસાડવાનો હોય છે. અને ધાકનું એવું છે કે પહેલે ધડાકે પડી તો પડી. અધવચ્ચે કે અંતે પાડવા જાવ તો ધાકપાડુની ધાણી યે ન આવે! પત્ની પર આજીવન રોફ જમાવવા એક પતિએ મરોડદાર પ્રયોગ કરેલો. પરણ્યાની પહેલી રાતે જ એણે પત્નીની સામે બિલાડીની ડોક મરડી નાખી. પરિણામ એ આવ્યું કે એની પત્નીએ જીવતેજીવ પત્નીવેડા કરવાનો વિચાર સુદ્ધાં ન કર્યો. એટલું જ નહીં, એ આખી જિંદગી પતિની જેમ સાવ બિચારી બનીને જીવતી રહી. બસ, કોલેજમાં સિનિયર ભાઈલોગનું પ્રયોજન પણ આવું જ અલમસ્ત હોય છે. એ લોકો રેગિંગ દ્વારા ધાક જમાવી જુનિયર પાસે બાળમજૂરી કરાવી કોલેજકાળ દરમિયાન માલિકની જેમ મોજ કરે છે.

રેગર્સ દ્વારા પુછાતા પ્રશ્નો કાનમાં પાણી લાવી દે એવા હોય! જેમ કે, પ્રાણીઓ દૂધ કેમ આપે છે? પેટ્રોલ કેમ નહીં? છોકરાઓ છોકરીઓની પાછળ જ કેમ પડે છે, કીડી-મંકોડા કે ખિસકોલીની પાછળ કેમ નથી પડતા? માણસ ચપ્પલ પગમાં જ કેમ પહેરે છે? ગધેડા, ઊંટ, વગેરે જેવા પ્રાણીઓનો વાહન તરીકે ઉપયોગ થાય છે તો એમાં C.N.G. કીટ કેમ ફીટ નથી કરાતી? ભગવાન છે કે નહીં એવું પૂછે અને આ પ્રશ્નના જવાબમાં ગભરુ ન્યૂકમર જો 'હા' કહે તો એણે ભગવાન નથી એ પણ સાબિત કરી આપવાનું. અરે, એવું પણ

ફરમાન કરે કે તને અશક્ય લાગતાં કોઈપણ બે કામ કરી બતાવ. હવે એ 'ભાગ્યફૂટ્યો' જો કરી બતાવે તો અશક્ય ન ગણાય. અને એ પાપના બાપે હુકમ કર્યો હોય એટલે અશક્ય કામ પણ કરી બતાવવું પડે, નહીં તો એ...ક પડે! અને આવી તો કંઈ કેટલીયે એ...ક પડે! એટલું જ નહીં, વિકૃત મારપીટનો ભોગ પણ બનવું પડે. આવા રફ એન્ડ ટફ રેગિંગમાં ફુલ્લી પાસ તો કોઈ થાય જ નહીં. મોટાભાગના તો પહેલે નંબરે નાપાસ થાય! તો કેટલાકને વળી એ.ટી.કે.ટી. (એલાઉ ટુ કીપ ટુ ડે) મળે, મતલબ કાલે તૈયારી કરીને આવજે, જા!

કેટલીક કોલેજમાં તો સિનિયર્સ એવી દાદાગીરી કરતા હોય છે કે અમારા અડ્ડા (હોસ્ટેલ રૂમ) પર આવીને રેગિંગ આપી જાવ. મતલબ, માર ખાવા તે મારવાડ આવજો રે...! કોઈ ભિખારી આપણને ઓર્ડર કરીને કહે કે, "અબે ઓય, મારી ઝૂંપડીએ આવીને ભીખ આપી જજે..." એવી વાત થઈ આ તો! સદીઓ સુધી ઓવરટાઈમ કરે તોય ખૂટે નહીં એટલા કામ ભગવાનને હોય છે. તોય કોઈ દિ' ભગવાન આપણને એવું નથી કહેતા કે બધા ડોલ લઈને આકાશમાં આવો અને એકસો અગિયાર ઈંચ વરસાદ લઈ જાવ. પણ જ્યાં રાજ જ ભિખારીઓનું હોય ત્યાં રાજાએ પણ ગળામાં વાજાં ભેરવીને વગાડવા જવું પડે. અરે, આવા રેગર્સથી કોલેજના પ્રિન્સિપાલ પણ ફફડતા હોય છે. જો એ ના ફફડે તો એને એની જ કેબિનમાં પૂરીને સાવ ફાફડા જેવો કરી નાખવામાં આવે છે.

જેને બર્થ-ડે ગિફ્ટમાં જ રેગર્સ જેવા મા-બાપ મળ્યા હોય એને રેગિંગમાં ઝાઝુ રોવાનો વારો આવતો નથી. પરંતુ કેટલાક તો એવા હોય કે એમને પાણી માંગતા ટાંકી મળી હોય, ફોતરાં માંગતા સીંગ મળી હોય, ઊંઘની ગોળી માંગતાં એનેસ્થેશિયા મળ્યું હોય, ગુંદર માંગતા ફેવિકોલ મળ્યું હોય, ધાબું માંગતા મકાન મળ્યું હોય! આવા પોપલાં પોપકોર્નને કોલેજના રેગર્સ ધીમેથી અને શાંતિથી બૂમ પાડીને કહે કે... હસવા માંડ! તોય એ રડવા માંડે. કારણ? પાણી માંગતા ટાંકી! અને પોપકોર્નને વળી હવાઈ જતા વાર શી? બાય ધ વે, આવા રેગિંગ સફળ એટલા માટે થાય છે કે એ કાચા કુંવારા પર થાય છે. ભડના દીકરા હોય તો પરણેલા પતિઓનું રેગિંગ કરી દ્યો લ્યો! એ પતિઓ તો અટ્ટહાસ્ય કરીને કહેશે : ઈહા... હા... હા... ઈ.હા... હા... આવું તો અમારા માથે રોજ્જે થાય છે!

જોગિંગ માટે જેમ 'જોગર્સ પાર્ક' હોય છે એમ કેટલીક કોલેજોમાં 'રેગર્સ પાર્ક' મતલબ રેગિંગ કરનારના અડ્ડા હોય છે. બંને પાર્ક વચ્ચે તફાવત એ છે કે જોગર્સ પાર્કમાં જવું ફરજિયાત નથી. જોગ હોય તો જાવ! જ્યારે રેગર્સ પાર્ક (કોલેજ) પ્રાયઃ જવું જ પડે છે. કારણ કે ડિગ્રી વગર કોઈ છોકરાને શ્રીમંત સસરો સહેલાઈથી પોતાની સુંદર દીકરી દેતો નથી. એટલે પરોક્ષ રીતે જોઈએ તો પરણવા માટે પણ કોલેજ જવું પડે છે!! જોકે આજના "ધૂમ" ધોકાર કોલેજિયનો કોલેજમાંથી ડિગ્રી સાથે જ કોઈની દીકરી લઈને બહાર પડે છે. છતાં કેટલાક જેલર જેવા મા-બાપો આજે પણ 'સ્વાવલંબી કપલ' ને (ઘરની) 'અંદર' નથી કરતાં ત્યારે ડાયરેક્ટ બહાર પડેલા યુગલને 'બહાર' જ રહેવાનો વારો આવે છે એ અલગ વાત છે. બીજો તફાવત એ છે કે જોગિંગ શરીરને સમથળ કરે છે જ્યારે રેગિંગ કુમળા મનને ડામાડોળ કરી દે છે. જોગિંગ જાતે કરવાનું હોય છે. એ દૂબળી દોડમાં આપણને આપણો કોઈ તાજો દુશ્મન કે વાસી લેણિયાત ધીમા ધક્કા મારવા આવતા નથી. જ્યારે રેગિંગ પ્રાયઃ રીઢા જંગલી ખડૂસો દ્વારા કરવામાં આવે છે. અને એમાં એક્કા-દુગ્ગાના કે ક્યારેક હટ્ટાકટ્ટાનાય છક્કા છૂટી જાય છે. 'જોગર્સ પાર્ક' ફિલ્મ એક જ વાર ઊતરી. જ્યારે 'રેગર્સ પાર્ક' માં દર વર્ષે ફ્રેશર્સની ફિલમ ઊતરે છે! અને ફિલમનો અંત ઘણીવાર કલ્પનાતીત કરુણ જોવા મળે છે. કંઈક મહત્ત્વાકાંક્ષા લઈને આવેલા માસૂમ વિદ્યાર્થીઓમાંથી કેટલાક હતાશાનો ભોગ બને છે તો કોઈનો લાડકવાયો આયુષ્યની દોરીને ફાંસીનો ફંદો બનાવીને જીવન ટૂંકાવી નાખે છે. તો ડિગ્રી માટે આવેલો કોઈ દિનેશ થર્ડ ડિગ્રી જેવા રેગિંગથી લાઈન-ટ્રેક બદલીને ડિપ્લોમા તરફ ધસી જાય છે.

હે રેગર્સ લોગ, યુવાની તો પૂરપાટ પ્રેમની ઋતુ છે. એમાં રંગરસિયા બનવાનું હોય ત્યારે તમે રેગર્સિયા કાં બનો? પ્રેમ ઊભરાવાની જગ્યાએ તમારામાં પીડાનાં પૂર કાં ઊમટે? અને તમે સાવ પંદર વરસના કાચા-પોચા પપલુઓ ઉપર પાવર બતાવો છો એ તો "નબળો આદમી બૈયર પર શૂરો" ની જેમ તમને નબળા સાબિત કરે છે. તમે જો સિંહ છાપ તાકાત ધરાવતા હો તો દેશની સત્તા હાથમાં લઈ વિષની જેમ વ્યાપેલા ભ્રષ્ટાચારનો ભુક્કો બોલાવવામાં વાપરી બતાવો તો તમને 'લાઈવ પાવર હાઉસ' નો ઍવોર્ડ આપી દેવો બૉસ, જાવ! રેગર્સિયા, પ્લીઝ ટેક યોર કાર રિવર્સ એન્ડ મેક ચીયર્સ ટુ લીટલ લવિંગ જુનિયર્સ. કોઈને G1 (જી.વન) ન આપી શકો તો નો પ્રોબ્લેમ, પણ કોઈના લાડકવાયાનું અકાળે બી-૧૨ (બાળકનું બારમું) ન કરી નાખશો, પ્લીઝ!

● **છમ્મવડું :**

પોલીસ રિમાન્ડમાં પણ ઉંમર ધ્યાને લેવાય છે... સોચો રેગર્સ, સોચો!

**કોટન બેઝમાં પરવડે તેવી રેન્જ** | વિશેષતા : હોલસેલ ભાવે રીટેલ

- ગઢવાલ ● કોરા કોટન
- સુપરનેટ કોટા ● ટીસ્યુ કોટા
- ફેન્સી કોટા ● જૈન સિલ્ક
- ચંદેરી ટેમ્પલ ● પ્રિન્ટેડ જ્યોર્જેટ



**"કાંચી"ની સાડી વાહ... વાહ...!!**

મીનલ દેઢિયા ● 09930704743

**KANCHI** *A Blend of Indian Heritage*

૭૧/૭૩, શાહ ભુવન, ગ્રાઉન્ડ ફ્લોર, જુની હનુમાન લેન, કાલબાદેવી, મુંબઈ-૪૦૦ ૦૦૨.

Tel. : (022) 22060636 E-mail : sareekanchi@gmail.com Sunday Closed

# શિક્ષકોનું બહારવટું

• શાહબુદ્દીન રાઠોડ •

એકવાર શિક્ષક મિત્રો સૌ ચર્ચાએ ચડ્યા.

દોશીસાહેબે કહ્યું : 'ભારતનું ભાવિ વર્ગખંડોમાં આકાર લઈ રહ્યું છે. દેશના ભાવિ નાગરિકોને ઘડવાનું દુષ્કર કાર્ય આપણે કરી રહ્યા છીએ. છતાં સમાજમાં આપણું જોઈએ તેવું માન નથી, સન્માન નથી. આપણે નીકળીએ ત્યારે વાલીઓ અદબથી ઊભા નથી થઈ જતા. એ પરિસ્થિતિ શોચનીય છે, વિચારણીય છે.

સાકરિયા સાહેબે કહ્યું : 'સન્માન એ વ્યક્તિની યોગ્યતા પ્રમાણે આપોઆપ પ્રાપ્ત થાય છે કે એ મેળવી લેવું પડે છે. આ મુદ્દો સ્પષ્ટ થાય તો વધુ સારું.'

તરત જ શિક્ષકો બે વિભાગમાં વહેંચાઈ ગયા. એક વર્ગે કહ્યું : 'જો આપણામાં લાયકાત હશે તો સન્માન આપોઆપ મળી જશે.' જ્યારે બીજા વર્ગની એવી દલીલ હતી, 'માગ્યા વગર મા પણ પીરસતી નથી. માટે સમાજ સન્માન આપશે એવી વ્યર્થ આશામાં જીવવાં કરતાં કર્મવીરની જેમ મેળવી લેવા પ્રબળ પુરુષાર્થ કરવો.'

ઠાકરાસાહેબે કહ્યું : 'પ્રયત્ન કરવા છતાં પણ જો સન્માન ન મળે તો શું કરવું?'

અને અચાનક ઊભા થઈ રાણાસાહેબે કહ્યું : 'બહારવટે ચડવું.' રાણા સાહેબના ચહેરા ફરતું એમનું વર્તુળ જોવા સૌ પ્રયાસ કરવા મંડ્યા. આવેશમાં અને વીરરસના સંચારન લઈ રાણા સાહેબનું અંગ ધ્રુજવા લાગ્યું.

તેમણે કહ્યું : 'બહારવટે ચડવું! પ્રાચીનકાળમાં જ્યારે સ્વમાનનો ભંગ થતો ત્યારે વીર પુરુષો બહાર રહી વટ રાખતા, જેથી બહારવટિયા કહેવાતા. આપણે પણ આપણા માનને ખાતર, સ્થાનને ખાતર, સન્માનને ખાતર બહારવટે ચડવું.'

સમગ્ર શિક્ષણ જગત માટે આ વિચાર ક્રાંતિકારી હતો, જલદ હતો. પોતાની અને સમાજની ઊંઘ ઉડાડી દે તેવો હતો. નવી ભરતી થઈ હોય તેવા યુવાન શિક્ષકો પોતાનું શૌર્ય અને પરાક્રમ દાખવવા થનગની ઊઠ્યા. અમુકે શોર મચાવ્યો, 'બહારવટે ચડવું! બહારવટે ચડવું!'

અમુક ખંધા અનુભવી શિક્ષકોએ બહારવટે ચડી, લૂંટ ચલાવી, જો માત્ર સંપત્તિ જ પ્રાપ્ત કરવી હોય તો તે બહારવટે ચડ્યા વગર પણ કઈ કઈ રીતે સહેલાઈથી મેળવી શકાય તેવા ટૂંકા રસ્તા સૂચવ્યા, પરંતુ એ માન્ય રહ્યા નહિ. પરંતુ નિષ્ઠાવાન, બુદ્ધિમાન ગણાતા દવેસાહેબ જેવાની વાત વિચારવામાં આવી.

દવેસાહેબે કહ્યું : 'હક્ક-રજાઓ વ્યર્થ જાય તે પહેલાં મેળવી લ્યો. પ્રાયોગિક ધોરણે બહારવટાનો પ્રાથમિક અનુભવ પ્રાપ્ત કરો અને એમાં જો સફળતા મળે તો જ કાયમી ધોરણે બહારવટું અપનાવવું, નહિતર નહિ.'

દવે સાહેબની વાત સૌને વાજબી લાગી. જેને જે પ્રકારની રજા પ્રાપ્ત હોય તે પ્રમાણે રજા રિપોર્ટ ભરવાનું નક્કી થયું અને પ્રથમ બહારવટાનો અનુભવ મેળવી પછી જ અંતિમ નિર્ણય લેવો એવું સર્વાનુમતે નક્કી થયું.

બીજે દિવસે સૌએ ગૌરવભેર શાળામાં પ્રવેશ કર્યો, વિધિસર રજા રિપોર્ટો રજૂ કર્યા અને પહોંચ્યા બજારમાં. બજારમાંથી પ્રાથમિક ખરીદીનું મહત્ત્વનું કાર્ય સૌપ્રથમ પૂર્ણ કરવાનું હતું તેનો પ્રારંભ કરવામાં આવ્યો. શાહીના બ્લ્યુ, લાલ અને લીલા રંગના ખડિયા ખરીદ્યા. મહત્ત્વની બાબત હોય તો જ લાલ શાહીનો ઉપયોગ કરવો અને જે મંજૂર કરવામાં આવે ત્યાં લીલી શાહીથી લખવું - આમ નક્કી થયું. પચીસ ઘા કાગળની ખરીદી થઈ. ઉપરાંત ફૂટપટ્ટીઓ, પેન્સિલો, રબ્બરો, પેનો અને બોલપેનો, ફાઈલો અને થોડાં પુસ્તકો ખરીદવામાં આવ્યા. રા. શાયર ઝવેરચંદ મેઘાણીભાઈના 'સોરઠી બહારવટિયા' અને 'દરિયાપારના બહારવટિયા' વગેરે પુસ્તકો જે મળ્યાં તે લેવામાં આવ્યાં. અસલ કાઠિયાવાડી દોહાસંગ્રહ અને શૌર્યગીતોના સંગ્રહો વસાવવામાં આવ્યા.

આટલી સામગ્રીથી સજ્જ થઈ અર્ધી - અર્ધી ચા પીને સૌએ વનવગડાની વાટ લીધી. 'ચાલ્યો ઘોર રજનીમાં ચાલ્યો, માર્ગ જ્યોતિ અનુપમ ઝાલ્યો' — આવું ગુજરાતીના શિક્ષક બાબરિયાએ ગાયું. બાંડિયાવેલીના રસ્તે પ્રયાણ કરતાં સૌ માંડવામાં આવી પહોંચ્યા. મહાનદીના કાંઠે ભેખડો જોઈ આચાર્ય શ્રી રાઠોડે કહ્યું : 'બહારવટિયાને રહેવાને અનુકૂળ એવા ભયાનક સ્થાનમાં આપણે આવી પહોંચ્યા છીએ.' એટલે સૌ નદીના કાંઠે બગલા બેસે એમ શ્વેત વસ્ત્રોમાં શોભતો શિક્ષક સમુદાય બેસી ગયો.

ચોક્સાઈ એ જીવનમાં સ્વીકારવા જેવો સદ્ગુણ છે. માટે આપણે પ્રત્યેક કાર્ય ચોક્સાઈપૂર્વક કરવું — આમ વિચારી કાર્યના પ્રારંભમાં બે-ત્રણ ઘા કાગળ વાપરી નાખવામાં આવ્યા. અનેક પ્રકારનાં પત્રકો બનાવવામાં આવ્યાં. ઉદાહરણરૂપે એક પત્રક નંબર અ — એક અનુક્રમ નંબર, ઘટનાસ્થળ, લૂંટમાં મેળવેલ માલ — આ ખાનામાં પાછાં બે પેટા ખાનાં — રોકડા અને દાગીના, લૂંટમાં બતાવેલ પરાક્રમ, લૂંટનો માલ ખરીદનારની સહી, લૂંટનો માલ વેચનારની સહી અને છેલ્લું ખાનું રિમાર્કનું. કોઈએ સૂચન કર્યું : 'ત્રણ ઠેકાણેથી ટેન્ડર લઈ કોઈપણ કાર્ય કરવું, જેથી ઓડિટ ઓબ્જેક્શનની તકલીફ ન રહે.'

પત્રકોનું કાર્ય પૂર્ણતાએ પહોંચ્યા પછી જુદી જુદી સમિતિઓની રચના કરવામાં આવી. સૌપ્રથમ શસ્ત્ર-સમિતિનું નિર્માણ થયું. તેના પ્રમુખ અને મંત્રી નિમાઈ ગયા. સાથે નોંધ કરવામાં આવી : 'હાલ તરત

આપણે દંડા, સોટીઓ, લાઠીઓ, ચાકુ તેમજ ગડદિયાથી કામ ચલાવવું પરંતુ આર્થિક સદ્ધરતા પ્રાપ્ત થતાં જાનહાનિ કરી શકાય એ કક્ષાનાં હિંસક શસ્ત્રો પણ વસાવી લેવાં, જેનો ઉપયોગ સામાન્ય સભામાં સર્વાનુમતે ઠરાવો પસાર થયા પછી પ્રમુખશ્રીની મંજૂરી પછી થશે.'

ત્યારબાદ અન્વેષણ સમિતિની નિમણૂક થઈ, જેનું કાર્યક્ષેત્ર હતું ક્યાં-ક્યાં લૂંટ કરવા જેવી છે, ક્યાં ધાડ પાડવામાં ઓછું જોખમ રહેલું છે તેની તપાસ કરવી અને અહેવાલ કારોબારીમાં રજૂ કરવો. તેના હોદ્દેદારો પણ નિમાઈ ચૂક્યા.

હવે રચના લઈ - લલકાર સમિતિની, જે યુદ્ધ જેવા પ્રસંગો આવી પડે તો શૌર્યગીતો ગાઈ, વીરરસના દુહાઓ રજૂ કરી, સૌમાં જોમ અને જુસ્સો જગાવે. આ સમિતિનું કાર્ય અને હોદ્દેદારોની નિમણૂકની કાર્યવાહી પૂરી થઈ. વ્યાયામ શિક્ષક પઠાણના સૂચનથી એક શિસ્ત સમિતિની રચના કરવામાં આવી. સમગ્ર યુદ્ધનું સંચાલન શિસ્તબદ્ધ રીતે થાય તેની જવાબદારી તેમને અને મોથલિયાને સોંપવામાં આવી.

યુદ્ધ પ્રસંગે શિક્ષકગણની આગેવાનીનું સુકાન આચાર્ય શ્રી રાઠોડે સંભાળવું અને તેમને અચાનક ક્યાંક કાર્યક્રમ નિમિત્તે જવાનું થાય તો આગેવાની મુલતાનીએ લેવી તેમ નક્કી થયું. જો કે યુદ્ધના સમયમાં કોઈએ રજા લેવી નહિ એવું પણ સાથે નક્કી થયું. છતાં જરૂરિયાત ઊભી થાય તો ધોરણસરની કાર્યવાહી કરવી એવી જોગવાઈ પણ કરવામાં આવી.

ઉતારા અને ભોજન સમિતિઓની પણ રચના થઈ અને આવા કપરા કાળમાં તેમણે પણ પોતાનાં સ્થાનો સંભાળી લીધાં.

અન્વેષણ સમિતિના કન્વીનર સી.બી. ઠાકરે સમાચાર આપ્યા કે અહીંથી એક જાન પસાર થવાની છે. તેમની પાસે કેટલી સંપત્તિ અને આભૂષણો છે તે અન્વેષણનાં પૂરતાં સાધનો પ્રાપ્ય નહિ હોવાથી જાણી શકાયું નથી, છતાં આપણી અપેક્ષાઓથી વધુ જરૂર હશે એવું કહ્યા વગર હું રહી શકું તેમ નથી.

અન્વેષણ સમિતિના રિપોર્ટ પર ગંભીરતાથી ચર્ચા વિચારણા થઈ. જાન પર ધાડ પાડવાનો અને લૂંટ ચલાવવાનો નિર્ણય લેવામાં આવ્યો. તમામ સમિતિઓ કાર્યરત બની ગઈ. વ્યાયામ શિક્ષક પઠાણે યુદ્ધની પૂર્વતૈયારીરૂપે જે કવાયત કરાવી તેમાં જ મોટાભાગના શિક્ષક-મિત્રો થાકી રહ્યા, છતાં ફરજમાં અડગ રહ્યા. શ્રી બાબરિયાએ બુલંદ અવાજે 'સૌ ચલો જીતવા જંગ બ્યૂગલો વાગે, યાહોમ કરીને પડો ફતેહ છે આગે...' ગીત લલકાર્યું. આચાર્યશ્રી શાહબુદ્દીન રાઠોડે શિક્ષકગણનું સેનાપતિપદ સંભાળ્યું અને સૌ નીકળી પડ્યા.

આ તરફથી શિક્ષક સમાજ અને સામેથી આવતી જાન સામસામાં આવી ગયા. આચાર્યશ્રીએ બુલંદ અવાજે પડકાર કર્યો : 'ખબરદાર, જ્યાં છો ત્યાં જ ઊભા રહેજો. અહીં ભીષણ રક્તપાત થશે. સ્ત્રીઓનાં આક્રંદ અને બાળકોનાં રુદનથી વાતાવરણ કરુણ બની જસે. આ સ્થિતિ સહી લેવી એ મારા માટે અસહ્ય હોવાથી હું આપ સૌને નમ્ર વિનંતી કરું છું કે આ સમસ્યાનું નિરાકરણ મંત્રણાના મેજ પર થાય. આ હત્યાકાંડ રોકવા શાંતિભર્યા માર્ગો પણ છે જ. વાટાઘાટોનાં દ્વાર પણ ખુલ્લાં છે જ. પરંતુ આ બધું આપના સાનુકૂળ પ્રતિભાવ પર આધાર રાખે છે.'

જાનવાળા આચાર્યશ્રીના નિરર્થક લંબાણભર્યા પ્રવચનમાં કાંઈ સમજ્યા નહિ - માત્ર આટલું જ સમજ્યા કે 'આ છે કોઈ ફંડફાળો ઉઘરાવવાવાળા, પણ આમ વગડામાં દુઃખી કેમ થાય છે તે સમજાતું નથી.'

જાનવાળાની વાતો સાંભળી આચાર્યશ્રીએ કાયમની ટેવ પ્રમાણે કહ્યું : 'બંધ કરો અવાજ અને શાંતિપૂર્વક હું પૂછું તે પ્રશ્નો સાંભળી તેના પ્રત્યુત્તર આપો.'

પ્રશ્ન પહેલો : તમારી સાથે સામનો કરી શકે તેવા હથિયારધારી વળાવિયા કેટલા?

પ્રશ્ન બીજો : તમે ક્યાંથી નીકળ્યા છો?

પ્રશ્ન ત્રીજો : તમે ક્યાં જવાના છો?

પ્રશ્ન ચોથો : તમારી પાસે રોકડ અને દાગીના કેટલાં છે?

પ્રશ્ન પાંચમો : તમે કુલ કેટલા માણસો છો?

ઉપરોક્ત પાંચ પ્રશ્નોમાં પ્રથમ પ્રશ્ન ફરજિયાત છે, બાકીના ચારમાંથી કોઈપણ બે પ્રશ્નોના જવાબ આપો.

જાનવાળા કહે : 'કોક નાટક કંપનીવાળા રમતે ચડી ગયા લાગે છે.'

સામતુભા બાપુએ બંદૂક કાઢી, કાર્ટિસ ચડાવ્યા અને પડકાર કર્યો : 'અલ્યા કોણ છો?'

જવાબમાં સૌ સમિતિના હોદ્દેદારોનાં રાજીનામાં આવી ગયાં. આચાર્યશ્રીએ ગૌરવભેર કહ્યું : 'હાલ તુરત આપણે માનભેર આ અભિયાન મુલતવી રાખીએ છીએ.'

પઠાણે આદેશ આપ્યો : 'પીછે મુડેંગે. પીછે મુડ.'

સૌ ફરી ગયા અને પાછા તળાવને કાંઠે આવી પહોંચ્યા. તાત્કાલિક સામાન્ય સભાની મિટિંગ યોજવામાં આવી અને આચાર્યશ્રી રાઠોડે રજૂઆત કરી : 'આ સમગ્ર વ્યવસાયનું નિરીક્ષણ કરી, પૃથક્કરણ કરી, પ્રત્યક્ષ અનુભવ પ્રાપ્ત કરી, વિશ્લેષણ કર્યા બાદ એવું જણાય છે કે આ વ્યવસાય આપણી ચિત્તવૃત્તિને પ્રતિકૂળ હોવાથી ત્યાજ્ય છે.'

સ્ટેશનરી સૌએ વહેંચી લીધી અને પુસ્તકો શાળાની લાઈબ્રેરીમાં ભેટ આપી સૌ રજા-રિપોર્ટ કેન્સલ કરી, શિક્ષણ કાર્યમાં લાગી ગયા.

***સૌજન્ય : "તમન્ના"***

## શિક્ષકની પ્રાર્થના

હે પરમાત્મા, કોઈ એક બાળકમાંય મારા જીવનના સંવાદનું સંગીત પૂરવાની, એ બાળકને જીવનનું જીવંત કાવ્ય બનાવવાની મારામાં શક્તિ આવી વસો. મારા હોઠ બિડાઈ જાય તે પછી પણ એના દ્વારા મારા જીવન-સંગીતનું ગીત ગુંજતું રહો.

***- એક સ્પેનિશ કાવ્ય***

# મેં તો ગોત્યું ગોત્યું ને....

• સ્વાતિ મેઢ •

'અરે ક્યાં ગયું?' સુનયનાબેન ધ્રાસકા સાથે બોલ્યાં. કોઈ પણ મહિલા જ્યારે આવું આશ્ચર્યવાક્ય બોલે ત્યારે સમજવું કે એ જો રસોડામાં હોય તો એ વાક્ય ચપ્પુ માટે હોઈ શકે કે લાઈટર માટે હોઈ શકે, ટેલિવિઝન સામે હોય તો એ વાક્ય રિમોટ માટે હોઈ શકે, બાથરૂમમાં હોય તો એ વાક્ય ટાઈલ્સ ધોવાના બ્રશ માટે હોઈ શકે. શયનખંડમાં હોય તો એ વાક્ય વિક્સની બાટલીના ઢાંકણા વિષે હોઈ શકે, કોઈ દુકાનમાં ખરીદી કરીને પૈસા ચૂકવવાના હોય તો એ મોટી પર્સમાં રાખેલા નાના પાકીટ વિષે હોઈ શકે. આમ એકનું એક વાક્ય સ્થાન અનુસાર વિવિધ અર્થો ધરાવતું હોય છે.

તો હવે પ્રશ્ન છે કે સુનયનાબેન આ વાક્ય બોલ્યાં ત્યારે ક્યાં હતાં? એમને શું નહોતું જડતું? એનો જવાબ એ કે આ વાક્ય સુનયનાબેન પોતાના મંગળસૂત્ર માટે બોલ્યાં હતાં. એમણે ગળામાંથી ઉતારીને જે ઠેકાણે મંગળસૂત્ર મૂક્યું હતું ત્યાં અત્યારે તે નહોતું. એટલે જ એમણે ધ્રાસકા સાથે પૂછેલું, 'અરે, ક્યાં ગયું?'

'હાય હાય બા, મંગળસૂત્ર નથી જડતું? સોનાનું હતું?' આવા બીજા બે આઘાત - આશ્ચર્ય પ્રશ્નો પણ બીજું કોઈ આ તબક્કે બોલી શકે પણ સુનયનાબહેનનો આઘાતપ્રશ્ન સાંભળનાર કોઈ ત્યાં હતું નહીં. એટલે કોણ બોલે?

વાત એમ હતી કે સુનયનાબહેને એમનો બે બેડરૂમનો ફ્લેટ રંગાવવાનો કાર્યક્રમ કરેલો. રંગકામ થાય એ પહેલાં થોડું, જે પછી ઘણું થયું એવું, રિપેરિંગકામ પણ કરાવ્યું. સમારકામ-રંગકામ શરૂ થાય એ પહેલાં કોન્ટ્રાક્ટરના મજૂરોની મદદ લઈને બે બેડરૂમના ફ્લેટમાં જ થોડા ભાગમાં બેડરૂમ, ડ્રોઈંગરૂમ, સ્ટોરરૂમ બધું સમાવીને થોડા દહાડા કાઢવાની તૈયારીઓ કરેલી. એ વખતે ડ્રેસિંગ ટેબલ પડોશીને ઘેર મૂકેલું અને લખવાના ટેબલ પર કામચલાઉ ડ્રેસિંગ ટેબલ માટે એક ખૂણો ફાળવેલો. બધું સમુંસૂતરું ચાલ્યું. સમારકામ-રંગકામ થઈ ગયાં. ફ્લેટને પહેલાની જેમ ગોઠવવાની કામગીરી ચાલુ હતી ત્યારે સુનયનાબહેને સવાલ કર્યો, 'અરે, ક્યાં ગયું?' (મારું મંગળસૂત્ર સોનાનું જ સ્તો!)

'એ, તમે જોયું છે?' સુનયનાબહેને એમના પતિ સુધીરભાઈને પૂછ્યું. 'શું?' સુધીરભાઈએ પોતે વાંચતા હતા તે છાપાનાં પાનાં થોડા આઘા ખસેડીને પૂછ્યું. 'શું તે મારું મંગળસૂત્ર', સુનયના બહેને કહ્યું.

'હા જોયાનું યાદ તો છે. તમે એક-બે વાર પહેરેલું જોયાનું યાદ છે.' સુધીરભાઈએ કહ્યું. 'સારું હતું. લાંબું, મોટા, કાળા કીડિયા અને સોનાના મણકાવાળું, મોટું ગોળ પેન્ડન્ટ હતું. જોયું છે. સરસ હતું.' સુધીરભાઈએ મંગળસૂત્રનું વર્ણન કર્યું ને ઉમેર્યું, 'છેલ્લે તમે એને આપણી જ્ઞાતિના મિલનસમારંભ વખતે પહેર્યું હતું.'

'હા, હા એ જ. એ દિવસે આપણે ઘેર મોડા પહોંચ્યા અને મેં એ કાઢીને અહીં ટેબલ પર મૂક્યું હતું. હવે ત્યાં નથી.'

'હશે ક્યાંક એટલામાં જ હશે, પડ્યું હશે આસપાસ. જડી જશે.' સુધીરભાઈ શાંત અવાજે બોલ્યા.

'નથી. પણ મને ખાતરી છે કે મેં અહીં જ મૂકેલું.' કહીને સુનયનાબહેને જોરથી ટેબલ પર મુક્કી મારી. થોડું જોર વધારે કર્યું હોત તો કદાચ ટેબલ નીચે છૂપાયેલું મંગળસૂત્ર ગભરાઈને બહાર આવી જાત. પણ એ તો ત્યાં હતું જ નહીં!

તો પછી મંગળસૂત્ર ગયું ક્યાં? સુનયનાબહેન મૂંઝાઈ ગયાં ઉદાસ થઈ ગયાં. એ અકળાઈને આમતેમ ફરતાં હતાં અને એમના ફ્લેટના બારણાં ખુલ્લાં હતા. એમના સાખપડોશી ઉર્વશીબહેન એ જ વખતે બારણું ખોલીને બહાર આવ્યાં. એમણે અમસ્તું જ પૂછ્યું, 'થઈ ગયું બધું કામ? સામાન ગોઠવાઈ ગયો? થાક દેખાય છે મોં પર.'

'હા, આમ તો બધું થઈ ગયું. કબાટો ય દીવાલ પર લાગી ગયા. હવે બસ ઝીણું, ઝીણું કામ બાકી છે.' સુનયનાબહેને જવાબ આપ્યો. એ પાછાં આમ ભોળા, તે બોલી ગયાં, 'આમ તો બધું સરખું થઈ ગયું પણ મારું મંગળસૂત્ર નથી જડતું.'

'હાય, હાય મંગળસૂત્ર નથી જડતું? કેટલા તોલાનું હતું?' ઉર્વશીબહેને પૂછ્યું.

ઉર્વશીબહેનને સોનાચાંદીના ઘરેણાં કેટલા તોલા/ગ્રામના છે એ વાતની ઘણી જીજ્ઞાસા. કહે છે કે એમના વિવાહ વખતે એમના વર એમને વીંટી પહેરાવવા ગયા ત્યારે એમણે ધીમેથી પૂછેલું, 'સરસ વીંટી છે, કેટલા તોલાની?' આવું પૂછવું સારું ન કહેવાય. બીજું કોઈ હોય તો વિવાહ તોડી નાખે પણ એમના સિવિલકામ કોન્ટ્રાક્ટર પતિને આ સવાલ ગમેલો. આશાસ્પદ સ્થિતિ હતી! એટલે પછી ઉર્વશીબહેનની જીજ્ઞાસા વધતી ગઈ. એમણે એટલે જ સુનયનાબહેનને પૂછ્યું, 'મંગળસૂત્ર કેટલા તોલાનું હતું?'

'એ તો ખબર નથી પણ જડતું નથી તેની ચિંતા છે.' સુનયનાબહેન ઉદાસ હતાં એમનો વધારે વાતો કરવાનો મૂડ નહોતો. એ ઘરમાં જતાં રહ્યાં. ઉર્વશીબહેન પણ ઘરમાં ગયાં. અને થોડા જ વખતમાં વિશ્વસમસ્તમાં લાગતાવળગતા લોકોને સમાચાર પહોંચી ગયા. 'સૂનયનાબહેનનું મંગળસૂત્ર ખોવાયું.'

આમે ય તે ઉર્વશી બહેનનો જીવ

પત્રકારનો. સમાચાર આપવા અને લેવા બે ય કામ એમને ગમે. એ સમાચાર શોધતા જ હોય. અને હવેના મોબાઈલ, ઍપ્સ, ફેસબુક, ઈમેલના જમાનામાં ઉર્વશીબહેન જાણે એ વાત જોતજોતામાં વિશ્વવિહારી બની જાય.

આ તરફ મંગળસૂત્ર ખોવાયાનું ટેન્શન અને આ તરફ મોબાઈલો, ટેલિફોનો શરૂ થઈ ગયા સુનયનાબહેનને ઘેર. મંગળસૂત્ર ખોવાયાના ખરખરાના. 'ચોક્કસ ચોરાઈ ગયું હશે. જાતજાતના માણસો આવતા'તા તે.' બધાનો એ જ વિચાર હતો. 'હાઆઆઆ, મને ય એવું જ લાગે છે.' સુનયનાબહેને કહ્યું.

આ બધી વાતો થઈ રહી પછી સુધીરભાઈએ કહ્યું, 'પણ તમે પેલા પ્રોગ્રામમાં મંગળસૂત્ર પહેરેલું એ દિવસે તો બધું કામ પતી ગયેલું. માત્ર કબાટો દીવાલ પર લગાડવાના બાકી હતા. એને માટે તો આપણા જૂના મિસ્ત્રી કરસનભાઈ આવેલા.'

'શી ખબર પેલો કનૈયો ય હોય.'

'કોણ કનૈયો?' સુધીરભાઈ નિવૃત્ત સજ્જન હતા એમણે વાત આગળ ચલાવી.

'કેમ વળી? ગોપાલ ગામડે ગયો ત્યારે પેલા છોકરાને ટેમ્પરરી કામ માટે મૂકી ગયો'તોને એ. ચોક્કસ, એ કનૈયાએ જ, કે પછી કરસનભાઈ...' સુનયનાબહેને વાક્ય અધૂરું મૂક્યું.'

'પણ ગોપાલ, કનૈયો, કરસન એ ત્રણ તો એક જ કાનુડાના નિતનવા નામ. એ તો માખણચોર, મંગળસૂત્ર ચોર ક્યાંથી થયો?' સુધીરભાઈએ દલીલ કરી.

'જુઓ આ જોક મારવાનો ટાઈમ નથી.' સુનયનાબહેન ખીજાયાં 'એક તો મંગળસૂત્ર જેવી ચીજ ખોવાયને...'

'અને તે ય એન્ટીક ડીઝાઈનના પેન્ડન્ટવાળું.' સુધીર ભાઈ બોલ્યા.

'ને તમે જોક માર્યા કરો છો. ખબર છે? નહીં નહીં તોય એ મંગળસૂત્ર એંસી-નેવું હજારનું તો હશે જ.' સુનયનાબહેન બોલ્યાં... 'ને મેં તમને કહ્યું નહોતું પણ ઝવેરીવાળાએ મને પૂછેલું, 'બહેન આ પેન્ડન્ટ કાઢવું છે? કહો એટલા રૂપિયા આપીશ.' શ્વેતા ય હતી એ વખતે મારી જોડે.'

'જે થયું તે થયું. શોધો. જડે તો ઠીક છે નહીં તો ગયું.' સુધીરભાઈ બીજું કહે પણ શું?

ઘર આખામાં સંશોધનકાર્ય ચાલ્યું. આમ તો કામ ચાલતું'તું ત્યારે એકેએક ચીજ કાઢેલી અને પાછી ગોઠવેલી. ચમચીઓ સુધ્ધાં ધોઈલૂછીને મૂકવી પડી'તી. એકેય વાર મંગળસૂત્ર હાથમાં નહોતું આવ્યું. નક્કી ચોરાઈ ગયું.

સમારકામમાં દોઢેક લાખ રૂપિયા ખર્ચાયેલા. (એ તો ટૂંકમાં પતાવ્યું એટલે) ને હવે આ મંગળસૂત્ર નહીં નહીં તોય અઢી તોલાનું હશે. એના ય એકાદ લાખ ન ગણાય એન્ટીક પેન્ડન્ટ સાથે? 'હશે ઘા ભેગો ઘસરકો,' સુનયનાબહેને નિસાસો નાખ્યો.

'ઘા ભેગો ઘસરકો નહીં, ઘા ભેગું ફ્રેક્ચર કહો.' સુધીરભાઈ બોલ્યા. રંગકામ, સમારકામનો ખર્ચ, વત્તા અગવડો, વત્તા થોડા દિવસ ટીફીન-રેસ્ટોરન્ટમાં ભોજનનો ખર્ચ વત્તા મંગળસૂત્ર. ખરી વાત છે. ઘા ભેગું ફ્રેક્ચર જ.

રીપેર થઈ રંગાઈને જૂનો ફ્લેટ નવા જેવો સુંદર દેખાવા માંડ્યો હતો. લોકો વખાણતા ય ખરા. પણ સુનયનાબહેન ઉદાસ હતાં. બધાએ બહુ સમજાવ્યા. કહ્યું, વસ્તુ ઘરમાં જ હશે જડશે. કોઈકે કહ્યું, 'ટૂચકો કરો. લોટો ઊંધો લટકાવવાનો (તે ઉંધો જ લટકે ને!) વસ્તુ જડી જાય.' પણ રંગકામ વખતે ધ્યાન રાખીને એકેએક ખીલીઓ કઢાવી નાખેલી. ને ઘરમાં જે એક જ લોટો હતો એ શ્વેતા 'એન્ટીક' છે કહીને અમેરિકા ઉઠાવી ગયેલી. શ્વેતા, એ સુનયનાબહેનની પુત્રવધૂ. સુધીરભાઈએ જ ખાસ આગ્રહ કરીને એ બેગમાં મૂકાવેલો સુનયનાબહેનને તો નહોતું ગમ્યું પણ સુધીરભાઈ કહે ત્યાર પછી એમની ના ચાલે જ નહીં. આમ તો સૌ સૌભાગ્યવતી સ્ત્રીઓની આ સાર્વત્રિક સમસ્યા છે. સુનયનાબહેન અપવાદ ક્યાંથી હોય? પણ એ તો આડવાત થઈ પણ ઘરમાં નહોતો લોટો ને નહોતી ખીલી એટલે એ ટુચકો નહીં થાય.

કોઈકે બીજો ટુચકો કહ્યો. 'જો તમે શ્રી કૃષ્ણ શરણમ મમ એ મંત્ર એક અઠવાડિયામાં એક લાખ, એક હજાર, એકસોને એક વાર લખો તો મનવાંછિત ફળ મળે જ મળે.'

'પણ હું તો શ્રીકૃષ્ણમાં નથી માનતી. માતાજીમાં માનું છું.' સુનયનાબહેને શંકા ઉઠાવી.

'તો શ્રી માઈ શરણમ મમ લખાય. ચાલે. પણ રોજ એક બેઠકે બેસીને ઓછામાં ઓછું એકવીસ હજાર વાર લખવું પડે.'

સુનયનાબહેન માની ગયાં. એમણે શરૂ ય કર્યું. પણ પહેલે દિવસે એક હજાર એકસોને અગિયાર વાર લખતાં લખતાં આખી બપોર વીતી ગઈ. એટલે આવું મહેનત અને સમય ખાનારું મંત્રલેખનનું કામ 'ના ફાવે ભૈસાબ, મુંઉ મંગળસૂત્ર ન જડે તો કઈ નહીં' કહીને પડતું મૂક્યું.

એમનાં એક બહેનપણી હતાં., ભાવનાબહેન. ખૂબ ભક્તિપ્રિય. એમના પતિની એસટી નોકરી. ટિકિટનો ખર્ચ બચે એનો લાભ લઈને એ યાત્રાઓ કરતા અને દરેક તીર્થસ્થાનનો મહિમા જાણતા. એ ભાવનાબહેને કહ્યું, 'તમે ચાલતા ચોટીલા જાઓ, માતાજી બધું સારું કરશે.'

'છેક ચોટીલા? એ તો અહીંથી બહુ લાંબું પડે.'

'ના, તમારે સાયલા કે લીમડી સુધી બસમાં જવાનું. ત્યાંથી ચોટીલા ચાલતાં. પાછા વળતાં તો તમે બસમાં આવી શકો છેકથી. ત્યાં નીચે ક્રોકરીની બહુ સરસ દુકાનો છે.'

સુનયનાબેને આ પ્રસ્તાવની વાત સુધીરભાઈને કરી. એમણે પૂછ્યું. 'આટલું ચાલવાની ઉંમર છે તમારી?'

સુનયનાબેન કંઈ ન બોલ્યાં.

લોકોએ આવા ઘણા ટુચકા સૂચવ્યા. એમાં બહુમતિ હતી ગાંઠ બાંધવાની. એમાં એવું હોય કે કોઈ વસ્તુ જડતી ન હોય ત્યારે એક રૂમાલને ગાંઠ બાંધી રાખવાની. વસ્તુ જડે એટલે છોડી નાખવાની.

આ સહેલો, સાદો, શ્રમવિહીન ટુચકો સુનયનાબેનને ગમી ગયો. એમણે એક રૂમાલ લીધો. એને સજ્જડ ગાંઠ મારીને કેડે ખોસી દીધો. જ્યારે જ્યારે રૂમાલ પર હાથ જાય ત્યારે ખોવાઈ ગયેલું મંગળસૂત્ર યાદ આવે. આ તો ઉપાધિ વધી. એક તો લોકો હજી ય વારે વારે મંગળસૂત્રની ખબર પૂછતાં, ખરખરા કરતા ને હવે આ રૂમાલને લીધે...મંગળસૂત્ર કાં તો ચોરાઈ ગયેલું અથવા ખોવાઈ ગયેલું. ચોરાઈ ગયું હોય તો ઠીક છે ગયું. પણ એવું ન હોય તો ક્યાં મૂકાઈ ગયું છે તે યાદ જ નહોતું આવતું. ને એમાં આ ગાંઠ મારેલો રૂમાલ.

સુનયનાબેને બે દિવસ તો રૂમાલ કેડે ખોસેલો જ રાખ્યો. પછી ડાઈનિંગ ટેબલ પર મૂકી દીધો. ત્યાંથી પછી મંગળસૂત્ર જ્યાંથી અદૃશ્ય થયેલું એ ટેબલ પર મૂકી દીધો. લખવા કરવાનું તો ખાસ કંઈ હોય નહીં પણ ટેબલ પરથી ધૂળ લૂછવા જાય તેટલી વાર એ રૂમાલ દેખાય. જ્યારે જ્યારે યાદ કરવા પ્રયત્ન કરે ત્યારે ટેબલ પર મુક્કી મારીને બોલે 'અહીંયા જ મૂકેલું, ચોક્કસ.' આમને આમ રૂમાલ મેલો થવા માંડ્યો. બેત્રણ વાર ગાંઠ સહિત ધોવાઈ પણ ગયો. પણ કેમે કર્યું યાદ ન આવે કે મંગળસૂત્ર ગયું ક્યાં?

એમાં વળી અમેરિકાથી શ્વેતા ફોન પર પૂછે, 'મમ્મી, મંગળસૂત્ર જડ્યું?' ને એટલી મમતાથી પૂછે કે સુનયનાબેન ઓળઘોળ જાય એ મીઠાબોલી વહાલસોયી વહુ પર. મૂળ તો પેલીની દાનત ક્યાં હતી? સમજી જાઓને. ઝવેરીવાળાની મુલાકાત ને એ બધું... પણ કાળજી એવી દેખાડે કે સુનયનાબેન વહુવિયોગે રડુંરડું થઈ જાય.

આમ ને આમ દિવસો વીતતા ગયા. નવી રંગાયેલી દિવાલો, બારીબારણાં જરા ઓછા ચળકતા દેખાવા માંડ્યા. ચોમાસું બેસે તે પહેલાં કામ પતાવી દીધેલું. ચોમાસું વીત્યું ને નવરાત્ર આવ્યાં. કામ શરૂ થાય એ પહેલાં જ સુનયનાબેને નક્કી કરી રાખેલું કે રંગકામ થશે એ પછી નવરાત્રમાં રોજ માતાજીને અગિયાર ઊભી વાટોના દીવા કરીશ, સાંજે આરતી, ગરબા ગાઈશ ને પ્રસાદ કરીશ. એમણે આ વિચાર સુધીરભાઈને નહોતો કહ્યો. આમે ય તે લગ્નજીવનના ૭ x ૫ વત્તા બે ત્રણ વરસ વીતી જાય એ પછી આવી વાતો કરવામાં બહુ લાભ નહીં. બંને પક્ષે એવું, એમ અનુભવીઓ કહે છે.

આ દીવા કરવા માટે વાટોનું પેકેટ તો કામ શરૂ થયું એ પહેલાંથી જ બજારમાંથી લાવી રાખેલું ને એક પ્લાસ્ટિકના ડબ્બામાં મૂકી દીધેલું. એક તરફ પાતળું પૂઠું હોય તેવી પાતળા પ્લાસ્ટીકની થેલીમાં ભરેલી વાટોનું પેકેટ, વાળીને ડબ્બામાં રાખી શકાય. એ ડબ્બો ય એમણે બેત્રણ વાર જોયેલો. આટઆટલી ખસેડાખસેડ છતાં કશું ન ખોવાયું ને આ મંગળસૂત્ર ...હશે ગયું તો ગયું. સુનયનાબેને હવે મુક્કી કરવાનું બંધ કરી દીધેલું. બહુ વાગતું'તું. રૂમાલ હાથમાં આવે ત્યારે યાદ આવે એટલું જ. પછી તો રૂમાલે ય હાથમાં આવતો બંધ થઈ ગયો.

નવરાત્રના બેત્રણ દિવસ પહેલાં પૂર્વતૈયારી રૂપે સુનયનાબેને એ ડબ્બો કબાટમાંથી કાઢ્યો. એમાંથી વાટોનું પેકેટ કાઢ્યું. અને એ પેકેટની નીચે ડબ્બાને તળિયે પડેલું પેલું મંગળસૂત્ર!

'આ અહીં કઈ રીતે પહોંચ્યું?' સુનયનાબેન તો દંગ રહી ગયાં. રીપેરીંગ વખતે દીવાલ પરના કબાટમાં મૂકવાની વસ્તુઓ ટેબલ પર રાખેલી. આ ડબ્બો ય હતો એમાં જ. ભોળા, સરળ અર્થાત્ બાઘા, બેધ્યાન, બેદરકાર, ભૂલકણા સુનયનાબેને પોતે જ પોતાને હાથે જ એને એ ડબ્બામાં મૂકેલું. ખાસ સાચવીને તે છેક...હશે, સૌ સારું જેનું છેવટ સારું.

સુનયનાબેન ચકિત નયને જોઈ રહ્યાં. પછી ગાલે ચૂંટલી ભરી, હાથ પર થપ્પડ મારી. વાગ્યું. 'હું જાગું તો છું,' એમને ખાતરી થઈ. મંગળસૂત્ર પહેર્યું, અરીસામાં જોયું. ઓહ, ખરેખર જ એ મંગળસૂત્ર હતું. એન્ટિક પેન્ડન્ટ ગળામાં ઝૂલી રહ્યું હતું.

જોયું? માતાજીના દીવા કરવાના સંકલ્પનું આ સુપરિણામ! (પણ એ સંકલ્પ તો રંગકામ ઉપાડ્યું એ પહેલાં કરેલો. ને મંગળસૂત્ર ખોવાયું હતું તે તો બધું કામ બધું પૂરું થયું તે છેલ્લે દિવસે. આવા લોજીકલ પ્રશ્નો ન પૂછો તો સારું. પ્લીઝ)

બપોર આખી કામ કર્યું હતું. થોડો થાક પણ લાગ્યો હતો એકલે હાથે બધું સાચવવાનું તે! ને હવે ઉંમર થઈને? સુનયનાબેન ઘડીક આડા પડ્યાં. જંપ ન વળ્યો. ઉઠીને સરસ મજાની ચા બનાવી. મનમાં હતું, ઉર્વશીબેનને બોલાવીને સાથે ચા પીશું. પણ એમનું ઘર બંધ હતું. એમણે ચા પીને ઘર સરખું કર્યું, એકસ્ટ્રા મહેનત લઈને (હરખમાં સ્તો!). મોં ધોયું, વાળ ઓળ્યા, કપડાં બદલ્યા, મંગળસૂત્ર પહેર્યું ને ઘરનું બારણું ખોલ્યું. એ જ વખતે ઉર્વશીબેન દાદરો ચડતા હતાં. ચાર માળના આ જૂના ફ્લેટોમાં લીફ્ટ નહોતી. બંનેની નજર મળી, સ્મિતની આપલે થઈ.

**(અનુસંધાન : જુઓ પાના નં.-૭૨ ઉપર)**

**સાંઘવ-રત્ન સ્વ. પૂ.શેઠ શ્રી મુરજી રાઘવજી લોડાયાના સ્મરણાર્થે....**

**MRL CLEARING AND FORWARDING PVT. LTD.**

**(CHA No. 11/374)**

13/B, Sucheta Niwas, 285, Shahid Bhagat Singh Road, Fort, Mumbai-400 001.
Tel. : +91 22 22661380 / 22661600 Fax : +91 22 22703624
E-mail : imp@mrlshipping.com Web : www.mrlshipping.com

**Clearing, Forwarding & Shipping Agents**




સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા

## બચુડો

અધા : પુત્તર બચુડા?

બચુડો : કો અધા કુરો કમ આય?

અધા : ભગવાન કાકા ને અનીંજો ભત્રીજો અનીંજે સગેં જે વિયાં મેં વ્યા વા તડેં ભત્રીજો ભગવાન કાકાકે પૂછે કે પાણ જતે જતે વિયાં મેં વ્યાં અઈયું અન મિણીં વિંયાંમેં પત્ની જમણી બાજુ વેઠેલી વેતી ને પતિ ડાબી બાજુ વેઠેલો વેતો... સે હેડી વ્યવસ્થા કુરેલા કરમેં આવઈ આય. ભગવાન કાકા ભત્રીજે કે સંતોષકારક જવાબ ડે ન શક્યા અતરે ભત્રીજો જુંઢો થે ને મોં ચડાયને વઠો પ્યો આય... હી ભરોભર નતો લગે.

બચુડો : અધા તડેં આંઈ સમજાયો આંઉ વેનેને ભગવાનકાકાજે ભત્રીજે કે સમજાય અચાં.

અધા : પુત્તર, વિયાં જીવન જે હિસાબ જો ચોપડો આય અને હિસાબ જે ચોપડે મેં ડાબી બાજુ "જમા"જી આય ને જમણી બાજુ તે "ઉધાર" આય.

## ખિલજા મ ભલા

શાકવાળો : શાક લ્યો... તાજા તાજા શાક લ્યો...

મનમોહનસિંહ : હાશ... આજે તો તાજા શાક ઘર પાસે જ મળી શકશે. ભાઈ, બટાકા કેમ આપ્યા?

શાકવાળો : બસ સાહેબ એમ જ લઈ જાવ. તમારો અવાજ રૂબરૂ ઘણા વર્ષે સાંભળ્યો એની ખુશીમાં...

☺ ☺ ☺ ☺ ☺

શિક્ષક : બોલ રાજુ ગુજરાતીઓ વિષે તું શું જાણે છે?

રાજુ : સાહેબ, એમની ખોરાકની પેટર્ન વિષે મને ખબર છે.

શિક્ષક : કહે જોઈએ...

રાજુ : સવારે ગાંઠિયા, બપોરે ઢોકળા, સાંજે મિક્ષ ભજિયા કે થેપલા અને રાત્રે ત્રિફળા ચૂર્ણ... ત્રિફળા અસર કરે તો સવાર સુધરે, નહીં તો ફેલાવ્યા કરે ખુશ્બુ ગુજરાતની દિવસભર...

☺ ☺ ☺ ☺ ☺

મુંબઈવાસી : તમારે અમદાવાદમાં ગરમી કેવી છે?

અમદાવાદી : ગરમી વિષે પૂછતા જ નહીં... કાચી મકાઈ ખાઇએ તો પેટમાં પોપકોર્ન તૈયાર થઈ જાય.

☺ ☺ ☺ ☺ ☺

શિક્ષક : બોલ તો આદિત્ય, સુવાક્ય કોને કહેવાય?

આદિત્ય : જેમાંથી આપણને કોઈ બોધ મળતો હોય...

શિક્ષક : ઉદાહરણ આપ તો...

આદિત્ય : પોતાની ભૂલ પર હસવાથી જિંદગી લાંબી બની શકે છે પણ પોતાની પત્નીની ભૂલ ઉપર હસવાથી જિંદગી ટૂંકી પણ બને...

☺ ☺ ☺ ☺ ☺

શિક્ષક : પત્ની અને મધપુડા વચ્ચે શું સમાનતા છે?

શ્રેય : બંને મીઠાશથી ભરપૂર હોય છે પણ જ્યાં સુધી છંછેડવામાં ન આવે ત્યાં સુધી.

☺ ☺ ☺ ☺ ☺

અંગ્રેજીના શિક્ષક : તનીષા, 'I'નો ઉપયોગ કરી એક વાક્ય બનાવ.

તનીષા : I is nineth letter of alphabet.

☺ ☺ ☺ ☺ ☺

શિક્ષક : સુખી થવાની ચાવી કઈ છે?

પર્વ : હસવું, હસાવવું અને હસી કાઢવું

☺ ☺ ☺ ☺ ☺

મોન્ટુ : અરે ચીન્ટુ, તને કોઈ સાથે પ્રેમ થયો છે કે શું અને તેં એને શું કહ્યું?

ચીન્ટુ : પ્રેમ થયો છે અને મેં કહ્યું આઈ લવ યુ.

મોન્ટુ : તો પછી આવું દિવેલિયું ડાચુ લઈ કેમ બેઠો છે?

ચીન્ટુ : એણે મને કહ્યું 'આઈ લવ યુ ટુ' પણ ખબર નથી પડતી કે બીજું કોણ છે.

☺ ☺ ☺ ☺ ☺

શિક્ષક : પહેલું વિમાન ક્યું ઉડ્યું હતું?

મૈત્રી : સાહેબ, એ તો હવામાં જ ઉડ્યું હતું.

☺ ☺ ☺ ☺ ☺

સેક્રેટરી : બોસ, મને બીજી તો કોઈ તકલીફ નથી પણ તમારી પત્ની આવે છે તે મને શકની નજરે જ જુએ છે... એવું કેમ?


બોસ : એ પહેલા મારી સેક્રેટરી હતી.

☺ ☺ ☺ ☺ ☺

જમના : બહુ દિવસથી તમારી ઈચ્છા હતી ને... આજે હું પૂરી કરીશ.

મગન : તો હું બજારમાંથી તૈયાર રસ લેતો આવીશ.

*૮/૨૬, ગંગામણિ ફ્લેટ્સ, વસંતનગર સોસાયટી, ગોપાલચોક, મણિનગર, અમદાવાદ-૩૮૦ ૦૦૮. ફોન : ૨૫૪૬૮૧૬૦*




આપણા સમાજની આપણા વતન કચ્છમાં સેંકડો - હજારો એકર જમીન બંજર પડેલ છે. જેનું ગાંડા બાવળોના જંગલમાં રૂપાંતર થયેલ છે.

હું સન ૨૦૧૪થી અમારા ગામમાં આપણા ભાઈઓની બંજર જમીન સુધારી તેમાં જુવારની ખેતી કરું છું અને તેમાંથી ઉત્પન્ન થતો ચારો જીવદયામાં વાપરું છું અને અનાજ પક્ષીઓના ચણ માટે મોકલું છું. ઉત્પન્ન થતા ચારા અને દાણામાંથી અર્થ ઉપાર્જન કરતો નથી.

આપણા ક.વી.ઓ. જૈન સમાજને મારી નમ્ર વિનંતી કે આપની જમીન સુધારી તેમાં જુવારનું વાવેતર કરો જેથી (જીવદયા) પુણ્યાનુબંધી પુણ્ય કમાવી શકો અને આપની જમીન સુધરી શકે અને આપના કબજામાં રહે જેથી અન્ય તત્ત્વો તેના ઉપર કબજો કે હક્ક જતાવી ન શકે.

*ડુંગરશી કુંવરજી ધરોડ - પત્રી, તા. મુંદ્રા, કચ્છ*
*મો. ૯૭૧૨૭ ૮૩૭૩૫*

★

'મંગલ મંદિર'માંના લેખો, સાહિત્ય સામગ્રી ઘણી સારી આવે છે અને હું સોશિયલ વર્કર હોવાથી કચ્છી - ગુજરાતીઓને 'મંગલ મંદિર' મંગાવવાનું કહું છું.

કચ્છ વિશે ઘણી રસપ્રદ માહિતી પ્રગટ થતી હોવાથી કચ્છી વરીષ્ઠ નાગરિકોને ટાઈમપાસ માટે સરસ અને જ્ઞાન સરિતાનું ઝરણું જેમ આનંદ થાય છે. જૂની કવિતાઓ ૬૦/૭૦ વર્ષ આપણી ગુજરાતીમાં પ્રગટ થતી હોય તો સૌને મજા પડશે. છતાંય "અમી સ્પંદન"માં લગભગ ૨૫૦/૩૦૦ કવિતા, પ્રાર્થના, દુહા, ભજન – શ્રી પિનાકિન દવે (બોરીવલીવાળા)એ પંદરેક વર્ષ અગાઉ પ્રગટ કરેલ છે, જો તમારી પાસે હોય તો.

*હીરાલાલ વી. ઊનડોઠવાલા - ચેમ્બુર, મુંબઈ*

★

## અપરાધની સજા પણ અલગ અલગ

ગુનો એક જ હોય, અપરાધ પણ એક જ હોય છતાં ગુનેગારોને એક જ પ્રકારની સજા થતી નથી. કાયદામાં અમુક ગુના માટે અમુક સજા નિયત થયેલી છે, પરંતુ બધાને એ જ અપરાધ માટે સમાન સજા થતી નથી. જીવનમાં અને સમાજમાં પણ આમ જ ચાલે છે.

સરકારમાં કે સંસ્થાઓમાં પણ મૂળ અપરાધીઓ કે મોટા અપરાધીઓ છટકી જાય છે અને છીંડે ચડ્યો તે ચોર એ નાતે ઘણીવાર નાના ચોરો કે નવા નવા ચોરો ફસાઈ જાય છે. એમનો અપરાધ બહુ ક્ષુલ્લક હોય છે પણ કાનૂની ભાષામાં અપરાધ તરીકે ઓળખાતો હોવાથી એને સજાપાત્ર કહેવામાં આવે છે.

પ્રાચીન યુગમાં ધર્મમાં જ્ઞાતિઓ પ્રમાણે સમાન અપરાધ માટે ઊંચ વર્ણનાને ઓછી અને વર્ણ જેમ નીચે ઉતરતી કક્ષાની આવે તેમ અપરાધની સજા મોટી થતી જતી હતી. આધુનિક યુગમાં કાયદા અસમાન નથી પરંતુ વ્યવસ્થા અસમાન છે. અપરાધી જેમ મોટો ને વગવાળો હોય તેમ તેનો અપરાધ દબાઈ જાય છે કે પછી તે છટકી જાય છે.

સરકારી ખાતાંઓની વાત લઈએ તો રૂા. ૨૦૦ કે રૂા. ૫૦૦ની લાંચ લેનારા ક્લાર્કો અને પોલીસના ઈન્સ્પેક્ટરો લાંચ રુશવત વિરોધી ખાતાના છટકામાં કે અન્ય વિભાગીય તપાસોમાં ફસાય છે, પકડાય છે અને ૨૦૦ રૂપિયાની લાંચ લેવા માટે ૬-૧૨ માસની જેલ પણ તેમને થાય છે. જ્યારે લાખો કરોડો એકત્ર કરીને બેઠેલા કે કરી રહેલા ઉચ્ચ અધિકારીઓ અમલદારો વિશે આંગળી ચીંધવાની કે તેમને પકડવાની કોઈની તાકાત નથી.

મોટા અપરાધીઓ જે રાજકારણીઓ, અમલદારોની સાથે સાંઠગાંઠ સાધી શકે તો તેમને કોઈ હાથ અડાડતું નથી, કાનૂનને પણ તેમની શરમ નડે છે. ન્યાયતંત્રમાં મોટા માણસોને જેટલો જલ્દી ન્યાય મળે છે તેટલો ઝડપથી ગરીબોને કે સામાન્ય માણસોને ન્યાય મેળવવો ભારે થઈ પડે છે.

કુદરતે સર્જેલી વિવિધતાને માનવ સમાજ અને વ્યવસ્થાએ અસમાનતા અને ઊંચનીચના ભેદભાવમાં વિકૃત કરી નાખી છે.

*– ચૌલા કુરૂવા*
*સૌજન્ય : "મોર્નિંગ વૉક"*

MILAN® MASALA
K. K. MASALAWALA
31, K.N. ROAD, MASJID (W), MUMBAI-400 009.
TEL. : 2377 4209 2375 7674
TELEFAX : 2379 0883
MILAN® MASALA

# અન્ય સંસ્થાઓના સમાચાર

## વાપીમાં સાધર્મિક આવાસ યોજનાનું ભૂમિપૂજન






સમાજના આર્થિક રીતે સક્ષમ ન હોય તેવા પરિવારને મફત એક સારું ઘર હોવું જોઈએ — બસ, આ વિચારે અને ભગવાન મહાવીર સ્વામીની આંતર ચેતનાથી પોતાનો કરોડો રૂપિયાની સર્વે સંપત્તિ એક જ ઝાટકે દાન કરી દીધી એવા મૂળ વાપી નજીકના રાતા ગામના વતની રશ્મિબેન માણેકચંદ ભાઈચંદ શાહ પોતાના પતિના અવસાન બાદ પોતાને પણ એક દિવસ પરલોકમાં પ્રયાણ કરવું પડશે એ વિચાર સાતે પ.પૂ.આચાર્ય ભગવંતોના સુવિચારોને મનમાં આત્મસાત કરીને નિર્ણય કર્યો કે મારી હયાતીમાં જ એક ટ્રસ્ટ બનાવવામાં આવે જેમાં મારી તમામ મિલ્કત દાન કરી દેવામાં આવે. આખરે જૈન સમાજના અગ્રણીઓ સાથે મળીને ચર્ચા વિચારણા કર્યા બાદ રશ્મિબેનના સપના સમાન સમગ્ર જૈન સમાજના તમામ ફિરકાઓ, સંપ્રદાય અને સંઘો એક છત્ર નીચે આવીને વસવાટ કરે. આ ઉપરાંત સમાજના એવા લોકો કે જેઓ પોતાનું ઘર બનાવવાનું સપનું જોઈ રહ્યા છે પરંતુ આર્થિક સ્થિતિના કારણે ઘર લઈ શકતા નથી એવા પરિવારને ઘર બનાવવા માટે વાપી નજીકના કોપરલી ગામે આવેલી પોતાની માલિકીની પાંચ એકર જમીન અંદાજે રૂા. ૩૦ કરોડનું દાન કરી દેવામાં આવે. પરંતુ એના ઉપર ઘર બનાવવા માટે રકમ ક્યાંથી લાવવી? આ માટે પણ તેમણે વાપી ટાઉનના મુખ્ય બજારમાં આજે જેની કરોડો રૂપિયાની બજાર કિંમત છે એવી દુકાન પણ દાન કરી દીધી અને આ સાથે જૈન સમાજના અગ્રણીઓ દ્વારા શ્રીમતી રશ્મિબેન માણેકચંદ ભાઈચંદ શાહ ચેરિટેબલ ટ્રસ્ટની રચના કરવામાં આવી અને રાતા ખાતે જૈન સમાજના જરૂરિયાતમંદ સાધર્મિક આવાસ યોજના માટેનું ભૂમિપૂજન એવા જ એક કચ્છી પરિવારના દાનવીર અને વાપી સ્થિત આવેલી આરતી ઈન્ડસ્ટ્રીઝના સ્થાપક અને પ્રમુખ કે જેઓ પોતાની સંપત્તિમાંથી રૂા. ૨૮૦ કરોડ રૂપિયા સમાજ ઉત્કર્ષ માટે દાનમાં આપનાર સમારંભ પ્રમુખ શ્રી ચંદ્રકાંતભાઈ ગોગરીના શુભ હસ્તે ભૂમિપૂજન કરવામાં આવ્યું. આ સમારંભ અતિથિ વિશેષ કચ્છી નવનીત નગરના ફાઉન્ડર અને દાતા શ્રી દીપકભાઈ ભેદા, સમાજની મુઠ્ઠી ઊંચેરી સંસ્થા સમસ્ત મહાજનના શ્રી ગિરીશભાઈ શાહ બિરાજ્યા હતા. ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી શ્રી ઈન્દ્રવદન શાહ, વલસાડના માનનિય નગરપતિ શ્રીમતી સોનલબેન, વાપીના અન્ય ઉદ્યોગપતિઓ, વિવિધ સંસ્થાના પદાધિકારીઓ હાજર રહ્યા હતા.

આ પાંચ એકર જમીન ઉપર સાત માળના સાત ટાવર બનાવવામાં આવશે. દરેક ટાવરમાં કુલ ૫૮ ફ્લેટ બનશે જે પૈકી અંદાજે ૨૦ ટકા ફ્લેટો એકદમ જરૂરિયાતવાળાઓને તદ્દન મફતમાં આપવામાં આવશે જ્યારે અન્યને બજારભાવ કરતાં ૪૦થી ૬૦ ટકા રાહત આપવામાં આવશે અને તેમાં પણ કોઈ પરિવાર આટલી રકમ ભરી ન શકે તેના માટે ટ્રસ્ટ દ્વારા હપ્તાની સગવડતા આપવામાં આવશે. રહેણાંકના બિલ્ડિંગ બન્યા બાદ જૈન પરિવારની સગવડતા માટે બીજા તબક્કામાં જિનાલય, સાધુ - સાધ્વી ઉપાશ્રય, ભોજનશાળા - આયંબીલ શાળા નિર્માણ કરવામાં આવશે.

ભૂમિ પૂજનના કાર્ય બાદ મુખ્ય દાતા પરિવારને સન્માનવામાં આવ્યા હતા. આ પ્રસંગ વિવિધ દાતાઓ તરફથી રૂા. બે કરોડના દાનની જાહેરાત કરવામાં આવી હતી. દિવાળી બાદ આ બાંધકામ શરૂ કરવામાં આવશે.

***અમૃતલાલ ડી. ગાલા - માનદ્ મંત્રી***

> ***એક રીતે જોતા જિંદગી જાણે ભરતકામની લાંબી પ્રક્રિયા છે. એકી સાથે એક ટાંકો લેવાનો, ક્રમશઃ સરસ ડિઝાઈન ઉપસી આવશે. બસ ધૈર્યથી ચાલવાનું છે.***

## લોકસાહિત્યવિદ્ શ્રી જોરાવરસિંહ જાદવને ધનજી કાનજી ગાંધી ચંદ્રક એનાયત કરાયો

ગુજરાત સાહિત્ય સભા તરફથી પ્રતિવર્ષ પ્રતિષ્ઠિત લેખકોને અપાતો શ્રી ધનજી કાનજી ગાંધી ચંદ્રક તા. ૨૯ માર્ચ, ૨૦૧૬ના રોજ વિશ્વકોષ ભવન ખાતે ગુજરાત સાહિત્ય સભાના પ્રમુખ પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈના હસ્તે લબ્ધપ્રતિષ્ઠ લોકસાહિત્યકાર અને ગુજરાત લોકકલા ફાઉન્ડેશનના સ્થાપક શ્રી જોરાવરસિંહજી જાદવને પ્રતિષ્ઠિત સાહિત્યકારોની હાજરીમાં અર્પણ કરવામાં આવ્યો.

સમારોહના પ્રમુખ સ્થાનેથી ડૉ. કુમારપાળ દેસાઈએ જોરાવરસિંહ જાદવ સાથેના ૫૦ વર્ષ જૂના સંસ્મરણોને યાદ કરીને જણાવ્યું કે એ સમયે શ્રી જાદવના એકે એક પુસ્તક કલાપૂર્ણ રીતે મુકયાં હતાં. શ્રી જયભિખ્ખુ, કવિ કાગ, રતિકુમાર વ્યાસના ડાયરામાં યુવાન જોરાવરસિંહ સ્થાન પામ્યા હતા. જયભિખ્ખુ એમના કાર્યના પ્રશંસક હતા.

આ પ્રસંગે લબ્ધપ્રતિષ્ઠ વિદ્વાન ડૉ. હસુ યાજ્ઞિકે શ્રી જોરાવરસિંહજીની લોકસાહિત્ય સંશોધન પ્રવૃત્તિને વૈજ્ઞાનિક ગણાવીને એમણે કરેલા સંશોધન પ્રવાસો, લોકવાર્તા સંગ્રહો, લોકસંગીત, લોકશિલ્પ, લોક નાટ્ય ઇત્યાદિ તમામ કામગીરીને બિરદાવી હતી.

તાજેતરમાં પૂ. મોરારિબાપુના હસ્તે શ્રી જાદવને સૌરાષ્ટ્ર યુનિ.ના મેઘાણી લોકસાહિત્ય કેન્દ્રનો રૂા. ૧ લાખનો મેઘાણી ઍવોર્ડ અર્પણ કરાયો હતો. જોરાવરસિંહના ૯૩ ઉપરાંત અભ્યાસગ્રંથો અને પાંચ હજાર ઉપરાંત લેખો પ્રગટ થઈ ચૂક્યા છે.

## અમદાવાદમાં બોઝ્ઝ હોસ્ટેલની સગવડ

ભુજની શ્રી વીસા ઓસવાળ જૈન ગૂર્જર જ્ઞાતિ તથા શેઠશ્રી ડોસાભાઈ લાલચંદ એજ્યુકેશન મેડિકલ એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ - ભુજના સહયોગથી જ્ઞાતિના લાણેદાર પરિવારના છાત્રોને ઉચ્ચ અભ્યાસ અર્થે અમદાવાદના પાલડી વિસ્તારમાં એક ફ્લેટ ભાડે રાખી આગામી શિક્ષણ સત્રથી હોસ્ટેલની સગવડ ઊભી કરેલ છે. જેનું વિધિવત્ ઉદ્‌ઘાટન શ્રી વીસા ઓસવાળ જૈન ગૂર્જર જ્ઞાતિ - ભુજના પ્રમુખ અને રાજયના નર્મદા નિગમના ડાયરેક્ટર મુકેશભાઈ ઝવેરીના હસ્તે ભુજની જૈન ધર્મશાળા ખાતે સમાજના હોદ્દેદારોની હાજરીમાં કરવામાં આવેલ હતું.

## શ્રી જૈન સમાજ વિકાસ ફાઉન્ડેશન - અમદાવાદ

**આચાર્યશ્રી કૈલાસસાગરસૂરિ જ્ઞાનમંદિર શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર - કોબા આયોજિત પાલડી, અમદાવાદ શહેર શાખા મધ્યે હસ્તપ્રત લિપ્યંતરણ અભ્યાસના વર્ગોમાં જોડાવવા બાબત.**

ઉપરોક્ત જણાવેલ વિષયમાં જ્ઞાનક્ષેત્રમાં સમયનો સદુપયોગ કરવા, નિવૃત્તિમાં પ્રવૃત્તિ કરવા, તેમજ આપણા પ્રાચીન જ્ઞાન વારસાને આગળ ધપાવવા આપ સહભાગી થઈ પુણ્ય ઉપાર્જન કરી શકશો.

આપને આ અંગે સંસ્કૃત - પ્રાકૃતનું જ્ઞાન ન હોવા છતાં પણ આપની ધગશ અને નિષ્ઠાથી આપ પણ આ જ્ઞાન વિના મૂલ્યે મેળવી શકશો.

આ અંગેનું આયોજન અમદાવાદમાં પાલડી શાળામાં, આ અંગેના અભ્યાસના વર્ગો તા. ૧૮-૪-૨૦૧૬થી ચાલુ કરવામાં આવશે.


હાલમાં ગુરૂવાર તથા શુક્રવાર સમય બપોરના ૨ થી ૪ દરમિયાન જ આવવાનું રહેશે. આ અંગેનું ફોર્મ નીચે જણાવેલ સ્થળ ઉપરથી મેળવી આપ આમાં સહભાગી બનશો.

- ***ફોર્મ મેળવવાનું સ્થળ :***
  **આચાર્યશ્રી કૈલાસસાગર સૂરિ જ્ઞાન મંદિર**
  ત્રણ બંગલા, ટોળક નગર,
  મહાવીર ટાવરની બાજુની ગલીમાં,
  લોંગલાઈફ હોસ્પિટલની પાછળ, પાલડી, અમદાવાદ.

- ***સંપર્ક સૂત્ર***
  કિરીટભાઈ કે. શાહ - શાંતિવન. મો. ૯૮૨૫૫ ૧૭૯૧૪
  હીરલભાઈ શાહ - શહેરશાખા. મો. ૭૫૭૫૦૦૧૦૮૫

લિપિ ક્લાસમાં જોડાવવા ઈચ્છુક વ્યક્તિઓ વૉટ્સઍપ નં. ૭૫૭૫૦૦૧૦૮૫ ઉપર મુજબ કરી શકશે.

*પ્રેમ જ્યારે કૃષ્ણની દિશામાં વળે ત્યારે ભક્તિયોગ બની રહે છે. માણસ જ્યારે પ્રેમ દીક્ષા પામે ત્યારે પુષ્પ જેવો બની રહે છે. અને જ્યારે એ ભક્તિનો વૈભવ પામે ત્યારે તે મધુર ફળ જેવો બની જાય છે. જીવનમાં આવું રૂપાંતર ભક્તિ દ્વારા શક્ય બને છે.*

"ROLEX" Brand

Rushabh
STEEL CENTRE
G-77, Sarvoday Nagar,
Shri Mahendrakumar T. Shah Marg,
(1st Panjrapole Lane), Mumbai-400 004.
**Tel. : 2242 2072, 3393 7310 ● Fax : (022) 3008 0072**
MFGR. & DEALERS IN : *Rolex* SQUARE DABBA & TIFFIN

## શ્રી નાનીખાખર વીસા ઓસવાળ જૈન મહાજન
## (નાનીખાખર)

### એક આદર્શ સેવાધર્મી

*નાની ખાખર ગામના જેમના નામમાં પણ ગુણ હોય*
*એવા સેવાધર્મી અને માનવતાના તારણહાર*

**માતૃહૃદયી ગુણવંતીબેન વિશનજી વીરા**

(જીવન યાત્રા : તા. ૧૬-૩-૧૯૫૧ થી તા. ૦૧-૦૪-૨૦૧૬)

★ સેવા - સૌજન્યતા - સમર્પણના સંગમતીર્થ પર બિરાજમાન થઈ, સર્વ ગ્રામજનોના દરેક કાર્યમાં પ્રેરણારૂપ બની, સમગ્ર જીવનને સદ્ભાવની સૌરભ વડે દીપાવનાર માતૃ હૃદયી ગુણવંતીબેને જીવદયા અને શૈક્ષણિક ક્ષેત્રે પોતાનું અમૂલ્ય જીવન અર્પણ કરીને જીવનને શણગાર આપી મૃત્યુને સાર્થક કર્યું.

★ નાની ખાખર ગ્રુપ પ્રાથમિક શાળામાં ૩૫ વર્ષ સુધી આચાર્યપદે રહી બાળકોને સંસ્કાર આપી શાળાને ઉચ્ચ સ્થાને લઈ ગયા.

★ નાની ખાખરમાં છેલ્લા ૬-૭ વર્ષથી નિઃસ્વાર્થભાવે પાંજો છાશ કેન્દ્રનું સંચાલન કરી સર્વ ગ્રામવાસીઓને નિઃશુલ્ક છાશ વિતરણ કરવાના ભગીરથ કાર્યને સાર્થક કરી બતાવ્યું.

★ જીવનની છેલ્લી ક્ષણ સુધી કૂતરાને રોટલા આપવા, કીડિયારું પૂરવું જેવા જીવદયાનાં કાર્યો કરી સાત્ત્વિક જીવન જીવી ગયા.

★ નિરાધારોના આધાર અને ગરીબોના બેલી માતૃહૃદયી ગુણવંતીબેન વિધવાઓને દર મહિને કીટ આપવી, જૈન મહાજનના સૌજન્યથી મહિલાઓ માટે સૅનેટરી પેડનું વિતરણ અને જરૂરિયાતમંદોને આર્થિક સહાય કરવી – જેવા ઉમદા કાર્યો કરી સર્વને પ્રેરણામૂર્તિ બની ગયા.

★ કચ્છમાં ચાલી રહેલ પર્યાવરણ (વૃક્ષારોપણ) ની પ્રવૃત્તિમાં માંડવી તાલુકાની શાળાઓમાં જાગૃતિ લાવવા એમણે અગત્યનો ભાગ ભજવ્યો.

આવી સેવાકીય પ્રવૃત્તિઓ કરનાર અને સુદૃઢ વ્યવસ્થાના આગ્રહી માતૃહૃદયી ગુણવંતીબેન વિશનજી વીરાની વસમી વિદાયથી શ્રી નાની ખાખર જૈન મહાજન અને સમસ્ત ગ્રામવાસીઓને પડેલી ખોટ પૂરી શકાશે નહીં. આવા સેવાધર્મી માતૃહૃદયી ગુણવંતીબેનને શત શત વંદન.

*શ્રી નાની ખાખર જૈન મહાજન*
*પ્રમુખશ્રી પ્રવીણભાઈ કાનજીભાઈ જૈન-નાની ખાખર*

*જીવનની સામાન્ય બાબતોમાં શિષ્ટાચારમાં, રહેણીકરણીમાં આપણે સંસારના પ્રવાહમાં વહેવું જોઈએ. પણ જ્યારે સિધ્ધાંત અને આદર્શની વાત આવે ત્યારે ખડકની જેમ અચલ ઊભા રહેવું ઘટે.*

## રાજેશ મહેતાની પીઠ થાબડતાં સ્મૃતિ ઇરાની

મૂળ મુંદ્રાના હાલ કલકત્તા સ્થિત શ્રીમતી કમળાબેન ધીરજલાલ લીલાધર મહેતાના સુરત સ્થિત સુપુત્ર રાજેશ મહેતાને સી.બી.એસ.ઈ. પરીક્ષા માટે ગુણવત્તાસભર શિક્ષણકાર્ય માટે કેન્દ્રના માનવ સંસાધન વિકાસ પ્રધાન શ્રીમતી સ્મૃતિ ઝુબીન ઈરાનીએ એક ખાસ પ્રશંસાપત્ર પાઠવી તેમની પીઠ થાબડી છે.

શ્રી રાજેશ ધીરજલાલ મહેતા સુરતના રાયન ઈન્ટરનેશનલ સ્કૂલમાં શિક્ષક હતા તે દરમિયાન તેમને આ પત્ર પાઠવાયો છે.

## શ્રી ગીતાબેન રાંભિયા સ્મૃતિ અહિંસા ટ્રસ્ટ

ગીતાબેન રાંભિયા સ્મૃતિ અહિંસા ટ્રસ્ટના સંચાલક બચુભાઈ પી. રાંભિયાને શ્રી ગજાનન યુવાવર્ગ - અમદાવાદ દ્વારા જીવદયા ક્ષેત્રે અનેરું કાર્ય કરવા બદલ સન્માનિત કરી પુરસ્કાર એનાયત કરવામાં આવેલ છે.

તેમજ કચ્છના મોટી ખાખર ગામે ચારણ - ગઢવી સમાજ દ્વારા "વિશિષ્ટ વ્યક્તિ" તરીકે સન્માનિત કરવામાં આવેલ છે.

તેમજ જય જિનેન્દ્ર ગ્રુપ - માંડવી દ્વારા ૭૨ જિનાલય ખાતે "જીવદયા પ્રેમી" તરીકે સન્માનિત કરવામાં આવેલ છે. ■

**આ જગમાં થોડા મલે!**

**જાણે ભાષાને ભાવ, અંતરના ઊંડાણથી**
**પ્રગટાવે પુણ્ય પ્રકાશ, આ જગમાં થોડા મલે!**
**લખે લહિયા અનેક, ટેવના પરિણામથી**
**મર્મ માણી જે લખે, આ જગમાં થોડા મલે!**

*– રશ્મિનનો રણકાર, ભાગ-૨માંથી સાભાર*

**Viketa**
**Electronics**
An ISO 9001-2000 COMPANY
**MANUFACTURERS OF ELECTRICAL PANEL BOARDS**
4759, GIDC Industrial Estate,
Ankleshwar-393 002. Dist. Bharuch.
Phone : 02646-226257 Fax : +91-2646-252759
Mobile : 9824101111, 9824762141
E-mail : viketa53@rediffmail.com

# જાણવા જેવું

*સંકલન : રજનીકાંત પારેખ (મો. ૯૮૯૮૦ ૫૩૫૨૧)*

★ **માલવાહક ટ્રેન :** ૧૮૫૧માં ભારતમાં પ્રથમ વખત માલ વાહક ટ્રેન રૂરકીથી પીરાન કાલિયાર માટે નહેરના બાંધકામ માટેનું સામાન લાદીને રવાના કરવામાં આવી હતી. તેમાં બે થી ત્રણ જ ડબ્બા હતા અને ઝડપ પણ ખૂબજ ઓછી હતી. ત્યારબાદ ૧૮૫૩માં બોરીબંદરથી થાણા વચ્ચે મુસાફર ટ્રેન સેવા શરૂ થઈ હતી. પરંતુ ભારતમાં પાટા પાથરવાની કામગીરી ૧૮૩૨માં ચેન્નઈ સ્થિત ચિંતાદ્રિપેટ બ્રિજ માટે પાથરવામાં આવી હતી.

★ **કચરાનો પહાડ તૂટ્યો :** ચીનના શેનઝેન પ્રાંતના ઔદ્યોગિક વિસ્તારમાં છ હેક્ટરના વિસ્તારમાં છ મીટર ઊંચી કચરાપેટીમાં દૈનિક એક હજાર ટ્રક કચરો ડમ્પ કરાતો હતો. વર્ષોથી આમ ચાલુ રહેતા ઔદ્યોગિક કોલોની ઉપર કચરાનો વિશાળકાય ૧૦૦ મીટર ઊંચો પહાડ બની ગયો. કહેવાય છે કે ગેસ પાઈપ લાઈનમાં વિસ્ફોટ બાદ કચરામાં ભૂસ્ખલન થવાથી તેના ઢગલામાં કોલોનીનો એક મોટો હિસ્સો દટાઈ ગયો તેમાં ૩.૮૦ લાખ વર્ગ મીટરનો વિસ્તાર આવી જતાં ૨૭ના મોત નીપજ્યાં છે અને ૯૧ લોકો લાપતા થયા છે. બચાવ દળની ૧૧ ટીમો ૧૫૦૦ લોકોને બચાવવા ડ્રોન અને ડોગની મદદ લઈ રહી છે. સ્થાનિક લોકોનું કહેવું છે કે ઓછામાં ઓછા ૭૦૦ લોકો આ કચરામાં દટાઈ ગયા છે.

★ **યુ ટ્યૂબના બંધાણી :** આપણા દેશમાં સોશિયલ નેટવર્કિંગ સાઈટસ માટે કડક કાયદા હોવા છતાં આપણા દેશમાં ૭ થી ૧૩ વરસના ૭૬ ટકા બાળકો પ્રતિદિન યૂ ટ્યુબ જુએ છે. લખનઉમાં આવા બાળકોની સંખ્યા સૌથી વધુ છે. તે પછી અનુક્રમે દિલ્હી અને મુંબઈ છે. ચોથા ક્રમે રહેલું અમદાવાદ ચેન્નાઈ કોલકતાથી આગળ છે. પછીના ક્રમે પૂણે, કોઈમ્બતુર, ચંદીગઢ અને દહેરાદૂન છે.

★ **દાળ ખાવાનો નિર્ણય :** સંયુક્ત રાષ્ટ્રે ૨૦૧૬ને દાળનું વરસ જાહેર કર્યું છે. પ્રોટીનથી ભરપૂર હોવા છતાં પણ બીજા દેશોમાં લોકો તેને નથી ખાતા. ભારતમાં પણ કિશોરો અને બાળકો દાળ ખાવા સામે આનાકાની કરે છે. જાણો, આપણા માટે દાળ શા માટે જરૂરી છે.

- પ્રોટીનનો સૌથી મોટો સ્રોત
- કોલેસ્ટેરોલ બિલકુલ નહીં.
- ફાઈબર કોલેસ્ટેરોલનું સ્તર નીચે રાખે છે.
- તેના બાયોએક્ટિવ કેન્સર, ડાયાબિટીસ અને હૃદય રોગ સામે રક્ષણ આપે છે.
- ફોલેટ અને મેગ્નેશિયમનો તે મોટો સ્રોત છે જે હૃદય માટે ખતરનાક હોમો સિસ્ટીનને કાબુમાં રાખે છે.
- મેગ્નેશિયમ શરીરમાં ઑક્સિજન સપ્લાય, લોહી અને પોષક તત્ત્વોનો પ્રવાહ સારો રાખે છે.

★ **પનામા નહેરનો વિસ્તાર :** એન્જિનિયરિંગનો જટિલ અને અદ્ભુત પ્રોજેક્ટ એટલે એટલાન્ટિક અને પ્રશાંત મહાસાગર વચ્ચેનું અંતર ઘટાડતી ૧૮૮૧થી ૧૯૧૪ સુધી તૈયાર થયેલ પનામા નહેર. તેમાંથી વાર્ષિક ૪૫૦૦ જહાજ પસાર થાય છે પણ તેના વિસ્તરણથી હવે ૧૩૫૦૦ જહાજ પસાર થઈ શકશે.

★ **સમુદ્રની નીચે ટનલ :** જાપાનની સિકાન ટનલ અને ફ્રાન્સ - બ્રિટન વચ્ચેની ટનલ કરતાં પણ વધારે લાંબી ટનલ ચીન પીળાગારના બે છેડા સ્થિત દાલિયા અને પંતાઈ શહેર વચ્ચે સમુદ્રની સપાટીથી ૧૦૦ ફૂટ નીચે ૧૨૦ કિ.મી. લાંબી ટનલ ૨,૪૧૨ અબજ રૂપિયાના ખર્ચે બંધાવાની છે.

★ **૯૦ વર્ષે લાકડાના ટેકે પર્વત પર ચઢાઈ :** પૂણે નિવાસી ૯૫ વરસના નારાયણકૃષ્ણ મહાજન સમુદ્રની સપાટીથી ૩૫૦૦ ફૂટ ઊંચા પર્વત પર કોઈની પણ મદદ વગર માત્ર એક લાકડી અને પોતાને એક દોરડા સાથે બાંધીને પહોંચી ગયા. તે હિમાલય પર્વતોમાં ૫૦થી વધુ ટ્રેકિંગ અભિયાન કરી ચૂક્યા છે.

★ **છેલ્લા ૫૦ વર્ષની સર્વશ્રેષ્ઠ ઇનિંગ્સ :** ભારતના સ્ટાઈલિશ બેટ્સમેન વી.વી.એસ. લક્ષ્મણે ઑસ્ટ્રેલિયા સામે કોલકતાના ઐતિહાસિક ક્રિકેટ ગ્રાઉન્ડ ઈડન ગાર્ડન્સ ખાતે રમેલી ૨૮૧ રનની ઈનિંગ્સને છેલ્લા ૫૦ વરસમાં ટેસ્ટ ક્રિકેટની સર્વશ્રેષ્ઠ ઈનિંગ્સ તરીકે પસંદ કરવામાં આવી છે.

★ **ચોરનો વિશ્વવિક્રમ :** બ્રિટનના જહોન પેટ્રીક નામના ચોરે એક અનોખો વિશ્વવિક્રમ નોંધાવ્યો છે. અત્યાર સુધી જેલ તોડીને ભાગેલા કેદીઓમાં તે સૌથી લાંબો વખત ૬૦ વરસથી વોન્ટેડ છે. પેટ્રીક ૧૯૫૫માં દક્ષિણ ઇંગ્લેન્ડના ડોરસેટ શહેરની અભેદ્ય જેલમાંથી ભાગી ગયો હતો. ત્યારે તે ૩૨ વરસનો હતો.

★ **અનોખો પુસ્તકાલય પ્રેમ :** અમેરિકાની જેસ્મીન વેસ્ટ નામની ૪૭ વરસની મહિલાને દુનિયાભરના દેશમાં અવનવા પુસ્તકાલયો જોવાનો શોખ છે. હાલમાં જ તેણે ઉત્તર અમેરિકાના સાવ અંતરિયાળ વિસ્તારમાં આવેલા ટાપુ કે જ્યાં માત્ર ૫૧ લોકો જ રહે છે અને એક નાનકડી લાઈબ્રેરી છે તેની મુલાકાત લઈને પોતાના બ્લોગ પર તેના વિશે માહિતી આપી હતી.

★ **ધરતી પર પગ રાખ અને આભ પર આંખ :** આપણે ત્યાં વિરાટ વિશ્વવિક્રમી સરદારની પ્રતિમા બનવા જઈ રહી છે ત્યારે ચીનમાં તેના મહાન નેતા માઓ ઝેડોંગની મસમોટી

(અનુસંધાન : જુઓ પાના નં.-૯૦ ઉપર)

## NanoNine™ શબ્દ રમત-૧૧૬

*સંકલન : રજનીકાંત પારેખ*

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | | ■ | ૪ | ૫ | | ૬ | ■ | ૭ | ■ |
| ૮ | | | ■ | ૯ | | | ■ | ૧૦ | ૧૧ | ■ | ૧૨ |
| | ■ | ■ | ૧૩ | | | ■ | ૧૪ | | | | |
| ■ | ૧૫ | ૧૬ | ■ | | ■ | ૧૭ | ■ | | ■ | ૧૮ | |
| ૧૯ | | | ૨૦ | ■ | ૨૧ | | ૨૨ | ૨૩ | ■ | | ■ |
| ■ | ૨૪ | | | | ■ | ૨૫ | ■ | | | | ૨૬ |
| ૨૭ | ■ | ■ | | ■ | ૨૮ | | ૨૯ | | ■ | ■ | |
| | ■ | ૩૦ | | ૩૧ | ■ | ■ | | ■ | ■ | ૩૨ | |
| ૩૩ | ૩૪ | | ■ | ૩૫ | | | | ■ | ૩૬ | | |
| ■ | ૩૭ | | ■ | ■ | ■ | ■ | ■ | ૩૮ | ■ | | ■ |
| ૩૯ | | | ■ | ■ | ૪૦ | ૪૧ | ૪૨ | | ■ | ■ | ૪૩ |
| | ■ | ■ | ૪૪ | | | | | | ■ | ૪૫ | |

શબ્દ રમત ભરનારનું નામ : ____________________

સરનામું : ____________________

____________________ ફોન/મો. ____________________

*આપશ્રીના જવાબો શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના સરનામે મોકલવા વિનંતી. (શબ્દ રમતનો જવાબ મોકલવાની અંતિમ તારીખ : ૩૧-૫-૨૦૧૬)*

### આડી ચાવીઓ

૧. ગ્રંથનો વિભાગ, પુસ્તકનું ચેપ્ટર (૪)
૨. સાધન, ઈન્દ્રિય (૩)
૩. રેતીનું મેદાન, લડાઈનું મેદાન (૨)
૪. બારી, ખિડકી (૪)
૭. જખમ, ઝટકો, દુઃખની ઊંડી અસર (૧)
૮. ઉષ્ણતા, તાપ (૩)
૯. પાદુકા, ચાખડી (૩)
૧૦. નારી, સુંદર સ્ત્રી (૨)
૧૩. ચણાની સીંગ (૩)
૧૪. બિહારના સ્ત્રી મુખ્યપ્રધાન (૫)
૧૫. સૈન્ય, સેના, લશ્કર (૨)
૧૭. સ્વચ્છ, ચોખ્ખું (૨)
૧૮. જીભથી માલુમ પડતો સ્વાદ, સાર,સત્ત્વ, પારો (૨)
૧૯. પ્રજાનું શાસન કરનારી સત્તા (૪)
૨૧. વૈષ્ણવ મંદિરમાં થતો એક ઉત્સવ (૪)
૨૨. બાલદી (૨)
૨૪. મત ભિન્ન હોવો તે (૪)
૨૫. ગાવલડી, ગાવડી, ગાય (૪)
૨૮. કોઈપણ કામમાં હોંશિયાર માણસ (૪)
૩૦. ધવલ, ધોળું, શ્વેત (૩)
૩૨. સાધુ પુરુષ (૨)
૩૩. ચાકર, સેવક, સર્વન્ટ (૩)
૩૪. હાથ, વેરો (૨)
૩૫. શ્રીકૃષ્ણે ટચલી આંગળીએ ઊંચકેલો પર્વત (૪)
૩૬. સુંદર માળો બનાવતું પક્ષી (૩)
૩૭. ફાયદો, નફો (૨)
૩૯. ૪૮૪૦ ચોરસવાર જમીનનું માપ (૩)
૪૦. મગના લોટના લાડુ (૪)
૪૨. દલ, સૈન્ય, ઘનતા (૨)
૪૪. પરસ્પર, અન્યોન્ય (૬)
૪૫. વિષ, ઝેર (૨)

### ઊભી ચાવીઓ

૧. આગળ વધવું તે, ઉન્નતિ (૩)
૨. હાથ, વેરો, જકાત (૨)
૩. ગંજીફાની એક રમત (૨)
૪. ધજા (૩)
૫. તાડના ઝાડનો કેફી રસ (૨)
૬. મુસલમાન રાજા, સુબો (૩)
૮. ચાલ, ઝડપ (૨)
૯. ______ ભેગી ઈયળ બફાય (૩)
૧૧. માતા, દેવી (૨)
૧૨. એક જાતનું ભૂતપ્રેત (૩)
૧૪. સાપ કે ઉંદરનું દર (૩)
૧૫. ખુશબુ, સુગંધ, સુવાસ (૩)
૧૬. નાકાવેરો, દાણ, ઓક્ટ્રોય (૩)
૧૭. વરસગાંઠ, જન્મદિન (૪)
૧૮. માલીશ, રગડવું તે (૩)
૨૦. અસ્તવ્યસ્ત, વેરવિખેર (૪)
૨૩. થોડુંક, જરાક (૩)
૨૬. તાજી લીલી વનસ્પતિ, ભાજીપાલો, તાજું શાક (૪)
૨૭. પરસેવો, પ્રસ્વેદ (૩)
૨૯. ઊંડું, ગહેરું (૩)
૩૦. નફા તોટા વિનાનું (૪)
૩૧. છળકપટ, વિશ્વાસઘાત (૨)
૩૨. સંયોગ, મેળાપ, નદીઓના મિલનનું સ્થાન (૩)
૩૪. સમયનો એકમ, સાઠ મિનિટનો સમય (૩)
૩૮. એદી, સુસ્તી (૩)
૩૯. '૧' એકસરખું, સમાન (૨)
૪૦. મસો, બહાનું, ટસના ______ ન થાય (૨)
૪૧. અફવા, ઊડતી વાત (૨)
૪૨. ભાવ, કિંમત, પ્રાણીએ જમીનમાં કરેલું છિદ્ર (૨)
૪૩. ટૂંકો નિબંધ, ખત (૨)

તીર્થ પટ

**હરીભાઈ ભીખાભાઈ પેઈન્ટર**

જૈન ધર્મના કેન્વાસ પેઈન્ટીંગ, તીર્થપટ, માર્બલ કાર્વિંગ તીર્થપટ - તીર્થ રચના બનાવનાર

★ તળાવ એરીયા, પ્રાઈમરી સ્કુલ સામે, પાલીતાણા-૩૬૪ ૨૭૦. ★ ૧૩, બાલમંદિર શોપીંગ સેન્ટર, તળેટી રોડ, પાલીતાણા.

Tel. : (02848) 252454 • Mo. 94262 46176, 99240 36761

## NanoNine™ શબ્દ રમત-૧૧૫નો ઉકેલ

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ધ | ણિ | યા | ણી | | અ | નુ | લે | ખ | | ની | મ |
| જા | | ત | | જી | પ | | મ | ત | દા | ર | |
| ગ | ર | ના | ળુ | | મા | | ન | | વ | | સ |
| રો | મ | | | પૂ | ન | મ | | મ | ત | ભે | દ |
| | ણ | | ચા | ર | | દા | તા | ર | | ખ | ર |
| આ | ભ | લું | | | વ | ર | રા | જા | | ડ | |
| ત | મ | | પ | | ટ | | | દી | ન | | અં |
| પ | ણ | | ક | રા | | મા | ન | | વ | | ગ |
| ત્ર | | પ | ડ | ત | ર | | મ | ન | પ | સં | દ |
| | હા | ર | | રા | મ | બા | ણ | | લ્લ | | |
| રી | | બ | ર | ણી | | ફ | | કા | વ | ત | રું |
| મ | તિ | સ્તો | | આ | લો | ચ | ન | | | જ | ડ |

*માસ માર્ચ-૨૦૧૬ના અંકમાં છપાયેલ નેનો શબ્દ રમત-૧૧૪ના બધા સાચા ઉકેલ મોકલાવનારના નામ*

૧. સરલાબેન શાહ - અમદાવાદ
૨. ચંદ્રાબેન શાહ - અમદાવાદ
૩. વર્ષાબેન પારેખ - અમદાવાદ
૪. સ્મિતા શાહ - અમદાવાદ
૫. જયેશ મહેતા - અમદાવાદ
૬. અરવિંદ ભટ્ટ - અમદાવાદ
૭. ધર્મિષ્ઠાબેન શાહ - અમદાવાદ
૮. સરોજ શાહ - અમદાવાદ
૯. રાહુલ સંઘવી - અમદાવાદ
૧૦. અરુણા મહેતા - અમદાવાદ
૧૧. કુસુમ ત્રેવાડિયા - અમદાવાદ
૧૨. નીના ગોરજી - અમદાવાદ
૧૩. ભાનુબેન શાહ - અમદાવાદ
૧૪. સંજય શાહ - અમદાવાદ
૧૫. હર્ષ પરીખ - અમદાવાદ
૧૬. ઝરણા પારેખ - અમદાવાદ
૧૭. કશિશ શાહ - અમદાવાદ
૧૮. વિનોદ મહેતા - અમદાવાદ
૧૯. જશવંત કોઠારી - અમદાવાદ
૨૦. બકુલ શાહ - અમદાવાદ
૨૧. કલ્પના પાલાણી - અમદાવાદ
૨૨. જયસુખ સંઘવી - અમદાવાદ
૨૩. પ્રતિમાબેન શાહ - અમદાવાદ
૨૪. નવીન લાલકા - ગદગ
૨૫. ઉષા સંઘવી - રૂરકેલા
૨૬. હસમુખ દેઢિયા - અડાલજ
૨૭. નેમજી ગંગર - અડાલજ
૨૮. કુમુદ શાહ - સિકંદ્રાબાદ
૨૯. હરખચંદ ગડા - અંકલેશ્વર
૩૦. એન.એસ. શાહ - નાગપુર
૩૧. યોગેશ છેડા - ભુજપુર
૩૨. લતાબેન શાહ - ભુજ
૩૩. પ્રભાબેન શેઠિયા - વલસાડ
૩૪. વસંતબેન મલ્લ - વલસાડ
૩૫. સરોજબેન ચંદુરા - સુરત
૩૬. દિનેશ મોમાયા - પુના

*ઉપર્યુક્ત સાચા જવાબ મોકલનારાઓમાંથી લક્કી ડ્રો કરતાં, ત્રણ વિજેતાઓનાં નામ નીચે પ્રમાણે છે. તેઓએ પોતાના ઈનામો સમાજના પાલડી ખાતેના કાર્યાલયમાંથી મોબાઈલ નંબર : ૯૮૯૮૦ ૫૩૫૨૧ ૫૨ જાણ કરી મેળવી લેવા વિનંતી છે.*

૧. વસંતબેન મલ્લ - વલસાડ
૨. નેમજી ગંગર - અડાલજ
૩. સ્મિતા શાહ - અમદાવાદ

## જાણવા જેવું

**(અનુ. પાના નં.-૮૮ ઉપરથી ચાલુ)**

પ્રતિમા ચીનના હેનાન પ્રાંતમાં બની રહી છે.

★ **દુનિયાની સૌથી સાંકડી ગલી :** ૧૨૦ ટાપુ પર બંધાયેલું ઈટાલીનું વેનિસ શહેર સિટી ઑન વોટર તરીકે ઓળખાય છે. અહીં રોડ ટેક્સી કે ટ્રામ કે બાઈક જોવા મળતા નથી. તમારે અહીં ચાલતા કે બોટમાં બેસીને જવું પડે છે. આ બોટને ગોન્ડોલા કહેવાય છે. શહેરમાં માર્કેટ પણ પાણીમાં ભરાય છે. અત્યંત સુંદર એવા આ શહેરને જોવા માટે અહીં વરસે બે કરોડથી પણ વધારે પ્રવાસીઓ આવે છે. પાણીની ઉપર તરતા આ શહેરને ૫ શેપમાં બનેલી અને ૧૬ ફૂટ ઊંડી ગ્રાન્ડ કેનાલ બે ભાગમાં ડિવાઈડ કરે છે. ૨.૫ માઈલ લાંબી આ નહેર છે. અહીંની એક ગલીને દુનિયાની સૌથી સાંકડી ગલી માનવામાં આવે છે. જેની પહોળાઈ માત્ર ૫૩ સેન્ટીમીટર છે. દુઃખની વાત એ છે કે આ શહેર દર વરસે એક - બે મિલિમીટર પાણીમાં ડૂબી રહ્યું છે. દુનિયાની પહેલી ગ્રેજ્યુએટ મહિલા એલેના લુક્રેઝિયા કોરનારા પિસ્કોપિયા વેનિસની રહેવાસી હતી. તે ૧૬૪૬માં જન્મેલી અને ૨૫ જૂન ૧૬૭૮માં ગ્રેજ્યુએટ થયેલી. દુનિયાનો સૌથી પહેલો પબ્લિક કેસીનો વેનિસમાં (૧૬૩૮) માં બન્યો હતો. એટલા માટે જ યુરોપના અને એમાંય ખાસ કરીને ઈટાલીના પ્રવાસે જતાં પ્રવાસીઓ માટે વાહન વગરનું આ શહેર આકર્ષણરૂપ છે. ■

## NanoNine™ Sudoku

માર્ચ-૨૦૧૬ના અંકમાં છપાયેલ સુડોકુ-૧૦૭૧ના ઉકેલ મોકલનાર તથા વિજેતાઓના નામ માટે જુઓ
**પાના નંબર - ૫૨**

### ઝેરી રાસાયણિક આયુધ

સૌથી વધુ ઝેરી રસાયણ 'વી એક્સ' ને માનવામાં આવે છે. તેને છાંટવાથી થોડીક જ ક્ષણોમાં પ્રાણીઓના ચેતાતંત્રને ખોરવી નાખે છે. આ ઉપરાંત 'સરીન' નામનું રસાયણ પણ એટલું જ ઘાતક છે. ટાંચણીના માથા જેટલું સરીનનું નાનકડું ટીપું એક તંદુરસ્ત માનવીના ચેતાતંત્રને ખોરવી નાખીને મોતને ઘાટ ઉતારે છે.

### શનિનો ચંદ્ર ટાઇટન

અમેરિકાની અવકાશ સંશોધન સંસ્થાએ હાલમાં જ શનિગ્રહના સૌથી મોટા ચંદ્ર ટાઈટનની તસવીરો જાહેર કરી છે. રસપદ વાત એ છે કે આ તસવીરોમાં ટાઈટન અદ્દલ પૃથ્વી ગ્રહ જેવો દેખાઈ રહ્યો છે. નાસાના અવકાશમાં તરતા યાન કેસિનીએ ટાઈટનની મનોરમ્ય તસવીરો ઝડપી હતી.

### માતા-પિતા પણ ભાડે લો

જાપાનમાં એક વેબસાઈટ શરૂ થઈ છે જે પોતાના ગ્રાહકોને માતા-પિતા પણ ભાડે આપે છે. માત્ર એટલું જ નહીં પત્ની પણ ભાડે આપે છે. જો તમને કોઈ નાના બાળક જોડે રમવાનું મન થાય તો તમને બાળક પણ પૂરું પાડવામાં આવે છે. જાપાનમાં આ વેબસાઈટ ઘણી લોકપ્રિય થઈ છે.

## NanoNine™ Sudoku

રજનીકાંત પારેખ (૯૮૯૮૦ ૫૩૫૨૧)

*સુડોકુ ક્રમાંક-૧૦૭૩ અત્રે રજૂ કરવામાં આવેલ છે. તેના ચારે ભાગ ભરીને 'મંગલ મંદિર' કાર્યાલય પર તા. ૩૧-૫-૨૦૧૬ સુધીમાં મોકલી આપવા વિનંતી. તદ્દન ખરા જવાબો મોકલનારનાં નામ જુલાઈ-૨૦૧૬ના અંકમાં પ્રસારિત કરવામાં આવશે.*

સુડોકુ ભરનારનું નામ : ____________________

સરનામું : ____________________

____________________ ફોન/મોબાઈલ : ____________________

### ક્રમાંક - ૧૦૭૩

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | 3 | 1 | | |
| 7 | 3 | | 2 | | 9 | | | 6 |
| 8 | | | 7 | | | | 2 | 4 |
| | | 5 | | 1 | | 8 | | |
| | | 3 | 6 | | 4 | 7 | | |
| | | 4 | | | | 6 | | |
| 6 | 9 | | | | 2 | | | 5 |
| 3 | | | 1 | | 5 | | 6 | 7 |
| | | 2 | 4 | | | | | |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | 7 | 9 | | | 4 | 5 | | |
| 3 | | | 9 | | | | | 6 |
| | | 6 | | 8 | | 3 | 2 | |
| 7 | 3 | | | | | | | |
| | | 4 | 1 | 2 | 8 | 7 | | |
| | | | | | 9 | | 6 | 4 |
| | 4 | 7 | | 9 | | 6 | 5 | |
| 6 | | | | | 7 | | | |
| | | 1 | 4 | | | | 8 | |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | 4 | 2 | | | 8 | 3 | 7 | |
| | 5 | 6 | | 4 | | | 2 | |
| | | | 6 | | | | 5 | |
| 4 | | 5 | | 2 | | | | 3 |
| 2 | | | 3 | | 7 | | | 9 |
| 1 | | | | 8 | | | | 5 |
| | 2 | | | | 1 | | | |
| | 1 | 3 | | 6 | | 5 | 9 | |
| | 7 | | 8 | | | | 1 | |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | 6 | 9 | | | | | 8 | 7 |
| 7 | | 8 | 3 | 4 | | | | |
| | | | 6 | | | 5 | 3 | |
| | | 7 | | 2 | 5 | 9 | 6 | |
| 5 | 9 | | | | | | 2 | 4 |
| | 2 | 1 | 9 | 3 | | 7 | | |
| | 7 | 5 | | | 1 | | | |
| | | | | 6 | 4 | 1 | | 2 |
| 6 | 1 | | | | | 8 | 9 | |

### ઉકેલ : ક્રમાંક - ૧૦૭૨

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 2 | 1 | 3 | 9 | 7 | 6 | 4 | 5 | 8 |
| 5 | 9 | 6 | 4 | 8 | 1 | 2 | 3 | 7 |
| 7 | 8 | 4 | 3 | 5 | 2 | 1 | 9 | 6 |
| 3 | 5 | 2 | 6 | 1 | 9 | 7 | 8 | 4 |
| 8 | 6 | 7 | 2 | 4 | 5 | 3 | 1 | 9 |
| 9 | 4 | 1 | 7 | 3 | 8 | 5 | 6 | 2 |
| 1 | 2 | 8 | 5 | 9 | 4 | 6 | 7 | 3 |
| 6 | 7 | 9 | 1 | 2 | 3 | 8 | 4 | 5 |
| 4 | 3 | 5 | 8 | 6 | 7 | 9 | 2 | 1 |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 4 | 2 | 8 | 1 | 7 | 3 | 6 | 5 | 9 |
| 6 | 7 | 5 | 9 | 4 | 2 | 3 | 8 | 1 |
| 1 | 3 | 9 | 5 | 6 | 8 | 4 | 7 | 2 |
| 3 | 9 | 1 | 2 | 8 | 5 | 7 | 4 | 6 |
| 2 | 8 | 4 | 7 | 1 | 6 | 9 | 3 | 5 |
| 7 | 5 | 6 | 4 | 3 | 9 | 1 | 2 | 8 |
| 9 | 6 | 3 | 8 | 2 | 7 | 5 | 1 | 4 |
| 8 | 4 | 7 | 6 | 5 | 1 | 2 | 9 | 3 |
| 5 | 1 | 2 | 3 | 9 | 4 | 8 | 6 | 7 |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 7 | 3 | 6 | 8 | 4 | 9 | 1 | 2 | 5 |
| 9 | 2 | 4 | 1 | 3 | 5 | 7 | 8 | 6 |
| 1 | 5 | 8 | 6 | 7 | 2 | 4 | 3 | 9 |
| 8 | 7 | 2 | 3 | 6 | 1 | 9 | 5 | 4 |
| 5 | 9 | 3 | 4 | 2 | 7 | 6 | 1 | 8 |
| 6 | 4 | 1 | 5 | 9 | 8 | 2 | 7 | 3 |
| 2 | 6 | 5 | 7 | 8 | 4 | 3 | 9 | 1 |
| 4 | 1 | 7 | 9 | 5 | 3 | 8 | 6 | 2 |
| 3 | 8 | 9 | 2 | 1 | 6 | 5 | 4 | 7 |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 9 | 6 | 1 | 5 | 7 | 4 | 3 | 2 | 8 |
| 4 | 3 | 8 | 2 | 6 | 1 | 7 | 9 | 5 |
| 7 | 5 | 2 | 8 | 9 | 3 | 6 | 4 | 1 |
| 8 | 9 | 3 | 6 | 2 | 7 | 5 | 1 | 4 |
| 1 | 7 | 4 | 3 | 8 | 5 | 9 | 6 | 2 |
| 6 | 2 | 5 | 1 | 4 | 9 | 8 | 7 | 3 |
| 2 | 8 | 9 | 4 | 5 | 6 | 1 | 3 | 7 |
| 5 | 1 | 7 | 9 | 3 | 2 | 4 | 8 | 6 |
| 3 | 4 | 6 | 7 | 1 | 8 | 2 | 5 | 9 |

Nano 9™
Insulated Stainless Steelware
Mfg by:
Shree Balaji Metal Industries, Vasai
www. ninemetal.com | ninemetal@gmail.com
Ahmedabad Authorised Distributor :- Shahil Marketing - 9426177138
Mumbai Authorised distributor : Vasant Marketing - 9820672501 , K K Associates - 9323404736

## જખૌજા : જશનામી માડુ.....

**સ્વ. શ્રી પદમશી ખેતશી પટેલ (ધરમશી) - જખૌ**

સ્વતંત્રતાજો સચ્ચો સ્વયંસેવક, પદમશી ખેતશી પટેલ,
ચડવડ ટાણે ઓચિંધો બોમ ફોટો, જલાણાં પદમશી પટેલ
ક્રાંતિકારીજી માહિતી ગિનેલા, પોલિસેં ક્યોં સજા આકરી
હાજા ગગડીવ્યા પટેલજા, પણ ન ખોલેં પિંઢજી જીભડી
વતનલા ફના થેલા પાંજી કોમજા વા, હેળા નવજવાન
હેળે વતન પ્રેમી પટેલકે સજી કોમ વતી રશ્મિનજા પ્રણામ.

**પત્રકાર શ્રી કેસરસિંહ આણંદજી નથુભાઈ ખોના - જખૌ**

વ્યાપારજે તંત્રી વિભાગમેં, થૈ વિનમ્ર પત્રકાર
ગુજરાતી પત્રકારજી સંઘ કારોબારીમેં ચુંટાઈને જવાબદારી ગિણા જોરધાર.

**શ્રી મુકેશભાઈ વીરચંદ જેઠાઈ મૈશેરી - જખૌ - થાણા**

જખૌજો જભરો જુવાન નાતમેં પેલો હિમાલય તેં ચડ્યો,
ચડધો વ્યો વધધો વ્યો છવી હજાર ફૂટતેં પુજી વ્યો
એવરેસ્ટ ચોટી છુતેજી ઈચ્છા લાલબત્તી તોફાન નડ્યો
પાછો ઓતર્યો કોમકે પર્વતારોહણ વીર મિલ્યો
ઈ અંઈ મુકેશ મૈશેરી એટોમિક એનર્જીજા વિજ્ઞાન શાસ્તરી
ઉંચા વિચાર ઉંચી ગાલીયું, ને જીંદગી-જીવેમેં પણ માસ્તરી.

**સ્વ. શ્રી પાસુભાઈ નરપાર ખોના - જખૌ**

જખૌજા સેવાભાવી પાસુભાઈ નરપાર ખોના
ક.દે.ઓ. જૈન સામયિક કમિટીજા પ્રમુખ થૈ, વડો કઢ્યાં નાં.

**શ્રી પદમશી દામજી ખોના - જખૌ - સાયન**

નાતમેં પેલા સોલીસીટર થ્યા, પદમશી દામજી ખોના
ગૌરવ વધાર્યા નાતજો, દીપાયાં નાતને પિંઢજો નાં.

**સ્વ. શ્રી વાલજી લખમશી શિયાડ - જખૌ**

વાલજી લખમશી શિયાડ, ઈ પણ થૈવ્યા નામી નાટ્યકાર
નાટક ભજવ્યાં પૂરા ભાવથી, જેંમેં લગી ન વાર
ઈનીજી ભાવ અદાકે ન્યારીને, માડું થીંધાવા છક
ફીરી કેર મિલધો ન્યારેલા, તેંજી નેરીંધાવા તક.

**શ્રી હીરાચંદ ટોકરશી ખોના - જખૌ - ઘાટકોપર**

હીરાચંદભાઈ ખોનાતેં વિદ્યાદેવી પ્રસન્ન થ્યા ભણાયમેં શ્રેષ્ઠ શિક્ષક
**BA (Hon.) STCTD** વી ડિગ્રી થ્યા ઉપઆચાર્ય વિદ્યાજા ચાહક
તેંત્રી વરેથી લગાતાર ભણાયાં અંગ્રેજીને ઈતિહાસ
મોતી પચાણ માનવ મંદિરને રામજી આસરમેં કરાયાં વિદ્યાભ્યાસ
ભણ્યા ગણ્યા આંગ્યાંનું જુકો ઈ પ્રગતિ પંથે હિતેને પરદેશ
ધજ જીજા હીરાચંદભાઈ ઈજ આંકે રશ્મિનજો સંદેશ.

*રશ્મિન ખોનાનો કાવ્ય સંગ્રહ*
*"ધન્ય! દશેંજી નાત ભાગ-૧"માંથી સાભાર*


# JETHABHAI DOONGARSHI TRANSPORT CO.

# J. D. LOGISTICS



**H.O. :** 708/18, Bhavani Peth, Near Gurunanak Telephone Exchange, Pune-411 402.
Tel. : (020) 26434611 / 08425818000 ● Fax : (020) 26434525 ● E-mail : jdtcompany@gmail.com

**Admn. O. :** 313/315, Narshi Natha Street, Khajurwala Chamber, Masjid Buunder, Mumbai-400 009.
Tel. : (022) 23426818, 23400597 ● Fax : (022) 23451950 ● E-mail : jdadmnoff@yahoo.co.in

***DAILY PARCEL & FULL TRUCK LOAD SERVICES***
***FROM MUMBAI & GUJARAT TO PUNE & SOLAPUR AND RETURN***

**MUMBAI OFFICE**

| | |
|---|---|
| ANDHERI | 09323963410 |
| BHAT BAZAR | 09323963409 |
| BHIWANDI | 08425818022 |
| VASAI | 09323320952 |
| VASHI | 08425818023 |
| TARAPORE | 09322407169 |
| ULHASNAGAR | 09324495236 |
| BHAYANDER | 09820283922 |

**PUNE & OTHER MAHARASHTRA OFFICE**

| | |
|---|---|
| PUNE (BOOKING) | 08425818009 |
| PUNE (DELIVERY) | 08425818012-16 |
| CHINCHWAD | 08425818011 |
| WAGHOLI | 08425818020 |
| FURSUNGI | 08425818014 |
| TALEGAON | 08425818021 |
| SOLAPUR | 08425818030 |
| KOLHAPUR | 08425818027 |

**GUJARAT OFFICE**

| | |
|---|---|
| AHMEDABAD | 08866858858 |
| SURAT | 09377763408 |
| VAPI | 09377763409 |
| RAJKOT | 09327774777 |

**UTTAR PRADESH OFFICE**

| | |
|---|---|
| VARANASHI | 09336939327 |
| VARANASHI | 0542-2454585 |
| MAUNATH BHANJAN | 09335015165 |



**સંકલન : દિનેશચંદ્ર જગજીવન શાહ**

★ તાજેતરમાં એન્કરવાલા અહિંસાધામ ખાતે ગાયના પેટમાંથી ઑપરેશન દ્વારા પ્લાસ્ટિકની થેલી, પાઉચ, લોખંડના ખિલા-ખિલ્લી, સેન્ટ્રિંગ વાયર અને અન્ય લોખંડના ભંગારનો ૩૧ કિલો જેટલો જથ્થો વેટરનિટી ડૉ. ગુરપ્રીત કૌર મેહરા અને ડૉ. લોકેશની ટીમે બે કલાકની જહેમતે બહાર કાઢ્યો હતો.

★ **કચ્છનો સામાજિક વિકાસ :** તાજેતરમાં કચ્છ ભદ્રેશ્વર ખાતે યુસુફ મહેરઅલી કચ્છ સેન્ટર, રાષ્ટ્ર સેવાદળ, નવનિર્માણ, અભિયાન અને ગ્રામ પંચાયત દ્વારા આયોજિત વિચાર સંગોષ્ઠીમાં ડૉ. જી.જી. પરીખે સંબોધિત કરતાં જણાવેલ કે ભૂકંપના પંદર વર્ષ બાદ કચ્છનો સામાજિક વિકાસ સમાધાનકારક નથી થયો. ઔદ્યોગિકીકરણના લીધે શહેરીકરણનો વિસ્તાર થયો. પરંતુ ગામડાંઓની સમસ્યાઓ હલ નથી થઈ. આ બાબતે આ મંચ પરથી લીલાધરભાઈ ગડા, સંદીપભાઈ વિરમાણી, લાલભાઈ રાંભિયા જેવા તજજ્ઞોએ પોતપોતાના મંતવ્યો રજૂ કર્યા હતા.

★ **કચ્છમાં ફિઝિયોથેરાપી કોલેજ :** ભુજમાં ચાલતી ચાણક્ય ઍકેડેમિના વાર્ષિક દિને સંસ્થાના મેનેજિંગ ટ્રસ્ટી અને રાપર વિભાગના ધારાસભ્ય પંકજ મહેતાએ કચ્છમાં ફિઝિયોથેરાપી કૉલેજમાં જરૂરિયાત હોતાં આવતા વર્ષે તે કૉલેજ શરૂ કરવાની જાહેરાત કરી હતી.

★ **કચ્છ નર્મદા કેનાલ :** નર્મદા કેનાલની કચ્છ તેમજ સૌરાષ્ટ્ર શાખાના બાંધકામ અંગે દેશની સર્વોચ્ચ સંસ્થા કોમ્પ્ટ્રોલર એન્ડ ઑડિટર જનરલ (કેગ)એ જણાવેલ કે બાંધકામની યોગ્ય મંજૂરી વિનાનું કામ વિલંબનું કારણ બનેલ છે. કચ્છમાં ભચાઉ વિસ્તારમાં ૩૪૫ કરોડના અંદાજિત ખર્ચ સાથે જે કેનાલનું બાંધકામ કરવાનું હતું તેની ૨૦૩ હેક્ટર જમીન ભુજ કલેક્ટરે નર્મદા નિગમને હસ્તાંતર કરી હતી. પરંતુ કામ શરૂ થયું ત્યાં કચ્છ પૂર્વ વિભાગના નાયબ વનસંરક્ષકે તે બંધ કરાવ્યું કારણકે ૨૪ કિ.મી. જમીન અભયારણ્યમાંથી પસાર થતી હતી. જે માટે જરૂરી મંજૂરી મેળવવી અનિવાર્ય હતી. ઉપરાંત સુપ્રીમ કોર્ટની પણ મંજૂરી મેળવેલ ન હોતાં બાંધકામમાં વિલંબ થયેલ છે.

★ **રેલવે વિશેષ ટ્રેન :** પશ્ચિમ રેલવેએ ઉનાળુ વેકેશન દરમિયાન ૬ એપ્રિલથી ૩૦ જૂન સુધી બાંદ્રા - ગાંધીધામ સાપ્તાહિક સુપરફાસ્ટ વિશેષ ટ્રેન દોડાવવાની જાહેરાત કરી છે. આ ટ્રેન બાંદ્રાથી દર ગુરુવારે સાંજે ૪ વાગે ઉપડી બીજા દિવસે સવારે ૫.૫૫ કલાકે ગાંધીધામ પહોંચશે. જ્યારે ગાંધીધામથી આ ટ્રેન દર બુધવારે રાત્રે ૧૦.૦૫ વાગે ઉપડી બીજા દિવસે બપોરે ૧૧.૦૫ વાગે બાંદ્રા પહોંચશે. આ ટ્રેનનું બુકિંગ ૧લી એપ્રિલથી શરૂ થઈ ગયેલ છે.

★ **રેલવે હોલીડે સ્પેશિયલ :** કચ્છથી દક્ષિણ ભારત તરફના મુસાફરોનો ધસારો પહોંચી વળવા પશ્ચિમ રેલવે પ્રશાસન દ્વારા ગાંધીધામ - તિરૂવનવેલી વચ્ચે એપ્રિલ મહિનામાં ૧૧-૪ અને ૧૪-૪ તથા મે મહિનામાં ૨૩-૫ અને ૩૦-૫ તેમજ જૂન મહિનામાં ૬-૬ના રોજ બપોરના ૨.૦૦ વાગે ગાંધીધામથી રવાના થશે. વળતા તિરૂવનવેલીથી એપ્રિલ મહિનામાં ૧૪-૪ અને ૨૧-૪; મે મહિનામાં ૨૬-૫ તથા જૂનમાં ૨-૬ અને ૯-૬ના રોજ સવારના ૭.૫૫ કલાકે ગાંધીધામ જવા રવાના થશે. આ ટ્રેન કુલ ૨૪૨૧ કિલોમીટરનું અંતર કાપશે.

★ **કચ્છની કમાઉ આર.ટી.ઓ. કચેરી :** ભુજ તથા ગાંધીધામની આર.ટી.ઓ. કચેરીઓની નાણાંકીય વર્ષ ૨૦૧૫-૧૬માં ૧૯૯.૩૦ કરોડ રૂપિયાની આવક થયેલ છે. આમ કચ્છની આર.ટી.ઓ. કચેરીએ સતત છઠ્ઠા વર્ષે રાજ્યમાં ‘અબજપતિ’ આર.ટી.ઓ.નું સ્થાન મેળવ્યું છે.

★ **કચ્છમાં ખનિજ ઉત્ખનન :** કચ્છ જિલ્લામાં ૧૮ જાતના ખનિજ ઉત્ખનન કરવા માટે નાના મોટા ૭૦૦ એકમો કાર્યરત છે. જેનું વાર્ષિક ટર્નઓવર રૂપિયા ૭૦૦૦ કરોડને પાર કરી જાય છે. કચ્છમાં ખનિજ આધારીત નાના મોટા અનેક ઉદ્યોગ એકમો પણ વિકસ્યા છે જેમકે લખતર તાલુકાની અખૂટ લિગ્નાઈટ સંપત્તિ, અબડાસામાં લાઈમ સ્ટોન જેના કારણે ત્રણ મહાકાય સિમેન્ટ એકમો જેવા કે અલ્ટ્રાટેક, સાંઘી અને એ.બી.જી. જેવા સિમેન્ટ ઉદ્યોગો ધમધમે છે. આ ૭૦૦ એકમોમાં ચાઈના ક્લેના ૪૦૦ એકમો તથા બેન્ટોનાઈટના ૨૦૦ એકમો છે. આમ જુદા જુદા પ્રકારના ખનિજોનું રોજની ૬ હજાર ટ્રકો દ્વારા પરિવહન દેશભરમાં થાય છે. આમ ખનિજ ઉત્ખનના દ્વારા ટ્રાન્સપોર્ટ તથા અન્ય રોજગાર દ્વારા હજારો લોકોને આજીવિકા મળી રહે છે. જો કે કચ્છમાં ખનિજની લીઝ સરકારી ચોપડે ૯૨૨ છે પણ અધ્ધરતાલ તેનાથી પણ વધુ છે.

★ **કચ્છનો સંગ્રહિત સાહિત્ય વારસો :** ભૂકંપમાં જર્જરિત થયેલ પ્રાગમહેલ પાસે ૮૦થી ૧૫૦ વર્ષ પહેલાના પુસ્તકો, ફોટાઓ, નકશાઓ સહિતની અત્યંત મહત્વપૂર્ણ સામગ્રીને સાચવીને ગ્રંથ સંગ્રહાલય, અભિલેખાગાર ઊભું કરાયેલ છે. જે માટે મૂળ ભાવનગરના અને લાંબા સમયથી કચ્છને

કર્મભૂમિ બનાવનાર આર્કાઇસ્ટ દલપતભાઈ દાણીધારિયા મહેનત કરી રહ્યા છે. આ ગ્રંથોનો અભ્યાસ કરતાં કચ્છનં સંગ્રહિત સાહિત્ય પર દળદાર શોધનિબંધ લખી શકાય તેમ છે.

★ **નિરાણ માટે ઘાસચારો :** માંડવી શહેર આસપાસ તથા પશ્ચિમ કચ્છમાં ગૌમાતાને ઉગારવા કાજે માંડવી ચેમ્બર ઑફ કોમર્સે ૬,૫૧,૦૦૦/-નું દાન જાહેર કરેલ. ઉપરાંત રૂા. ૫૦,૦૦,૦૦૦/-ના દાનની ટહેલ નાખી હતી. આ ચેમ્બરે ૫,૦૦૦ જેટલી ગાયોને ૧૫ પાંજરાપોળોમાં રૂા. ૪૦ લાખના ખર્ચે ૧૦૧ દિવસ સુધી લીલા ચારાનું નીરણનું આયોજન કરેલ હતું.

★ **અદ્‌ભુત શિવભક્તિ :** ન માન્યામાં આવે તેવું દૃશ્ય રોજ સાંજ પડે ને કચ્છના નાના રેહા ગામે સર્જાય છે. આ ગામે નવનિર્માણ પામતાં શિવાલય મંદિરે સંધ્યા આરતીના સમયે એક ગાય અચૂક આવી શિવાનંદ મેળવે છે. આ ગાય જ્યારથી વાછરડી હતી ત્યારથી સંધ્યાઆરતી સમયે ગાયોના ધણમાંથી કે માલિકની વાડીએથી એકલી અચૂક શિવમંદિરે પહોંચી જાય છે. આમ ગમે તે ઋતુમાં પણ તે પોતાનો નિયમ પાળે છે.

★ **કચ્છના શિક્ષણ જગતમાં નવું પ્રકરણ :** ગુજરાત રાજ્યની સાથોસાથ કચ્છના શિક્ષણ જગતમાં ધોરણ-૯ થી ૧૨ની કન્યાઓને તદ્દન વિનામૂલ્યે રહેવા જમવાની સુવિધા ધરાવતી હોસ્ટેલ શરૂ કરવામાં આવશે. ઉપરાંત ધોરણ-૬ થી ૧૧ની બાળાઓને વિનામૂલ્યે શિક્ષણની સુવિધા કચ્છના સાત તાલુકામાં મોડેલ સ્કૂલ દ્વારા આપવામાં આવશે. કચ્છમાં ભુજ તાલુકાના માધાપર, લખપતના દયાપર ઉપરાંત અંજાર, ગાંધીધામ, નલિયા, ભચાઉ તેમજ રાપર તાલુકામાં મળીને કુલ સાત ગર્લ્સ હોસ્ટેલ તથા સ્કૂલ જૂન ૨૦૧૬થી ધમધમતી થશે. આથી શૈક્ષણિક પછાત પરિવારોની દીકરીઓ શિક્ષણથી વંચિત ના રહે તેવો ઉમદા હેતુ સિધ્ધ થશે.

★ **કચ્છના ૩૦૧ ગામો અર્ધઅછત જાહેર :** વખતોવખત દુષ્કાલથી પીડિત કચ્છ જિલ્લાને માંડવી - મુંદ્રા વિભાગના ધારાસભ્ય અને રાજ્યમંત્રી તારાચંદ છેડાના પ્રયાસો થકી ‘અછત મેન્યુઅલ’માં સુધારા કરાવી કચ્છના ૩૦૧ ગામોને રાજ્ય સરકાર પાસે અર્ધઅછત તરીકે જાહેર કરાવેલ છે. તેમણે આ બાબતે મુખ્યપ્રધાનશ્રી, સંબંધિત મંત્રીઓ, સચિવ સમક્ષ સચોટ રજુઆત કરી હતી. આ અર્ધઅછત ૩૦૧ ગામોમાં પીવાના પાણી અંગે ટેન્કરની વ્યવસ્થા તેમજ પશુદીઠ રૂા. ૨૫/-ની સબસીડી અને ઘાસચારો ૨ રૂપિયે કિલો અપાશે.

★ **કચ્છની યુવતી લશ્કરમાં લેફ્ટનન્ટ બની :** છેલ્લા ૫૦ વર્ષથી કચ્છને માદરે વતન બનાવનાર પૂર્વ લશ્કરી સૈનિક ખેમચંદ શેખાવતની દીકરી જ્યોતિ શેખાવતને ૧૨ માર્ચના રોજ લશ્કરી જનરલની ઉપસ્થિતિમાં યોજાયેલ પાસિંગ આઉટ પરેડમાં લેફ્ટનન્સની પદવી એનાયત કરવામાં આવી હતી.

★ **કોમ્પ્યુટર બતાવશે મૃત્યુ તારીખ :** બ્રિટનની ઇસ્ટ એંગલિયા ટીમ સ્વાસ્થ્યથી જોડાયેલા આંકડાઓના અભ્યાસથી એવી યુક્તિ વિકસાવવા પર કામ કરી રહી છે. આ સંશોધન ટીમ જીવનશૈલી અને બીમારીથી જોડાયેલ આંકડાઓને એકત્ર કરી ઉંમરના અંદાજની જાણકારી આપી શકશે. જેથી વ્યક્તિ પોતાનો સમય અને પૈસા વધુ સમજદારીપૂર્વક ખર્ચી શકે.

★ **કચ્છમાં પાણીની પરિસ્થિતિ :** કચ્છમાં નાની સિંચાઈના ૧૭૫ જેટલા ડૅમોમાંથી ૧૬૦ જેટલા ડૅમ - તળાવો શિયાળાના અંત પૂર્વે જ સૂકા ભઠ્ઠ થઈ ગયા છે. તો મધ્યમ સિંચાઈના ૮ જેટલા ડૅમોમાં ૧૧ ટકા જ પાણી બચ્યું છે. અન્ય સાતેક ડૅમોમાં ૩૦ ટકા જેટલું જળ,જે કેનાલથી નીચે ઉતરી જવાથી પશુ પક્ષીઓને ખપ લાગે તેવું ચિત્ર તાદશ્ય થાય છે. પીવાના પાણી તરીકે ઉપયોગમાં લેવાતા ટપ્પર ડૅમમાં ૩૭ ટકા જ જળ છે. વાગડમાં નર્મદા નીર થકી ફતેહગઢ અને સુવઈના ડૅમની સ્થિતિ સારી છે. મુંદ્રાના કારાઘોઘા ડૅમમાં ૨૭ ટકા જળ છે. પરંતુ ત્યાં ખેતી ન હોવાથી સિંચાઈ માટે પાણીની કોઈ માંગ નથી. પાણીના અભાવે કચ્છમાં વાવેતર ૩૨ હજાર હેક્ટર થઈ ગયું છે, જે અડધાથી પણ ઓછું છે.

★ **નખત્રાણામાં ડાયાલિસિસ વિભાગ શરૂ :** પાટીદાર સર્વોદય સેવા સંઘ સંચાલિત દેવાશિષ હોસ્પિટલ નખત્રાણા ખાતે એપ્રિલ માસથી ડાયાલિસિસ વિભાગ શરૂ કરવામાં આવેલ છે. ડાયાલિસિસની સારવાર માટે પશ્ચિમ કચ્છના દર્દીઓને ભુજ સુધી લાંબું નહીં થવું પડે. રૂપિયા ૨૦ લાખના ખર્ચે ડાયાલિસિસ માટે નવો વિભાગ શરૂ થઈ જશે. તદુપરાંત આ હોસ્પિટલમાં સોનોગ્રાફી તેમજ ડિજિટલ એક્સ-રે ની પણ સુવિધા છે.

★ **કચ્છ પર્યટન સ્થળ વિકાસ યોજના :** કચ્છ જિલ્લામાં છેલ્લા દાયકામાં દેશ-વિદેશના પર્યટકોની સંખ્યા વધતી જ જાય છે. કચ્છના કુદરતી વિરાસત સમા એકમાત્ર સફેદ રણની ભેટ મળેલ છે. ઉપરાંત હડપ્પન સંસ્કૃતિનો વારસો કચ્છના ધોળાવીરા ખાતે મળેલ છે. તેવી રીતે અંજાર શહેરમાં આવેલ જેસલ તોરલની સમાધિ, એક વખતની જાહોજલાલી દર્શાવતો લખપતનો કિલ્લો, માંડવીનો સાગરકાંઠો, માતાના મઢ વગેરે પ્રવાસન સ્થળોને વિકસાવવા સરકારશ્રી તરફથી રૂપિયા ૨૫ કરોડની ગ્રાન્ટ મંજૂર થયેલ છે. જેની સૈધ્ધાંતિક મંજૂરી પણ મળી ગયેલ છે. તેવી માહિતી જિલ્લા કલેક્ટર મહેન્દ્ર પટેલે આપી હતી. ■

## સમાજ દર્પણ

### સરનામા ફેરફાર

- **હિતેશ લક્ષ્મીચંદ શાહ**
  ૯૦૨, કલા સ્ક્વેર, કર્ણાવતી પગરખા બજાર પાસે,
  સુવિધા ચાર રસ્તા, પાલડી,
  અમદાવાદ-૩૮૦ ૦૦૭.
- **અરવિંદ અમૃતલાલ શાહ (મૈશેરી)**
  ૨૬, મહાવીર નગર સોસાયટી,
  સુજ્ઞાન સ્કૂલ પાસે, વિરાટનગર, ઓઢવ,
  અમદાવાદ-૩૮૨ ૪૧૫.
- **નલીન દામજી શાહ (મોમાયા)**
  એ-૫૦૨, નરોડા પ્રાઈડ, પદ્માવતી સોસાયટી પાસે,
  નરોડા - નિકોલ રોડ, નરોડા,
  અમદાવાદ-૩૮૨ ૩૩૦.

### શરણાઈ

- **રવિવાર, તા. ૧૭-૪-૨૦૧૬**
  **ચિ. જય ખુશાલ મગનલાલ ગડા (નાના ભાડિયા - અમદાવાદ)**
  **ચિ. ઇશા વિમલભાઈ શાહ (ધોરાજી - કલકત્તા)**

## સાભાર સ્વીકાર

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની*
*વિવિધ સેવાકીય યોજનાઓ માટે*
*નીચે મુજબ દાતાશ્રીઓ તરફથી દાન / ભેટ પ્રાપ્ત થયેલ છે.*

### વયસ્ક સમિતિ ખાતે

રૂા. ૧૧,૦૦૦/- શ્રીમતી ભદ્રાબા વાઘેલા - અમદાવાદ
રૂા. ૫,૦૦૦/- એક સદ્‌ગૃહસ્થ - અમદાવાદ
રૂા. ૨,૦૦૦/- શ્રી નવીનચંદ્ર વાડીલાલ મહેતા - અમદાવાદ

### તબીબી સહાય ખાતે

રૂા. ૨૫,૦૦૦/- શ્રીમતી અરુણાબેન અશ્વિનકુમાર શાહ - અમદાવાદ તરફથી સ્વ. પિતાશ્રી ગજેન્દ્રભાઈ હીરાચંદ ગોરજીની જન્મ શતાબ્દી નિમિત્તે
રૂા. ૨,૦૦૦/- શ્રીમતી જ્યોત્સનાબેન પી. વ્યાસ
રૂા. ૫૦૦/- શ્રી નટવરભાઈ ધીરુભાઈ પટેલ
રૂા. ૫૦૦/- શ્રી કુમારપાળ અંબાલાલ શાહ

### 'મંગલ મંદિર' ભેટ ખાતે

રૂા. ૫૦૦/- શ્રી ખુશાલ મગનલાલ ગડા

### શ્રી જલારામ અન્નક્ષેત્ર ખાતે

રૂા. ૨,૦૦૦/- માતુશ્રી ખેતબાઈ કેશવજી નાગડાની પ્રથમ પુણ્યતિથિ નિમિત્તે. હ. ગુલાબચંદ કેશવજી નાગડા
રૂા. ૫૦૦/- માનવંતીબેન ખેતશી ગાંધી - મુંદ્રા

*સંસ્થા ઉપરોક્ત તમામ દાતાશ્રીઓનો ખૂબ ખૂબ આભાર માને છે.*

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ** *સંચાલિત*
**શ્રી ધીરજલાલ ટોકરશી કાપડિયા ડાયાલિસિસ સેન્ટર માટે**
**નીચે મુજબ દાતાશ્રીઓ તરફથી અનુદાન પ્રાપ્ત થયેલ છે.**

**રૂા. ૧,૧૧,૧૧૧/- (કાયમી તિથિ) ડૉ. લતા પ્રવીણભાઈ શાહ (યુ.કે.) તરફથી સ્વ. પિતાશ્રી ગજેન્દ્રભાઈ હીરાચંદ ગોરજીની જન્મ શતાબ્દી નિમિત્તે**

**રૂા. ૧,૧૧,૦૦૦/- (કાયમી તિથિ) સીમ્સ હોસ્પિટલ પ્રા.લિ. - અમદાવાદ**

**રૂા. ૧,૧૧,૦૦૦/- (કાયમી તિથિ) ફેન કિન ડેવલપર્સ એલ.એલ.પી. (થાણે - મુંબઈ) હ. શ્રી દીપકભાઈ ધારશીભાઈ ભેદા**

**રૂા. ૨૫,૦૦૦/- લાયન્સ ક્લબ ઓફ બોમ્બે - વિલેપાર્લે (વેસ્ટ) હ. શ્રી અજિતભાઈ મોતા**

*સંસ્થા ઉપરોક્ત તમામ અનુદાનનો સહર્ષ સ્વીકાર કરીને દાતાશ્રીઓનો ખૂબ ખૂબ આભાર માને છે.*

# શિક્ષણ અને સર્વાંગી વિકાસ સમિતિ

## કેરીયર ગાઈડન્સની શિબિર અંગેનો અહેવાલ

### માનવામાં ન આવે તેવી વાત – સવારે ૮ થી રાતે ૮ : ધોરણ-૧૦ના વિદ્યાર્થીઓ માટે વર્કશોપ

૨૦૧૪માં ત્રણ દિવસ, ૨૦૧૫માં ૫ દિવસ અને આ વર્ષે ૨૦૧૬માં ૭ દિવસનો વર્કશોપ અને તે પણ સવારે ૮થી રાતે ૮ – જેમાં કોઈક દિવસ તો ૮.૩૦ વાગ્યા સુધી ધોરણ-૧૦ની વર્કશોપમાં સ્ટુડન્ટ્સ એક્ઝામ પૂરી થયા પછી બેસે – માનવામાં ના આવે તેવી વાત છે ને? પણ આ વાત કચ્છી જૈન સમાજે સાબિત કરી છે અને પુરવાર કરી આપ્યું છે કે નિષ્ઠાથી કરેલું કામ સારા પરિણામ આપે જ છે.

આ વર્ષે સતત ત્રીજી વખત કચ્છી જૈન સમાજે સમાજના અને અન્ય સમાજનાં ધોરણ-૧૦ના વિદ્યાર્થીઓ માટે કરિયર ગાઈડન્સનું સફળતાપૂર્વક આયોજન તારીખ ૪ એપ્રિલથી ૧૦ એપ્રિલ સુધી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે કર્યું.

આ વર્કશોપના મુખ્ય ત્રણ હેતુ હતા : (૧) વિદ્યાર્થીઓને અલગ અલગ કરિયર અંગે માર્ગદર્શન આપવું, (૨) અમદાવાદની આસપાસ આવેલી જાણીતા એજ્યુકેશન કેમ્પસની મુલાકાત લેવી અને (૩) વિદ્યાર્થીઓનો વ્યક્તિગત વિકાસ થાય તેવી પ્રવૃત્તિ કરાવવી.

પહેલા હેતુના સંદર્ભમાં વાત કરીએ તો આ ૨૦૧૬નાં વર્કશોપમાં કરિયરનો નિર્ણય કેવી રીતે લેવો જોઈએ તેના પર વાત અને સાયન્સ – તેમાં પણ ગ્રુપ અને ગ્રુપની પસંદગી પછી બનતા વિવિધ વિકલ્પની સમજ આપવામાં આવી. આ ઉપરાંત આર્ટસ, એનિમેશન, પ્રોફેશનલ કોર્સિસ, લૉ અને એન્જિનિયરિંગની વિવિધ બ્રાંચની પણ સમજ આપવામાં આવી. તો બીજી બાજું, આઈ.આઈ.ટી. જેવી એન્જિનિયરિંગ સંસ્થા માટેની એન્ટ્રન્સ એક્ઝામની અને સિવિલ સર્વિસીસ – એન્ટ્રન્સ માટે પણ વાત કરવામાં આવી.

આ સિવાય એક અલગ પ્રયોગ તરીકે વિદ્યાર્થીઓને બિઝનેસ અને રેડિયો જોકીની લાઈફ અને ક્વોલિટી વિષે પણ ખ્યાલ આપવામાં આવ્યો.

વર્કશોપમાં કરિયર પર ફોકસ હતું પણ આ વિદ્યાર્થીઓ સવારે સૌથી પહેલાં ઈશ્વરની સાથે સંવાદ કરવા પ્રાર્થના કરતા અને નાસ્તો કરી ફિટનેસ માટેના પણ ક્લાસ ઍટેન્ડ કરતા – જેમાં તેઓ ફિટનેસની અગત્યતા – ફૂડ હેબિટ અને લાફિંગની વેલ્યુ સમજ્યા.

દરરોજ બપોરે લંચ લઈને તેમને અલગ અલગ વિઝીટમાં જવાનું થતું – જેમાં આ ધોરણ-૧૦ના વિદ્યાર્થીઓ અલગ અલગ ઈન્સ્ટિટ્યૂટમાં જઈ આવ્યા જેમકે પહેલા દિવસે IIMની વિઝીટ. જેમાં પ્રદીપ મહેતા વિદ્યાર્થીઓની સાથે ગયા હતા. બીજા દિવસે NIDની વિઝીટ. જેમાં પંકજ ગોગરી વિદ્યાર્થીઓની સાથે હતા. ત્રીજા દિવસે PDPU - ગાંધીનગરની વિઝીટ. જેમાં દેવેન છેડા તથા શીતલ છેડા વિદ્યાર્થીઓની સાથે હતા. ચોથા દિવસે CEPTમાં સમાજના રજનીભાઈ પારેખ વિદ્યાર્થીઓની સાથે હતા. શનિવારના રોજ નવનીત પ્રેસની મુલાકાત લીધી. જેમાં દેવેન છેડા તથા પ્રદીપ મહેતા વિદ્યાર્થીઓ સાથે હતા. અને ત્યાંનું વાતાવરણ કેવું છે, ત્યાં કેવા સ્ટડી પ્રોગ્રામ ચાલે છે અને ભવિષ્યમાં ત્યાં એડમિશન લેવા માટે કેવી તૈયારી અત્યારથી કરવી પડે તેની સમજ મેળવી. આ ઉપરાંત એક જુદા પ્રયોગ તરીકે નવનીત પ્રેસની મુલાકાત પણ તેમણે લીધી અને કોર્પોરેટ દુનિયાની ઓળખાણ મેળવી.

આ વિદ્યાર્થીઓના વ્યક્તિગત વિકાસ માટે તેમને આત્મવિશ્વાસ વધારવા માટે પબ્લિક સ્પીકિંગ અને નાટકની પ્રાથમિક સમજ આપવામાં આવી. તેમનામાં ક્રિએટીવિટીની સમજ આવે અને પૈસાની ઉપયોગીતા સમજાય તેના માટેના પણ સેશન્સ ગોઠવવામાં આવ્યા અને આ વિદ્યાર્થીઓ અલગ અલગ ક્ષેત્રના ટોપર્સને મળ્યા – જેમકે ટેબલ ટેનિસ – કંપની સેક્રેટરી – રેડિયો જોકી, વગેરે. જે મુલાકાત તેમનો ઉત્સાહ વધારવા અને લાઈફમાં કઈ રીતે જોરદાર કરવું જોઈએ એ માટે બહુ ઉપયોગી સાબિત થઈ.

૭ દિવસના વર્કશોપમાં વોલન્ટીયર તરીકે વિપાંશી દેવેન છેડા તથા વેદાંશી શેલતે પોતાની કામગીરી ખૂબ જ નિષ્ઠાથી નિભાવી હતી.

એકંદરે એમ કહેવાય કે ધોરણ-૧૦ની પરીક્ષા આપેલ વિદ્યાર્થી માટે મૅકડોનાલ્ડની જેમ ટેક અવે માટે ઘણું બધું બ્રેક ફાસ્ટ, લંચ અને ડીનરમાં મળ્યું. પછી તો એ છોકરા છોકરી પર આધાર રાખે છે કે એમાંથી એ કેટલું પચાવે છે અને કેટલી વાતનો એ પોતાની લાઈફમાં ઉપયોગ કરે છે. પણ કચ્છી જૈન સેવા સમાજનો આ પ્રયત્ન અમદાવાદમાં જ નહીં, ગુજરાત અને ભારત દેશ માટે એક નવો ટ્રેન્ડ ઊભો કરનાર છે.

વર્કશોપનો સમાપન કાર્યક્રમ રવિવાર, તા. ૧૦-૪-૨૦૧૬ના રોજ શ્રી શાંતિભાઈ ગાલા (નવનીત)ના અધ્યક્ષ સ્થાને સમાજના પ્રમુખ શ્રી પ્રતાપભાઈ દંડ, મંત્રી શ્રી કે.આર. શાહ અને અન્ય ટ્રસ્ટીઓ તથા કારોબારી સમિતિ અને વિવિધ સમિતિના સભ્યોની હાજરીમાં યોજાયો. જેમાં વર્કશોપમાં ભાગ લીધેલ

વિદ્યાર્થીઓએ નાટક, ડાન્સ વગેરે વિવિધ કાર્યક્રમો દ્વારા મનોરંજન કરાવ્યું હતું. ભાગ લીધેલ દરેક વિદ્યાર્થીને સર્ટીફિકેટ આપવામાં આવેલ. તા. ૧૭-૪-૧૬ના દિવસે વિદ્યાર્થીઓ આ વર્કશોપથી શું શીખ્યા અને હવે આગળ શું કરશે? કેવી રીતે કરશે અને શા માટે કરશે – નું PPT પ્રેઝન્ટેશન આપેલ હતું. આ વર્કશોપનો ખરેખર કેટલો મોટો લાભ મળે છે, તે તેમના આ પ્રેઝન્ટેશન ઉપરથી ખ્યાલ આવે છે.

શિક્ષણ અને સર્વાંગી વિકાસ સમિતિના શ્રી દેવેન છેડા, શ્રી પ્રદીપ મહેતા, શ્રીમતી રશ્મિ ગાલા, શ્રીમતી હાસ્યલતાબેન મહેતા, કુ. દિશા છાડવા પણ આ કાર્યક્રમમાં ઉપસ્થિત હતા. પ્રમુખશ્રીએ જણાવેલ કે આ વર્કશોપ ખૂબ મહેનતનું પરિણામ છે અને તેના માટે સંપૂર્ણ સમિતિની પ્રશંસા કરી હતી અને સમગ્ર વર્કશોપનું સંચાલન કરનાર પ્રો. જયરાજ પંડ્યાનું પણ અભિવાદન કરેલ.

***કરિયર ગાઈડન્સ માટે આવેલ એક્સપર્ટ્સ :***

(૧) પ્રો. રમેશ કટારિયા, (૨) પ્રિ. સિરાલી મહેતા, (૩) પ્રો. દીપક રાસ્તે, (૪) પ્રો. અનીસ ચીનુભાઈ, (૫) પ્રો. રાકેશ બોથરા, (૬) પ્રો. સંદીપ શ્રોફ, (૭) ડૉ. અંકિતા, (૮) શ્રી શાશ્વત શાહ, (૯) પ્રો. જ્વલંત વોરા, (૧૦) ડૉ. સંદીપ શાહ, (૧૧) પ્રો. યુ.વાય. નાણાવટી, (૧૨) પ્રો. ચૈતાલી ચીનુભાઈ.

***પર્સનાલિટી ડેવલપમેન્ટ માટે આવેલ એક્સપર્ટ્સઃ***

(૧) ડૉ. મુકુંદ મહેતા, (૩) શ્રી અનીસ નાગપાલ, (૩) શ્રી રાજુ બારોટ, (૪) શ્રી માધુરી સોલગાંવકર, (૫) શ્રી નમ્રતા, (૬) શ્રી દેવેન છેડા, (૭) શ્રી પન્ના મોમાયા, (૮) શ્રી ભાવિના પટેલ, (૯) શ્રી ખુશ્બુ શાહ, (૧૦) શ્રી વશિષ્ઠ ઠક્કર, (૧૧) શ્રી પ્રફુલ્લ એન્ડ ગ્રુપ.

સમાપન કાર્યક્રમ માટે ટ્રસ્ટી મંડળ, કારોબારી સમિતિના સભ્યોને પણ નિમંત્રણ મોકલાવેલ અને ફોનથી પણ જાણ કરેલ, પણ દુઃખ સાથે કહેવું પડે છે કે સમાજના આ કાર્યકરો ખૂબ જ પાંખી સંખ્યામાં હાજર હતા, જે બાબત યોગ્ય નથી. શિક્ષણને લગતા અને વિદ્યાર્થીઓ માટેના કાર્યક્રમમાં બધાએ સાથ સહકાર આપવો જોઈએ તેવી આશા રાખીએ છીએ.

***એચ. કે. શાહ - કન્વીનર***

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત મેડિકલ સેન્ટરમાં બાળ રોગ વિભાગમાં નીચે પ્રમાણે ડૉક્ટરો મળે છે**

| દિવસ | સમય | ડોક્ટર |
|---|---|---|
| સોમથી શુક્ર | સવારે ૯ થી ૧૦.૩૦ | ડૉ. કૃપેશ શાહ |
| શનિવાર | સવારે ૯ થી ૧૦.૩૦ | ડૉ. પરેશ શાહ |
| સોમથી શનિ | સાંજે ૫ થી ૬.૩૦ | ડૉ. કોશા શેઠ |

## એક મૌલિક વિચાર

### મલ્ટીપલ ઈન્ટેલિજન્સ વર્કશોપ
### બહુઆયામી બુધ્ધિ પ્રતિભાને પિછાણો

☞ *શું આપનું બાળક હંમેશાં અવ્વલ નંબરનું કામ કરે છે?*

☞ *શું આપ આપના બાળકની શક્તિઓને પૂર્ણપણે ઓળખો છો?*

☞ *શું આપ એને હંમેશાં સાચું માર્ગદર્શન આપી શકો છો?*

'હોવર્ડ ગાર્ડનર'ના મત અનુસાર દરેક બાળક આઠ વિભિન્ન પ્રકારની વિદ્વતાઓ સાથે જન્મે છે.

Visual (દૃશ્ય), Logical (તાર્કિક), Musical (સંગીતમય), Linguistic (ભાષાકીય), Bodily kinesthetic (શારીરિક કાઈનેસ્થેટીક), Interpersonal (આંતર વૈયક્તિક), Intrapersonal (પરસ્પર) અને Naturalistic (કુદરતી અથવા સાહજિક).

'Knowing my Child' – 'મારા બાળકને જાણવું છે' – આ વર્કશોપમાં જોડાઓ અને તમારા બાળકની શક્તિ, ક્ષમતા અને વિદ્વતાને ઓળખી એના શ્રેષ્ઠ માર્ગદર્શક બનો. તમારા બાળકનું ભવિષ્ય ઉજ્જવળ કરો.

***DO NOT MISS...***

- ***તારીખ : ૧૯મી જૂન, રવિવાર***
- ***સ્થળ : શ્રી કચ્છી જૈન ભવન, પાલડી, અમદાવાદ.***
- ***સમય : બપોરે ૪.૩૦ વાગ્યાથી.***
- ***ટોકન ચાર્જ : રૂા. ૪૦/-***
- ***સંચાલક : સાઈકોલોજિસ્ટ કુ. દિશા છાડવા***

***કન્વીનર, ઉચ્ચ શિક્ષણ અને સર્વાંગી વિકાસ સમિતિ***

## કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમ

**નીચે જણાવેલ સ્થળે મ્યુઝિયમ નિહાળવા જાહેર જનતાને ભાવભર્યું નિમંત્રણ છે. આ મ્યુઝિયમની મુલાકાતથી અમદાવાદમાં રહીને કચ્છ - દર્શનની એક ઝલક જોઈ શકશો. દેશ-વિદેશથી આવતા આપના કોઈપણ મહેમાનો સાથે આપ આ મ્યુઝિયમની અવશ્ય મુલાકાત લેશો.**

***મ્યુઝિયમ જોવા માટે કોઈ એન્ટ્રી ફી નથી.***

***સ્થળ :*** શ્રી કચ્છી વિશ્રામગૃહ, અરિહંતનગર દેરાસરની સામે, રાજસ્થાન હોસ્પિટલ પાસે, શાહીબાગ, અમદાવાદ.

***ફોન સંપર્ક :*** (૦૭૯) ૨૨૮૮૪૫૪૭

***સમય :*** સવારે ૧૦થી ૨ અને સાંજે ૫ થી ૭.

# ધુળેટી કાર્યક્રમનો અહેવાલ





બુધવાર, તા. ૨૪-૩-૨૦૧૬ના રોજ સવારે ૧૦થી ૨ ના સમય દરમિયાન ધુળેટીનો કાર્યક્રમ શ્રી કચ્છી જૈન સેવા સમાજના પાલડી ભવન પર યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમની તૈયારી ડૉ. કેતન શાહ અને પીયૂષ સાવલાએ કરી હતી.

સમાજના લગભગ ૧૦૦ જેટલા સભ્યોએ આ કાર્યક્રમમાં ખૂબ જ ઉત્સાહથી ભાગ લઈને ગુલાલથી રમીને એકબીજાને શુભકામનાઓ પાઠવી હતી. ત્યારબાદ સૌ સભ્યોએ ભોજન લીધું હતું અને આવનાર દરેક સભ્યએ ખૂબ જ ખુશ અને આનંદિત થઈને આ કાર્યક્રમને વધાવી લીધો હતો. દરેક સભ્યોએ આવનારા દિવસોમાં પણ કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદમાં આવા વધુને વધુ કાર્યક્રમો થતા રહે તેવી લાગણીઓ વ્યક્ત કરી હતી.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા આ કાર્યક્રમ કરવા માટે પૂરતો સાથ અને સહકાર મળ્યો હતો. તે બદલ દરેક સભ્યોએ ખૂબ ખૂબ આભાર માન્યો હતો.

***– ડૉ. કેતન શાહ***

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

*સંચાલિત*

## શ્રી રતનવીર ગૃહઉદ્યોગ કેન્દ્ર

*નવનીત ભવન, શેઠ કલ્યાણજી આણંદજી બ્લોક, બહેરામપુરા, અમદાવાદ.*

આજના કપરા સંજોગોમાં, મધ્યમવર્ગના પરિવારની બહેનો પણ પોતાના કુટુંબોના આર્થિક બજેટના સમતોલન માટે પોતાનો સક્રિય ફાળો આપી શકે અને સમાજની બહેનો સ્વાવલંબી બને તે ઉદ્દેશથી શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા, અદરણીય શ્રી ચંદ્રકાંતભાઈ ગોગરીના સહયોગથી શ્રી રતનવીર ગૃહઉદ્યોગ કેન્દ્ર શરૂ કરવામાં આવેલ છે.

પ્રાયોગિક ધોરણે આ કેન્દ્ર ખાતે નવેમ્બર-૨૦૧૫ થી માર્ચ-૨૦૧૬ દરમિયાન કેટલાક કાર્યક્રમો કરવામાં આવેલ હતા. (જેનો અહેવાલ મંગલ મંદિર અંકમાં અપાયેલ છે.) ફળસ્વરૂપે હવે આ કેન્દ્ર ખાતે કાયમી ધોરણે જુદા-જુદા તાલીમ વર્ગો શરૂ કરવાનું આયોજન વિચારાયેલ છે. અને એ મુજબ શરૂઆતમાં સીલાઈ કોર્સ અને બ્યુટી કોર્સના વર્ગો ૧૫મી મે ૨૦૧૬ થી શરૂ કરવામાં આવશે.

આ તાલીમ વર્ગોમાં કોઈપણ નાત-જાતના ભેદભાવ વગર બહેનો ભાગ લઈ શકશે. પરંતુ સમાજના સભ્ય પરિવારજનો તેમજ કોઈપણ કચ્છી બહેનને પ્રવેશ માટે અગ્રીમતા આપવામાં આવશે. તાલીમ દરમ્યાન જે-તે વિષયની થિયરી તેમજ પ્રેક્ટિકલ જ્ઞાન આપવામાં આવશે. તાલીમ માટેની સાધન-સામગ્રી સંસ્થા તરફથી પૂરી પાડવામાં આવશે.

**(૧) સિલાઈ કોર્સ (સીવણ તાલીમ વર્ગ) :**

આ તાલીમ ત્રણ મહિનાની રહેશે. દરરોજના બે કલાક. જેની તાલીમ ફી માસિક રૂ. ૫૦૦/- (અંકે રૂપિયા પાંચસો પૂરા) રહેશે.

**(૨) બ્યુટી કોર્સ :**

આ કોર્ષ બે મહિનાનો છે. દરરોજના બે કલાક. જેની તાલીમ ફી માસિક રૂ. ૫૦૦/- (અંકે રૂપિયા પાંચસો પૂરા) રહેશે. બ્યુટી પાર્લર ચલાવવા માટે થિયરી અને પ્રેક્ટીકલ જ્ઞાન મળી રહેશે.

આ સમાજના જરૂરિયાતમંદ સભ્ય પરિવારજનો તાલીમ ફી માં રાહત માટે સમાજમાં અરજી કરી શકશે. તેમજ તાલીમ બાદ પોતાનો વ્યવસાય શરૂ કરવા શ્રી કચ્છી જૈન સમાજ કો-ઓ. ક્રેડિટ સોસાયટીના સભ્યોને આર્થિક સહયોગ નિયમાનુસાર મળી શકશે.

આ તાલીમ વર્ગનો લાભ લેવા ઇચ્છુક બહેનોએ શ્રીમતી નીતાબેન શાહ (મો. ૯૮૯૮૨ ૨૦૭૦૦)નો અથવા શ્રી રતનવીર ગૃહઉદ્યોગ કેન્દ્ર, નવનીત ભવન આવાસ યોજના, શેઠ કલ્યાણજી આણંદજી બ્લોક્સ, બહેરામપુરા, અમદાવાદ ૫ર બપોરના ૨.૦૦ થી ૪.૦૦ કલાક દરમ્યાન સંપર્ક કરવાનો રહેશે.

હેન્ડીક્રાફ્ટ કોર્સ, ફેબ્રિક્સ કોર્સ, ઇંગ્લીશ સ્પીકિંગ કોર્સ કોમ્પ્યુટર કોર્સ વગેરે માટે તાલીમ વર્ગો શરૂ કરવા વિચારાધીન છે. તાલીમ વર્ગ અંગેના સૂચનો આવકાર્ય છે.

***કન્વીનર, ગૃહ ઉદ્યોગ સમિતિ***

## વયસ્ક સમિતિ

તા. ૯-૪-૨૦૧૬ના રોજ બપોરે ૩.૦૦ વાગ્યાથી સંગીત સંધ્યા અને મિમિક્રીનો કાર્યક્રમ એચ.કે. હૉલ ખાતે યોજવામાં આવ્યો હતો. C.B.R.A. તરફથી પ્રસ્તુત આ કાર્યક્રમમાં સોથી વધારે વડીલોએ ભાગ લઈ આ કાર્યક્રમને માણ્યો હતો. વીસરાતા સૂરોના ગીતોને શિવાંગ દવે, જયવંત ઠાકર, આરીફજી અને શોભનાજીનો સુંદર કંઠ સાંપડ્યો હતો. શિવાંગ દવે, જેઓ અમદાવાદ શહેરના લાડીલા કલાકાર છે તેમણે કિશોરકુમારના ગીતો ઉપરાંત મિમિક્રીથી સૌને રસતરબોળ કર્યા હતા. અદ્દલોદ્દલ મૂકેશના અવાજમાં જયવંત ઠાકરે સૌને ડોલાવ્યા હતા. તો 'તારીફ કરૂં ક્યા ઉસકી... જિસને તુજે બનાયા...' જેવા ગીતો આરીફજીએ આપી, સૌને મોજ કરાવી હતી.

આ કાર્યક્રમ બાદ સૌ પાલડી ભવન ખાતે મળ્યા હતા. ચા-પાણી પછી સૌએ હાઉસીની રમત માણી હતી. આ કાર્યક્રમ માટે ભદ્રાબા વાઘેલાએ રૂા. ૧૧,૦૦૦/-ની સ્પોન્સરશિપ આપી હતી. શ્રીમતી ચંદ્રિકાબેન શાહ અને શ્રીમતી અલકાબેન સંઘવીએ તેમનું શાલ ઓઢાડીને સન્માન કર્યું હતું. બીજા સ્પોન્સર શ્રીમતી પુષ્પાબેન કાંતિલાલ શાહ તરફથી રૂા. ૫,૦૦૦/-ની સ્પોન્સરશિપ મળી હતી. તેમનું બહુમાન શ્રીમતી મંજુલાબેન દિનેશ શાહ તથા શ્રીમતી હસુબેન ધીરજલાલ સંઘવીએ કર્યું હતું. અંતમાં સૌ ભોજન લઈ છૂટા પડ્યા હતા.

*રજનીકાંત પારેખ*
*કન્વીનર - વયસ્ક સમિતિ*

## મહિલા ઉત્કર્ષ સમિતિ

***આગામી કાર્યક્રમ***

**WOMEN ON INTERNET**

આજના કોમ્પ્યુટરના યુગમાં
જો તમે ઈન્ટરનેટનો ઉપયોગ શીખવા માંગતા હો,
ઓનલાઈન સેવાઓ કેવી રીતે વાપરવી તે શીખવા માંગતા હો,
અથવા
ટિકિટ બુકિંગ, લાઈટ બીલ પેમેન્ટ, મોબાઈલ બેન્કિંગ
વગેરે શીખવા માંગતા હો,
તો આવો, વહેલી તકે તમારું નામ,
શ્રી કચ્છી જૈન ભવન - પાલડી પર
**તા. ૨૦-૫-૨૦૧૬ સુધીમાં** રજિસ્ટર કરાવો.

★

*તમારી ઈચ્છા*
*સમાજની મહેનત*
*નજીવી ફી*
*આ ત્રણેય જરૂરથી રંગ લાવશે.*

તો ચાલો,
આ ટેકનોલોજી શીખીએ અને જમાનાની સાથે કદમ મિલાવીએ.

*સુલુ જલદીપ શાહ - કન્વીનર*

"મને યાદ આવે છે એક પ્રસંગ. હું ત્યારે કૉલેજમાં ભણતો હતો. અમારો આખો પરિવાર રાવલપિંડીથી કાશ્મીર પ્રવાસે જતો હતો. રસ્તામાં એક જગ્યાએ ભારે વરસાદને કારણે ભેખડ ધસી પડતાં રસ્તો બંધ હતો. B.S.F.ના જવાનો ભારે મહેનત કરતા હતા. પણ રસ્તો સાફ થતાં સમય લાગે તેમ હતું. બંને બાજુ વાહનોની લાંબી કતારો થયેલી. આખરે રસ્તો સાફ થયો. ઓવરસિયરે લીલી ઝંડી ફરકાવી. પણ હવે નવી સમસ્યા જાગી! કોઈ પ્રથમ આગળ જવા તૈયાર નહીં. સૌ એમ વિચારતા હતા કે બીજો કોઈ પહેલ કરે પછી હું જાઉં!

એવામાં એક અંગ્રેજ પોતાની કાર લઈને નીકળ્યો. તેણે પરિસ્થિતિ જાણી, સૌની નામર્દાઈ પર તુચ્છકારથી હસી કાર ચલાવીને નીકળી ગયો.

તે દિવસે મને સમજાયું કે એક ગુલામ માનસ અને એક સ્વતંત્ર માનસ વચ્ચે કેવો ફરક હોય છે. સ્વતંત્ર વ્યક્તિમાં વિચારવાનું, નિર્ણય લેવાનું અને તે મુજબ વર્તવાનું સામર્થ્ય હોય છે. ગુલામ માનસને ઉછીના વિચારોની જરૂરત પડે છે અને તેમનામાં નિર્ણયશક્તિનો અભાવ હોય છે. ગુલામ માનસ નવો ચીલો પાડવામાં નહી પણ માત્ર ચાલુ ચીલાને અનુસરવામાં માને છે."

*– ફિલ્મ એક્ટર બલરાજ સહાની*

*(બલરાજ સહાનીએ શાંતિ નિકેતનમાં ટાગોર સાથે તેમજ સેવાગ્રામમાં ગાંધીજી સાથે પણ કામ કરેલું. ઉપર જણાવેલ વિચારો તેમણે પોતાના ૧૯૫૨માં કલકત્તામાં બિમલ રોયના સન્માન સમારંભમાં વ્યક્ત કરેલા)*

આજે પણ આપણે નવા વિચારો અપનાવી શકતા નથી, માત્ર નકલ કરવામાં પાવરધા છીએ. સ્વતંત્ર રીતે વિચારી શકતા નથી.

*– શાંતિલાલ સંઘવી*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો માસિક અહેવાલ

## માર્ચ / એપ્રિલ - ૨૦૧૬

- **તા. ૧૩-૩-૨૦૧૬**

★ આજરોજ સાંજે ૫ વાગે ઉચ્ચ શિક્ષણ તથા સર્વાંગી વિકાસ સમિતિની મિટિંગ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે મળેલ હતી. જેમાં શ્રી હીરેન શાહ, શ્રી દેવેન છેડા, શ્રી પ્રદીપ મહેતા તથા પ્રો. જયરાજ પંડ્યા હાજર રહેલ હતા. આગામી શિબિર માટેના બ્રોશરની ડિઝાઈન તથા પોસ્ટર બનાવવા અંગે વિગતવાર ચર્ચા વિચારણા કરી ફાઈનલ કરવામાં આવ્યું હતું. શિબિરમાં ભાગ લેનાર વિદ્યાર્થીઓ માટેની ફી નક્કી કરવામાં આવી હતી તથા અન્ય જરૂરી નિર્ણયો લેવામાં આવ્યા હતા.

- **તા. ૧૯-૩-૨૦૧૬**

★ આજે સાંજે ૫ વાગે ઉચ્ચ શિક્ષણ તથા સર્વાંગી વિકાસ સમિતિની મિટિંગ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે મળેલ. જેમાં શ્રી હીરેન શાહ, શ્રી દેવેન છેડા, શ્રી પ્રદીપ મહેતા તથા શ્રીમતી હાસ્યલતાબેન મહેતા હાજર રહ્યા હતા. આજની સભામાં શિબિરમાં થનાર ખર્ચ અંગેની ચર્ચા વિચારણા કરી ફાઈનલ કરવામાં આવ્યું હતું અને કારોબારી સમિતિને મંજૂરી માટે મોકલી આપવાની ભલામણ કરવામાં આવી હતી. આવનારી શિબિર અંગે પ્રચાર કરવા માટે અલગ અલગ માધ્યમો તથા વ્યક્તિઓ મારફત પ્રયત્નો કરવાનું સર્વાનુમતે નક્કી કરવામાં આવ્યું હતું.

- **તા. ૨૪-૩-૨૦૧૬**

★ આજે સાંજે ૫ વાગે ઉચ્ચ શિક્ષણ તથા સર્વાંગી વિકાસ સમિતિની મિટિંગ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે મળેલ હતી. જેમાં શ્રી હીરેન શાહ, શ્રી દેવેન છેડા, શ્રી પ્રદીપ મહેતા હાજર રહ્યા હતા. હજુ સુધી શિબિરમાં ભાગ લેવા માટે ફક્ત ૧૫ જ નામ નોંધાયા છે તે બદલ શ્રી કચ્છી સમાજ - અમદાવાદ તથા શ્રી કચ્છી સમાજ - ભાવનગરમાં પણ ફોનથી કોન્ટેક્ટ કરીને બીજા વિદ્યાર્થીઓ ભાગ લે તે બદલ પ્રયત્ન કરવાનું નક્કી કરવામાં આવેલ.

- **તા. ૨૭-૩-૨૦૧૬**

★ આજરોજ સાંજે ૫ વાગે ઉચ્ચ શિક્ષણ તથા સર્વાંગી વિકાસ સમિતિની મિટિંગ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે મળેલ હતી. જેમાં શ્રી હીરેન શાહ, શ્રી પ્રદીપ મહેતા, શ્રી પંકજ ગોગરી, શ્રીમતી હાસ્યલતાબેન મહેતા તથા પ્રો. જયરાજ પંડ્યા હાજર રહ્યા હતા. શિબિરમાં ભાગ લેનાર વિદ્યાર્થીઓને જુદી જુદી સંસ્થાઓમાં લઈ જવા માટેના રૂટ નક્કી કરી પોલીસ વિભાગની પરમિશન મેળવવાનું નક્કી કરવામાં આવ્યું હતું તથા તા. ૧-૪-૨૦૧૬ના રોજ વિદ્યાર્થીઓ તથા વાલીઓની મિટિંગ બોલાવવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

- **તા. ૨૮-૩-૨૦૧૬**

★ આજરોજ સવારે ૧૧ વાગે શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે બેઝમેન્ટ હોલ તથા ઉપરના સાંસ્કૃતિક હોલ માટે સાઉન્ડ સિસ્ટમ વ્યવસ્થિત ચાલુ કરવા અંગેની ચર્ચા વિચારણા કરવામાં આવેલ. જેમાં શ્રી કે.આર. શાહ, શ્રી પ્રદીપ મહેતા તથા મેનેજર શ્રી પરાશર વ્યાસ હાજર રહ્યા હતા.

- **તા. ૨-૪-૨૦૧૬**

★ આજરોજ સાંજે ૫ વાગે ઉચ્ચ શિક્ષણ તથા સર્વાંગી વિકાસ સમિતિની એક મિટિંગ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે મળી હતી. જેમાં શ્રી હીરેન શાહ, શ્રી દેવેન છેડા, શ્રી પ્રદીપ મહેતા તથા શ્રી વિમેશ શાહ હાજર રહ્યા હતા. તા. ૧-૪-૨૦૧૬ના રોજ મળેલ વિદ્યાર્થીઓ તથા વાલીઓની મિટિંગની સમીક્ષા કરવામાં આવી હતી. મજકુર મિટિંગમાં સારો એવો પ્રતિભાવ સાંપડેલ હતો તથા નોંધાયેલા વિદ્યાર્થીઓની સંખ્યા ૩૮ સુધી પહોંચી ગયેલ હતી. એકંદરે કાર્યવાહી સંતોષકારક રહેલ હતી.

- **તા. ૩-૪-૨૦૧૬**

★ આજરોજ મેડિકલ સેન્ટર ખાતે આંખના મોતિયાના કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ડૉ. દેવલભાઈ શાહ તથા ડૉ. લીનાબેન કોઠારી દ્વારા લગભગ ૩૫ જેટલા દર્દીઓની તપાસ કરવામાં આવી હતી. કેમ્પમાં સંસ્થાના ટ્રસ્ટી / ખજાનચી શ્રી કે.ડી. શાહ ઉપરાંત મેડિકલ સમિતિના સભ્યો હાજર રહ્યા હતા તથા શ્રીમતી દક્ષાબેન રામાવત અને શ્રી પીન્ટુભાઈ પટેલ ઉપરાંત સ્ટાફના સભ્યોનો સહકાર મળ્યો હતો.

- **તા. ૪-૪-૨૦૧૬**

★ આજે શ્રી કે.ડી. શાહ અને શ્રી રમણિકલાલ કુંવરજી ગોસરે શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ ખાતેના ડાયાલિસિસ સેન્ટર અને ગીતા મંદિર ભવનની મુલાકાત લીધી હતી. ગીતા મંદિર ભવનના જનરલ બાથરૂમોના દરવાજાઓ નવા લગાવેલ, તેનું નિરીક્ષણ કરવામાં આવેલ.

- **તા. ૬-૪-૨૦૧૬**

★ આજરોજ સવારના ૧૦ વાગે શ્રી પ્રતાપ નારાણજી દંડ, શ્રી કે.આર. શાહ તથા શ્રી હસમુખભાઈ શાહે શાહીબાગ વિશ્રામ ગૃહની લિફ્ટના રિપેરિંગ કામ

માટે ઑમેગા કંપનીના તથા ટેકનોકેર કંપનીના ટેકનિશિયનો સાથે વાતચીત કરી હતી.

- **તા. ૭-૪-૨૦૧૬**

★ આજે સવારના ૧૧ વાગે શ્રી પ્રતાપ નારાણજી દંડે ફ્રેશનેસ કાું.ના એન્જિનિયર શ્રી અરુપ, ડિલર શ્રી વિકાસ તથા માર્કેટિંગ સેલ્સ મેનેજર શ્રી હાર્દિક મોદી સાતે નવા આવેલા ડાયાલિસિસ મશીન તથા ડાયાલાઈઝર અંગે વાતચીત કરી હતી.

- **તા. ૧૮-૪-૨૦૧૬**

★ આજરોજ શ્રી પ્રતાપ નારાણજી દંડ, શ્રી કે.આર. શાહ તથા ડૉ. ચંદ્રકાંતભાઈ દેઢિયાએ મુંબઈમાં થાણા ખાતે શ્રી દીપકભાઈ ભેદાની શુભેચ્છા મુલાકાત લીધી હતી તથા ડાયાલિસિસ સેન્ટર અંગે વિસ્તૃત માહિતી આપી હતી. પરેલ ખાતે શ્રી કિરણભાઈ હરિયા સાથે 'મંગલ મંદિર' અંગે વાતચીત કરી હતી તથા એક સાદા પાનાની જાહેરાત મેળવી હતી. ત્યારબાદ માટુંગા ખાતે શ્રી નવીનભાઈ ઉમરશી ગંગરની શુભેચ્છા મુલાકાત લીધી હતી અને આજે રાત્રે શ્રીમતી મંજુબેન પ્રભુલાલ શાહની શુભેચ્છા મુલાકાત લીધી હતી.

- **તા. ૧૯-૪-૨૦૧૬**

★ આજે શ્રી પ્રતાપ નારાણજી દંડ, શ્રી કે.આર. શાહ તથા ડૉ. ચંદ્રકાંતભાઈ દેઢિયાએ સવારે ૧૦ વાગે શ્રી ચંદ્રકાંત નરશી દેઢિયાની શુભેચ્છા મુલાકાત લીધી હતી. ડાયાલિસિસ સેન્ટર અને તિથિ યોજના અંગે વાતચીત કરી હતી. ત્યાંથી વિજય ટ્રાન્સપોર્ટમાં શ્રી અશોકભાઈ કુંવરજી શાહની શુભેચ્છા મુલાકાત માટે ગયેલ હતા પણ તેઓના અગત્યના રોકાણના કારણે મળી શકાયું નહીં. આજે સંસ્થાના કાયમી ટ્રસ્ટી શ્રી જગશીભાઈ જેઠાભાઈ છેડાની મુલાકાત લીધી હતી તથા સંસ્થાની ચાલી રહેલ પ્રવૃત્તિઓ અંગે વાતચીત કરવામાં આવી હતી. ત્યાંથી શ્રી મહેન્દ્રભાઈ ગડા ખારુઆવાળાની શુભેચ્છા મુલાકાત લીધી હતી અને ડાયાલિસિસ સેન્ટરની તિથિ અંગે વાતચીત કરી હતી. આજે સાયન કોલીવાડા ખાતે શ્રી સંજયભાઈ વીરા સાથે મુંબઈ અતિથિગૃહ અંગે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.

- **તા. ૨૦-૪-૨૦૧૬**

★ આજે સવારના શ્રી પ્રતાપ નારાણજી દંડ, શ્રી કે.આર. શાહ તથા ડૉ. ચંદ્રકાંત દેઢિયાએ શ્રી હંસકુમાર ખીમજીની શુભેચ્છા મુલાકાત લીધી હતી. ત્યાંથી દાદર ખાતે શ્રી નવનીત એજ્યુકેશન્સમાં શ્રી સુનિલભાઈ ગાલા, શ્રી અનિલભાઈ ગાલા તથા શ્રી બિપિનભાઈ ગાલાની શુભેચ્છા મુલાકાત લીધી હતી. સંસ્થાની પ્રવૃત્તિઓ અંગે તથા અત્યાર સુધી તેઓના વડીલોએ આપેલ સહકાર બદલ વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. ત્યારબાદ બાબુલનાથ ખાતે શ્રીમતી મંજુલાબેન વોરા સાથે ડાયાલિસિસ સેન્ટર બાબતે વિસ્તૃત ચર્ચા વિચારણા કરી હતી. તથા સાંજે "લાખેણી" બિલ્ડિંગ ખાતે શ્રી અમરચંદભાઈ ગાલા તથા શ્રી ડુંગરશીભાઈ ગાલાની શુભેચ્છા મુલાકાત લીધી હતી. સાંજે ૬.૩૦ કલાકે ધરમશી કોમોડિટીઝ ખાતે શ્રી હેમાંગભાઈ ધરમશીની શુભેચ્છા મુલાકાત લીધી હતી તથા સંસ્થાની પ્રવૃત્તિઓ અંગે અત્યાર સુધી તેઓના પિતાશ્રી રાયચંદભાઈ ધરમશી સાથેના સંબંધો અને તેઓએ આપેલ સહયોગ અંગે વાતચીત કરી હતી. તેઓશ્રીને અમદાવાદ ખાતેના ડાયાલિસિસ સેન્ટરની સંપૂર્ણ જાણકારી આપવામાં આવી હતી.

- **તા. ૨૧-૪-૨૦૧૬**

★ આજરોજ સવારના શ્રી પ્રતાપ નારાણજી દંડ, શ્રી કે.આર. શાહ, શ્રી કે.ડી. શાહ તથા શ્રી રમણિકલાલ કુંવરજી ગોસરે સંસ્થાના ત્રણેય ભવનો માટે ચાદરો તથા ખોળોની ખરીદી અંગે ચર્ચા વિચારણા કરી હતી તથા યોગ્ય નિર્ણયો લેવામાં આવેલ હતા.

★ આજરોજ સંસ્થાના ઉપપ્રમુખ શ્રી શાંતિભાઈ સાવલા સાથે મુંબઈની મુલાકાત દરમિયાન થયેલ કાર્યવાહી અંગે ચર્ચા કરી હતી. ■

## તબીબી સાધનો વપરાશ માટે આપવાની યોજના

**શ્રી કચ્છી જૈન ભવન - પાલડી પર નીચે મુજબના તબીબી સાધનો દૈનિક ભાડાના ધોરણે મળી શકશે. જેઓને આ સાધનોની જરૂરિયાત હોય તેઓ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી પર ફોન : ૨૬૫૭૮૮૯૨ / ૨૬૫૮૧૫૦૧ પર સંપર્ક સાધી શકશે.**

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧. એર બેડ | રૂા.૧૦/- | ૫. વૉકર | રૂા. ૨/- | ૯. બેડ પાન | રૂા. ૨/- |
| ૨. વ્હીલ ચેર | રૂા. ૩/- | ૬. વૉકિંગ સ્ટીક | રૂા. ૧/- | ૧૦. ફાઉલર બેડ | રૂા.૧૦/- |
| ૩. ઑક્સિજન સિલિન્ડર (નાનો) | રૂા. ૫/- | ૭. કમોડ ચેર | રૂા. ૩/- | ૧૧. ટેબલ ટોપ (ફાઉલર બેડ માટે) | રૂા. ૨/- |
| ૪. નેબ્યુલાઈઝર | રૂા. ૫/- | ૮. સેલાઈન સ્ટેન્ડ | રૂા. ૨/- | ૧૨. બેક રેસ્ટ | રૂા. ૨/- |

<u>નોંધ</u> : **(૧)** સ્ટોકમાં હશે ત્યાં સુધી આ સાધનો ડીપોઝિટ આપીને ભાડેથી મેળવી શકાશે. **(૨)** સાધનો પાલડી ભવન પરથી લઈને ત્યાં જ પરત કરવાના રહેશે.

***કે. આર. શાહ - માનદ્ મંત્રી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ***

## ઊડતી નજરે....

**માસ માર્ચ-૨૦૧૬ દરમ્યાન શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ સેવાઓનો લાભ લેનાર વ્યક્તિઓ**

| ક્રમ | | સેવાઓ | લાભ લેનાર વ્યક્તિઓ |
|---|---|---|---|
| ૧. | | **માતુશ્રી સાકરબેન રવજી મોરારજી લાલન (કોડાય - સુપ્રીમવાલા)** **શ્રી કચ્છી જૈન ભવન, પાલડી, અમદાવાદ** ........................................... | |
| | (અ) | **શ્રી નવનીત મેડિકલ સેન્ટર તથા** **શ્રીમતી પ્રભાવતીબહેન કાંતિલાલ વેલજી સાવલા મેડિકલ ચેક-અપ સેન્ટર, પાલડી, અમદાવાદ.** | |
| | ● | કુલ લાભ લેનાર વ્યક્તિઓ ........................................................ | **૧૪,૯૩૯** |
| | | જેમાંથી — | |
| | ● | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વ્યક્તિઓ ............................. **૬૬૧** | |
| | ● | સાધુ-સાધ્વીજી મહારાજ સાહેબો ................................................... **૧૪૧** | |
| | ● | મોતિયા - આંખનાં ઑપરેશન (સાપ્તાહિક બે દિવસ) ............................. **૨૪** | |
| | ● | સોનોગ્રાફી ................................................................... **૧,૪૫૯** | |
| | ● | ટી.એમ.ટી. (માત્ર ડૉક્ટર દ્વારા ભલામણથી) ........................................ **૩૦** | |
| | ● | બોડી ચેક-અપ ................................................................. **૫૮૨** | |
| | ● | અન્ય ........................................................................**૧૨,૦૪૨** | |
| | (બ) | **માતુશ્રી કંકુબેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, પાલડી, અમદાવાદ** | |
| | | કુલ લાભ લેનાર વ્યક્તિઓ ..................................................... **૯૦૪** | |
| | | શ્રી કચ્છી જૈન ભવન - પાલડીની કેન્ટીનમાં કુલ લાભ લેનાર વ્યક્તિઓ ........ **૨,૯૧૩** | **૩,૮૧૭** |
| ૨. | | **જી.એમ.ડી.સી. પ્રાયોજિત શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ, અમદાવાદ** | |
| | ● | શ્રી કચ્છી વિશ્રામ ગૃહમાં લાભ લેનાર કુલ વ્યક્તિઓ .......................... **૨,૩૭૧** | |
| | ● | કેન્ટીનમાં લાભ લેનાર કુલ વ્યક્તિઓ ............................................ **૫,૫૪૧** | |
| | ● | શ્રી જલારામ અન્નક્ષેત્રમાં લાભ લેનાર કુલ વ્યક્તિઓ .............................. **૬૪૦** | |
| | ● | કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમની મુલાકાત લેનાર કુલ વ્યક્તિઓ ......................... **૧,૦૨૯** | |
| | ● | શ્રી ધીરજલાલ ટોકરશી કાપડિયા ડાયાલિસિસ સેન્ટરમાં લાભ લેનાર કુલ વ્યક્તિઓ . **૪૫૭** | **૧૦,૦૩૮** |
| ૩. | | **માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન,** **ગીતા મંદિર, અમદાવાદ** | |
| | | લાભ લેનાર કુલ વ્યક્તિઓ ...................................................... **૪૨૭** | **૪૨૭** |
| | | માસ માર્ચ - ૨૦૧૬ દરમ્યાન વિવિધ પ્રકારની સેવાઓનો લાભ લેનાર કુલ વ્યક્તિ .............. | **૨૯,૨૨૧** |

## મેરેજ બ્યુરો

**શ્રી કચ્છી જૈન ભવન પર કોઈ પણ જ્ઞાતિના યુવક - યુવતી માટે મેરેજ બ્યુરો કાર્યરત છે. આપશ્રી આપનું નામ રજિસ્ટર કરાવીને મેચીંગ સંબંધી જરૂરી વિગતો મેળવી શકશો. રૂબરૂ મુલાકાત માટે દર શનિવારે બપોરે ૩.૦૦થી ૬.૦૦નો સમય નક્કી કરવામાં આવેલ છે. જરૂરિયાત અનુસાર આપશ્રી મેરેજ બ્યુરો સમિતિના કન્વીનર શ્રી હીરજી પાસુ શાહનો મોબાઈલ નંબર ૯૮૨૫૩ ૮૦૮૬૬ પર સંપર્ક સાધી શકશો.**

*હીરજી પાસુ શાહ, કન્વીનર - મેરેજ બ્યુરો સમિતિ*
*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## શ્રી બિપીનચંદ્ર કાનજી રવજી (નાની ખાખરવાલા) કેળવણી સહાય ફંડ

### શૈક્ષણિક લોન અરજી

ક્રમ
(કાર્યાલયના ઉપયોગ માટે)

પ્રતિ,
શૈક્ષણિક સહાય સમિતિ,
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ.

ભાઈ શ્રી,

જય જિનેન્દ્ર સાથે જણાવવાનું કે હું સમાજનો સભ્ય છું અને મારા પાલ્ય ચિ. ______________________ ના ચાલુ અભ્યાસ માટે આ વર્ષે રૂા. ______________ અંકે રૂા. ______________________ ની શૈક્ષણિક લોનની જરૂર છે જે મંજૂર કરવા વિનંતી છે.

વિગતવાર માહિતી નીચે મુજબ છે :

અરજી કરનાર વાલીનું પૂરું નામ : ______________________________
(નામ) (પિતા/પતિ) (દાદા/સસરા) (અટક)

પત્ર વહેવારનું પૂરું સરનામું : ______________________________

______________________ **PIN :** ____________ ફોન : ____________

કચ્છમાં ગામ ____________ તાલુકો ____________ વ્યવસાય ____________

કુટુંબના બધા સભ્યોની મળીને કુલ આવક રૂા. ____________ અંકે રૂપિયા ____________

પાલ્યનું પૂરું નામ ______________________________
(નામ) (પિતા) (દાદા) (અટક)

અભ્યાસનું ધોરણ ________ જ્યાં અભ્યાસ કરતા હોય તે શાળા / કોલેજનું નામ ____________

અને પૂરું સરનામું ______________________________

______________________________

અન્ય સ્થળેથી મળતી શૈક્ષણિક સહાય - લોન ઈત્યાદિ રકમ રૂા. ____________ અંકે રૂપિયા ____________

**બાળક/વિદ્યાર્થીના એકલાના અથવા વાલી સાથેના સંયુક્ત બેંક ખાતાની વિગત :**

બેંકનું નામ : ______________________ બ્રાંચ : ______________________

ખાતા નં. ______________________________

(P.T.O.)

• CUT FROM HERE •

**આ અરજી સાથે નીચેની બાબત જોડવી :**

૧. ઉત્તીર્ણ કરેલ છેલ્લી પરીક્ષાની માર્કશીટની અધિકૃત નકલ.
૨. શાળા - કોલેજમાં ફી ભર્યાની રસીદની અધિકૃત નકલ.
૩. જે બાબત માટે શૈક્ષણિક લોનની માંગણી કરી છે તેના ખર્ચ આધાર કે પુરાવાની અધિકૃત નકલો વગેરે.

**સ્થળ :** ____________ **વાલીની સહી :** ____________

**તારીખ :** ____________ **વાલીનું નામ :** ____________

**નોંધ :** **૧. અધૂરી વિગતોવાળી કે ખર્ચના આધાર કે પુરાવા બીડેલ ન હોય તેવી અરજીઓ ધ્યાનમાં લેવામાં આવશે નહીં.**

૨. જે જે હેતુ માટે શૈક્ષણિક લોનની જરૂર છે તેના વાર્ષિક ખર્ચ, જોઈતી સહાયની રકમ આ ફોર્મની પાછળ આપેલ જગ્યામાં વિગતવાર દર્શાવવી. વિગતો વધુ હોય તો વધારાના પાના સાથે જોડવા.

૩. સંસ્થા વખતોવખતની જોગવાઈ અને ઉપલબ્ધ ફંડ અનુસાર વિદ્યાર્થીને શૈક્ષણિક લોન મંજૂર કરશે.

૪. લોનની રકમ ચેકથી વિદ્યાર્થીના નામે આપવામાં આવશે. જેથી તેમના નામનો બેંક એકાઉન્ટ વાલી ખોલાવે તે જરૂરી છે.

૫. આ અરજી બિડાણ સાથે તા. ૩૦-૬-૨૦૧૬ સુધીમાં નીચેના સરનામે મોકલવી : **શૈક્ષણિક સહાય સમિતિ, શ્રી કચ્છી જૈન સેવા સમાજ, શ્રી કચ્છી જૈન ભવન, નવચેતન હાઈસ્કૂલ સામે, નેતાજી માર્ગ, પાલડી, એલિસબ્રિજ, અમદાવાદ - ૩૮૦ ૦૦૬.**
સમય મર્યાદા બાદ મળેલ અરજી પર વિચારણા થશે નહીં.

૬. પરિણામ આવેલ ન હોય અથવા એડમિશન ફી ભરેલ ન હોય તો પણ અરજી તા. ૩૦-૬-૨૦૧૬ સુધીમાં અવશ્ય કરવી. ડોક્યુમેન્ટ પાછળથી મોકલી આપવાં. મોડેથી આવનાર અરજી સહાયને પાત્ર થશે નહીં.

**૭. આથી હું ખાતરી આપું છું કે મારો પાલ્ય કમાતો થાય તેના એક વરસ પછી આ રકમ સમાજને હપ્તાથી પરત કરશે.**

## • વાલીઓએ નીચેની દરેક બાબત વિગતવાર ભરવી •

| ક્રમ | લોનની બાબત | વાર્ષિક ખર્ચ રૂા. | જોઈતી લોન રૂા. |
|---|---|---|---|
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |

# આ પુસ્તકો વારંવાર વાંચીને તેનું મનન કરવાથી જીવનને સાર્થક કરવાની તાજગી અને તાકાત મળશે

**મોહમ્મદ માંકડ**

| | |
|---|---|
| સુખ એટલે | 150 |
| પ્રકીર્ણ | 100 |
| નિરાશા સામે | 150 |
| ચાલતા રહો ચાલતા રહો | 150 |

**ધૂમકેતુ**

| | |
|---|---|
| ગીતાંજલિ | 150 |
| પદ્મરેણુ | 36 |
| જિબ્રાનનું જીવનદર્શન | 180 |
| જિબ્રાનનું જીવનસ્વપ્ન | 170 |
| જિબ્રાનનું જીવનવાણી | 200 |
| જિબ્રાનનું જીવનવાટિકા | 180 |

**ચંદ્રકાન્ત મહેતા**

| | |
|---|---|
| પગલે-પગલે પ્રગટે કમળ | 160 |
| તો કેડી બનશે રાજપથ | 150 |
| ધર્મ કરે છે સાદ | 100 |

**ભાણદેવ**

| | |
|---|---|
| જીવન અને ધર્મ | 100 |
| જીવનનું મનોવિજ્ઞાન | 100 |
| જીવનદર્શન | 125 |

**ચંદ્રહાસ ત્રિવેદી**

| | |
|---|---|
| તનાવ-સમસ્યા અને સમાધાન | 80 |
| મૃત્યુ : સમસ્યા અને સમાધાન | 100 |

**દિનેશ પાંચાલ**

| | |
|---|---|
| મનના માયાબજારમાં | 200 |
| શબ્દોનો સ્વયંવર | 85 |
| તનકતારા | 100 |
| ધરમકાંટો | 100 |

**રોહિત શાહ**

| | |
|---|---|
| નો પ્રૉબ્લેમ | 150 |
| યુ-ટર્ન | 100 |
| ટેઈકઑફ | 100 |
| લાઈક ઑર કૉમેન્ટ્સ | 100 |

**વિકાસ ઘનશ્યામ નાયક**

| | |
|---|---|
| ઇન્ટરનેટ કૉર્નર : સ્પર્શ | 125 |
| ઇન્ટરનેટ કૉર્નર : ઉપહાર | 125 |
| ઇન્ટરનેટ કૉર્નર : કથાકૉર્નર | 100 |
| ઇન્ટરનેટ કૉર્નર : કથાકળશ | 125 |
| બલૉગને ઝરુખેથી : સંવાદ | 125 |

**ભદ્રાયુ વછરાજાની**

| | |
|---|---|
| મુઠ્ઠી ઊંચેરાં 100 માનવરત્નો | 325 |

**શૈલેષ ઠાકર**

| | |
|---|---|
| આત્માના આંગણમાં | 60 |

**જે. કૃષ્ણમૂર્તિનાં પુસ્તકો**

**અનુ. શ્રી શિવલાલ મોદી**

| | |
|---|---|
| ત્યારે જીવવું શી રીતે ? | 100 |

**અનુ. બાલકૃષ્ણ વૈદ્ય**

| | |
|---|---|
| પ્રજ્ઞાનાં પગરણ | 85 |

**અનુ. બબાભાઈ પટેલ**

| | |
|---|---|
| જ્ઞાતવિસર્જન | 125 |
| પ્રજ્ઞાનો પ્રકાશ | 90 |
| અહમ્નો અંધકાર | 90 |
| પોતાની ઓળખાણ | 90 |

**અનુ. હર્ષદ મ. દવે**

| | |
|---|---|
| તમે જ વિશ્વ છો | 60 |

**અનુ. હરીશ વ્યાસ**

| | |
|---|---|
| પરંપરા અને ક્રાન્તિ | 100 |










## અન્ય લેખકોનાં જીવનપ્રેરક પુસ્તકો

| | | |
|---|---|---|
| પાથેય | પંકજ ઔંધિયા | 150 |
| અક્ષયપાત્ર | બકુલ દવે | 180 |
| એક વૃદ્ધની વિચારપોથીમાંથી | પ્રભાશંકર પટ્ટણી | 450 |
| ભાતભાત કે લોગ | રવીન્દ્ર ઠાકોર | 125 |
| સારપના સાથિયા | બાબુભાઈ સોલંકી | 120 |
| મારી નોંધો પોતાના માટે (વ્યક્તિવિકાસ) | હસમુખ અઢિયા | 30 |
| મૈં કછુ નહિ જાનૂં | ડૉ. કેશુભાઈ દેસાઈ | 75 |
| સમાજદર્પણ | રઘુનંદન | 160 |
| અમૃતઝરણું | હરીશ ઠાકર | 80 |
| ફલક | શિશિર રામાવત | 150 |
| જીવન સરગમ | બિન્દુબહેન કચરા | 150 |
| સુખ સંબંધનું સરનામું | શશીકલા જોશીપુરા | 85 |
| જીવનપરિવર્તનનું રહસ્ય | રોહિત મહેતા | 56 |
| સુખનો સૂરજમુખી | જયવદન પટેલ | 75 |
| મંગલાચરણ | જયવદન પટેલ | 75 |
| સફળતાની દીવાદાંડી | ધૈર્યચંદ્ર ર. બુદ્ધ | 55 |
| લીલો ટહુકો | લાલજીભાઈ પ્રજાપતિ | 70 |

**ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય**

**ગૂર્જર સાહિત્યભવન**

રતનપોળનાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ – 380 001

ફોન : 079-22144663. e-mail : goorjar@yahoo.com

**ગૂર્જર સાહિત્ય પ્રકાશન**

102, લૅન્ડમાર્ક બિલ્ડિંગ, ટાઇટેનિયમ સિટીસૅન્ટર પાસે,

સીમા હૉલની સામે, 100 ફૂટ રોડ, પ્રહ્લાદનગર, અમદાવાદ-15

ફોન : 26934340, મો. 9825268759

ઇમેલ : gurjarprakashan@gmail.com


Since 1958
Leading. Innovating. Growing.
Winner of Excellence Awards CEAT 2010 & 2011 CFBP - 2011 Apollo CV - 2012
ISO 9001 : 2008
V-Trans offers unmatched service edge to all its customers
Our Divisions
V-Trans
Reliable Hard Freight Transport
V-Xpress
Timebound Multimodal Express Cargo Service
V-Logis
Warehousing & Inventory Management
• Specialized in swift, safe movement of parcels from a small 10 kg parcel to bulk sundry, Full truck Loads, ODC and Projects at most cost effective rates
• Expertise in multi point door pickup and door delivery
• Next Day Delivery Service on select 25 routes and scheduled dispatches to major locations
• Geographical presence across India at 400 locations in 26 states - further expanding
• Unique V-Trans advantages: Full transit insurance, centralized Customer Service Cell with Toll Free Nos. Specialized Key Accounts Management for multi location servicing, fully computerized operations, all logistic solutions under one roof
Corporate Office : V-Trans (India) Limited
5-A, Navre Apartments, S. V. Marg, Sion (West),Mumbai - 400 022. Tel: 022 - 2402 0880. Fax: 022-24043144
Email: info@vtransgroup.com Web: www.vtransgroup.com
V-Trans Toll Free no. : 1800-220-180
V-Xpress Toll Free no. : 1800-220-240


GAME ON
BY BLAZO
Blazo Clothing Mfg. Co. Pvt. Ltd.
310, Amit Industrial Estate, 61 Dr. S.S. Rao Road,
near Gandhi Hospital, Parel, Mumbai - 400012.
Tel:(022) 24124595, 24168645, 24115010. Fax: 24104290
Info@blazoclothing.com / blazoorder@yahoo.co.in / www.blazoclothing.com

"Mangal Mandir" - "Regd. under Postal Registration No. GAMC-315/2015-2017 Valid upto 31st December, 2017 issued by the SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 5th of Every Month."
R.N.I. No. of RNP is 33266/1978 • Published on 1st of Every Month

